વિદ્યાસાગર

★

ભાગ ૩ : સંસારમાં યોગસાધના

મુનિ શ્રી છોટાલાલજી

પૂજ્ય શ્રી લાધાજી સ્વામી સ્મારક ગ્રંથમાળા–મણકો ૮

વિદ્યાસાગર

ભાગ ૩ : સંસારમાં યોગસાધના

★

પૂજ્ય શ્રી લાધાજી સ્વામીના શિષ્ય

મુનિ શ્રી છોટાલાલજી

: પ્રકાશક :

રતીલાલ ઓઘડભાઈ શાહ

વ્યવસ્થાપક, પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય

લીંબડી (કાઠિયાવાડ)

સંવત ૨૦૦૧

ઈ. સ. ૧૯૪૫

વીર સંવત ૨૪૭૧

★

: મુદ્રક :

ચંદ્રવદન બ. ઠાકોર

પ્રજાબંધુ પ્રેસ, રેવડી બજાર

અમદાવાદ.

★

મૂલ્ય રૂ. ૧ા

અર્પણ

★

અ. સૌ. પ્રૌઢપ્રતાપ મહારાણી

શ્રી ગુલાબકુંવરબા

નવાનગર

આપનાં જ્ઞાન, બુદ્ધિ તથા શક્તિ માન ઉપજાવે છે;
આપની ધર્મશ્રદ્ધા, પ્રજાવાત્સલ્ય અને ઔદાર્ય
પ્રશંસા પેદા કરે છે; અને આર્ય સન્નારી
તરીકેનું આપનું નિર્મળ હૃદય ભક્તિને
પ્રેરે છે: એ માન, પ્રશંસા અને
ભક્તિના પ્રતીક રૂપે આ ગ્રંથ
આપના કરકમળમાં અર્પણ કરી
કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

લી.

વ્યવસ્થાપક,

પૂ. શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય

પ્રકાશકનું નિવેદન

'વિદ્યાસાગર' કથાનો ત્રીજો ભાગ તેના પહેલા બેઉ ભાગો પછી ઘણો મોડો બહાર પડે છે. છેલ્લાં પાંચ વર્ષોમાં તો યુદ્ધકાળ અંગેની મુશ્કેલીને કારણે જ તેનું પ્રકાશન થઈ શક્યું નહોતું. છેવટે આજે તે પ્રસિદ્ધ થાય છે અને તે સાથે જ આ કથાની પણ પૂર્ણાહુતિ થાય છે. જિજ્ઞાસુ વાચકોને આટલા વિલંબ પછી પણ તેથી સંતોષ થશે એવી આશા છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં નવાનગર (જામનગર) નાં મહારાણી અ. સૌ. શ્રી ગુલાબકુંવરબાની સંપૂર્ણ આર્થિક સહાયતા મળી છે, તેથી આવા મોંઘવારીના સમયમાં પણ તે પ્રસિદ્ધ કરવા અમે ભાગ્યશાળી થયા છીએ. તે માટે ના. મહારાણી સાહેબા પ્રત્યે આભારની લાગણી દર્શાવવી એ વધુ પડતું નથી.

લી.

લીંબડી સંવત ૨૦૦૧ના બીજા ચૈત્ર વદી ૭ ગુરુ	**શાહ રતીલાલ ઓઘડભાઇ** પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલયના વ્યવસ્થાપક

પ્રસ્તાવના

पक्षपातो न मे वीरो न द्वेषः कपिलादिषु।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

"વિદ્યાસાગર" કથા લખતી વખતે મેં હમેશાં આ શ્લોકને દૃષ્ટિમાં રાખ્યા કર્યો છે. આ એક સંસારકથા છે, તેમાં સંસારબોધ છે, પરન્તુ પારલૌકિક હિતાભિમુખ સંસારબોધની આ કથા છે એમ હું પ્રારંભમાં જ કહી દેવાની અગત્ય માનું છું.

જૈન ત્યાગી વર્ગ પારલૌકિક હિત તરફ સૌથી વિશેષ લક્ષ આપવાને બંધાએલો છે, પરન્તુ ઇહલોકનું ચિત્ર તેના ચિત્તથી કેવળ અળગું રહી શકયું નથી. પારલૌકિક હિતનો બોધ પણ ઐહિક જીવનની પીઠિકા ઉપર સુગમ્ય રીતે આપી શકાય છે, બલકે ઐહિક જીવનના વાતાવરણની વચ્ચે પારલૌકિક હિતનું કલ્પવૃક્ષ ઉગાડી શકાય છે. આ જ દૃષ્ટિથી જૈન સંસારત્યાગી લેખકોએ પદ્યબદ્ધ રાસો અને ગદ્યપદ્યાત્મક ચરિત્રોદ્વારા પારલૌકિક હિતાભિમુખ સંસારકથાઓ કહી છે. એ જ પરિપાટીને અનુસરીને હું ગદ્યમાં 'વિદ્યાસાગર'ની કથા કહું છું. 'સરસ્વતીચંદ્ર' એ સંસારકથા હોવા છતાં પારલૌકિક હિતાભિમુખ દૃષ્ટિથી યુક્ત હોઇને એક આદર્શ

નવલકથા લેખાઈ છે. મને પણ 'વિદ્યાસાગર' લખવાની પ્રેરણા એ નવલકથાની શૈલીએ આપી છે.

જૈન ધર્મનાં તત્ત્વોનો સ્વલ્પ જ પાશ જેને લાગ્યો છે એવો આ કથાનો નાયક 'વિદ્યાસાગર' છે. આર્ય વિચારોમાં ઊછરતા, છતાં પાશ્ચાત્ય વિચારોનો ન્યૂનાધિક સંપર્ક સેવતા અંગ્રેજી વિદ્યા ભણેલા જુવાનો જ્યારે પરંપરાબદ્ધ સંસારમાં-જીવનમાં વિચિત્ર આચારો જુએ છે, અણુબંધબેસતા વિચારોને આચારમાં મુકાતા જુએ છે, આચાર અને વિચાર વચ્ચેનું અંતર જોઈને ભડકે છે, ત્યારે તેઓને આર્ય સંસ્કારિતા ઉપર અણગમો આવી જાય છે. વસ્તુતઃ આર્ય સંસ્કારિતાને તેઓ માત્ર ઉપર-ઉપરથી જ જોઈ શક્યા હોય છે, તેને પૂરી રીતે પચાવી શક્યા હોતા નથી, અને તેથી તેઓ વિમાર્ગે દોરાતાં વાર લાગતી નથી. એટલું ખરું છે કે જે દેશ ઉપર અનેક પ્રકારના દેશી-વિદેશી સંસ્કારોનું આક્રમણ થયું છે, તેવા આપણા દેશમાં આર્ય સંસ્કારિતા અણીશુદ્ધ રહેવા પામી નથી, છતાં એ સંસ્કારિતા ઉપરનો આપણો પ્રેમ તો જાણ્યે અજાણ્યે ટકેલો જ રહ્યો છે. પરિણામ એ આવ્યું છે કે આચરણમાં બાહ્ય આર્યતા દેખાય છે અને આંતર આર્યતા કેવળ નાશ પામી નથી એમ કહીએ તોપણ તે જરૂર ઘસાતી-ભૂંસાતી તો જાય છે જ. આવો દંભ કે પોકળતા જ્યારે જીવનમાં જોવામાં આવે ત્યારે નવવિચારના શિક્ષિત યુવાનોને તે ઉપર અણગમો આવે એ સ્વાભાવિક છે. એ અણગમો આર્ય જીવનના આદેશો તથા આચરણોના ઊંડા અભ્યાસપૂર્વક જન્મેલો હોય એમ નથી હોતું, પરન્તુ ઉપરટપકેથી

કરવામાં આવેલું જીવનનું દર્શન તેમને એવા જીવન ઉપર કંટાળો ઊપજાવે છે, અને આદર્શ જીવન જીવવાનો અભિલાષ તેમને બીજે માર્ગે ખેંચી જાય છે.

બીજી રીતે જોઈએ તો સંસાર એ પણ તપશ્ચર્યાનું અને જીવનને વિશુદ્ધ કરવા માટેનું સાધન ક્યાં નથી હોતું? સંસારમાં અનેક પ્રકારના રાક્ષસો મ્હોં ફાડીને બેઠેલા હોય છે અને સંસારીને ઝડપી લેવા તૈયાર ઊભા હોય છે. એ રાક્ષસો સાથે યુદ્ધ કરીને તેમને જીતવામાં કે પોતાની જાતને બચાવી લેવામાં કાંઈ ઓછો શ્રમ પડતો નથી, કે ઓછા પરિષહો વેઠવા પડતા નથી. વિશુદ્ધ સંસાર પણ જીવનને નિર્મળ કરવાનું સાધન એ રીતે બની શકે છે. પરન્તુ નવ-વિચારના જુવાનો પરંપરાગત જીવનના દુષ્ટ પાશમાંથી છૂટવાને બે માર્ગો અજમાવે છે. એક માર્ગ બંડ ઉઠાવીને પરંપરાને ફેંકી દેવાનો તથા સ્વૈર જીવન ગાળવાનો છે અને બીજો માર્ગ એવા જીવનનો જ ત્યાગ કરીને સાધુ–બાવા બની જવાનો છે. એ બે પ્રકારમાંનો બીજો પ્રકાર વિદ્યાસાગર ગ્રહણ કરે છે, કારણકે તેના જીવનમાં એવાં કારણો ઉપસ્થિત થાય છે કે તેની નાજુક પ્રકૃતિ પરંપરા-ગત જીવનસરણીથી ત્રાસી જાય છે–તેને જીવન ઉપર અણગમો આવી જાય છે.

ત્યારપછી કેવા કેવા પ્રસંગોમાંથી કથાનાયક પસાર થાય છે તે બધું તો આ કથાના ત્રણે ભાગ કહેશે. સંસાર ત્યજી દેવાનો વિદ્યાસાગરનો અભિલાષ તેને એક વાર લાંબા અંધકારના આવરણ હેઠળ દાટી દે છે અને તેમાંથી મોટ

મોડે જ્યારે તેને પ્રકાશ જોવાનો મળે છે, ત્યારે તે જુએ છે કે સંસારમાં પણ યોગીની પેઠે યોગસાધના કરવાના સંયોગો રહેલા છે, અને એ સંસારમાં પણ જીવનની નિર્મળતા દ્વારા આત્માને ઉન્નતિપથગામી કરી શકાય છે.

જૈન ધર્મ અનેકાંતવાદના પાયા ઉપર ઊભેલો છે, પરન્તુ વર્તમાન જૈન ત્યાગીઓ બહુધા એકાંતવાદી બની ગયા છે. જૈન ધર્મના આદેશો જે કાંઈ કહે તે જ સાચો ધર્મ છે અને જૈનેતર તત્ત્વજ્ઞાન જૈન તત્ત્વજ્ઞાનનું વિરોધી છે એવી બહુધા કેટલાકોની માન્યતા બંધાઈ ગઇ હોય છે અને એ રીતે તેઓ વિશેષાંશે એકાંતવાદી જ બની જાય છે. જે જૈનેતર આર્ય ધર્મોનું અંતીમ લક્ષ્ય આત્માની મુક્તિ છે, તેમનાં વિધિ–વિધાનમાં જૈન ધર્મની અપેક્ષાએ જરૂર તફાવત માલૂમ પડે, પરન્તુ જો તેમનું લક્ષ્ય આત્મોદ્ધાર જ છે, તો તેમની સીઢીનાં સોપાન અને પોતાની સીઢીનાં સોપાનને અનેકાંત દૃષ્ટિએ તપાસી જોતાં તેમાં બહુ અંતર નહિ દેખાય; પરન્તુ ઘણા જૈન ત્યાગીઓને તો **युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः** એ વાત જ ગમતી હોતી નથી. હું તો નીર–ક્ષીર ન્યાયને અનુસરનારો છું, એટલે મેં આ કથામાં વિદ્યાસાગરના વિચારપરિવર્તન માટે જે એક મહત્ત્વના સંસારત્યાગી પાત્રને ઉપયોગમાં લીધું છે તે કોઈ જૈન મુનિનું નથી પરન્તુ વેદાંતાનુયાયી યોગી આનંદગિરિનું છે.

વિદ્યાસાગરની સાથે સંપર્કમાં આવતાં અનેક પાત્રો અને તેમના સંબંધી પ્રસંગો આ કથામાં ગૂંથ્યાં છે. આ

પાત્રો અને પ્રસંગોની ગૂંથણી વિદ્યાસાગરના વિચારપરિવર્તનને પોષે, તેને નવી દૃષ્ટિ સુઝાડે, તેટલા પૂરતી જ કરી છે. કેવી રીતે, કેવા બનાવો વડે, કેવા સ્વભાવપરિચય વડે, કેવા વિવાદ વડે આ બધું બન્યે જાય છે, તે વિષે વિસ્તૃત વિવેચન કરૂં, તો આખી કથાના તાણા-વાણા છૂટા પાડી બતાવવા જોઇએ, અને તેમ કરવા જતાં આ પ્રસ્તાવના જ કથાવાચકો માટે રસભંગ ઉપજાવનારી બને, તથા આખી કથા વાંચવાનો ઉત્સાહ નાશ પામે, એટલે કથાનાયક અને કથાહેતુ વિષે આટલું સ્પષ્ટીકરણ કરીને જ અટકી જવું એ હું ઉચિત માનું છું.

*　　　　*　　　　*

પચીસ વર્ષે 'વિદ્યાસાગર'ના ત્રણે ભાગો પૂરી રીતે પ્રકાશમાં આવે છે! પ્રથમ ભાગ સને ૧૯૦૯ માં બહાર પડેલો, બીજો ભાગ ૧૯૧૧ માં બહાર પડેલો, તેની બીજી આવૃત્તિઓ પણ થઇ ગએલી, પરન્તુ ત્રીજા-છેલ્લા ભાગ સાથેની સંપૂર્ણ કથા તો આજે જ પહેલી વાર પ્રકાશમાં આવે છે.

એક વાત કહેવા જેવી છે. પચીસ વર્ષ-પા સદીનો કાળ આજના વિજ્ઞાનના યુગમાં ઘણો લાંબો લેખાય. એટલા કાળમાં જીવનપ્રવાહમાં અનેક પલટાઓ આવી જાય. પાંચ જ વર્ષ પૂર્વેના વાતાવરણની કથા આજે જૂના વખતની લાગે છે, તો પચીસ વર્ષ પૂર્વેના વાતાવરણમાં તત્કાલીન જીવનસરણીને ખ્યાલમાં રાખીને લખેલી કથા આજે પણ જૂના વખતની લાગે-અદ્યતન ન લાગે તો તેમાં

નવાઈ નથી. સ્થૂળ વસ્તુઓનાં મૂલ્યો કાળે-ક્રમે બદલાતાં રહે છે, પરન્તુ શાશ્વત વસ્તુઓનાં મૂલ્યો તો અપરિવર્તનશીલ હોય છે. પર્યાય બદલાય છે પણ તત્ત્વ તો એક જ રહે છે. એ રીતે સંસારજીવનના આવિર્ભાવો ભલે આ કથામાં જૂના વખતના લાગે, પરન્તુ જીવનમાં જે સૂક્ષ્મ તત્ત્વપ્રવાહ વહી રહ્યો છે તે તો એકનો એક જ છે અને તેથી આ કથા સ્થૂળ દૃષ્ટિએ અદ્યતન ન લાગે તોપણ જીવનદૃષ્ટિએ તો તે અદ્યતન જ નહિ પણ સર્વકાલીન છે.

'વિદ્યાસાગર'ની કથા આજથી પચીસ વર્ષ પૂર્વે લખાઈ ત્યારે તે પૂરેપૂરી જ હતી, માત્ર તેના ભાગો અમુક અમુક વખતે બહાર પડ્યા છે. એ પૂરી કથાને પણ છાપવા મૂકતાં પહેલાં શ્રી. ચુનીલાલભાઈએ તેમાંના કેટલાક ભાગો ફરીથી લખીને અને કેટલાક ભાગો સુધારી લઈને તેને નવલકથાના સ્વરૂપમાં લાવી મૂકી છે, એટલી તેમની સેવાની પણ અહીં નોંધ લેવી જોઈએ. ત્રીજા ભાગમાંનું કેટલુંક કથાવસ્તુ તેમણે કાપ્યું પણ છે, કારણકે તેમના અભિપ્રાય મુજબ કલાદૃષ્ટિએ તે બંધબેસતું થતું નહોતું. એ ગમે તેમ, પણ જે આકારમાં ત્રણે ભાગો બહાર પડ્યા છે તે આકારમાં મારે આ કથાદ્વારા જે કાંઈ કથયિતવ્ય હતું તે તો સમાવેશ પામી જાય છે એટલું કહેવું જોઈએ.

મારા ગુરુવર્ય સ્વ. પૂજ્ય મહારાજ શ્રી લાધાજી સ્વામી તથા ગુરુરૂપ પંડિતરત્ન મહારાજ શ્રી ઉત્તમચંદ્રજી સ્વામી તરફથી મને જે કાંઈ થોડું ઘણું જ્ઞાન અભ્યાસ-

દ્વારા પ્રાપ્ત થયું છે તેનો ઉપયોગ કરીને મારા હૃદયની ઊર્મિને સાચે માર્ગે વહન કરવા દેવાનું ઉચિત માન્યું છે. " જામેં જિતની બુદ્ધ હૈ, ઇતિનો કહે બતાય," વિશેષ ક્યાંથી લાવું ?

મારી આ યત્કિંચિત્ સાહિત્યસેવાની પ્રવૃત્તિમાં વિનયમૂર્તિ મુનિવર્ય શ્રી લક્ષ્મીચંદ્રજી મહારાજનો પૂર્ણ સહકાર અગત્યનો ભાગ ભજવે છે. એ સહકારને હું ક્યા શબ્દોથી નવાજું તે મને સમજાતું નથી.

લિંબડી
વિ. સં. ૨૦૦૧ (વીર સં. ૨૪૭૧)
બીજા ચૈત્ર સુદી ૧૩ ને મંગળવાર
(શ્રી મહાવીરજયંતી)

લિ૦
મહાનંદી જૈન
મુનિ છોટાલાલજી

અનુક્રમણિકા

પ્રકરણ ૧ લું

સંયુક્ત કુટુંબની પ્રથા

❖

લજ્જાવતીનો આંસુભર્યો સંદેશો લઈને શાન્તિરાય પાછો ભદ્રાવતી આવ્યો. ભદ્રાવતીમાં પોતાની ગેરહાજરી દર્મિયાન વિદ્યાસાગરના કાંઈ સમાચાર મળ્યા નહોતા એટલે તે ગમગીન બની ગયો, પરન્તુ એ ગમગીનીમાં લજ્જાવતીના સંદેશાથી ઉપજેલી ગમગીની તેના અંતરમાં ઉપર ને ઉપર તર્યા કરતી હતી. એ કોમળ ફૂલને સ્વામીના વિરહનું દુઃખ સાલતું હતું, પરન્તુ એ દુઃખને વેઠી લેવાને તે તૈયાર હતી. હિંદુ સંસારમાં સ્ત્રી કે પુરુષ ઉપર અનિચ્છાએ આવી પડેલા વિરહને વેઠી લેવાની શક્તિ અને સમજ હોય છે. મોટેરાંઓની મર્યાદા જાળવવા માટે તેમને વિરહથી હીજરાવાનો અનુભવ ઘણી વાર મળ્યો હોય છે. ઘરનાં વડીલોની આમન્યાની ખાતર પત્નીથી જુદાં પડવું પડશે એમ પતિ સમજી ચૂકેલો હોય છે, અને સ્વામીથી દૂર રહેવું પડશે એમ પત્ની પણ સમજી ચૂકેલી હોય છે. હિંદુ સંસારનાં રીતરીવાજોએ તેમને એ કડવા ઘૂંટ નાનપણથી પાયા હોય છે અને બીજાંઓને એવા ઘૂંટડા ઉતારતાં તેમણે જોયાં હોય છે. આ કારણથી વિરહ સહી લેવા જેટલું બળ

તો તેઓ મેળવી ચૂક્યાં હોય છે; પરન્તુ આ વિરહકાળ અનેક કારણોથી હિંદુ સંસારમાં અસહ્ય બની જાય છે. પ્રાચીન સંસારમાં વડીલપદ ઘણું ઉપકારક થતું, વડીલો પોતાના પરિપક્વ અનુભવોની હૂંફમાં નાનેરાંઓને ઉછેરતાં અને તેમને સંસારમાં તથા સંસ્કારમાં પાવરધાં કરતાં, તે સાથે નાનેરાંઓની ભૂલો, અપરાધો, દોષો સહી લેવાની સહનશીલતા પણ તેઓ ધરાવતા. આજે એ ઉચ્ચ પદનો ઉત્તમ હેતુ વિસરાતો જાય છે. શિક્ષક પોતાની બાલ્યાવસ્થાને વિસરી જાય છે અને બાળક પોતાના પાઠમાં એકાદ ભૂલ કરે કે તુરત તેની સામે સોટી ઉગામીને તેની ભૂલ સુધારવા યત્ન કરે છે! આથી કદાચ ભૂલ સુધરે પણ ખરી, પરન્તુ જેને ‘ કેળવણી ’ કહે છે તે કેળવણી બાળકને મળતી નથી જ. વડીલો પણ બાળક ઉપર સોટી ઉગામતા શિક્ષકો જેવા જ બહુધા બની ગયા છે. ગૃહસંસારમાં પોતાનું વડીલપદ નાનેરાંઓને પોતાના અનુભવ તથા ડહાપણની હૂંફથી પોષવા માટે છે એ વાત ભૂલી જઇને તેઓ એ પદને નાનેરાંઓ ઉપર અધિકાર જમાવવા માટે ઉપયોગમાં લે છે! વડીલની મોટી વયના બધા દોષો પણ નાનેરાંઓને ગુણરૂપ દેખાવા જોઇએ એવી તેમની સમજ હોય છે. તેમની ઇચ્છા કે આજ્ઞાની સામે ઉચ્ચાર કરવાનો પણ નાનેરાંઓને હક્ક નથી એમ તેઓ માને છે અને તેથી નાનેરાંઓનો એવો કશો ઉચ્ચાર મર્યાદાભંગ કે આમન્યાભંગ લેખાવા લાગ્યો છે. વડીલપદનો જ્યારે સદુપયોગ થતો ત્યારે સંયુક્ત હિંદુ ગૃહસંસાર સુખી હતો. આજે પણ એવા સુખી ગૃહસંસારના અવશેષો રૂપી દાખલાઓ મળી શકે છે, પરન્તુ

બહુ અંશે એ પદનો દુરૂપયોગ થતો હોવાથી વડીલપદ અત્યાચારી બની ગયું છે, નાનેરાંઓનાં સુખસંતોષ ઘટ્યાં છે અને વડીલપદના અધિકારનો દુરૂપયોગ કરવાની કુટેવમાં પણ પરંપરા વર્તતી હોવાથી ગઈ કાલનાં નાનેરાંઓ આજે મોટાં કે વડીલ બનતાં પોતાના અધિકારનો દુરૂપયોગ કરતાં શરમાતાં કે સંકોચાતાં નથી. તેમનાં વડીલો જેવી રીતે તેમની પ્રત્યે વર્તતાં તેવી રીતે તેઓ વડીલ બનતાં પોતાથી નાનેરાંઓ સાથે વર્તે છે અને એ રીતે વડીલપદના દુરૂપયોગરૂપી અનર્થપરંપરા ચાલુ જ રહ્યા કરે છે. **आज्ञा गुरूणामविचारणीया** જેવાં વાક્યો અર્ધદગ્ધ વડીલોને વધારે અત્યાચારી બનાવે છે, અને પછી જ્યારે તેમની સામે બંડ ઊઠે છે ત્યારે તેઓ ધુંઆંપુંઆં થઈ જાય છે.

શાન્તિરાયે વિદ્યાસાગરના દાખલામાં તેના મુરબ્બી મોટા ભાઈના વડીલપદનો દુરૂપયોગ થયેલો જોયો હતો, અને લજ્જાવતીના દાખલામાં તેની મોટી નણંદ ભાગીરથીનો વડીલપદનો દુરૂપયોગ થતો જોયો હતો. તેને તો નિર્બળ મનના શિવશંકર મહેતાજી ઉપર પણ કાંઇક રોષ ચડેલો હતો, કારણકે તે ભાગીરથી તરફથી લજ્જાવતીને શિરે પડતું સંકટ જોતો અને જાણતો હતો, છતાં તેનું નિવારણ કરવાનું નીતિબળ ધરાવતો નહોતો. પોતાની પુત્રીને માઠું લાગશે એવા ભયથી એ નિર્બળ મનનો સસરો લજ્જાવતીના દુઃખની પરંપરા ચાલુ રહેવા દેવામાં મદદગાર થયો હતો અને લજ્જાવતીને તેના પતિ પાસે મોકલવાના પોતાના વિચારનો અમલ કરી શક્યો નહોતો. આ બેઉ દાખલામાં મળેલા અનુભવ ઉપરથી શાન્તિરાય હિંદુઓની સંયુક્ત

કુટુંબપ્રથા વિષેના વિચારોમાં વારંવાર ગુંથાઇ જતો હતો. જ્યારે તે લલિતપુરથી ભદ્રાવતીમાં પાછો ફરીને રવિશંકરને તેની પત્નીનો આંસુભર્યો સંદેશો નિવેદન કરવા જતો હતો, ત્યારે પણ તેના મનમાં એ વિષેના જ વિચારો ઘોળાયા કરતા હતા.

બિચારો રવિશંકર લજ્જાવતીના વળતા જવાબની કાગને ડોળે રાહ જોઇ રહ્યો હતો. તેણે હિસાબ ગણ્યો હતો : “શાન્તિરાયભાઈ રાણુકનગરમાં વધુમાં વધુ એકાદ દિવસ રોકાય, પછી બીજે દિવસે તે લલિતપુર જાય અને લજ્જાવતીને મારો પત્ર આપે, કદાચ તે દિવસે તે લજ્જાવતીને પત્ર આપી શકે નહિ અને ત્રીજે દિવસે પત્ર આપે, તો તે જ દિવસે રાતને વખતે લજ્જાવતી તેનો વળતો જવાબ લખીને ચોથે દિવસે ટપાલમાં નાંખી શકે અને તે જ દિવસે સાંજે તે પત્ર મને મળી શકે.” ચોથે દિવસે ટપાલને વખતે તે ઘેર જ રાહ જોઇને બેઠો હતો, પરન્તુ ટપાલવાળો આવ્યો અને પોતાને ઘેર એક પણ પત્ર નાંખ્યા વિના ચાલ્યો ગયો, એવું જોઇને રવિશંકર નાસીપાસ થયો. પુનઃ તેણે મન મનાવ્યું : “કદાચ શાન્તિરાયભાઇ એક વધુ દિવસ રાણુકનગરમાં રોકાયા હોય, અથવા લજ્જાવતીને પત્ર એકાદ દિવસ મોડો મળ્યો હોય, તો આવતી કાલે તો તેનો જવાબ જરૂર આવશે.” બીજે દિવસે પણ કાગળ તો ન જ મળ્યો. એવી આશા ને આશામાં તેના દિવસો વીતતા હતા અને રોજ-રોજ તે પોતાની ગભરૂ પત્નીના હૃદયોદ્‌ગાર વાંચવાને અધીરો બનતો હતો.

છેવટે શાન્તિરાયને પોતાને ત્યાં આવેલો જોઈને તેનો આનંદસાગર ખરેખર ઊછળ્યો. "લજ્જાવતી ટપાલમાં કાગળ ન લખી શકી હોય, પણ શાન્તિરાયભાઈની સાથે તો તેણે જરૂર પત્ર લખી મોકલ્યો હશે" એવી તેની ધારણા હતી. શાન્તિરાયના સત્કારાર્થે તે એકદમ ઊઠીને બારણા સુધી આવ્યો અને બોલ્યો: "ઓહો! શાંતિરાયભાઈ! તમે ક્યારે પધાર્યા?"

"આજે જ."

"કાંઈ પત્ર–બત્ર લાવ્યા છો?"

"ના."

રવિશંકરના વદન ઉપર વિષાદનો પડદો પથરાઈ ગયો. તેની આશાનો ઊભરો એકાએક શમી ગયો. શાન્તિરાય ચેતી ગયો. લજ્જાવતીનો સંદેશો પ્રકટ રીતે જ નિરાશાજનક હતો. એ સંદેશો રવિશંકરને સંભળાવતાં તેના હૃદય ઉપર સખ્ત આઘાત થયા વિના રહેશે નહિ એવું શાંતિરાય તત્ક્ષણ સમજી ગયો. રવિશંકરે વધુ પ્રશ્ન પૂછ્યા વિના જ શાંતિરાયે કહ્યું: "તમારો પત્ર મેં તમારાં પત્નીને આપ્યો હતો; પણ તેમણે તમને આપવાનો વળતો જવાબ લખી આપ્યો નથી."

"શું તમારે આ તરફ અચાનક આવવાનું થયું? તેને પત્ર લખવાનો સમય મળી શક્યો નહિ?"

"ના, તેમ કાંઈ નહોતું. પરન્તુ લજ્જાવતીને મારી સાથે જ મોકલવાનું પહેલાં ઠર્યું હતું. તમારા પિતાજીએ એ વિષેનું મારૂં સૂચન માન્ય રાખ્યું હતું, પરન્તુ પાછળથી

એ વાત ફરી ગઇ. ભાગીરથીબહેનની ઇચ્છા લજ્જાવતીને અહીં મોકલવાની નહોતી, અને પિતાજી બહેનના અભિપ્રાયની વિરૂદ્ધ ડગલું ભરવાને તૈયાર નહોતા."

"હાં, હાં, ભાગીરથી ત્યાં આવી છે એમ કહોને! ત્યારે તો ઘરમાં સારી પેઠે કંકાસ ચાલતો હશે."

"હાં, કાંઇક એવું છે ખરૂં."

રવિશંકરના વદન ઉપર વિશેષ ગમગીનીનો ઊભરો ઊભરાઈ આવ્યો. શાંતિરાયે કહ્યું : "તમે શોકાતુર થાઓ, એવી જ ત્યાંની સ્થિતિ છે. મને લજ્જાવતીએ કશો પત્ર લખી આપ્યો નથી, પરન્તુ મ્હોંએથી કહાવ્યું છે કે તમે એક વાર લલિતપુર જઈને તેને મળી આવો."

"પિતાજીએ બોલાવ્યા વિના હું એમ ને એમ કેવી રીતે મળવા જઉં? પિતાજીની મર્યાદા કેમ લોપાય?"

"વડીલોની મર્યાદા વિષેનો તમારો ખ્યાલ કાંઈ અજબ છે. પણ એમાં તમારો શો વાંક? મારા મિત્ર વિદ્યાસાગરે પણ વડીલ ભાઇની મર્યાદા જાળવવાને પોતે દુ:ખી થવાનું પસંદ કર્યું પણ વડીલની આમન્યા જાળવી; તમે પણ તેમજ કરી રહ્યા છો. વડીલો પણ સહજ–સહજમાં મર્યાદાભંગનો આરોપ નાનેરાંઓ ઉપર મૂકીને તેમને દબાયલાં રાખવામાં જ પોતાની મહત્તા માને છે અને તમે પણ એવા વડીલશાહીના વાતાવરણમાં ઊછરેલા છો એટલે તેવું માનો છો."

રવિશંકરના વિષણ્ણ વદન ઉપર આછી સ્મિતરેખા પ્રકટી. તે બોલ્યો: "વડીલોની મર્યાદા જાળવવી એ શું અપરાધ છે?"

"નહિ, વડીલોની મર્યાદા જાળવવી એ વિનય છે, અને ગુરુજનો પાસે વિનયપૂર્વક વર્તવું એ તો સૌ કોઈનો ધર્મ છે. હું તો મર્યાદા વિષેના લોકોના વિચિત્ર ખ્યાલની વાત કહું છું. વડીલો જેને પોતાની કલ્પનાને આધારે વિનય કે મર્યાદા સમજે, તેને આપણે પણ વિનય કે મર્યાદા સમજીને વર્તવું તેનો કશો અર્થ નથી. તે તો વડીલની સમજ કે ગેરસમજ ઉપર આંખો મીંચીને મહોર મારવા જેવું છે! તમે તમારી સ્ત્રીને મળવા જાઓ તેમાં અવિનય થઈ જાય, વડીલની મર્યાદાનો ભંગ થઈ જાય, એવું કોણ કહે છે? તમારા પિતાજી તો એવું કહે તેવા નથી. તે કાંઈ તદ્દન જૂના વિચારના અને અણસમજુ નથી. માત્ર ભાગીરથી બહેનના અભિપ્રાયની ઉપરવટ થઇને લજ્જાવતીને અહીં મોકલવાનું નીતિબળ મેં તેમનામાં જોયું નહિ તેથી મને બહુ ખેદ થયો. મેં જોયું કે લજ્જાવતી ત્યાં હીજરાય છે. ભાગીરથી બહેનનો તેમની ઉપર પુષ્કળ ત્રાસ ગુજરે છે. તે જ કારણથી તેમણે તમને મળવાને બોલાવ્યા હશે એમ હું માનું છું. પણ જો વડીલોની મર્યાદાના આવા ખ્યાલથી તમે તમારી પત્નીના દુઃખમાં જરાએ ઘટાડો કરવા સમર્થ ન હો, તો તમે ત્યાં જાઓ કે ન જાઓ, તે બધું સરખું જ છે."

શાંતિરાય જે કાંઇ કહે છે તે અક્ષરે અક્ષર સાચું છે એવું તો રવિશંકરના મનમાં આવતું હતું, પરન્તુ મર્યાદા-પિંજરના પક્ષીને પોતાના પિંજરની બહાર બધે અમર્યાદા અને અવિનયનું વાતાવરણ જ દેખાતું હતું! તે બોલ્યો: "તમે કહો છો તે ખરૂં પણ પિતા તરફનો વિનય અને

પત્ની તરફની ફરજ એ બેઉમાં જન્મ આપનાર પિતાનો અધિકાર મારા ઉપર વધારે ન લેખાય?"

"જ્યાં બેઉ ધર્મ જ હોય ત્યાં કયો ધર્મ વિશેષ આદરણીય અને કયો ધર્મ ઓછો આદરણીય એ પ્રશ્ન નકામો છે. એવી તુલના કરવા જઇએ તો પણ તે તુલના નિર્દોષ હોવાનો સંભવ નથી. જેને તમે પિતા તરફનો વિનય કહો છો, તે વિનયની વ્યાખ્યા શી? હું નથી માનતો કે પત્ની તરફની ફરજ તમે ભૂલો તેથી જ પિતા તરફનો વિનય તમે જાળવ્યો કહેવાય એવી તમારા પિતાની માન્યતા હોય. તે તો સમજુ અને કેળવાયેલા માણસ છે. પણ માનીએ કે વિદ્યાસાગરના ભાઈ કુસુમચંદ્ર જેવા કોઈ ઓછી સમજના કે તરંગી પિતા કિંવા વડીલ હોય, તો શું તેમની માન્યતા તે જ વિનય, અને બીજો બધો અવિનય માનવો? અને વિનયની એમની તરંગી વ્યાખ્યા પ્રમાણે નાનેરાંઓએ બીજા પ્રત્યેનો પોતાનો ધર્મ ભૂલીને એમના તરંગને વશ થઈને રહેવું? એમાં શું ન્યાય છે? નીતિ છે? ધર્મ છે? શું છે?"

"આપણી સંયુક્ત કુટુંબની પ્રથા જ એવી છે કે જેમાં વડીલની આજ્ઞા તથા ઇચ્છાને વશ રહીને વર્ત્યા વિના આપણો છૂટકો નથી. તેવી રીતે વર્તવું તે જ વિનય અને ધર્મ. પિતાની આજ્ઞાને વશ રહીને માતાનો શિરચ્છેદ કરનાર પુત્રનું દૃષ્ટાંત પણ આપણા ધર્મગ્રંથોમાંથી મળે છે."

"અને પિતાની આજ્ઞાને અવગણીને આત્મસાક્ષીએ ધર્મ તથા સત્ય આચરનાર પ્રહ્‌લાદ તથા ધ્રુવ જેવા પુત્રોના દૃષ્ટાંતો પણ ધર્મગ્રંથોમાંથી ક્યાં મળતાં નથી? માટે

ધર્મગ્રંથોના આધારની વાત જવા દો. એમાંનાં દૃષ્ટાંતો વસ્તુસ્થિતિમાં ઘટાવવાની આપણામાં આવડત ના હોય તો તેથી ઉંધે માર્ગે દોરવાઈ જવાનો ભય છે. તેટલા માટે એવી આવડતને અભાવે આપણી સદસદ્વિવેકબુદ્ધિનો આશ્રય લઈને નિશ્ચય કરવો તેના જેવો એક્કે નિર્દોષ માર્ગ નથી. આપણા સંયુકત કુટુંબની પ્રથાની ઉત્તમતા મને માન્ય છે, પરન્તુ એ ઉત્તમતા ચોક્કસ પ્રકારના દેશના વાતાવરણમાં જ હતી. અત્યારનું આપણા દેશનું અને સંસારનું વાતાવરણ જુદું છે. તેમાં જુદી જુદી પ્રજાઓ સાથેના આપણા સંપર્કથી જુદી જુદી જાતનાં સંકરો પેઠા છે. સંયુકત કુટુંબની પ્રથાના પુરાતન અવશેષોની સાથે મિશ્રિત થએલા સંકરને લીધે અત્યારે વાતાવરણ એવું બન્યું છે કે આપણે એ પ્રથાના અનિષ્ટ તત્ત્વોને જ સંગ્રહી રાખી શકયા છીએ અને ઇષ્ટ તત્ત્વોને બહુ અંશે વિસરી ગયા છીએ. સંયુક્ત કુટુંબની પ્રથામાં વડીલનું ઉચ્ચ સ્થાન હતું તેવી જ રીતે રાજકારણમાં રાજાનું સર્વોપરિ સ્થાન હતું અને ધર્મસંસ્થામાં આચાર્યનું સર્વોપરિ સ્થાન હતું, કારણકે એ વડીલ, રાજા અને આચાર્ય હમેશાં ધર્મ જ આચરતા અને અન્ય પાસે ધર્મ આચરાયલો જોવા ઇચ્છતા. આજે પણ વડીલ, રાજા કે આચાર્ય ધર્મ આચરતો હોય અને બીજાઓ પાસે ધર્મ જ આચરાવતો હોય તો દુનિયામાં એ ગુરુસંસ્થાના જેવી બીજી એક્કે ઉત્તમ સંસ્થા નથી. પરન્તુ અનેક પ્રકારના સંકટને કારણે ગુરૂસંસ્થા કલુષિત થાય, તે ધર્મ આચરતી અને આચરાવતી બંધ થાય, તે અનેકનું કલ્યાણ વિસરીને પિંડના જ

પોષણનો વિચાર કરતી થાય, તે રાગદ્વેષાદિ કષાયો ધારણ કરીને ધર્મચિંતન ન કરતાં સ્વાર્થચિંતન કરવા લાગે, તે ધર્મ આચરતી હોય છતાં બીજાઓ પાસે ધર્મ આચરાવવાનું ઓજસ્ કે નીતિબળ તેનામાંથી નષ્ટ થાય, એવી અનેક રીતે ગુરુસંસ્થા કાર્યસાધક થતી બંધ થાય, ત્યારે પ્રાચીન ગુરુ-સંસ્થાના જ લીસોટાને વળગી રહેવામાં લાભ શો? તે સમયે શું આપણું કર્તવ્ય નથી કે આપણે આપણા સુખને અર્થે અનુકૂળ નવી સંસ્થા યોજવી? રાજારૂપી સંસ્થા સડતી જણાય, છતાં શું એ સંસ્થાને નિભાવ્યે જવી અને લોકોને ત્રાસ વેઠાવ્યે જવો એમાં જ ધર્મ છે? શાસ્ત્રગ્રંથોમાં એકવાર રાજાને ઉચ્ચ પદ આપ્યું, એટલે દેશનું વાતાવરણ બદલાયા છતાં રાજ્ય કરવા માટે શું રાજા જ જોઇએ? પ્રજાસત્તાક રાજ્યનો પ્રેસીડન્ટ જો રાજ્ય ચલાવવા માટે અનુકૂળ હોય તો લોકકલ્યાણાર્થે રાજાની સંસ્થા નાબૂદ કરીને 'પ્રેસીડન્ટ'ની સંસ્થા સ્થાપવી તેમાં અધર્મ નથી પણ ધર્મ છે. શાસ્ત્રગ્રંથોમાંનો જ એ અણલખ્યો ધર્મ છે. તેવી જ રીતે આચાર્ય સંસ્થાનો અને સંયુક્ત કુટુંબમાંની વડીલ સંસ્થાનો વિચાર કરતાં જણાશે કે આપણે જૂના રીવાજને વળગી રહીને ધર્મને બદલે અધર્મને આચરતા થયા છીએ. ટૂંકમાં કહું તો સંયુક્ત કુટુંબની પ્રથા એવાં જ કુટુંબોમાં કલ્યાણકર હોઇ શકે કે જે કુટુંબમાં વડીલ ધર્મને આચરનાર અને ધર્મને આચરાવનાર હોય. આજે એવા વડીલો કેટલા હોઈ શકે તે તમે વિચારી જોજો. આજનો વડીલ તો નવી સ્ત્રી પરણ્યો હોય તો જૂની સ્ત્રીના મોટી મોટી વયના પુત્રોને પણ વડીલપણાના અધિકારથી

અન્યાય કરે! પછી એવા વડીલનો પુત્ર પિતા સામે બંડ ઉઠાવે તેમાં નવાઇ શી? એમાં અવિનય શો? એમાં મર્યાદાભંગ શો? વડીલ સંસ્થા સડી હોવાથી હવે સંયુક્ત કુટુંબની પ્રથા ઇષ્ટ કરતાં અનિષ્ટ વધારે બની છે, છતાં જ્યાં વડીલો ઉચ્ચ પ્રકારના હોય ત્યાં એ પ્રથા જળવાઈ રહે તો તેમાં લાભ છે–હાનિ નથી. પરન્તુ સંયુક્ત કુટુંબની પ્રથા આંખો મીંચીને નભાવ્યે જવા જેવી નથી. ઇષ્ટ ગુણોપેત વડીલ ન હોય ત્યાં તો એ પ્રથા વિષતુલ્ય છે. તેવો વડીલ ન હોય છતાં જ્યાં સંયુક્ત કુટુંબ નભતું હોય ત્યાં કાંતો વડીલની સામે અનેક બંડો ઊઠ્યા કરે અને કાંતો વડીલનો ત્રાસ વેઠીને અનેક સ્ત્રી–પુરૂષો તથા બાળકો ઉના નિસાસા નાંખતાં હોય.”

રવિશંકર થોડી વાર ચૂપ રહીને બોલ્યો: “તમે કહ્યું તે પ્રકારના અનેક અનર્થો થતા મેં મારી નજરે જોયા છે. સંયુકત કુટુંબ નિભાવવાનો આપણો આંધળો મોહ એમાંના ઘણા અનર્થોને માટે જવાબદાર હોય છે. હેં, શાન્તિરાયભાઈ! એક સવાલ હું પૂછું? પહેલાં ઉચ્ચ હિંદુ ન્યાતોમાંથી કોઈ વિધવા પુનર્લગ્ન કરવા તૈયાર થતી નહિ, અને આજ તો ઘણી સ્ત્રીઓ તેમ કરવા તૈયાર થાય છે; સંયુક્ત કુટુંબોના સાંધા ઢીલા થતા જાય છે તેને અને આ પુનર્લગ્નોને કાંઈ સંબંધ હશે ખરો?”

“હા. પહેલાં વિધવા પરમપવિત્ર તપસ્વિની મનાતી અને સંયુક્ત કુટુંબમાં તેને મહત્ત્વનું સ્થાન આપી તેને સંતુષ્ટ રીતે વૈધવ્ય ગાળવા માટે જોઈતું વાતાવરણ રચવામાં

આવતું. તે પતિહીના સાધ્વીને દુભવવામાં પાપ મનાતું. તેને તુચ્છકારવામાં આવતી નહિ પણ સંયુક્ત કુટુંબનો વડીલ પણ મહત્ત્વનાં કાર્યોમાં તેની સલાહ પૂછતો અને તેની સલાહ પ્રમાણે કાર્ય કરવામાં આવે કિંવા ન આવે તોપણ તેની અવગણના થતી નથી એવી છાપ તેના મન ઉપર પાડવા માટે એવી પૃચ્છા ઉપયોગી થતી. વળી ઘરના ભંડારની કુંચી પણ તેને સોંપવામાં આવતી, જુદા જુદા ભાઈઓનાં બાળકો, ભત્રીજાઓ, વગેરેનાં કપડાં–ઘરેણાં કરાવવાં હોય તો વિધવાનાં બાળકોનો ભાવ સૌથી પહેલાં પૂછવામાં આવતો, એટલુંજ નહિ પણ બીજાં બાળકો માટેનો ન્યાય પણ તેને પૂછીને જ તોળાતો. સંયુક્ત કુટુંબમાં જેમ વિધવાને પૂરતું માન અપાતું તેમ તેને પોતાની જવાબદારી પણ વધતી જતી જણાતી અને એ જવાબદારીને પહોંચી વળવાના ચિંતનમાં તેના જીવનનો વધુ વખત જતો. સ્વામીના સ્વર્ગવાસથી તેને એકલું–અટૂલું જીવન લાગે, પરન્તુ એ જીવનની નીરસતાનો બદલો વાળવા માટે તેને માન તથા જવાબદારીનાં કાર્યો એવી રીતે સોંપાતાં કે જેથી એ સોનેરી બોજામાં તેને રસ પડતો, ગૃહ પ્રત્યે મમત્વ ઊપજતું, સર્વ પ્રકારના સ્થૂલ અભિલાષો પાર પડતા અને જીવનના અટૂલાપણાને તે સહન કરવા શકિતમાન બનતી. આજે પણ તમે જો કોઈ સુજ્ઞ વડીલની દેખરેખ હેઠળ ચાલતા સંયુક્ત કુટુંબનું અવલોકન કરશો તો તમને જણાશે કે ત્યાં વિધવાઓને સંતુષ્ટ રીતે વૈધવ્ય સહન કરવા માટે ઘટતું વાતાવરણ નીપજાવવામાં આવેલું છે અને તેથી તે બિચારીને પુનર્લગ્ન કરવાનો વિચાર સરખોએ ઉદ્‌ભવતો

નથી. કામવાસનાથી બળતી વિધવાને પણ સંયુક્ત કુટુંબના આવા વાતાવરણમાં એવું સંતોષી જીવન ગાળવાનું મળે છે કે પાપમાર્ગે પગલું ભરવાનો તે ભાગ્યે જ વિચાર કરે છે. આજે હિંદુ કુટુંબોમાં વિધવાઓને માટે આવું વાતાવરણ રહ્યું છે જ ક્યાં? આજે તો તેને અભાગણી અને અપશુકનિયાળ માનવામાં આવે છે, તેને દુઃખ દેવામાં આવે છે, તેનું ધન કે મિલ્કત લૂંટી લેવાને જેઠ–દિયર પ્રયત્નો કરે છે અને તેને હડધૂત કરવાની તો મણા મૂકવામાં આવતી નથી. સ્ત્રીને પતિ વિના અટૂલાપણું લાગે છે, વૈધવ્ય અસહ્ય લાગે છે, 'પોતાનાં' એવાં કોઇ દેખાતાં જ નથી, મનનો ભાર હળવો કરવાનું કોઇ સ્થાન દેખાતું નથી, અને પછી તે પોતાનું મન ધીરવાને કોઈ પાત્ર શોધવાનો યત્ન કરે તો તેમાં તેને શો દોષ દેવો? વડીલો પોતાનો ધર્મ ભૂલવા લાગ્યા છે તેથી સંયુક્ત કુટુંબોના સાંધા ઢીલા થવા લાગ્યા છે; સંયુક્ત કુટુંબની સંસ્થાના નાશનો પહેલો ફટકો બિચારી વિધવા ઉપર પડ્યો છે."

"ત્યારે ફરીથી સંયુક્ત કુટુંબની સંસ્થાને સુધારી તેમજ સજીવન ન કરી શકાય?"

શાન્તિરાય હસ્યો અને બોલ્યોઃ "આ સૃષ્ટિમાં અસંભવિત કશું છે જ નહિ, પરન્તુ આપણી પ્રાચીન આર્ય સંસ્કૃતિ કે જેનું એક ફળ આપણી સંયુક્ત કુટુંબની સંસ્થા છે, તેમાં એટલો સંકર પેઠો છે, તેની ઉપર રાજ્યક્રાન્તિઓના વાઈ ગએલા વાયુઓએ એ સંકર એટલો પોષ્યો છે કે હવે પુનઃ પુરાતન પવિત્ર આર્ય સંસ્કૃતિનો સુવર્ણયુગ ચાલવાની આશા મને ફોકટ લાગે છે. મને તો ઊલટું એમ લાગે છે

કે આજના સંકર વાતાવરણમાં અને અધિકારનો દુરૂપયોગ કરનારા વડીલોના હાથ હેઠળના સંયુક્ત કુટુંબમાં તો ઊલટો ઘણાં માણસોને ત્રાસ વેઠવો પડે છે.”

“પણ સંયુક્ત કુટુંબને લીધે મઝીયારો ચાલે છે તેથી તો એકંદરે આખા કુટુંબનું કલ્યાણ થાય છે એ ભૂલવા જેવું નથી. ધારો કે ચાર ભાઈઓ સાથે રહેતા હોય; એક સારી પેઠે કમાતો હોય, બે મધ્યમ કમાણી કરતા હોય અને ચોથો તદ્દન હીણકમાઉ કે નિર્માલ્ય હોય; જો એ ચારે ભાઈઓનું સંયુક્ત કુટુંબ ચાલતું હોય તો ચારે ભાઈઓ અને તેમનાં બૈરાં–છોકરાંને સુખે રોટલો મળ્યા કરે. જો ચારે જુદા હોય તો એક ખૂબ ધનવાન થાય, બે માત્ર રોટલો ખાઈને દિવસ ગુજારે અને ચોથો ભૂખે મરે. આ સ્થિતિ શું ઇચ્છવાજોગ છે? મઝીયારો વહેંચીને જુદા થએલા ભાઈઓમાં જ્યારે એક વધુ કમાય છે અને બીજો ઓછું કમાઈને દુઃખે દહાડા ગુજારે છે ત્યારે માંહોમાંહે ઈર્ષા અને વૈર જાગે છે. આવું મેં ઘણે સ્થળે જોયું છે.”

“અને મેં એવું પણ જોયું છે કે કમાઉ ભાઈ અને તેની સ્ત્રી હીણકમાઉ ઉપર રાજ્ય કરી તેના ઉપર ત્રાસ ગુજારે છે, હીણકમાઉનાં બૈરાંછોકરાંની દશા ઘરના ચાકર કરતાંએ ભૂંડી હોય છે અને બહારથી મઝીયારો ચાલતો દેખાતો હોવા છતાં અંદરથી એક બીજાને નહિ સાંભળી શકાય તેવા શ્રાપ આપતાં હોય છે.”

“હા, એ પણ ખરૂં. સદ્ગુણી ભાઈઓ હોય તો જ મઝીયારામાં સૌને સરખું સુખ મળે; પણ હીણકમાઉ, ગાંડા કે

ઓછી બુદ્ધિના એકાદ ભાઈની દુર્દશા ન થાય તેટલા માટે પણ મઝીયારો જરૂરી છે એમ તમને નથી લાગતું? જો સૌ ભાઈઓ જુદા હોય તો બિચારા હીણકમાઉનું તો આખું કુટુંબ પતિત થઈ જાય.”

“એક નવી વાત હું તમને કહું છું, ગભરાતા નહિ. ગાંડા, કમઅક્કલના, નાદાન કે હીણકમાઉને પરણાવીને તેના જેવો જ કુટુંબ કબીલો વધારવાથી કોનું હિત કરવા આપણે માંગીએ છીએ? શું તેથી કુટુંબનું, કુળનું, ન્યાતનું, સમાજનું કે દુનિયાનું હિત કરવાનો આપણે ઇરાદો રાખીએ છીએ? હિતદૃષ્ટિથી જોઈએ તો એવા પુરૂષને નહિ પરણાવવામાં અને તેના જેવી નાદાન સંતતિ ન ઉત્પન થવા દેવામાં જ સર્વ સંસ્થાઓનું હિત રહેલું છે. શામાટે દરેક બાપે એવું ઇચ્છવું જ જોઈએ કે મારા દરેક પુત્ર પરણે તેમાં જ મારૂં અને પુત્રનું ભૂષણ કે કલ્યાણ રહેલું છે? નાદાનોને પરણાવીને નાદાનીના વારસો વધારવા, પછી એવા નાદાનોના હિતને માટે કિંવા હીણ-કમાઉઓનાં પેટ ભરવા માટે મઝીયારાવાળાં સંયુક્ત કુટુંબો ચાલુ રાખવાં અને તેના અનર્થોનો ભોગ કુટુંબની અનેક વ્યક્તિઓને થવા દેવી, તેમાં કોનો કયો લાભ રહેલો છે વારૂ? આપણો પરણવાનો હેતુ પવિત્ર હોતો નથી અને અપવિત્ર લગ્નોથી ઉત્પન્ન થએલાં સંતાનોનું પાલન પોષણ તથા વર્ધન કરવામાં આપણે પવિત્રતા સમજીએ છીએ અને તેટલા માટે સંયુક્ત કુટુંબની સંસ્થાને આવશ્યક લેખીએ છીએ! એ સંસ્થાના અનર્થો દૃષ્ટિ સમીપે હોવા છતાં તે પરંપરાને નિભાવવામાં આપણે આપણા પ્રાચીન આર્યત્વનું

અભિમાન માનીએ છીએ! જે દેશોમાં સંયુક્ત કુટુંબો હોતાં નથી તે દેશોમાં અઘટિત લગ્નો ઓછાં થાય છે, આપણા દેશ કરતાં નિર્માલ્ય સંતાનો ઓછાં નીપજે છે, વ્યક્તિત્વ ખીલવવાનો ઉમંગ અને ક્ષેત્ર ત્યાં વિશેષ હોય છે, પરોપજીવિતા ઓછી હોય છે, અને ભાઈ ભાઈમાં આપણા દેશ કરતાં વૈર ઓછું હોય છે. એમ કહેવાય છે કે પ્રસંગોપાત આપણે ત્યાં લોહીના સંબંધને કારણે એક ભાઈ બીજા ભાઈને દુઃખી દશામાં મદદ કરે છે અને જ્યાં સંયુક્ત કુટુંબની ભાવના નથી ત્યાં બાપને દિકરાની દરકાર હોતી નથી તથા ભાઈને ભાઈની દરકાર હોતી નથી. આ વાતમાં કેટલુંક સત્ય અને કેટલુંક અસત્ય છે. મનુષ્યસ્વભાવ બધે સરખો જ હોય છે. આપણે ત્યાં ભાઈ ભાઈમાં મમત્વ કે પિતા પુત્ર વચ્ચેનો પ્રેમ જેવો છે તેવો જ બીજા દેશોમાં છે, છતાં સમાજના વાતાવરણને કારણે કે ન્યાતીલાઓની શરમાશરમીને કારણે આપણે ત્યાં મમત્વનો દેખાવ પુષ્કળ કરવામાં આવે છે જોકે અંતરમાં તેવું મમત્વ હોતું નથી. એક બીજાને શ્રાપ દેતા અને પરસ્પર ઈર્ષા કરનારા ભાઈઓ પિતાના મૃત્યુ વખતે કિંવા કોઈ લગ્નપ્રસંગે એકઠા મળે કિંવા સાજનામાં જઈને સાથે બેસે તેટલા ઉપરથી તેમનામાં મમત્વ હોય છે એવું માની લેવું નહિ. એ તો શરમાશરમીથી કે લોકોની આંખે સારા દેખાવાના હેતુથી કરવામાં આવેલો દંભ હોય છે. આવો દેખાવ ભલે બીજા દેશોમાં ભાઈઓ ન કરતા હોય પરન્તુ તેમનામાં ઈર્ષા કે અસૂયા હોતી નથી અને ભાઈઓ માંહોમાંહે હેતથી મળીને છૂટા પડે છે. સમાજની શરમથી કે ઢંગથી ભાઈ ઉપર મમત્વ

નહિ દાખવવા છતાં મનુષ્યત્વની લાગણીથી પ્રેરાઇને દુઃખી ભાઇને મદદ કરવાનો ગુણ તેમનામાં હોય છે, એટલું જ નહિ પણ દેશના બધા દુઃખી ભાઇઓને મદદ કરવાને પોતાનો હાથ લંબાવવાનું મનુષ્યત્વ તેમનામાં એવું હોય છે કે જેવું સંયુક્ત કુટુંબના કોઈ સારા કમાઉ ભાઈમાં પોતાના હીણ-કમાઉ ભાઈ પ્રત્યે નહિ હોય. સંયુક્ત કુટુંબની પ્રથા વિષેના આ મારા વિચારો છે, તે તમને વાજબી લાગે કે ન લાગે, પરન્તુ હું તો ચોક્કસ માનું છું કે આજની દૂષિત અવસ્થામાં સંયુક્ત કુટુંબની સંસ્થા મને નિભાવવા જેવી લાગતી નથી."

રવિશંકર શાન્ત ચિત્તે શાંતિરાયની બધી વાત સાંભળીને વિચારમાં પડી ગયો.

કેટલીક વારે શાંતિરાય હસીને બોલ્યો: "પણ આપણે તો વાતની વાતમાં ક્યાંના ક્યાં નીકળી ગયા! હું તો તમને તમારાં પત્નીનો સંદેશો આપવા આવ્યો હતો અને વાતમાં ને વાતમાં જ સંયુક્ત કુટુંબની પ્રથા વિષે જાણે આખો નિબંધ વાંચી નાંખ્યો! હશે, ભાઈ રવિશંકર! મારું તમને એટલું સૂચન છે કે લલિતપુર જઇને પિતાજીને સમજાવીને બિચારી લજ્જાવતીને તમે અહીં તેડી લાવો. તેના દુઃખનો ત્યાં પાર નથી. તેથી મર્યાદાભંગનું આળ તમારી ઉપર નહિ ચડે, સમજ્યા?"

"ભલે, રવિવારે રજા છે એટલે હું લલિતપુર જઇશ. તોપણ અમારાં સગાંઓ વાતો કરવાનાં કે ભાઈ વહુને તેડવા આવ્યા છે!"

શાન્તિરાય પુનઃ હસ્યો અને બોલ્યો: "એ વાતો સાંભળી શકવા જેટલું તમારું મન બળવાન ન હોય તો

ન જશો. ન પચાવી શકે તેવી હોજરીમાં પૌષ્ટિક દવા ભરવાથી શો લાભ? સગાંઓ વાતો કરે તેથી તમે બ્હીઓ છો, તો પછી જે કુટુંબમાં વડીલો મોટા અનર્થો કરીને નાનેરાંઓને કચડી નાંખતા હશે ત્યાં નાનેરાંઓની શી દશા થતી હશે? એ વાત જવા દો, પણ લજ્જાવતીની સ્થિતિની થોડી વાત હું તમને કહું. તમે મને આપેલો પત્ર મેં તેમને આપ્યો હતો, પણ તે બિચારાં તે વાંચી શક્યાં નથી. ભાગીરથી બહેને એ પત્ર તેમના હાથમાંથી ઝૂંટવી લઈને પોતે વાંચીને ફાડી નાંખ્યો! પતિનો પત્ર પત્ની વાંચે એ તો મર્યાદાનો મોટો ભંગ થઈ ગયો કહેવાય ને?"

શાન્તિરાયની આ ટકોર અને તે સાથે લજ્જાવતીના દુઃખની કલ્પના તથા ભાગીરથીના ત્રાસની વાતથી રવિશંકર એકદમ ઉશ્કેરાઈ ગયો. તેના મ્હોં ઉપર લોહી તરી આવ્યું. તેની વિચારમુગ્ધ સ્થિર આંખોમાં રતાશ ચડી. તે ઓઠ બીડીને ચૂપ બેસી રહ્યો. તેના મગજમાં પિતા અને મોટી બહેન પ્રત્યે બંડખોરીના વિચારો જન્મતા હતા. છેવટે તે બોલ્યો: "શાંતિરાયભાઈ! તમે મને એ બધી વાત કરી તે ઠીક કર્યું; આપે બહુ તસ્દી લીધી."

શાંતિરાય થોડી વાર બેસીને ચાલ્યો ગયો, પરન્તુ રવિશંકરનું મગજ હવે ચકડોળે ચડ્યું હતું. લજ્જાવતીની દુઃસ્થિતિની વાત સાંભળીને તે હવે ખરેખર અકળાયો હતો. ઓફિસે જવાનો વખત થયો હતો એટલે તે જમીને ઓફીસે ગયો ખરો, પરંતુ ઓફિસમાં તેને કામ કરવું ગોઠ્યું નહિ. રવિવારે રજા પડતી હતી એટલે તે દિવસે લલિતપુર જઈને

ગમે તેમ કરી લજ્જાવતીને તેડી લાવવાનો તેણે વિચાર કર્યો હતો, પરન્તુ તેની મિનિટે મિનિટ એટલા મનઃસંતાપમાં જતી હતી કે રવિવાર આવતાં સુધી તે ધૈર્ય રાખી શકે તેમ નહોતું. ગાડી લલિતપુર તરફ ત્રણ વાગ્યે જતી હતી. એ વાગતાં તેણે ઉપરી ઉપર ચિઠ્ઠી લખીને એક દિવસની રજા માંગી. રજા મળતાં જ તે સીધો સ્ટેશન તરફ દોડ્યો અને લલિતપુર રવાના થઈ ગયો.

પ્રકરણ ૨ જું

ટપાલના કોથળાની લૂંટનું પજરણ

પ્રહરેક રાત વીતી ગઈ હતી. નગરની બહાર આવેલા રાજમહાલયની ફરતા આવી રહેલા બગીચામાં એક શીતળ લતાકુંજમાં રાજા લક્ષ્મણસિંહ અને શાન્તિરાય આરામખુરશીઓમાં પડી કાંઇકાંઇ વાર્તાલાપ કરી રહ્યા હતા. દેશની રાજકીય સ્થિતિની વાતચીતમાંથી દેશની ઔદ્યોગિક સ્થિતિ ઉપર વાત ઊતરી, તેમાંથી સંસારિક–સામાજિક સ્થિતિની વાત નીકળી અને એમાંથી જીવનની ફીલસુફી નીકળી. એમ ને એમ એકમાંથી બીજી ને બીજીમાંથી ત્રીજી વાતચીત નીકળતી હતી, એટલામાં શાન્તિરાયને ઓચિંતું પોતાની પત્નીનું સ્મરણ થઇ આવ્યું, એટલે તેણે પૂછ્યું: "હે મહારાજ! મારી કાંઈ ટપાલ હતી કે?"

"હા, તમારો એકાદ પત્ર અને એકાદ ચોપાનિયું મારી પાસે આવ્યાં હતાં, પરંતુ તમે

તો તે વખતે રાણુકનગર ગયા હતા એટલે તમારી ટપાલ મેં રાણુકનગર રવાના કરાવી દીધી હતી.” લક્ષ્મણુસિંહે જવાબ આપ્યો: “અને ત્યારપછી તમારો કશો પત્ર આવ્યો નથી.”

“ત્યારે એ કાગળ કે ચોપાનિયું મને રાણુકનગરમાં અને લલિતપુરમાં પણુ મળ્યાં નથી.”

લક્ષ્મણુસિંહને સાંભર્યું: “પણુ હાં, તમને તમારી ટપાલ કેવી રીતે મળે? તમારી ટપાલ મેં રાણુકનગર રવાના કરાવી તે સાંજે જ મેં ખબર સાંભળી હતી કે રાણુકનગર જતી ટપાલનો કાથળો લૂંટારા ઉપાડી ગયા હતા અને ટપાલખાતાના માણુસોને માર માર્યો હતો.”

“ત્યારે તો એ ટપાલ લૂંટારાઓને હાથ જ પડી. વારુ, એ પત્ર બંધ પરબીડિયામાં હતો કે ખુલ્લો હતો?” શાંતિરાયે ઉત્સુકતાથી પૂછ્યું.

“બંધ પરબીડિયામાં હતો.”

“સરનામું ગુજરાતી અક્ષરોમાં લખેલું હતું કે અંગ્રેજી અક્ષરોમાં?”

લક્ષ્મણુસિંહ સ્મિત કરીને બોલ્યો: “એ અત્યારે કાંઈ સાંભરતું નથી. તમે તમારાં પત્નીના પત્રની રાહ જોઇ રહ્યા હો તેમ લાગે છે!”

“રાહ તો મારે કોઇનાં પત્રની જોવાની નથી, કારણુ કે વિદ્યાસાગરને પાછા તેડી ગયા વિના ઘેર નહિ જવાની મેં પ્રતિજ્ઞા લીધી છે; પરન્તુ આવેલો પત્ર કોનો હશે, તેમાં શું હશે, તે બાબતની ઉત્સુકતા તો થાય જ ને!”

"અરે ભાઈ! એ ટપાલની લૂંટમાંથી તો ભારે પજરણ ચાલ્યું છે. મુંબઈની સરકારના તાર પોલીટીકલ એજંટ ઉપર કેટલાએ આવી ગયા અને પોલીટીકલ એજંટે અમને પણ કેટલુંએ પૂછ્યું. મેં તો ખુલાસો કરી નાંખ્યો કે લૂંટારાની જમીનજાગીર મેં કાંઇ જપ્ત કરી નથી અને તેમનું બહારવટું મારી સામે પણ નથી. મારા રાજ્યની હદમાં લૂંટારા રહે છે કે નહિ તે મારી જાણમાં પણ નથી એમ મેં જણાવી દીધું."

"પણ આપે એ જવાબ બરાબર ન આપ્યો. ઘણું કરીને લૂંટારા ભદ્રાવતીના તાબાના પ્રદેશમાં જ રહે છે."

"તેમનું સ્થાન તમે જોયું છે?" લક્ષ્મણસિંહે પૂછ્યું.

"ના."

"મેં પણ તે જોયું નથી, એટલે તેઓ કોની હદમાં રહે છે તે હું શું જાણું?" લક્ષ્મણસિંહ બોલ્યો: "તમને ખબર છે શાંતિરાય? સરકાર તો ભારે ખેલાડી છે. આપણી હદમાં લૂંટારા રહેતા હોય ને આપણે તે કબૂલ કરીએ તો સરકાર આપણને પજવે. લૂંટારાને કેદ કરવાનું તે આપણને ફરમાન કરે અને લૂંટારાને પકડવા ૪૦૦–૫૦૦ માણસોનું લશ્કર જોઇએ, તે હું કયાંથી લાવું? ૪૦૦–૫૦૦ માણસોનું લશ્કર રાખવાનો અધિકાર જ સરકારે મને આપ્યો નથી. હું જો એમ કહું કે સરકારી લશ્કર લૂંટારાને પકડવા આવે તો તેનું ખર્ચ મારે આપવું પડે! આ બધી ઘડભાંજમાં પડવાને બદલ એક નન્નો સો દુઃખને હણે, તેવો મેં જવાબ આપ્યો છે. હવે એમ સાંભળવામાં અવ્યું છે કે સરકારી લશ્કર લૂંટારાને પકડવા આજકાલ આવવાનું છે."

"અને એ બધું ટપાલની લૂંટમાંથી જ જાગ્યું ?"

"હા. આજસુધી છૂટીછવાઈ લૂંટ થતી તે તરફ હું ધ્યાન આપતો નહિ, અને સરકાર પણ ધ્યાન આપતી નહિ. વિદ્યાસાગરને એ લોકોએ પકડ્યા, ત્યારથી હું સચેત થયો છું, પણ એમને પહોંચી વળવાની સામગ્રી મારી પાસે નથી અને વળી તેમણે વિદ્યાસાગરને મારી નાંખ્યા નથી એ વાત જાણવાથી મારી ચિંતા ઓછી થઈ છે. એટલામાં આ ટપાલનો કોથળો લૂંટાયો એટલે સરકારની આંખ ઊઘડી છે."

"ત્યારે તો થોડા દિવસમાં ચંદનડુંગરીના પ્રદેશમાં સરકારી લશ્કર ફરી વળવાનું અને લૂંટારાઓની તપાસ ચાલવાની. વિદ્યાસાગર તેમની સાથે જ હશે તો તે પણ મુશ્કેલીમાં આવી પડશે." શાંતિરાયને ચિંતા થવા લાગી.

"હા, એ પણ સાચું છે. પણ જો સરકારી લશ્કર આવવાનું છે એ વાતની લૂંટારાઓને ખબર પહોંચી હશે તો તેઓને સરકારી લશ્કર પણ પકડી શકવાનું નથી."

"પણ તો પછી વિદ્યાસાગરનું શું થાય ? શું લૂંટારાઓ જ્યાં જશે ત્યાં તેમને પણ ઉપાડી જશે ? કિંવા મારી નાંખશે ? શું કરશે ? મને તો આ વાત સાંભળીને બહુ જ ચિંતા થાય છે."

શાંતિરાય અને લક્ષ્મણસિંહ બેઉ ઊંડા વિચારમાં ગરકાવ બનીને બેઠા. રાજમહેલમાં ઘડિયાળના અગીઆર ટકોરા સંભળાયા. એમાંનો છેલ્લો ટકોરો વાગ્યો, એ જ ક્ષણે "ઓ બાપુ ! તમારી ગાય !" એમ બોલતું કોઈ

લક્ષ્મણસિંહના પગમાં પડયું ! લક્ષ્મણસિંહ બેબાકળો ખુરશીમાં બેઠો થઈ ગયો અને બોલી ઉઠયો : “ કોણ છે એ ? ”

પ્રકરણ ૩ જું

બહારવટીયો અને રાજા

“ બાપુ ! એ તો હું સ્વરૂપસિંહ બહારવટીયો ! ”

આ જવાબ સાંભળીને લક્ષ્મણસિંહ ચમકી ગયો. ભોંયે પડેલી મ્યાનબંધ તલ્વાર તેણે એકદમ હાથમાં ઊંચકી અને કહ્યું: “ આટલી બધી તારી હિંમત ? સ્વરૂપસિંહ ! ”

“ બાપુ ! ” લક્ષ્મણસિંહની સામે ઘુંટણભેર બેસીને હાથ જોડતો સ્વરૂપસિંહ બોલ્યો : “ બાપુ ! તલ્વાર હાથમાં મ લેશો ! આપની સામે બેઠેલો સ્વરૂપસિંહ અત્યારે વગડાનો વાઘ નથી પણ ક્ષત્રિયની ગાય છે. વાઘને શિકાર કરવો હોય તો તે ડરે, પણ ક્ષત્રિયને આંગણે જતાં ગાયને ડર શો ? ”

“ તું આ શું બોલે છે, તે કાંઇ મને સમજાતું નથી, સ્વરૂપસિંહ ! તેં લોકોને બહુ રંજાડયા છે અને તેં ઘણા ગુન્હા કર્યાં છે. તું અત્યારે ગાય બનીને મારી પાસે આવે તેથી તું એમ ન માનીશ કે હું તને હવે હાથમાંથી જવા દઉં.”

સ્વરૂપસિંહ મૂછ ઉપર હાથ મૂકતો બોલ્યો : “ ઠાકોર ! ઘરડો તો થયો છું, પણ આપ એમ ન માનતા કે સ્વ-

રૂપસિંહ અહીંથી જીવતો નાસી છૂટવાને શક્તિમાન નથી; પરંતુ મારે આજે નાસીને જીવતાં જવું નથી, આપની રજા લઈને જીવતા જવું છે. આપ હવે મારી વાત સાંભળવાની કૃપા કરો, તો હું કહું, અને મને પકડી લેવાની જ બાપની ઇચ્છા હોય તો કાંતો આપ પકડો, કાંતો હોંકારો કરીને માણસોને બોલાવો અને પછી જુઓ કે સ્વરૂપસિંહ કોણ છે અને કેવો છે!"

લક્ષ્મણસિંહ આ બહારવટીયાની બોલવાની છટા જોઈને તેની વાત સાંભળવાને લલચાયો. તેને એમ પણ લાગ્યું કે કાંઇ મહત્ત્વની વાત કહેવાને જ સ્વરૂપસિંહ આટલું જોખમ ખેડીને અહીં આવ્યો હોવો જોઇએ. લક્ષ્મણસિંહે કહ્યું: "પણ તું મને એક સવાલનો સાચો જવાબ આપ, તો પછી હું તારી વાત સાંભળું."

"પૂછો બાપુ!"

"વિદ્યાસાગર સહીસલામત છે કે નહિ?"

"સહીસલામત છે અને સ્વરૂપસિંહ જીવે છે ત્યાંસુધી સહીસલામત રહેશે."

"ઠીક, હવે તારે જે કાંઇ વાત કહેવી હોય તે કહે."

"સાંભળો બાપુ! મેં બહારવટું તો લીધું છે પણ મને કાંઈ આપની સાથે વેર નથી. ખરૂં વેર તો મારે મને લૂંટી ખાનારા વાણીયા સાથે છે અને તેથી મારા બહારવટામાં વાણીયાનો શિકાર હાથમાં આવે તો હું છોડતો નથી."

લક્ષ્મણુસિંહ વચમાં બોલી ઊઠ્યો: "પણ મારા રાજ્યની રૈયતમાંનો વાણીયો લૂંટાય, તો મારે તેનું રક્ષણ કરવું કે નહિ? એટલે તેં મારી સાથે જ વેર બાંધ્યું કેમ ન ગણાય?"

"બાપુ! એમ જુઓ તો બહારવટીયો સૌનો વેરી છે. પણ જો આપ મને ટેકો આપો તો મારે હવે બહારવટું છોડવું છે."

લક્ષ્મણુસિંહ આશ્ચર્ય પામી બોલી ઊઠ્યો: "હું તને ટેકો આપું? સ્વરૂપસિંહ બહારવટીયાને હું ટેકો આપું?"

"રાજાજી! સ્વરૂપસિંહની માએ સ્વરૂપસિંહને બહારવટીયો જણ્યો નથી. જેવા આપ ક્ષત્રિય છો તેવો હુંએ ક્ષત્રિય છું, પણ વખાનો માર્યો આ ધંધો લઇ બેઠો છું. આપની જ રૈયત છું. સો માણસની જીવાદોરીનો મારી ઉપર ભાર છે અને જો આપ મને ટેકો આપો તો અબઘડી હું બહારવટું છોડીને આપનો સેવક બનું."

લક્ષ્મણુસિંહ તુચ્છકારથી હસીને બોલ્યો: "સ્વરૂપસિંહ! એ તે કાંઇ બને? તને શું હું મારો સેવક બનાવું? પછી હું મારી રૈયતને શો જવાબ આપું? પોલીટીકલ એજંટને શો જવાબ આપું? તું બહારવટું છોડે એ તો સારી વાત, પણ તને મારાથી ટેકો કે આશરો કશું ન અપાય."

શાંતિરાય વચ્ચે બોલ્યો: "તમારી વાતચીતમાં હું થોડું વચ્ચે બોલી શકું ખરો?"

"ભલે ખુશીથી." લક્ષ્મણુસિંહે બોલવાની રજા આપી.

"ત્યારે ઠાકોર સાહેબ! એક ભૂલ કરીને પતિત થએલા માણસને માટે તે માણસ પોતે જેટલો જવાબદાર છે, તેટલો તે માટે સમાજ પણ જવાબદાર છે. પતિત થએલા માણસને ઊંચે ચડાવવાને સમાજ આગળ આવતો નથી બલકે પતિત પોતાના દોષનું વિરેચન કરીને ઊંચે ચડવા માટે સમાજનો સાથ માંગે છે તો તે સાથ આપવાને પણ સમાજ તૈયાર થતો નથી. સમાજના આવા અસહકારથી, નિષ્ઠુરતાથી, ઘણા પતિતો હમેશાં પતિત જ રહ્યા કરે છે. ઊંચે ચડવાની તેમની અભિલાષાઓ સમાજના ટેકા, સાથ કે ઉત્તેજન વિના દબાઈ ગએલી હોય છે અને તેઓ સમાજથી તિરસ્કારાઈને પતિત જ રહેવાનું પસંદ કરે છે. એકાદ ભૂલની ક્ષમા આપવા જેટલી ઉદારતા પણ સમાજમાં ન હોય તો તે શું પતિત માણસની હંમેશની પતિતતા માટે જવાબદાર નથી?"

લક્ષ્મણસિંહ સ્મિત કરીને બોલ્યો: "હું સમજું છું. તમે સ્વરૂપસિંહને ક્ષમા આપીને ટેકો આપવાની ભલામણ કરો છો."

શાંતિરાય બોલ્યો: "સ્વરૂપસિંહે બહારવટું ખેડવાની એક ભૂલ કરી, તે ભૂલ હવે તે સુધારવા ઇચ્છતો હોય તો તેને શામાટે ટેકો ન આપવો? કદાચ કોઈ દિશાએથી ટેકો નહિ મળવાથી તે બહારવટું ચાલુ રાખશે, છ–બાર મહિને તે અને તેનું આખું કુટુંબ ખરાબ થશે અને એ રીતે પતિતતાનાં દુષ્ટ ફળ તેને ભોગવવાં પડશે; પરન્તુ તે પોતાનું પતિત જીવન ચાલુ ન રાખે તેટલા માટે તેને

પોતાના હાથનો ટેકો આપવો તે સાચા મનુષ્યનું એક એક લક્ષણ છે.”

લક્ષ્મણસિંહ બોલ્યો : “ તમે કહો છો તે ખરી વાત છે. સ્વરૂપસિંહ બહારવટામાં જ પોતાનું જીવન પૂરૂં કરે તેવી મારી ઈચ્છા નથી, પરન્તુ હું તેને અત્યારે ટેકો આપવા જઉં છું તો મારી ખરાબ દશા થાય છે તેનું શું ? ધારો કે હું તેને અને તેની સાથેના બીજાઓને જમીન આપું, ખેતીનાં સાધનો આપું, તેઓ ખેતી કરીને સુખી થાય, પણ તે પહેલાં તેમણે જે અપરાધો કર્યા છે તેને કેમ ભૂલી જઈ શકાય ? મારો ધર્મ કાંઈ સુધરવા ઈચ્છતા એકલા બહારવટીયા પ્રત્યેનો જ નથી. રૈયત પ્રત્યેનો મારો ધર્મ છે અને સરકાર પ્રત્યેનો પણ મારો ધર્મ છે. એ બધા ધર્મોની ખેંચતાણમાં મારે શું કરવું તે તમે કહો.”

શાન્તિરાય થોડી વાર વિચારમાં બેસી રહ્યો. આ બધો વખત સ્વરૂપસિંહ કાંઈક આશ્ચર્યથી શાન્તિરાય સામે જોઈ રહ્યો હતો. પોતાની અણધારી વકીલાત કરનાર એ કોણ હશે તે જાણવાને તે આતુર હતો. એટલામાં શાન્તિરાય બોલ્યો: “મહારાજ ! સ્વરૂપસિંહને તેનું જીવન સુધારવાની તક તો આપવી જોઇએ, પરન્તુ તેણે જે અપરાધો કર્યા છે તેનો દંડ પણ તેને દેવો જોઈએ કે જેથી અપરાધી પ્રત્યે અયોગ્ય દયા બતાવવાનો આરોપ રાજ્ય ઉપર ન આવે.”

“એ વચલો માર્ગ ઠીક છે; ત્યારે સ્વરૂપસિંહ ! તારે જો બહારવટું ખરેખર છોડવું હોય અને ભદ્રાવતીની રૈયત થવું હોય તો એક વાર તારે વિદ્યાસાગરને તુરત મારી પાસે

સહીસલામત પહોંચાડવો. પછી એક બે દિવસની અંદર તમારે બધાએ એકઠા થઇને મારી પાસે આવવું અને ગુન્હો કબૂલ કરી માફી માંગવી. પછી હું તમને ઘટતો ન્યાય આપીશ."

"ઘટતો ન્યાય આપીને આપ અમને બંદીખાને પૂરશો તો?"

"બંદીખાને તો પૂરીશ. રાજાની ઇચ્છા કરતાં ન્યાય વધારે પવિત્ર છે. પરન્તુ માથું મૂકીને બહારવટાં ખેડવાં તે કરતાં બંદીખાનામાં પુરાઇને થોડો વખત રહેવું તે શું વધારે આકરૂં છે? સ્વરૂપસિંહ, તું ક્ષત્રીજાયો છે તેથી મને તારી પ્રત્યે લાગણી છે. પરન્તુ જો તારે તારા કુટુંબનું કલ્યાણ કરવું હોય તો તારે કહેલા અપરાધોનો દંડ વેઠવા તૈયાર થવું જોઇએ."

"ભલે બાપુ, આપ ઘટે તેવો ન્યાય કરજો. બહારવટામાં કાંઈ જિંદગી પૂરી થવાની છે? આપના ચરણમાં માથું મૂકું છું, ચાહે તો આપ તારો કે મારો." સ્વરૂપસિંહે એમ કહેતાં લક્ષ્મણસિંહના ચરણમાં માથું મૂક્યું.

"તારૂં અને તારા કુટુંબનું હિત થશે એમ કરીશ, તેની તારે ચિંતા કરવી નહિ. એ હિતનો માર્ગ થોડો કાંટાવાળો પણ હોય તેથી તારે ગભરાવું નહિ કે મારા પર અવિશ્વાસ લાવવો નહિ. પણ સ્વરૂપસિંહ! એકાએક તું આમ બદલાઈ ગયો કેવી રીતે?"

"બાપુ! એક વાર જુવાનીયાઓએ મળીને સરકારી ટપાલ લૂંટી એટલે સરકારની આંખ ફાટી. અમને બાતમી

મળી છે કે હવે આ તરફ સરકારી લશ્કર ઊતરી પડવાનું છે.”

“એ બાતમી પણ તને મળી?” લક્ષ્મણસિંહ આશ્ચર્ય પામ્યો.

“હા બાપુ! અમે બધી ખબર રાખીએ નહિ તો હાલતાં–ચાલતાં કુટાઇ જઈએ. સરકારી લશ્કર અમારા અને અમારાં કુટુંબોના હાલહવાલ કરી નાંખશે, એવા વિચારથી મેં છેવટે આપને આશરે આવવાનો માર્ગ શોધ્યો છે.”

“તેં વેળાસર જ એ મર્ગ શોધ્યો છે. લશ્કર આવી પહોંચે તે પહેલાં તારે હવે મારે તાબે થઈ જવું જોઈએ, સમજ્યો?”

“અરે બાપુ! એમાં વળી ઢીલ શી? પ્રભાતના પહોરમાં વિદ્યાસાગરભાઈ તમારી હજુરમાં હાજર, અને બીજે દિવસે અમે આપની સમક્ષ હાજર થઇશું, પછી આપને જે કરવું હોય તે કરજો.”

“જરૂર?”

“હા, જરૂર!”

“ઠીક, ત્યારે જા! તારૂં કલ્યાણ કરવા માટેનું જ તને મારૂં ઉદાર વચન છે.”

“આપનું કલ્યાણ થજો બાપુ! હવે રામ રામ, મહારાજ!”

“રામ રામ, પણ જો, તારે વચને રહેજે. સવારમાં હું વિદ્યાસાગરની રાહ જોઈશ.”

“ભલે બાપુ, રામ રામ!” એમ બોલતો સ્વરૂપસિંહ ઊઠયો. લક્ષ્મણસિંહને પગે હાથ અડકાડી તેને ત્રણ વાર

નમન કર્યું અને એક વાર શાંતિરાયને પણ નમન કરીને તે કુંજની બહાર નીકળ્યો. બગીચામાં તે સીધે માર્ગે ન ચાલ્યો. કુંજની પાછળની મેંદીની વાડો ઠેકતો અને ગુલાબના છોડવાઓ ખુંદતો તે મહેલની આસપાસના કોટ સુધી પહોંચ્યો. કોટની દિવાલ પાસે એક મોટી લાકડી પડી હતી, તે લાકડી હાથમાં લઈને સ્વરૂપસિંહે દોટ મારી લાકડીને આધારે એવો કુદકો માર્યો કે કોટની દોઢ બે મથોડાં જેવડી દિવાલને કૂદી ગયો! શાંતિરાય અને લક્ષ્મણસિંહ તેને એ રીતે દિવાલ કૂદી જતો જોઈને આશ્ચર્ય પામતા સ્થિર થઇ ગયા. થોડી ક્ષણો વીતી ગઈ અને કોટની બહાર ઘોડાનો હણહણાટ સંભળાવા લાગ્યો. સ્વરૂપસિંહ જ ઘોડેસવાર થઈને પાછો ફરતો હશે એવું બેઉએ અનુમાન કર્યું. એટલામાં રાજમહેલના ઘડીયાળમાં બાર ડંકા વાગતા સંભળાયા.

શાંતિરાયનું દિલ વિદ્યાસાગરને પ્રભાતમાં જ મળવાની આશાથી ઊછળતું હતું. લક્ષ્મણસિંહનું હૃદય આ બહારવટીયાને કેવા પ્રકારનો ન્યાય આપવો તેનું ચિંતન કરતું હતું. બેઉ પોતપોતાના વિચારમાં નિમગ્ન બનતા કુંજ છોડીને મહેલ તરફ ચાલ્યા.

પ્રકરણ ૪ થું

વહેમનો કીડો

મધરાત જામી હતી. સુદ આઠમનો ચંદ્ર હજી પ્રાંતપ્રદેશમાં ઊભો હતો. તેના આછા અજવાળામાં સ્વરૂપસિંહ ઉત્સાહમાં ઘોડાને ઉતાવળે ચલાવતો ચંદન-ડુંગરી ભણી આગળ વધી રહ્યો હતો. બહારવટાની જોખમ-ભરેલી જિંદગીનો આવતી કાલે અંત આવવાનો હતો અને વળી લક્ષ્મણસિંહની મીઠી નજર તેણે પ્રાપ્ત કરી હતી, તેથી તેના મનમાં સારી પેઠે ઉત્સાહ હતો. નવી જિંદગી શરૂ કરવાની ક્ષણ નજીકમાં આવી પહોંચેલી જોઈને તે જિંદગીની અનેક કલ્પનાઓ પણ તેના મનઃપ્રદેશમાં રચાતી હતી. સરકારની કેદમાં જિંદગી સુધી સડવું પડે તેના કરતાં દેશી રાજાની થોડા વખતની કેદ તેને વધારે સારી લાગતી હતી. એ કેદમાંથી છૂટીને પોતે પાછો ધંધે લાગી શકશે એ વિચાર પણ તેને સંતોષ ઊપજાવતો હતો.

ધાડપાડુ, લૂંટારા કે બહારવટીયા ભલે પોતાનાં પરાક્રમોથી કીર્તિ મેળવતા હોય કે લૂંટના માલમાંથી મોજ કરતા હોય, પરન્તુ એ ધંધો તેઓના મનથી અણગમતો હોય છે જ. માનભર્યા ધંધાવાળું જીવન તેમને મળ્યું નથી હોતું, તેથી જ તેઓ કુમાર્ગે દોરાવાયા હોય છે. એવું જીવન મેળવવામાં જો તેમને કોઇ મદદ કરે તો તેઓ ભાગ્યે જ એ પાપી અને જોખમભરેલા ધંધા તરફ

વળવા ઇચ્છે છે. પરન્તુ લૂંટનો ધંધો પસંદ કરનારાઓનાં માનસ પરખીને તે માનસના રોગનું નિવારણ કરવાની પરવા રાજસત્તા રાખતી નથી. રાજસત્તાનો તો આદેશ હોય છે કે ભૂખે મરો કે વિલાસ કરો, પરન્તુ કાયદેસર રીતે વર્તો! ભૂખે મરનારો માણસ ભૂખને સંતોષવાને ગેરકાયદેસર રીતે વર્તવાને પ્રેરાય એ વાત સત્તાવાળાઓ સમજે છે, પણ તેમની સત્તા એવા માણસને દંડવા જેટલી તત્પર હોય છે, તેટલી તેવા માણસની ભૂખનું નિવારણ કરવા તત્પર હોતી નથી! આ સ્થિતિએ જ દુનિયામાં ધાડ–લૂંટ –ચોરીનો વધુ પ્રચાર કર્યો છે. સ્વરૂપસિંહને પોતા માટે તથા પોતાનાં કુટુંબીઓ માટે માનભર્યો ધંધો હવે મળવાનો છે એ વિચારે ખૂબ આનંદ ઊપજાવ્યો હતો, અને એ આનંદ તેની ઘોડા પર બેસવાની અદામાં અને ઘોડાની ચાલમાં પણ પ્રતિબિંબિત થતો હતો.

એ જ વિચારમાં લીન થએલો સ્વરૂપસિંહ પથરાળ જમીનમાં ઘોડો ચલાવ્યે જતો હતો, એટલામાં દોડતા ઘોડાના ડાબલાનો ઓચિંતો અવાજ તેને કાને પડ્યો અને તે ચમક્યો. એક બાજુએ પોતે લક્ષ્મણસિંહ પાસે આશ્રય શોધવાની વિષ્ટિ ચલાવવા ગયો હતો, અને બીજી બાજુએ પોતાના માણસો રાત્રે શિકાર શોધવા નીકળી પડ્યા હોય એવું તેને લાગ્યું. તેમ ન હોય તો આ પ્રદેશમાં રાત્રે બીજા કોણ ઘોડેસવાર ફરતા હોય? નક્કી પોતાના જ કોઈ માણસો હોવા જોઇએ એવી તેને શંકા આવી અને તેને ગુસ્સો આવ્યો. તેણે હોકારો કર્યો અને તુરત પ્રશ્ન કર્યોઃ "કોણ છે એ?"

એક ક્ષણ ગઈ, બે ક્ષણ ગઈ પણ સામો જવાબ ન મળ્યો; છતાં ઘોડાના દોડતા ડાબલાને બદલે સાધારણ ચાલે જતા ડાબલા સંભળાયા. તે વધુ વહેમાયો અને જે દિશામાંથી એ અવાજ આવતો હતો, તે જ દિશામાં તેણે ઘોડાને દોડાવ્યો. જરા આગળ વધતાં તેણે ફરીથી પડકાર કર્યો: "કોણ છે એ ?"

જવાબમાં કૂતરાના ભસવા જેવો અવાજ સંભળાયો, અને સ્વરૂપસિંગને લાગ્યું કે "એ તો હિંમતસિંગનો જ સ્વર!"

હિંમતસિંગ ઊભો રહ્યો. સ્વરૂપસિંગે તેની નજીક જઈને જોયું કે હિંમતસિંગના હાથમાં ખુલ્લી તલ્વાર છે અને તેનો ઘોડો જોરથી હાંફી રહ્યો છે. તેણે પૂછ્યું: "હિંમત ! શું છે ?"

"અરે, પેલા વાણીઆએ આપણું ઘર માર્યું !"

"પણ થયું શું તે તો કહે."

કેસર વિદ્યાસાગર સાથે ખૂટી હતી, બેઉએ નાસી જવાનો સંકલ્પ કર્યો હતો, વિદ્યાસાગરને છોડ્યો એટલે તે પહેલાં ખાણમાંથી ચાલી નીકળ્યો હતો, અને પાછળ કેસર પણ નાસી છૂટવાની હતી અને તેને પરણવાની હતી, સંગ્રામસિંહે એ બેઉની વાતો સાંભળી હતી અને તેમનો સંકેત જાણી લીધો હતો, તે ઉપરથી વિદ્યાસાગરને પકડીને ઠાર કરી નાંખવા જ પોતે નીકળ્યો હતો તથા તેણે તેને શોધી કાઢ્યો હતો, એ બધી વાત તેણે સ્વરૂપસિંગને કહી. સ્વરૂપસિંગ તે સાંભળીને વિચારમાં પડી ગયો. કેસર હવે જુવાન થઈ હતી એ ખરૂં, પણ તેનામાં કળજુગ વસ્યો હશે તેની સ્વરૂપસિંગને ખબર નહોતી. ગરાસણીઓને ઓઝલમાં રાખવાની રૂઢિને પોષતા આવેલા ગીરાસીયાઓ હમેશાં

સ્રીવર્ગ તરફ અવિશ્વાસની નજરથી વધુ જુએ છે, અને જેવો તેમનો તેજ સ્વભાવ હોય છે તેવો તેમનો વહેમ પણ પ્રબળ હોય છે. હિંમતસિંગ જે પ્રબળ વહેમનો ભોગ થઈ પડ્યો હતો, તે વહેમનો કીડો સ્વરૂપસિંગના મગજમાં પણ પહેલાં તો સળવળ્યો, પરંતુ તેની ઉમરે અને બહુવિધ અનુભવોએ તેને સહસા કામ ન કરવાનો પાઠ શીખવ્યો હતો. વળી વિદ્યાસાગરને લક્ષ્મણસિંહ સમક્ષ જીવતો રજુ કરવામાં તે સૌના ભાવિ જીવનની આશાઓ સમાઇ રહેલી હતી. આ કારણથી જરા વિચાર કરીને તેણે હિંમતસિંગને પૂછ્યું: " ક્યાં છે વિદ્યાસાગર ? "

" જુઓ, પેલા ઝાડની ઓથે ભરાઇને ઊભો ! " હિંમતસિંગે ખુલ્લી તલ્વારે ચીંધી બતાવ્યું.

" ચાલ હું આવું છું, પણ તારી તલ્વાર મ્યાન કરી દે."

હિંમતસિંગે તલ્વાર મ્યાન કરી અને બેઉ સવારો વિદ્યાસાગર સ્થિર બનીને ઊભેલો દેખાતો હતો તે તરફ ચાલ્યા.

* * *

જ્યારથી પોતા તરફ અંધકારમાં અણધાર્યાં તીર ફેંકાયાં ત્યારથી વિદ્યાસાગર સ્તબ્ધ બનીને જ્યાંનો ત્યાં જ સ્થિર થઇ ગયો હતો. " હાં બચ્ચા વિદ્યાસાગર ! છેવટે તું મારે હાથ આવ્યો ખરો " એવો સામેનો પડકાર તેણે સાંભળ્યો હતો પણ તે હિંમતસિંગનો સ્વર હતો એ તેના કળવામાં આવ્યું નહોતું. પોતાનું નામ દઇને પોતા તરફ ધસી આવનાર એ ઘોડેસવાર ઓળખીતો તો હોવો જ

જોઇએ, પણ તે પડકારમાં રહેલી કરડાકીએ તેને વિચારમાં પાડી દીધો હતો. સ્વરૂપસિંગના લૂંટારામંડળમાંથી તે તેમની જ પરવાનગીથી અને માયાળુતાથી છૂટચો હતો તો પછી તેની સામે આવી કરડાકીભર્યો પડકાર કરનાર કોણ હશે, એ કરડાકીનો માયનો શો હશે, તે કાંઇ તે અટકળી શકયો નહિ. તે સ્તબ્ધ બનીને ઊભો જ રહ્યો અને એક ઘોડેસવાર પોતા તરફ ધસી આવે છે એ તેણે જોયું. થોડી ક્ષણો ગઈ અને તેણે બીજી બાજુથી હોકારો થએલો સાંભળ્યો, એક ને બદલે બે ઘોડેસવારો એકઠા થયેલા જોયા, બેઉ સ્થિર ઊભા રહીને વાતો કરતા જણાયા અને છેવટે બેઉને તેણે પોતા તરફ આવતા પણ જોયા.

જે ઝાડની નીચે તે ઊભો હતો તેની નજીક આવતાં-જ સ્વરૂપસિંગ અને હિંમતસિંગ ઘોડા પરથી ઊતરી પડ્યા અને સ્વરૂપસિંગે પૂછ્યું: "વિદ્યાસાગર કે?"

વિદ્યાસાગરે સ્વરૂપસિંગનો સ્વર પિછાણ્યો અને તેની સ્તબ્ધતા ઊડી ગઇ. તે આનંદ પામતો અને સ્વરૂપસિંગને ભેટવાને આગળ ડગલાં ભરતો બોલ્યો: "હા, ઠાકોર, હું પોતે જ વિદ્યા...."

ધડાક કરતો હિંમતસિંગે વિદ્યાસાગરની છાતીમાં મુક્કો માર્યો અને તેને ભોંયે પછાડ્યો. હિંમતસિંગ બોલ્યો: "એ કમજાત વાણીઓ રજપૂતને ભેટવાને લાયક નથી."

"આકળો મ થા, હિંમત!" સ્વરૂપસિંગે હિંમતસિંગને વાર્યો અને વિદ્યાસાગરનો હાથ પકડી તેને ઊભો કર્યો.

વિદ્યાસાગર કશું ન બોલતાં હિંમતસિંગ તરફ જોઈ રહ્યો. તેને લાગ્યું કે કાંઈક ગેરસમજ થઈ છે પણ એ ગેરસમજનો કશો ખ્યાલ તેને આવી શકયો નહિ.

સ્વરૂપસિંગે તેને પૂછ્યું: "વિદ્યાસાગર! કેસર મારી દીકરી છે તે તું જાણે છે...."

તત્ક્ષણ વિદ્યાસાગરને ખ્યાલ આવ્યો કે ગેરસમજનું કારણ શું હશે. તેણે સ્વરૂપસિંગને આગળ બોલતો અટકાવીને જ વચ્ચે ઉચ્ચાર કર્યો: "અને કેસર મારી બહેન છે તે તો તમે પણ જાણો છો."

સ્વરૂપસિંગ આગળ બોલતાં થંભી ગયો. તેણે હિંમત સામે જોયુ. હિંમતસિંગ બોલ્યો: "ત્યારે સંગ્રામસિંહ કહે તે ખોટું?"

વિદ્યાસાગર બોલ્યો: "સંગ્રામસિંહે તમને શું કહ્યું તેની મને ખબર નથી, પણ કેસરે એક બહેન તરીકેના હેતથી મને વિદાય આપી છે અને એક માયાળુ ભાઇથી છૂટાં પડતાં તેને આંસુ આવ્યાં હતાં એટલી જ વાત સાચી છે. સ્વરૂપસિંગજી! આટલા દિવસ હું તમારી સાથે રહ્યો, છતાં શું તમે મને ઓળખી શકયા નહિ અને વહેમાઇ ગયા?"

"હિંમત!" સ્વરૂપસિંગ બોલ્યો: "તું ગમે તે કહે, પણ સંગ્રામસિંહે ભૂલ કરી છે અને તું સહસા દોરવાઈ ગયો છે."

હિંમતસિંગ મૂગો રહ્યો અને વિચારમાં પડ્યો. સ્વરૂપસિંગે તેને બાજુએ લઇ જઇને લક્ષ્મણસિંહ ઠાકોર સાથે

થએલી બધી વાતચીતનો સાર સમજાવ્યો. તત્કાળ તો હિંમતસિંગને લાગ્યું કે વિદ્યાસાગરનો કાંઈ વાંક હોય કે ન હોય, છતાં તેને મારી નાંખવામાં મોટું જોખમ હતું. તેને છોડવાની લક્ષ્મણસિંહ સાથે થએલી શરત પૂરી કરવામાં જ બધા બહારવટિયાઓનો ઉદ્ધાર રહેલો હતો.

"ભાઈ વિદ્યાસાગર!" સ્વરૂપસિંગ બોલ્યો: "અમારી સાથે પાછા આવશો? કાલે રાત્રે તમને લક્ષ્મણસિંહ ઠાકોર પાસે પહોંચાડવાના છીએ."

વિદ્યાસાગર વિચારમાં પડ્યો.

"વહેમાશો નહિ, અમે તમને કશીય ઈજા કરવાના નથી. બાપના બોલથી અમારૂં વચન છે."

"તમારા બોલ પર મને વિશ્વાસ છે. મને ઠાર કરવો હોય તો અહીં પણ કરી શકો છો પછી તમારી સાથે પાછા આવવામાં મને ભય શો? પણ મને પાછો ન લઈ જશો. કેસર બહેનને મને જોઈને કદાચ વધુ દુઃખ થશે. અને વળી હવે ગામ બહુ દૂર નથી."

"તો ચાલો, હું તમને ગામના પાધર સુધી પહોંચાડી જઉં."

"ચાલો."

માર્ગમાં વિદ્યાસાગરે સ્વરૂપસિંગને કહ્યું: "સ્વરૂપસિંગભાઈ! મારી એક વિનંતિ છે. કેસરને તમે તમારી સાથે આ ભયંકર સ્થળે ન રાખો. તે બિચારીને જરાય ગોઠતું નથી. આ ધંધા પ્રત્યે તેને અણગમો તો છે જ, અને

હવે તો તે મોટી થઈ છે. તેનું મન કોઈની માયા શોધી રહ્યું છે, તે તમે તેને લાવી આપો."

"હું સમજું છું ભાઈ, પણ હવે અમારા બહારવટાનો અંત આવે છે અને તેના દુઃખનો પણ અંત આવશે. આજસુધી મને દીકરીના મનનો ખ્યાલ નહોતો, તે અત્યારે જ આવ્યો."

પ્રકરણ ૫ મું

સંકેતની સિદ્ધિ

❖

સ્વરૂપસિંગ વિદ્યાસાગરને ભદ્રાવતીના પાધર સુધી પહોંચાડીને તુરત પાછો ફર્યો. હજી પરોઢ પણ થયું નહોતું, ભદ્રાવતીના ગઢનો દરવાજો ઊઘડ્યો નહોતો, એટલે વિદ્યાસાગરે તળાવની પાળ પર બેસીને કેટલોક વખત ગાળ્યો. પરોઢ થતાં દરવાજો ઊઘડ્યો અને તે દરવાજામાં પેઠો પણ એવે વખતે જવું ક્યાં? તેણે દરવાજા પરના પહેરેગીરને જ પોતાની ઓળખાણ આપી અને પૂછ્યું: "મહારાજા લક્ષ્મણસિંહ ક્યાં અને ક્યારે મળશે?"

વિદ્યાસાગરનું નામ તો મહિનાઓથી ભદ્રાવતીના લોકોને મ્હોંએ રમી રહ્યું હતું, એટલે તેણે પહેરેગીરને પોતાનું નામ આપતાં જ તેણે તેનો ખૂબ હર્ષભેર સત્કાર કર્યો અને કહ્યું: "આવો ભાઈસાહેબ, આવો! આપને

માટે તો અમારા જીવ જોખમમાં આવી પડચા હતા, પણ આપ આવ્યા એટલે અમને નિરાંત થઇ અને મહારાજા પણ બહુ જ રાજી થશે. હજી અંધારૂં છે, થોડી વાર અહીં બેસો, દાતણપાણી કરો, પછી હું મહારાજા પાસે આપને તેડી જઈશ.”

પહેરેગીરે દાતણપાણી લાવી આપ્યાં અને વિદ્યાસાગર ત્યાં જ રોકાયો. અંધારૂં ઓસર્યું એટલે પહેરેગીર તેને મહેલ પર લઈ ગયો. રાત્રે સ્વરૂપસિંગ વિદ્યાસાગરને છોડવાનું વચન આપીને ગયો, ત્યારથી શાંતિરાય હરપાળે વિદ્યાસાગરના આગમનની જ રાહ જોઈ રહ્યો હતો. તેણે પોતાના મનથી હિસાબ ગણ્યો હતો કે સ્વરૂપસિંગ ઘોડા પર બેસી ચંદનડુંગરીએ જાય અને ત્યાંથી વિદ્યાસાગરને ઘોડે બેસાડી પાછો ભદ્રાવતી પહોંચાડે તો બરાબર ચાર કલાકથી વધુ વખત ન જાય; એટલે વિદ્યાસાગર પરોઢના પાંચ વાગ્યે જરૂર આવી પહોંચવો જોઈએ. પોતાના શય્યાખંડની બારી ઉઘાડીને શાંતિરાય ચાર વાગ્યાથી વિદ્યાસાગરના માર્ગની પ્રતીક્ષા કરી રહ્યો હતો, શાંતિરાયે પોતાના મનથી જે હિસાબ ગણ્યો હતો તે બરાબર નહોતો, કારણકે વિદ્યાસાગર તો રાત્રિ પડતાં જ ચંદનડુંગરીથી પગપાળો નીકળી પડચો હતો, માર્ગમાં અવનવી ઘટનાઓ બની ગઈ હતી અને વહેલા પરોઢમાં ભદ્રાવતી પહોંચ્યો હતો; પરન્તુ પરોઢના પાંચ વાગ્યે પોતાને વિદ્યાસાગરનું દર્શન થશે એવી જે આશા શાંતિરાય ધરાવી રહ્યો હતો તે બીજી રીતે પણ પાર પડી. મહેલમાંનાં બીજાંઓની પહેલાં વિદ્યાસાગરને શાંતિરાયે જ જોયો

અને તે એકદમ નીચે દોડી આવી, મહેલના આંગણામાં જ વિદ્યાસાગરને ભેટી પડ્યો.

વિદ્યાસાગરના આગમનની વાત મહેલમાં વાયુવેગે પ્રસરી ગઈ. મહારાજા આવ્યા, સુમતિ આવી, દાસ–દાસીઓ આવ્યાં અને બધાં વિદ્યાસાગરને ઘેરી વળ્યાં. તેને સહીસલામત જોઈને સૌને સંતોષ થયો. સુમતિ તો તેને લૂંટારાઓના પરિચયની વાતો પૂછવા લાગી, પણ લક્ષ્મણસિંહે કહ્યું: "બેટા, એ બધું તું તેમને નિરાંતે પૂછજે, અત્યારે તેમને આરામ લેવા દે, અને શાંતિરાયભાઈને જ તેમની સાથે વાતો કરવા દે."

વિદ્યાસાગર અને શાંતિરાય એક ખંડમાં વાતોએ વળગ્યા. બીજી બાજુએ સેક્રેટરી પોલીટીકલ એજંટ તરફથી એક તાકીદનો ખરીતો લઈને આવ્યો તે વાંચવામાં લક્ષ્મણસિંહ રોકાયો.

બહારવટીયાઓએ ટપાલની લૂંટ કરી ત્યારથી સરકારે એ પ્રકરણ ગંભીર રીતે હાથમાં લીધું હતું ખરૂં, પરંતુ બહારવટીયાને જેર કરવા માટે ચડાઈ કરવાનું ખર્ચ પોતે કરે એવી તેને ઈચ્છા નહોતી; સરકાર અને દેશી રાજા બેઉની સંયુક્ત જવાબદારીનું કોઈ પણ કામ હોય, તો તે માટેનું ખર્ચ જ્યાંસુધી દેશી રાજાને શિરે પડે તેવી જરા પણ બારીકી હોય, ત્યાંસુધી સરકાર કદાપિ પોતે ખર્ચ કરવાની હા પાડે જ નહિ! લક્ષ્મણસિંહ એ વાત જાણતો હતો તેથી તેણે પહેલેથી જ બહારવટીયાઓની રંજાડ માટેની જવાબદારી સરકાર ઉપર નાંખવા યત્ન કર્યો હતો, પરન્તુ

સરકાર કાંઈ એમ માને? છેવટે પોલીટીકલ એજંટે એક તાકીદની યાદી મોકલીને લક્ષ્મણસિંહને જણાવ્યું હતું કે બહારવટીયાઓનો એક ભાગ લલિતપુરનો છે પણ તેઓ ભદ્રાવતીની હદમાં રહે છે એવી સરકારને પાકે પાયે બાતમી મળી છે. લૂંટો ભદ્રાવતીની હદમાં જ અવારનવાર થાય છે; માટે તમારે તમારી હદમાં રંજાડ ન ચાલે તેનો પાકો બંદોબસ્ત કરવો અને એજન્સી પોતાની લલિતપુરની હદ પૂરતો બંદોબસ્ત કરશે; ભદ્રાવતીની હદમાં પબવાડીઆની અંદર સંતોષકારક બંદોબસ્ત નહિ થાય તો એજન્સીની પોલીસનાં થાણાં ભદ્રાવતીની હદમાં બેસાડવાં પડશે અને તેનું ખર્ચ ભદ્રાવતીના રાજ્યે ઉપાડવું જોઈશે.

લક્ષ્મણસિંહે જે અનુમાન કહ્યું હતું તે જ છેવટે ખરૂં પડ્યું હતું. એજન્સીની સરકારે ખર્ચનો પોટલો ભદ્રાવતીને માથે ઓઢાડવાનો જ પેંતરો ભર્યો હતો તે તે સમજી ગયો. પણ હવે તેને બહુ ચિંતા રહી નહોતી. સ્વરૂપસિંગ ગઈ રાત્રે જ જે વાતચીત કરી ગયો તે પ્રમાણે તેણે વિદ્યાસાગરને સહીસલામત પહોંચાડવાનું પોતાનું વચન પાળ્યું હતું, તેમ તે પોતાનું બીજું વચન પાળશે અને પોતાને તાબે થશે એવી તેને ખાત્રી ઊપજી હતી.

રાતમાં અને પ્રભાતમાં જે કાંઇ બન્યું હતું તેની ભદ્રાવતીના કારભારીને કશી ખબર નહોતી. લક્ષ્મણસિંહે કારભારીને બધી વાત કહી ત્યારે કારભારીએ એકદમ કહ્યું: “ મહારાજ ! આપે ભૂલ કરી ! ”

“ શી ભૂલ ? ”

“ સ્વરૂપસિંગ એમ એકદમ શરણે આવશે તો એજન્સી જરૂર વહેમાશે. તે એમ પણ માનશે કે પહેલેથી જ બહારવટીયાને આપનો ગુપ્ત ટેકો હશે.”

“ અરે, એમ તે વળી હોય ? ”

“ ન હોય, પણ આપ પોલીટીકલ ખાતાને ઓળખો છો ? તે જે ન માને ને ન કરે તે થોડું ! આપણને દબાવવાની એક પણ તક તે જવા નહિ દે. બહારવટીયા સાથે આવી સમાધાની ન થાય. સરકાર એને આપણી ચશમપોશી માને. આ તો રાજ્યના મામલા, કાયદો અને વ્યવસ્થા જાળવવાનું પ્રકરણ, એમાં આપ ક્ષત્રિયો ઉપર લાગણી રાખીને ચાલો તો સરકારની આંખમાં જ આવો ! ”

આ સાંભળતાં જ લક્ષ્મણસિંહ ઊંડી ચિંતામાં પડી ગયો. કારભારી પણ વિચારમાં પડ્યો. થોડી વારે તેણે પૂછ્યું : “ સ્વરૂપસિંગ ક્યારે શરણે આવવાનો છે ? ”

“ કાલે જ તે પોતાનું ધાડું લઇને આવી પહોંચશે. ”

“ ઠીક, આપ ચિંતા ન કરશો; હું બંદોબસ્ત કરૂં છું. ”

“ રહો, શો બંદોબસ્ત કરવાના છો ? મારાથી તેને આપેલું વચન પાછું નહિ લેવાય. ”

“ ના, ના, વચન પાછું લેવાની વાત જ નથી. થોડું નાટક ભજવવું પડશે, તેનો જ બંદોબસ્ત કરૂં છું. ”

એમ કહીને કારભારી ઊઠ્યો. તેણે તત્કાળ એક ગુપ્ત-ચરને સ્વરૂપસિંગ જોગો સંદેશો આપીને ચંદનડુંગરી તરફ રવાના કર્યો. એ સદેશો એવા પ્રકારનો હતો કે બધા

માણસોએ એકદમ ભદ્રાવતી ન આવી પહોંચવું, પરન્તુ એકઠા થઇને ચંદનડુંગરીની નજીક રહેવું; પછી મહારાજા લક્ષ્મણસિંહ પોતે પોતાની સેના સાથે બહારવટીયાને પકડવા નીકળશે, તે વખતે બધાએ પકડાઈ જવું; એટલે પોલીટીકલ ખાતાને કશી ચશમપોશીનો વહેમ ન રહે.

લક્ષ્મણસિંહને પણ એ યુક્તિ ગમી. તેણે તુરત જ બહારવટીયા ઉપર હલ્લો લઈ જવાને તૈયારી કરવા માંડી. આખું ગામ ખળભળી ઊઠ્યું. મહારાજા પોતે બહારવટીયાને જેર કરવા ચડે છે એ સાંભળીને ગામ હલમલી ગયું. નગરશેઠ તો મહારાજાને સલાહ આપવા આવ્યા : "મહારાજ! આટલા બધા આપણી પાસે માણસો છે, ને આપે જાતે ચડવાની કશી જરૂર નથી. એ તો બહારવટીયા લોક કહેવાય; રખેને આપને કાંઇ ઇજા કરી બેસે! માટે આપ જાતે જવાનું માંડી વાળો અને હથીઆરબંધ પોલીસપાર્ટી મોકલો, જોઇએ તો એજન્સીમાંથી થોડાં માણસો મંગાવો, પણ આપ જાતે જોખમ ન વહોરો."

લક્ષ્મણસિંહે કહ્યું : "શેઠ! જોખમ તો છે, પણ જોખમ વેઠ્યા વિના હવે છૂટકો નથી. આજસુધી અમે બહારવટીયા ઉપર હાથ ઉગામ્યો નહોતો, કારણકે અમારો સ્નેહી વિદ્યાસાગર તેમના કબજામાં હતો અને તેના ઉપર જીવનું જોખમ આવી પડે એવી અમને ચિંતા હતી. હવે વિદ્યાસાગર તો તેમના કબજામાંથી છૂટી આવેલ છે એટલે અમને તેની બાબતની ચિંતા રહી નથી. હવે તો બહારવટીયાને જેર કર્યે જ છૂટકો છે. તેઓ લોકોને થોડા હેરાન

કરે છે? તમે જ વિચારો કે આપણી વસતીના કેટલા લોકો લુંટાયા?"

"પણ આપ જાતે ન જાઓ તો?"

"તો ધાર્યું કામ ન થાય. માણસોને ય પોતાનો જીવ વહાલો હોય; એમ તો ઘણીએ વાર માણસો મોકલ્યા, પણ કશું ન વળ્યું. વિદ્યાસાગરને એ લોકો પકડી ગયા તેની પાછળ પણ વહાર ક્યાં નહોતી મોકલી? માટે હવે તો મારે જાતે જ જવું છે."

બીજે દિવસે પરોઢમાં સેના સજ્જ થઈને ચંદન-ડુંગરી તરફ ઊપડી. સૂર્યોદય થતાં પહેલાં તો તે ડુંગરી નજીક પહોંચી ગઈ, અને ડુંગરીની આસપાસ ઘેરો ઘાલ્યો. સંકેત મુજબ સ્વરૂપસિંગે પોતાનાં બધાં માણસોને ત્યાં એકઠાં કરી રાખ્યાં હતાં. તેઓએ લક્ષ્મણસિંહને જોતાં જ પોતાના હથીઆર હેઠાં મૂકી દીધાં! સ્વરૂપસિંગ બોલ્યો: "બાપુ! આપનું શરણું! મારે આપની સામે હાથ ઉગામવો નથી; આપ આજ્ઞા કરો અને અમે બધા આપની હેડમાં પુરાવા તૈયાર છીએ."

"તો ચાલો આગળ; ભદ્રાવતીની જેલ તમારી રાહ જોઈ રહી છે."

સ્વરૂપસિંગ અને તેનાં માણસો આગળ થયાં. લક્ષ્મણસિંહના સૈનિકો તો આ ચમત્કાર જોઈ જ રહ્યા. "શો મહારાજાનો પ્રતાપ? સિંહ પણ ગાય જેવો બની ગયો! ભાઈ, સાચું રાજબીજ, એની શી વાત?!"

બીજો સૈનિક બોલ્યો : “પણ મહારાજાએ પાકી બાતમી મેળવીને હલ્લો ગોઠવેલો હો ! બધાય માણસો એક ઠેકાણે એકઠા થવાના છે, એ ખબર તેમને વેળાસર મળી ગએલી હો ! નહિતો જુદે જુદે ઠેકાણે રહેનારાં બધાં માણસો એક જ ઠેકાણે ક્યાંથી હોય ?”

સૈનિકો આમ વાતો કરતા હતા, ત્યારે લક્ષ્મણસિંહ પોતાની યોજના બરાબર પાર પડેલી જોઇને ખુશ થતો હતો. ભદ્રાવતીમાં પહોંચીને તેણે બધાયને એક બંધીખાને પૂર્યા અને એજન્સીમાં પોતાના પરાક્રમનો રિપોર્ટ લખી મોકલ્યો.

પ્રકરણ ૬ ઠું

બે મિત્રો

વિદ્યાસાગર અને શાંતિરાય એક ઓરડામાં જઇને બેઠા. કેટલીક ક્ષણો સુધી બેઉ મિત્રો એકબીજાની સામે જોઈ રહ્યા. બેઉને વાતો કરવાની ઈચ્છા હતી, બેઉના અંતરમાં અનેક પ્રશ્નો ઘોળાઇ રહ્યા હતા, પરન્તુ પહેલાં શું પૂછવું, વાતની ક્યાંથી શરૂઆત કરવી, તે બેઉને સૂજતું નહોતું. મનની વિચિત્ર અવસ્થા, અનેક વિચારોનો એકી-સામટો વંટોળ અને ઘણે વખતે બેઉ મિત્રોનો મેળાપ : શું પૂછવું અને કેવી રીતે પૂછવું તેની ગૂંચવણ થયા વિના કેમ રહે ?

વિદ્યાસાગરે જ પહેલો પ્રશ્ન કર્યો: " શાંતિરાય, તું આ પ્રદેશમાં ખૂબ વખત રહ્યો, પણ એકે વાર આનંદગિરિને મળી આવ્યો ? "

વિદ્યાસાગરના આ પહેલા જ પ્રશ્ને શાંતિરાયને દુઃખ ઉત્પન્ન કર્યું. તે કશો જવાબ ન આપતાં વિદ્યાસાગરની સામે જ તાકી રહ્યો. તેના વદનની નસો તંગ બનવા લાગી. કાંઇક રોષ તેના વદન ઉપર તરી આવતો હોય એમ જણાયું. વિદ્યાસાગરને પોતાના પ્રશ્નનો જવાબ તુરત ન મળવાથી આશ્ચર્ય થતું હતું.

" મારો તેમની સાથે એક વાર મેળાપ થયો છે...."

શાંતિરાય રોષપૂર્વક ઠપકાભરેલે સ્વરે બોલ્યો: " તે હું જાણું છું વિદ્યાસાગર ! અને હુંય આનંદગિરિને મળ્યો તો છું જ; પરન્તુ આટલે વખતે આપણે મળ્યા, ત્યારે તમને સૌથી પહેલું એ જ પૂછવાનું સૂજ્યું તેથી મને ખેદ અને આશ્ચર્ય થાય છે. સરસ્વતીની ખબર તમે પૂછતા નથી, ચંદાની વાત પૂછતા નથી, ઘરનાં કોઈના કુશળ વર્તમાન પણ જાણવા ઇચ્છતા નથી, અને આનંદગિરિની વાત સૌથી પહેલાં કરો છો, એનું શું કારણ ? "

" કારણકે એ યોગી પુરૂષ મારા ચિત્તમાં રમણ કરે છે ત્યારે મને આનંદ થાય છે...."

" અને અમને બધાંને સંભારતાં તમે દુઃખી થાઓ છો, એમ ને ? "

" ખરેખર એમ જ. સરસ્વતીના વર્તમાન હું જાણું છું, ચંદા ભાભીની મારા પ્રત્યેની લાગણી મારી જાણમાં છે,

તું તો મને મળવાને જ મહિનાઓથી અહીં રખડી રહ્યો છું, તમો બધાંની લાગણી શું મારી સમજ બહાર છે?"

"તમે તે બધું જાણો છો?"

"હા, જાણું છું. લૂંટારાઓની ગુફામાં હું કેદ હતો, ત્યારે તેઓ એક વાર ટપાલ લૂંટી લાવેલા, તેમાંથી ચંદ્રા ભાભીનો તારા પરનો પત્ર મને હાથ લાગેલો, તે પત્ર મેં વાંચ્યો હતો, સાથે એક ચોપાનિયું હતું તેમાં સરસ્વતીની એક કવિતા હતી, તે પણ મેં વાંચેલી...."

"એમ? અને એ બધાં સંભારણાંથી તમને દુઃખ થયું અને આનંદગિરિનું સ્મરણ તમને આનંદ આપે છે? ઠીક ભાઇ! મનનો આનંદ શોધ્યા કરો, તમારી પાછળ મરનારાંઓની તમને શી ચિંતા!"

"મારી પાછળ કોઇએ શામાટે મરવું જોઇએ કે દુઃખી થવું જોઇએ? આસક્તિ એ જ મનના દુઃખનું મૂળ છે. મારે માટે દુઃખ અનુભવનારાંઓ અજ્ઞાની છે, આસક્તિથી ખરડાયલા છે, એમ શું તને નથી લાગતું? પ્રેમ અને આસક્તિ એ બેઉ વચ્ચેનો ભેદ તું સમજે છે?"

"સમજવા માટે હવે મારે તમારા ચેલા થવું જોઇશે અને તમારી પેઠે યોગની અને જ્ઞાનની શોધમાં ઠેર ઠેર આથડવું પણ પડશે!"

"એમ વ્યંગમાં ન બોલ, શાંતિરાય! તું એટલું તો કબૂલ કરીશ કે આ જગત દુઃખ અને માયાથી ભરેલું છે."

"ના, જગતમાં દુઃખ અને માયા છે પણ જગત તેથી જ ભરેલું નથી. જગતમાં સુખ અને સંયમ પણ છે."

"હા, છે, પણ એ સુખ અને સંયમ સંસારમાં શોધ્યાં જડે તેમ નથી. પ્રવૃત્તિ પોતે જ દુઃખથી ભરપૂર છે અને નિવૃત્તિ પરમસુખમય છે. સુખ અને આનંદની શોધમાં મને નિવૃત્તિ એ તે માટેનું પરમ સાધન લાગ્યું છે અને પ્રવૃત્તિની નિરર્થકતા ડગલે ને પગલે સમજાઇ રહી છે. જોને, આનંદગિરિ જે પરમ આનંદ માણે છે, તે શું મુંબઇનો કરોડાધિપતિ માણી શકવાનો છે?"

શાંતિરાય વિદ્યાસાગરને ફરી એકીટસે નિહાળી રહ્યો. તેની આંખોમાં આંસુ ધસી આવતાં હતાં, તે તેણે બળાત્કારે રોકીને આંખો લૂછી.

"શાંતિરાય! તારે દિલગીર થવું જોઇતું નથી. તારા જેવો મારો ડાહ્યો મિત્ર મારા મનોભાવને ન સમજી શકે તેમ હું માનતો નથી અને મારો મનોભાવ કોઈ રીતે અપવિત્ર નથી. મારે સંસારની જાળમાં સપડાવું નથી. જોને, મારો અને તારો માત્ર મિત્રતાનો સંબંધ, છતાં હું તને સ્નેહવશતાથી કેવું કષ્ટ ઉપજાવી રહ્યો છું? જો સંસારમાં હું પડું તો વળી બીજાં કેટલાંયને કષ્ટના કારણ રૂપ થઈ પડું. એ કરતાં હું મારા આનંદમાં જ મગ્ન રહીને વિરક્તિ સેવું તો કોઇના કષ્ટના કારણરૂપ ન બનું અને હું મારા પોતાના આનંદરૂપ તો બની શકું છું જ."

"તમારા મનોભાવનો સાર એ છે કે તમને સંસાર જોઈતો નથી, મારા, ચંદાના અને વિશેષતઃ સરસ્વતીના સ્નેહભાવનું તમારે મન મૂલ્ય નથી, અને તમારે મુંબઈ પાછા આવવું નથી. તમારે મન પ્રવૃત્તિ એ પાપ છે અને

નિવૃત્તિ એ પરમધર્મ છે, અને સંસાર એ પ્રવૃત્તિ હોઈ તમને તે જોઈતી નથી. ખેર, સરસ્વતીના સંદેશાનો પણ એ જ જવાબ છે ને?"

"સરસ્વતીનો સંદેશો? પેલી કવિતા ને? કેટલી આસક્તિ? તે કહે છે કે–સરિતા ભેટશે તો સાગરને જ, નહિતો વરાળરૂપ બનીને આકાશમાં ઊડી જશે!" વિદ્યાસાગર ફીકકું હસ્યો : "શાંતિરાય! તું તેને સમજાવજે. એવી આસક્તિ તેના જેવી ડાહી છોકરીને ન શોભે. તેનો પિતા બીજા કોઈ સાથે તેનું લગ્ન કરવાની તજવીજ કરે છે તો તેમાં સરસ્વતીને સંમત થવાની તું સલાહ આપજે અને મારી આશા પર ન બેસી રહેવાનું કહેજે."

"એને તમે આસક્તિ કહો છો? પ્રાણુને જે હોડમાં મૂકે તે આસક્તિ કહેવાય કે પ્રેમ?"

"ભ્રમર કમળમાં મધ ચૂસવાની આસક્તિથી પ્રવેશે છે, રાત પડતાં કમળ બીડાઈ જાય છે અને કેદમાં પુરાઈ રહે છે; સવારે કમળ ખીલશે ત્યારે ઊડી જઈશ એમ માને છે, પરંતુ સવાર પડતાં પહેલાં હાથી આવીને કમળને ભ્રમર સાથે ખાઈ જાય છે, તે શું પ્રાણુને હોડમાં મૂકતો નથી?"

"ના! તે તો પ્રાણુ બચાવવાની પેરવી કરીને મધની લોલુપતાથી કમળને વળગી રહ્યો હોય છે અને એ જ આસક્તિ છે. જીવ જાય તો ભલે જાય, પણ કમળને નહિ છોડું એવી તેની ગણુતરી હોતી જ નથી; તે તો અજ્ઞાનવશ ઓચિંતો હાથીનો ભક્ષ બને છે! ભાઈ! આવા તર્કોએ તમને ભ્રમાવીને ખોટે રસ્તે દોર્યા હોય એવું મને લાગે છે."

વિદ્યાસાગરને શાંતિરાયનું આ કથન તર્કયુક્ત અને પોતાની માન્યતા તર્કદૂષિત લાગી. તે મૂગો મૂગો વિચારમાં પડ્યો.

શાંતિરાય બોલ્યો: " તમે પ્રવૃત્તિ ને નિવૃત્તિની અને આસક્તિ–અનાસક્તિની તમારી વાતો કરી રહ્યા, હવે હું તે વિષેની મારી વાતો કહું ? "

" કહેને, મને ય તેથી કાંઈ સમજવાનું મળશે."

" તમે પ્રવૃત્તિને દૂષિત અને નિવૃત્તિને આરાધ્ય માનો છો, પરન્તુ એ બેઉને સાપેક્ષ રીતે જોતા નથી. જ્યારથી એક મનુષ્યનો જન્મ થયો, ત્યારથી જ તે પ્રવૃત્તિમય હોય છે અને આત્યંતિક નિવૃત્તિ તો મૃત્યુ જ આપે છે, અને ખરૂં કહીએ તો મૃત્યુ પછી ય જીવનનું–આત્માના સૂક્ષ્મ દેહનું અસ્તિત્વ છે તે પણ પ્રવૃત્તિરહિત નથી. તો પછી તમે નિવૃત્તિ કોને માનો છો તે જ મારાથી સમજાતું નથી."

" સંસારનાં કર્મોથી નિવૃત્તિ, તેને હું નિવૃત્તિ કહું છું. એ સંસારકર્મોથી આત્માની આસપાસ અનેક પાપમય આવરણો વીંટાતાં જાય છે તેથી દૂર રહેવું એ શું આ જીવનનું પરમ સાધ્ય નથી ? "

" તમારી નિવૃત્તિને હું સમજી ગયો. આપણા જૈન સાધુઓ જેને નિવૃત્તિ કહે છે તેને તમે નિવૃત્તિ સમજો છો, એટલે તમે સંસારથી વિરક્ત રહી સાધુત્વ ગ્રહણ કરવા ઈચ્છો છો. એ નિવૃત્તિ સેવનારા સાધુઓ પોતાના દેહને અર્થે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે તો અનિવાર્ય છે, પરન્તુ

તેઓ બીજાઓને ઉપદેશ આપવાની પ્રવૃત્તિ કેમ કરતા હશે?"

"પરોપકારાર્થે."

"એટલે પુણ્યકારક પ્રવૃત્તિ એ નિવૃત્તિ સેવનારાઓને પણ ઈષ્ટ તો લાગે છે જ ને?"

"હોવી જ જોઈએ."

"સંસાર એ પાપકારક પ્રવૃત્તિ છે અને પુણ્યકારક નથી? અપેક્ષારહિત વેણ ન કાઢતા હોં!"

"સંસાર પુણ્યકારક!! ત્યારે સાધુઓ કેમ સંસાર છોડતા હશે?"

"તે તો તેમને પૂછો, એટલે તમને કહેશે કે ઘણા સાધુઓ સંસારી હોય છે અને ઘણા સંસારીઓ સાધુ હોય છે!"

"સંસારીઓ સાધુ હોઈ શકે, પણ એ સાધુત્વ કેટલું દુષ્કર હોય?"

શાંતિરાય ખૂબ હસ્યો અને બોલ્યો: "બસ, મેં તમને હરાવ્યા છે! દુષ્કરને વીરો સાધ્ય કરી શકે છે, સુતરને-સરલને સાધ્ય કરનારાઓ ઘણા હોય છે. તમને દુષ્કરથી દૂર ભાગનારા કાયર પુરૂષ હું નહિ બનવા દઉં, વિદ્યાસાગર! જંગલમાં રહેલા યોગી કરતાં સંસારની વચ્ચે રહીને પૂર્ણ યોગસાધનાથી દીપતો યોગી બળવત્તર હોય છે. હું નથી કહેતો સંસારત્યાગી સાધુનું જીવન નિરર્થક છે, પણ સંસારમાં રહેલા સાચા સાધુનું જીવન ઓછા વીરત્વયુક્ત નથી હોતું."

“પણ એકમાં ભયો રહેલા છે, બીજામાં ભયો નથી.”

“ઉભયમાં ભયો તો સર્વદા ડોકિયાં કરતા જ હોય છે. પતનનો ભય એકમાં છે અને બીજામાં નથી એમ નથી; પરન્તુ જેનામાં પોતાની વીરતા માટેની પૂર્ણ શ્રદ્ધા હોય છે તેને ત્યાગી જીવનના કે સંસારી જીવનના ભયો અસર કરી શકતા નથી. ડગમગતી મનઃસ્થિતિને માટે સર્વત્ર ભય રહેલો હોય છે. એ ભય આવવા છતાં વીર તેની સામે થાય છે, કાયર તેને તાબે થાય છે.”

વિદ્યાસાગર હસીને બોલ્યો : “તારી ઇચ્છા એવી છે કે હું સંસારી વીર બનું, ખરૂં ને? પરણું, બાળકો થાય, બાળકોને પરણાવવાની ચિંતા કરૂં, બધાંનાં પેટ ભરવાનો ભાર વેઠીને ફરૂં, બધાંનાં દુઃખોને માથે લઇને ફરૂં અને ક્ષણે ક્ષણે આર્ત–રૌદ્ર ધ્યાન કરતાં જીવન પૂરૂં કરૂં, એનું નામ સંસારી વીરતા! એવી વીરતા મારામાં નથી, શાંતિરાય! જા, સરસ્વતીને કહેજે કે કોઇને પરણી લે, ન પરણવું હોય તો જેવી તેની મરજી; અને ભાઇને કહેજે કે તમારા ધનમાં હવે બીજા કોઇનો ભાગ પડશે નહિ માટે નિરાંતે તેનો ઉપયોગ કરજો!”

વિદ્યાસાગરનો ચહેરો છેલ્લા શબ્દો બોલતાં ઉશ્કેરાયલો જણાયો. શાંતિરાયે જરા નિરાશા અનુભવી. તે બોલ્યોઃ “ઠીક! એમ કહીશ, અને મને તમારે શું કહેવું છે?”

“તું ઘેર જા. ચંદા ભાભીને કહેજે કે સંસારની જાળમાં પડવાની વિદ્યાસાગરની ઇચ્છા નથી. જે કાંઈ અનુભવો થયા છે તે મને સંસાર તરફ દોરવાને હવે લલચાવી શકે તેમ નથી.”

શાંતિરાય અત્યંત ખિન્ન થઇને વાતચીત અટકાવીને એકદમ ઊઠીને ચાલતો થયો. વિદ્યાસાગર તેના વિષણ્ણ મનોભાવને જોતો–સમજતો ચકિત દૃષ્ટિએ જોઈ રહ્યો.

પ્રકરણ ૭ મું

સંસારમાં યોગસાધના

જેમ સંગીતનું સુકોમળ સંવેદન તેના સૂરો વિરામ પામ્યા પછીની નીરવતામાં મનુષ્યને થાય છે, તેમ સ્નેહનું સંવેદન પણ સ્નેહીના વિયોગકાળે જ વિશેષ થાય છે. શાંતિરાય રોષવશ બનીને વિદ્યાસાગર પાસેથી ઊઠી ગયો, વિદ્યાસાગર એકલો પડ્યો, એટલે તેની ચિત્તસારંગીના તાર સાથે શાંતિરાયના સ્નેહની લહરિઓનું ઘર્ષણ થવા લાગ્યું અને તેમાંથી સ્નેહભીના સ્વરો નીકળવા લાગ્યા.

વિદ્યાસાગર એ રીતે એકાંતમાં કેટલીક વાર સુધી બેસી રહ્યો. જે સ્નેહી જનોનું સ્મરણ શાંતિરાય તેને વાતચીત વખતે કરાવતો હતો, તે કરતાં વિશેષ બળવાન સ્મરણ તેને એ સમયે થવા લાગ્યું. એક બાજુએ વિરક્તિ અને બીજી બાજુએ સ્વજનોનું સ્નેહાકર્ષણ, બેઉ તેને પરસ્પર વિરૂદ્ધ દિશામાં ખેંચવા લાગ્યાં.

શાંતિરાય ઊઠી ગયો તે વખતના તેના રોષ કરતાંય નિરાશાથી ઘેરાયલું તેનું વદન વિદ્યાસાગરને વિશેષ સાંભરવા લાગ્યું. કોઈ પણ રીતે તેના મનનું સાંત્વન કર્યા વિના નિષ્ઠુરતા-

પૂર્વક તેનાથી છૂટા પડી ચાલ્યા જવું એ તેના સુકોમળ દિલને રૂચ્યું નહિ. તે ઊઠ્યો અને શાંતિરાય ક્યાં હતો તેની તપાસ કરવા તે મહેલના ઓરડાઓમાં ઘૂમવા લાગ્યો. એક ઓરડામાં શાંતિરાય અને રાજકન્યા સુમતિને વાતો કરતાં તેણે જોયાં. શાંતિરાય આંસુથી ચમકતી આંખે સુમતિને કાંઇ કહી રહ્યો હતો અને સુમતિ ઉદાસ વદને તેની વાત સાંભળી રહી હતી.

વિદ્યાસાગર તેમની પાસે ગયો, એટલે શાંતિરાયે વાત બંધ કરી. સુમતિ બોલી: "વિદ્યાસાગરભાઈ! તમે આ શું કરી રહ્યા છો ? શું વનમાં વસવાથી જ જીવનને સાર્થક કરી શકાતું હશે ?"

વિદ્યાસાગર ફીક્કું હસ્યો અને બોલ્યો: "બહેન! હું મારા મનોભાવો વધારે સારી રીતે સમજાવી શકું તેમ નથી."

"મારે તે સમજવાની જરૂર પણ નથી; મારૂં તો માત્ર એક જ સૂચન છે કે જો તમે સંસાર ત્યજીને વનમાં જઈ વસવા ઇચ્છતા હો, તો મારા મનનું નહિ, પણ જે સ્વજનો તમને સ્નેહવર્ષાથી સિંચી રહ્યાં છે તેમના મનનું સાંત્વન કરવા માટે જ તમે મુંબઈ જાઓ, અને પછી તમને યોગ્ય લાગે તેમ કરજો."

"ભલે, હું તેમ કરીશ."

શાંતિરાય એકદમ ઉત્સાહમાં આવી ગયો અને તેના મ્હોં પરની ઉદાસી ક્ષણાર્ધમાં ઊડી ગઈ. તેણે વિદ્યાસાગર ભણી આશાતુર મીટ માંડીને કહ્યું: "ખરેખર, ત્યારે તમે આજે જ મારી સાથે મુંબઈ આવશો ને?"

વિદ્યાસાગર બોલ્યો: "શાંતિરાય! પણ તે પહેલાં હું અને તું આનંદગિરિ પાસે જઇએ. હું જે કાંઈ તને સમજાવીને સંતોષ નથી આપી શકતો, તે એ યોગી પુરૂષ સમજાવી શકશે."

"પણ આનંદગિરિ ગમે તે કહે, છતાં તમારે મારી સાથે એક વાર મુંબઈ આવવાની કબુલાત આપવી જ પડશે. પછી ભલે સુમતિબહેન કહે છે તેમ તમને ફાવે તે કરજો." શાંતિરાયે શરત મૂકી.

"તને એથી સંતોષ થતો હોય, તો મને તે માન્ય છે. આપણે જમીને તે તરફ જઇશું. મહારાજા આપણને વાહન આપશે."

સુમતિ બોલી: "હું ય સાથે આવીશ."

સુમતિ તુરત ત્યાંથી ચાલી ગઈ અને આનંદગિરિની મુલાકાતે જવાનો નિશ્ચય પિતાને કહીને વાહન વગેરેની તૈયારી કરાવી.

* * *

મુંબઈ જેવાં નગરો સુંદર હોય છે અને પહાડ, વૃક્ષો, ઝરણાં તથા પશુ-પંખીઓથી ભરેલાં વનવગડા પણ સુંદર હોય છે; પરન્તુ એ સુંદરતાને નિહાળનારી આંખો જુદી-જુદી હોય છે. મુંબઈમાં વસનારાઓને વનવગડામાં સુંદરતા દેખાય છે અને વગડામાં વસતા ગામડીયાને શહેરોના બાગ-બગીચા અને હવેલીઓમાં સુંદરતા દેખાય છે! આ ઉપરથી સમજી શકાય તેમ છે કે વગડા કે શહેરો સુંદર-અસુંદર નથી હોતાં, પરન્તુ તેમાં સુંદરતા-અસુંદરતાનો

ભાસ કરાવનારૂં તો તે જોનારનું મન હોય છે કે જે મન ઉપર જુદા જુદા પ્રકારના સંસ્કાર પડેલા હોય છે.

વિદ્યાસાગર અને શાંતિરાય જ્યારે આનંદગિરિને મળવા જવાને સુમતિની સાથે એક ઘોડાગાડીમાં પ્રવાસ કરતા હતા, ત્યારે તેમને ચોપાસ સુંદરતા જ વિસ્તરેલી દેખાતી હતી. વૃક્ષોનાં જૂથ, હરિયાળાં ખેતર, પક્ષીઓના કલરવ, ઊંચી નીચી ટેકરીઓનું મનોરમ્ય દૃશ્ય, નાની નદી અને પહાડમાંથી ઝરતાં રૂપેરી ઝરણાં, એવું કાંઇ કાંઇ જોતાં તેમની આંખોને થાક લાગતો નહોતો; પરન્તુ સુમતિને મન તેમાં કશી વિશેષતા નહોતી દેખાતી. ચોપાસ વિસ્તરેલી સુંદરતા નિહાળી રહેતા એ બેઉ મિત્રોને જોતી સુમતિ મનમાં વિચાર કરી રહી હતી કે આ મુંબઈના શહેરીઓને વગડાની સુંદરતા આકર્ષી રહી છે, તો તેવા જ કોઈ આકર્ષણથી તો વિદ્યાસાગરને વનમાં વસવાના જીવન ઉપર મોહ ઉપજ્યો નહિ હોય ને?

યોગીની ગુફાની નજીક આવતાં જ તેઓએ એક દૃશ્ય જોયું. ગુફાના મુખદ્વારના સ્વચ્છ પ્રાંગણમાં આનંદગિરિ એક પત્થર પર બેઠો હતો, તેના પગ પાસે લીલું ઘાસ ઊગી નીકળેલું હતું અને એક હરણ તથા હરિણીને એ ઘાસ આનંદથી ચરતાં આનંદગિરિ જોઇ રહ્યો હતો. તેનો એક હાથ હરણની પીઠ પર અને બીજો હાથ હરિણીની પીઠ પર હતો. યોગીની આંખોમાંથી અને તેના હાથની આંગળીઓની મુદ્રામાંથી જાણે નિર્મળ સ્નેહ નીતરી રહ્યો હોય એવું ત્રણે જણના જોવામાં આવ્યું.

તેઓ આવીને દૂર ઊભાં રહ્યાં તોપણ યોગીને તેમના પાદસંચારનો ખ્યાલ આવ્યો નહિ. તેઓ થોડાં ડગલાં આગળ ચાલ્યાં, કે તુરત યોગીની સ્નેહસમાધિ છૂટી અને તેણે પાછું વાળીને જોયું. તેની આંખોમાંથી વર્ષતી સ્નેહ-ધારા આનંદમાં પલટાઇ ગઇ.

"નમસ્કાર ગુરૂદેવ!" વિદ્યાસાગરે એ ઉદ્ગારો સાથે પ્રણામ કર્યાં અને શાંતિરાયે તથા સુમતિએ તેમનું અનુકરણ કર્યું.

"વિદ્યાસાગર, તેમના મિત્ર શાંતિરાય અને રાજકન્યાઃ ત્રણેને પિછાણ્યાં. આવો, ચાલ્યાં આવો, અત્યંત પ્રસન્ન થયો."

યોગીની પ્રસન્નતાનું ખાસ કારણ એ હતું કે વિદ્યાસાગરને લૂંટારાઓએ મારી નાંખ્યો હોવાનું તેણે જાણ્યું હતું, તે પછી તેણે મિત્ર પાછળ શોક કરવાની વ્યર્થતા શાંતિરાયને સમજાવી હતી અને અત્યારે તેઓને સાથે જ કુશળ જોઇને યોગીને પ્રસન્નતા ઊપજી હતી.

ત્રણે અતિથિઓ એ સ્વચ્છ પ્રાંગણમાં જ બેઠાં. યોગીએ થોડાં વનફળ લાવીને તેમની સમીપે મૂકી આતિથ્ય કર્યું.

સુમતિએ કહ્યું: "દેવ! આપ હરણોને પાળતા નથી એ હું જાણું છું, છતાં આ હરણોની આપ સેવા કરતા હો તેમ લાગે છે."

યોગીએ મૃદુ સ્મિત સ્ફુરાવીને કહ્યું: "હા, મેં પાળેલાં તો તે નથી જ. પણ કોઈ કોઈ અતિથિઓની પેઠે

તેઓ પણ મારાં અતિથિ બને છે, ત્યારે હું તેમનું આતિથ્ય કરૂં છું અને આનંદ અનુભવું છું.”

વિદ્યાસાગરે તુરત પ્રશ્ન કર્યો : “એમાંથી અનુક્રમે સ્નેહબંધન અને રાગ ઉત્પન્ન ન થાય ?”

“થાય પણ ખરો અને ન પણ થાય. ચિદ્વૃત્તિ જાગ્રત હોય તો ન થાય, સુષુપ્ત હોય તો થાય. સંયમ-શક્તિ ઉપર તેનો આધાર છે. સ્નેહ એ ભયસ્થાન છે અને નથી પણ ખરૂં.”

“પણ એ ભયસ્થાનને જ દૂર રાખવાનો ઉદ્યમ સેવવામાં આવે તો ?” વિદ્યાસાગરે બીજો પ્રશ્ન કર્યો.

યોગીએ ક્ષણભર મૌન ધારણ કર્યું અને પછી કહ્યું: “એવો ઉદ્યમ સેવવાયોગ્ય છે, પરન્તુ તેમાંય પુનઃ ભય-સ્થાન તો છે જ. ભયસ્થાનને દૂર રાખવાનો ઉદ્યમ સેવતાં વૃત્તિનું દમન ન થવું જોઇએ, માત્ર સંયમ થવો જોઇએ. કોઇ પણ ઉદ્યમમાં વૃત્તિનું દમન વૃત્તિના જોરદાર પ્રત્યાઘાતને જન્માવે છે, સંયમ તેને ધીરી સ્વાભાવિક ગતિથી સંસ્કારે છે. મારામાં હજી સ્નેહવૃત્તિ છે, હું તેનો સર્વથા ત્યાગ કરી શક્યો નથી, એટલે આવાં પશુપંખી પર પણ સ્નેહ વર્ષાવતાં વૃત્તિને આનંદનો અનુભવ થાય છે. એ આનંદથી પણ નિર્લેપ રહેતાં કદાચ આ જીવન પૂરૂં પણ થાય અને બીજા અવતારો ગાળવા પડે. એટલે સ્નેહ માટેનાં આવાં ભયસ્થાનોને દૂર રાખવા જતાં ય વૃત્તિ ઉપર બળાત્કાર ન થાય તેની સાવધતા રાખવી પડે છે. બળાત્કાર કરૂં તો વૃત્તિને દમી શકું, પણ તેના પર જય ન મેળવી શકું;

અને દમેલી વૃત્તિનો પ્રત્યાઘાત કદાચ વિશેષ ભયંકર નીવડે.”

આનંદથી ચમકતી આંખે સુમતિ તથા શાંતિરાયે વિદ્યાસાગર ભણી જોયું. જે સ્નેહબંધનને વિદ્યાસાગર અનિષ્ટ માનતો હતો તે સ્નેહની પણ જીવનમાં ઉપયોગિતા છે, અનિવાર્યતા પણ છે, યોગીઓ પણ તેને એકદમ ત્યજી શકતા નથી, એવું એમાંથી ફલિત થતું હતું. વિદ્યાસાગરના મહત્ત્વના પ્રશ્નનો જ જાણે એમાંથી જવાબ મળી રહેતો હોય એમ તેમને લાગ્યું.

પરન્તુ વિદ્યાસાગરે હવે આનંદગિરિને સીધો જ પ્રશ્ન પૂછવાનું યોગ્ય માન્યું: “ગુરૂદેવ! મારા અંતરમાં એક પ્રબળ અભિલાષ સ્ફુરી રહ્યો છે કે હું અહીં આપના સહવાસમાં રહું, સંસારથી વિરક્ત થઉં અને આત્મોન્નતિ માટે આપ જે માર્ગ બતાવો તે માર્ગે ચાલું. મારો આવો અભિલાષ પહેલાં પણ આપને મેં કહ્યો હતો. પરન્તુ સ્વજનોનો સ્નેહ મને છોડતો નથી; હું જેમ જેમ છૂટવા તરફડું છું તેમ તેમ એ સ્નેહવશ મનુષ્યો મને વધારે જોરથી બાંધીને ખેંચી જવા મથે છે, તેમના મનનું સાંત્વન થતું નથી અને હું કરી શકતો પણ નથી. મને સંસારમાં આસક્ત કરીને તેઓ મારૂં કલ્યાણ તો નથી જ કરતા, માત્ર પોતાના મનનો કોઈ સંતોષ મેળવવાની તેમની વાંચ્છના હશે; બીજું શું હોઇ શકે?”

“તારે સંસારથી વિરક્ત થઇને અહીં રહેવું હોય તો ભલે, મને કશો વાંધો નથી. પણ તે પહેલાં એ વિરક્તિ ઉપર પણ તારી આસક્તિ તો નથી ને?”

"વિરક્તિ ઉપર આસક્તિ?" વિદ્યાસાગર ચમક્યો.

"હા! વિરક્તિ એ જ જો મનનો એક વિષય હોય તો તે આસક્તિ છે, અને એવી આસક્તિયુક્ત વિરક્તિ માનવનું કલ્યાણ કરતી નથી. તે માત્ર પોતે સંસારથી વિરક્ત થયો છે એટલામાં જ આદર્શપ્રાપ્તિ થઈ ચૂકી માને છે અને ત્યાંથી તેની આત્માની ઉન્નતિનો માર્ગ બંધ થઈ જાય છે."

"દેવ! વિરક્તિમાં એવું તે શું સુખ રહેલું છે કે મનુષ્ય તેના પર આસક્ત થાય?"

"વિરક્તિથી જ કલ્યાણ થાય એવી માન્યતા શું નાનુંસૂનું સુખ ઉપજાવે છે? એ અભિલાષમાં ય આસક્તિનું મૂળ હોઈ શકે છે. શૂળીની શય્યા ઉપર સૂઈને તપશ્ચર્યા કરવામાં દુઃખ રહેલું છે એમ જગત જોઈ શકે છે, છતાં એ તપશ્ચર્યામાં જ દેહનું કલ્યાણ રહેલું છે એ માન્યતા ઉપરની કેટલાય તપસ્વીઓની આસક્તિ તેમને સ્વેચ્છાએ એ દુઃખ વેઠવા કેવા ઉત્તેજિત કરે છે!"

"ખરી વાત. વિરક્તિ પણ આસક્તિરહિત જોઈએ."

"અને સંસારીપણું પણ આસક્તિરહિત હોય તો ઓછું કલ્યાણકારક નથી." આનંદગિરિએ એક નવી વાત મૂકી.

"નિર્મળ સંસારીપણું પણ કલ્યાણકારક હશે, પરન્તુ આપ તો કહો છો કે એ ઓછું કલ્યાણકારક નથી, એટલે શું? સંસારીપણું અને સંસારત્યાગ, ગૃહસ્થાશ્રમ અને

સંન્યાસ, અમારી જૈન માન્યતા પ્રમાણે ગૃહીધર્મ અને સાધુધર્મ એ સમાન કલ્યાણકારક હોઈ શકે?"

"હા!"

વિદ્યાસાગર હસ્યો અને બોલ્યો: "દેવ! મારાં સ્વજનો મને સ્નેહાકર્ષણથી સંસાર તરફ ખેંચી જવા ઇચ્છે છે, તેવું જાણીને આપ પણ મને તે તરફ ખેંચાઈ જવા દેવાને ફોસલાવતા તો નથી? તેમના કોઈ સુખને ખાતર આપ તેમનો પક્ષ તો કરતા નથી?"

"વિદ્યાસાગર! તને એવો સંદેહ થયો તેથી મને ખરાબ નહિ લાગે. આસક્તિરહિત ગૃહસ્થધર્મ અને આસક્તિરહિત સંન્યાસ, બેઉમાં જો લોકકલ્યાણની ભાવના હોય તો તે સમાન કલ્યાણકારક છે, એવું હું દૃઢતાથી માનું છું, અને તે જ મેં તને કહ્યું છે. અને હું જ કહું છું એમ પણ શામાટે? ગીતામાં કૃષ્ણ પણ એમ જ કહી ગયા છે: **संन्यासः कर्मयोगश्च निःश्रेयस्करावुभौ**, એ તેનું વચન છે. કર્મસંન્યાસ અને કર્મયોગ બેઉને તે શ્રેયસ્કરતાનાં બે પલ્લાંમાં એકી સાથે મૂકે છે, કારણકે તે બેઉ સમાન કક્ષામાં રહેલાં છે."

"ત્યારે જે એમ કહેવાય છે કે બ્રહ્મચર્ય, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને છેલ્લે સંન્યાસ એવા ચાર આશ્રમોમાં પહેલા ત્રણ આશ્રમો છેલ્લા સંન્યાસ આશ્રમની તૈયારી માટે હોવા જોઇએ, અર્થાત્ પહેલા ત્રણ આશ્રમોમાં કર્મ કરવાં અને છેલ્લા આશ્રમમાં કર્મનો ત્યાગ કરવો એ બરાબર નથી?"

"તું કહે છે તે એક મત છે. તે શંકરાચાર્યનો મત છે. તે કર્મસંન્યાસને સર્વોપરિ માને છે. હું પણ કર્મ-સંન્યાસી છું, છતાં કર્મયોગને જરા પણ ઊતરતો માનતો નથી. कर्मणा बध्यते जन्तुः એટલે કે કર્મથી જીવ બંધાય છે એ ખરૂં છે, પરંતુ विद्यया तु प्रमुच्यते એટલે વિદ્યાથી-જ્ઞાનથી તે છૂટે છે. વિદ્યા એટલે જ્ઞાન એટલે બ્રહ્મજ્ઞાન. ज्ञानेन कुरुते यत्नं, यत्नेन प्राप्यते महत् અર્થાત્ માનસિક ક્રિયારૂપી જ્ઞાન થતાં માણુસ યત્ન કરે છે, અને યત્નદ્વારા તે મહતજ્ઞાન એટલે સત્યજ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતાં માનવમાંથી આસક્તિ માત્ર છૂટી જાય છે. એટલા માટે જ ગીતામાં કૃષ્ણ કહે છે કે-

न मां कर्माणि लिंपन्ति न मे कर्मफले स्पृहा ।
इति मां योऽभिजानीति कर्मभिर्न स बद्धयते ॥

એટલે કે મને કર્મનો લેપ થતો નથી, કારણકે મને કર્મના ફળની સ્પૃહા નથી-ઇચ્છા નથી-આસક્તિ નથી, એવે પ્રકારે જે મને જાણે છે તે કર્મથી બંધાતો નથી. તાત્પર્ય એ છે કે જડ કર્મ જીવને બાંધતું નથી-આસક્તિ-વાળું કર્મ જ બાંધે છે. કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરોને કર્મ બાંધતાં નથી એવું જૈન શાસ્ત્રો કહે છે, કારણકે કેવળજ્ઞાન પછીનું કર્મ એ જડ કર્મ છે, આસક્તિરહિત છે. એ ઉપરથી સમજાશે કે આસક્તિ જ કર્મબંધનું મૂલ છે, પછી એ આસક્તિ ભલે વિરક્તિ માટે હોય, સંન્યાસાશ્રમ માટે હોય કે સાધુત્વ માટે પણ હોય. માટે કર્મ એ શબ્દથી ભડકી જવાનું નથી કે વિરક્તિ શબ્દ ઉપર મોહી

પડવાનું નથી. જ્યાં જ્યાં આસક્તિરહિતતા છે ત્યાં ત્યાં કલ્યાણમયતા છે."

"અમારા જૈન ધર્મમાં કહ્યું છે કે તીર્થંકરોને છદ્મસ્થ અવસ્થામાં કર્મ લાગે છે, કેવળજ્ઞાન પછી કર્મ લાગતાં નથી. છદ્મસ્થ અવસ્થામાં તીર્થંકરો લોકોને બોધ આપે તોપણ તેમને કર્મ લાગે એવું કેમ હશે?"

"એ તો બહુ જ સ્પષ્ટ વાત છે. જ્યાંસુધી કેવળજ્ઞાન થયું નથી, ત્યાંસુધી મનુષ્યના પ્રત્યેક કર્મમાં વાસનાબુદ્ધિ અર્થાત્ આસક્તિ રહેલી હોય છે. 'હું લોકોને બોધ આપીને તેમનું કલ્યાણ કરું' એથી ઈચ્છા અનિષ્ટ નથી, છતાં તેમાંય આસક્તિનો અંશ છે તેટલા પ્રમાણમાં કર્મબંધન પણ હોય જ; વળી તેવા બોધમાં પણ આસક્તિના અંશને કારણે ત્રિકાલાબાધ્ય સત્ય વાણી ન હોય, પવિત્ર હેતુપર્યવસાયી વાણી પણ હોય; અને જ્યાં જ્યાં હેતુ છે ત્યાં ત્યાં ઈચ્છા–વાસના–આસક્તિનું પણ તત્ત્વ છે; આસક્તિ ગઈ એટલે કેવળજ્ઞાન થયું, અને કેવળજ્ઞાનીના મુખમાંથી ત્રિકાલાબાધ્ય સત્ય વાણી જ નીકળે છે. આ કારણથી છદ્મસ્થ અને કેવળજ્ઞાનીના બોધમાં પ્રકારાન્તર રહેલું હોય છે. માત્ર બાહ્ય દૃષ્ટિથી કર્મને જોઇએ તો છદ્મસ્થ અને કેવળજ્ઞાની બેઉ કર્મ કરે છે. જ્યાંસુધી મુક્તિ પ્રાપ્ત થઇ નથી ત્યાંસુધી કર્મ તો રહેલું જ છે પણ બંધક કર્મ અને જડ કર્મ એ બેઉની વિવક્ષાએ કરીને કર્મ લાગે છે અને કર્મ લાગતાં નથી એમ કહેવાય છે. આટલા માટે જ હું કહું છું કે માત્ર કર્મ શબ્દથી કોઇએ ભડકી જવું ન જોઇએ."

વિદ્યાસાગર આ બધું સાંભળીને વિચારમાં પડયો. કેટલીક વાર સુધી તેણે એ વિચારોનું ચિંતન કર્યું. **ज्ञानक्रियाभ्यां मोक्षः** એવું એક વાકય તેણે ઘણી વાર સાંભળ્યું હતું તેનું જ વિવરણ જાણે અત્યારે તેણે આનંદગિરિને મુખેથી સાંભળ્યું હોય એમ તેને લાગ્યું. જ્ઞાન એટલે બ્રહ્મજ્ઞાન અથવા કેવળજ્ઞાન અને ક્રિયા એટલે કર્મ; કેવળજ્ઞાનપૂર્વકનું કર્મ એ મોક્ષનો માર્ગ છે. 'ક્રિયા' નો જે અર્થ તે આજસુધી કેટલીક ધર્મવિધિઓને માનતો હતો તે સમજમાં તેને ભૂલ જણાવા લાગી. કેવળજ્ઞાનપૂર્વકનું એટલે આખું વિશ્વ બ્રહ્મસ્વરૂપ છે, જીવમાત્ર સ્વાત્મા તુલ્ય છે, એવા જ્ઞાનસહિતનું અર્થાત્ આસક્તિરહિત જે કર્મ તે જ મોક્ષદાતા છે એવું સમજતાં 'કર્મ' શબ્દ માટેની તેની ભડક ચાલી ગઈ અને ચિત્તને સ્વસ્થતા પ્રાપ્ત થઈ.

પરંતુ આસક્તિરહિત એવું સંસારીપણું અને આસક્તિરહિત એવું સંસારવિરક્તપણું એ બેઉ સમાન કેવી રીતે હોય તે હજી તેના ધ્યાનમાં ઊતરી શકતું નહોતું. તેણે પૂછયુંઃ "દેવ! સંસારીપણું અને વિરક્તપણું બેઉ જો સમાન હોય, તો આપે કેમ વિરક્તપણું સ્વીકાર્યું અને સંસારીપણું ન અંગીકાર્યું તેનું કારણ કહો!"

આ પ્રશ્ન સાંભળીને આનંદગિરિને ખૂબ હસવું આવ્યું અને પછી તેણે કહ્યુંઃ "તેં ન પૂછયું હોત, તોપણ મારે છેવટે એ વિષેનો ખુલાસો કરવો જ હતો, વિદ્યાસાગર! પણ તેં પૂછયું એ બહુ સારૂં કર્યું. મેં તને કહ્યું છે કે

કર્મમાં અનાસક્તિ એ જ માત્ર કલ્યાણકારક છે. અનાસક્તિ પ્રાપ્ત થયા પછી જે જડ કર્મ સંસારમાં થાય કે સંન્યાસમાં થાય તે બંધનકારક હોતાં નથી. નિષ્કામ કર્મ–ફળની આસક્તિ વિનાનું કર્મ એ સંસારી–સંન્યાસીનો પક્ષપાત કરતું જ નથી. સંસારી કે સંન્યાસીની ચિત્તસ્થિતિ સમાન જ હોય ત્યાં એવો પક્ષપાત સંભવે જ કેમ? **मन एव मनुष्याणाम् कारणं बंधमोक्षयोः** એ મનની સ્થિતિ જ બંધમોક્ષના કારણરૂપ હોય છે, ત્યાં સંસારી–સંન્યાસીનો ભેદ હોઈ શકે નહિ. બેઉની સમાન ચિત્તસ્થિતિ અસંભવિત પણ નથી. કૃષ્ણે ગીતામાં **एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति** એવું કહ્યું છે તેમાં સાંખ્ય અને યોગ અર્થાત્ સંન્યાસધર્મ અને નિષ્કામ કર્મ એ બેઉને સમાન કોટિમાં મૂકવાનું કારણ પણ એ માનવની ચિત્તસ્થિતિને અનુલક્ષીને રહેલું છે. માનવનું કોઇ પણ કર્મ એકાંત દૃષ્ટિએ પુણ્યકારક નથી, એકાંત દૃષ્ટિએ પાપકારક નથી. **प्राज्ञस्य मूर्खस्य च कार्ययोगे। समत्वमभ्येति तनुर्न बुद्धिः** એટલે કે જ્ઞાની અને મૂર્ખનાં કાર્યોમાં દેહ એકસરખી ક્રિયા કરે છે પણ વૃત્તિ જુદી જુદી હોય છે, તેમ આસક્ત અને અનાસક્ત સંસારી કે સંન્યાસીનાં કર્મો વિષે પણ સમજવું. સંસારમાં રહેલો પ્રત્યેક મનુષ્ય સંસારી નથી હોતો, સંન્યાસી થએલો પ્રત્યેક મનુષ્ય સંન્યાસી નથી હોતો. એટલા માટે હું તો સંસાર અને સંન્યાસને ઉચ્ચ–નીચ કોટિ આપતો નથી, અનાસક્તિ–આસક્તિને જ ઊંચી–નીચી કોટિમાં મૂકું છું અને કોઈ પણ સ્થિતિમાં અનાસક્ત કર્મની જેટલી નિષ્પત્તિ તેટલું મુક્તિનું નિકટપણું હોય એમ માનું છું.

જનક વિદેહીનું નામ તો તેં સાંભળ્યું હશે. એ સંસારથી વિરક્ત નહોતા થયા છતાં તે અનાસક્તપણે સંસારી હતા તેથી જીવન્મુક્ત હતા."

"અમારા જૈન શાસ્ત્રમાં એવા અનાસક્ત સંસારી ભરત મહારાજ હતા અને તે કેવળજ્ઞાન પામીને મુક્ત થયા હતા." વિદ્યાસાગરે કહ્યું.

"બસ, સંસારમાં કે વિરક્તિમાં જ્ઞાનપૂર્વકની અનાસક્તિ એ જ શ્રેયસ્કર છે એ તો મેં તને સમજાવ્યું, પણ તારો પ્રશ્ન એ છે કે મેં કેમ સંસારનો આશ્રય ન લીધો અને વિરક્તિનો આશ્રય લીધો? હવે તે પ્રશ્નનો હું પ્રત્યુત્તર આપું. મેં બ્રહ્મજ્ઞાન અને અનાસક્તિનું પરમ સામર્થ્ય તો તને કહ્યું, અને યત્ને કરીને બ્રહ્મજ્ઞાન તથા અનાસક્તિ પ્રાપ્ત થાય છે, એમ પણ કહ્યું. પરન્તુ એ યત્ન કયો? એ યત્ન તે **तपसा कल्मषं हंति विद्ययाऽमृतमश्नुते**, અર્થાત્—તપથી દોષ દૂર થાય છે અને વિદ્યાથી અમૃત એટલે મોક્ષ પ્રાપ્ત થાય છે. તપ અને જ્ઞાન સંસારમાં અને વનમાં બેઉ સ્થળે સાધી શકાય છે એમાં સંદેહ નથી. તપના બે પ્રકાર આંતર અને બાહ્ય. એ બેઉ તપ વિના સંસાર સારી રીતે ચાલતો નથી અને વનનિવાસનો પણ નિભાવ થઈ શકતો નથી. સંસાર એ તપોવન છે અને આ મારી ગુફા એ પણ તપોવન છે. બેઉમાં તપસ્યા કરવાની છે. શમદમાદિ તપશ્ચર્યા વનમાં કરી શકાય છે અને સંસારમાં નહિ એમ નથી. સંસારનાં દુઃખો અને સુખો સંવેદતાં, સંસારની ફરજો યથાસ્થિત

રીતે શ્રદ્ધા કરતાં, આપોઆપ તપઃસાધના થાય છે, પરન્તુ એ જો બાહ્ય તપ રહે તો નિષ્ફળ છે અને આંતર તપ બને તો સફળ છે. સ્વજનનું મૃત્યુ થવાથી કષ્ટ થાય, વેપારમાં ખોટ આવવાથી કષ્ટ થાય, સ્ત્રી માંદી પડવાથી કષ્ટ થાય, ઘરમાં ખાવાનું ન હોવાથી ભૂખ્યા પેટે કષ્ટ થાય; એ કષ્ટો આકુળ–વ્યાકુળ થઈને પણ વેઠવાં પડે છે અને ચિત્તસમાધિપૂર્વક પણ વેઠી શકાય છે; ચિત્તસમાધિપૂર્વક વેઠવાથી આંતર તપની સાધના થાય છે, આકુળ–વ્યાકુળ થઈને વેઠવાથી નિષ્ફળ બાહ્ય તપ જ માત્ર નિર્માણ થાય છે. એ જ રીતે સુખનું સંવેદન લઈએ. અપુત્ર મનુષ્યને પુત્રપ્રાપ્તિ થાય, સુશીલ સ્ત્રી મળવાથી સુખપ્રાપ્તિ થાય, ઓચિંતું ધન મળવાથી આનંદ થાય, મોટી હવેલી બંધાવવાથી મન સંતુષ્ટ થાય: એવાં સુખોથી હર્ષોન્મત્ત થવામાં એ સુખપ્રાપ્તિની આધ્યાત્મિક નિષ્ફળતા રહેલી છે; પરન્તુ સમભાવપૂર્વક એ સુખને સંવેદી લેવું તેમાં સંયમસાધિત તપઃસિદ્ધિ રહેલી છે. આમ સુખ અને દુઃખ બેઉ સંવેદવામાં તપઃસાધના રહેલી છે અને એ સાધનાની માત્રા ઉત્તરોત્તર વધતી જવાથી તે અનાસક્તિ માટેના યત્નરૂપ બને છે. સંસારનાં એવાં સુખ–દુઃખ સંવેદતાં પણ મનની પૂર્ણ અનાસક્તિ પ્રાપ્ત કરી શકાય છે. પણ તેની સાથે જ્ઞાન જોઈએ. જ્ઞાન વિનાની તપશ્ચર્યા માત્ર બાહ્ય કે જડ હોય છે. એવી તપશ્ચર્યા અનાસક્તિની સિદ્ધિમાં મદદ કરતી નથી. તેટલા માટે જ્ઞાનોપાર્જના માટે સત્સંગ કે સ્વાધ્યાય જોઈએ. એવું જ્ઞાન પણ જડ હોય તો નિરર્થક છે. તેની સાથે આંતર તપ જોઈએ. અને જ્યારે બેઉનો

સમન્વય થાય ત્યારે પૂર્ણ અનાસક્તિનું પ્રાકટ્ય થાય. તપ–જ્ઞાનપૂર્વકની ચિત્તની એ અનાસક્તિમય સ્થિતિ તેનું નામ બ્રહ્મજ્ઞાન કે કૈવલ્યજ્ઞાન, એ જ મુક્તિનું પરમ સાધન.

"પરન્તુ મને જ્યારે એ સ્થિતિ માટેના યત્ન રૂપે તપ અને જ્ઞાનની આવશ્યકતા સમજાઇ, ત્યારે મારી સમીપે સંસાર જેવી કોઇ વસ્તુ નહોતી. આ જીવનમાં મારૂં કોઇ સ્વજન નહોતું કે સ્વજન હોવાની મને ખબર પણ નહોતી. મારૂં કશું ધન નહોતું કે કોઈ સ્થાવર મિલકત નહોતી. મારા પર કોઇનો સ્નેહ નહોતો કે મારો કોઇના પર સ્નેહ નહોતો. હું ત્રણ વર્ષનો હતો ત્યારે સાધુઓની જમાતને હાથ લાગેલો. સાધુઓએ મને મોટો કર્યો અને ભણાવ્યો. એ સાધુઓ હઠયોગના સાધકો હતા, પરન્તુ કોઇ નૈસર્ગિક વૃત્તિથી એ માર્ગ મને રૂચ્યો નહિ. હું જ્ઞાનમાર્ગે આગળ વધવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે મારા ગુરૂભાઇઓ અને બીજા સાધુઓ પોતાના દેહ અને વૃત્તિઓને દમીને કેવળ તપસ્વીઓ બન્યા અને હું ન બન્યો. તેમનું સાધન તપ હતું અને સાધ્ય પણ તપ હતું. સ્નેહ કે દયા જેવી સુકોમળ વૃત્તિઓને તેમના જીવનમાં સ્થાન નહોતું છતાં દેહનું પોષણ કરવાને જિજીવિષા ફરજ પાડતી; એટલે હઠયોગનાં બધાં કર્મો કરવા છતાં, બ્રહ્મચારી અને તપસ્વી બન્યા છતાં, દેહપોષણને માટે તેઓની જીવનચર્યા સાધુત્વ-યુક્ત ન રહી! કોઈ સાધુઓ તદ્દન શિથિલ દેહ અને વૃત્તિવાળા થયા, તો કોઈ ક્રોધી અને જિહ્વાલોલુપી થયા. જમાતના ગુરૂએ મને પાછો તો ન વાળ્યો, પરંતુ હું

યોગની પ્રક્રિયાઓમાં સૌની સાથે આગળ વધતો નહોતો, એ વાત તેમને ગમતી નહોતી.

"છેવટે એક દિવસે મેં જમાતનો ત્યાગ કર્યો અને પર્યટન કરવા માંડયું. એ પર્યટનમાં મેં તટસ્થ ભાવે અનેક સંસારીઓના અને ત્યાગીઓના સંસાર જોયા, તેમજ ત્યાગીઓ અને સંસારીઓના ત્યાગ પણ જોયા; સત્સંગ-સ્વાધ્યાયનો અને જુદા જુદા સંપ્રદાયોના સિદ્ધાંતોનો તુલનાપૂર્વક અભ્યાસ કરવાનો સરસ યોગ મને એ પર્યટનમાં મળ્યો અને મેં આત્માના કલ્યાણ માટે સંસાર તથા વિરક્તિને સમાન તુલામાં મુકાયલાં નિહાળ્યાં. તે વખતે મને જ્ઞાન ઉપરાંત તપશ્ચર્યાની પણ પૂરી આવશ્યકતા સમજાઇ.

"સંસાર અને સંન્યાસની બેઉ દિશાઓ મારે માટે ખુલ્લી હતી. બેઉમાં તપ અને જ્ઞાનનું સ્થાન હતું. બેઉમાં આત્મકલ્યાણનો સુયોગ હતો એમ મેં જોયું. મને જગતને અને માનવજીવનને જોવાની નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી તે દૃષ્ટિ મને બેમાંની એક્કે દિશામાં જવા રોકે તેમ નહોતું. તે વખતે મેં ત્રણ દિવસ સુધી ગિરનારના એક શૃંગ ઉપર એક ધ્યાને બેસી રહીને ચિંતન કર્યું કે મારે કઇ દિશામાં જવું. પણ એ ચિંતને મને સંસાર તરફ વળવા ન પ્રેર્યો.

"મેં પુનઃ મનને પડકાર્યું કે સંસાર કેમ નહિ અને સંન્યાસ શામાટે? તેનો મને એક જ જવાબ મળ્યો કે મારામાં જે નૈસર્ગિક સર્જકશક્તિ હતી તેનું સ્વરૂપ

બાલ્યકાળથી યૌવનના મધ્યકાળ સુધીમાં એવું બની ગયું હતું કે સંસાર તરફ મારી રૂચિ જ વળવા ના કહેતી હતી. વિદ્યાસાગર ! માનવમાં રહેલી જે નૈસર્ગિક સર્જકશક્તિથી માનવ વંશવૃદ્ધિ કરે છે, તે જ શક્તિ–વીર્યસ્ફુરણા–જુદાં જુદાં મુખો વાટે વહેવા લાગે છે ત્યારે માનવ પાસે જુદાં જુદાં કાર્યો નીપજાવરાવે છે. એક વીરપુરૂષમાં યુદ્ધ-કુશળતા હોય, એક પંડિતમાં અસાધારણ પાંડિત્ય હોય, એક વેપારીમાં ધન કમાવી આપનારા વેપારો કરવાની દીર્ઘદૃષ્ટિ હોય, એક લૂંટારામાં લૂંટ ચોરી કરવાની અસાધારણ બુદ્ધિ શકિત હોય, એ બધાં કાર્યોમાં, તે સારાં હોય કે ખરાબ હોય તોપણ, સર્જકશક્તિ અથવા વીર્ય-સ્ફુરણા રહેલાં હોય છે. એક જ મુખ વાટે એ શક્તિ વહ્યાં કરે છે, એટલે તેનાં બીજાં મુખોની સ્ફુરણા ઓછી રહે છે અને એ જ મુખની સ્ફુરણા ખીલ્યા કરે છે; પછી એ જ તેની રૂચિનો વિષય બની જાય છે, તેમાં જ તેને રસ સાંપડ્યા કરે છે. જ્યારે એ શક્તિસ્ફુરણાનું મુખ સારૂં હોય છે ત્યારે સર્જકશક્તિનું ઉન્નતીકરણ થએલું મનાય છે, જ્યારે તે મુખ નઠારૂં–જગતને હાનિ કરનારૂં નીવડે છે ત્યારે તે શક્તિનું વિકૃતીકરણ થએલું લેખાય છે. એ રીતે મારી સર્જકશક્તિનું ઉન્નતીકરણ એવી રીતનું થયું હતું કે વિરક્તિ તરફ–સંન્યાસ તરફ મારૂં મન વળ્યા કરતું હતું, સંસાર તરફ રૂચિ જ જાગ્રત થતી નહોતી. મનને દમીને હું કદાચ સંસાર તરફ વળ્યો હોત તો વળી શકત, પણ તે નેવાંનાં પાણી મોભે ચડાવવાના નિષ્ફળ યત્ન રૂપ નીવડશે એમ મને લાગતું હતું. જ્યારે આત્મ-

કલ્યાણુ માટે સંસાર અને સંન્યાસ બેઉ સમાન બળ હતાં ત્યારે મેં મારી ચિત્તવૃત્તિને તેના અનુકૂળ માર્ગે જ વહેવા દેવાનો માર્ગ કરી આપવાનો નિશ્ચય કર્યો અને વિરક્તિને માર્ગે જ જવાનો નિશ્ચય કરીને હું ગિરિશૃંગ ઉપરથી ઊઠ્યો.

"અહીં હું જ્ઞાનોપાસના અને તપઃસિદ્ધિ બેઉમાં મગ્ન રહું છું. આ ચિત્ત અનાસક્તિ સિદ્ધ કરી શકયું નથી, તે સિદ્ધ કરતાં બીજા અવતારો પણુ લેવા પડશે એમ લાગે છે. વૃત્તિઓને સંયત કરવા માટેની તપશ્ચર્યા પૂર્ણ રીતે સાધી શકાતી નથી. ઘણી ઘણી ઊણુપોનું હજી મને મારામાં ભાન થયા કરે છે. કોઈ વાર આ એકાકી સ્થિતિ પણુ સહન થતી નથી ત્યારે માનવ, પશુ પક્ષીનો સહવાસ મન ઇચ્છે છે; એવો સહવાસ મળી જતાં આનંદનો અનુભવ થાય છે. એ ન મળતાં ચિત્તમાં ક્ષુધા જાગે છે. એ ક્ષુધા વેઠતાં કષ્ટનો અનુભવ થાય છે. આમ તનમનની તપશ્ચર્યા ચાલુ જ રહે છે, છતાં એક સંતોષ ચિત્તમાં સર્વદા વ્યાપેલો રહે છે કે, હું આત્મકલ્યાણદિશાભિમુખ છું, અને એવું ભાન થતાં ક્ષણુભર અપૂર્વ ચિદાનંદલહરિનો અનુભવ કરૂં છું."

વિદ્યાસાગર આનંદગિરિના યોગીજીવનની આ સ્થૂળ-સૂક્ષ્મ કથા સાંભળીને ઊંડા વિચારમાં પડી ગયો. જેવું માનસિક પૃથક્કરણુ આ યોગીએ આ જીવન અંગીકારતાં પહેલાં કર્યું હતું, તેના દસમા ભાગનું પૃથક્કરણુ પણુ પોતે કર્યું નહોતું એમ તો તેને સ્પષ્ટ રીતે સમજાયું. જે જ્ઞાન અને જે જીવનમીમાંસા આ યોગીના અંતરમાં ઓતપ્રોત ભર્યાં હતાં, તેનો પણુ પોતામાં અભાવ હતો

એમ તેણે જોયું. પોતાનો ત્યાગનો અભિલાષ અમુક સંયોગોમાં જન્મ્યો હતો અને જુદા જ વાતાવરણમાં આવી પડતાં તે અભિલાષ માત્ર પોષાયો જ હતો અને તેની પાછળ જે પૃથક્કરણપૂર્વક બંધાયલો નિશ્ચય હોવો જોઇએ તે નહોતો એવું હવે તેને ભાન થયું. આત્મદૃષ્ટિએ ત્યાગ અને કર્મ બેઉ સમાન કલ્યાણકારક બની શકે છે એવા આનંદગિરિના કથનમાં પહેલાં તેને એક પ્રકારની ફોસલામણી જેવું લાગ્યું હતું, પરન્તુ હવે તેને સમજાયું કે એ યોગીએ પોતાના એ કથનની પાછળ પોતાના જ્ઞાનને મોટા પ્રમાણમાં ખર્ચ્યું હતું અને એ કથન પોતાના એક સિદ્ધાંતનું જ સ્વયંસ્ફુરિત કિરણ માત્ર હતું.

કેટલોક સમય સુધી ચારે વ્યક્તિઓએ મૌન જ સેવ્યું. શાંતિરાય અને સુમતિ કોઈ વાર આનંદગિરિના વદન ભણી તો કોઈ વાર વિદ્યાસાગરના વદન ભણી તાકી રહેતાં. વિદ્યાસાગરના ચિત્તમાં ચાલી રહેલી ઘડમથલ તેના વદન પરની રેષાઓમાં સ્પષ્ટ રીતે તરી આવતી હતી.

છેવટે એ મૌન આનંદગિરિએ તોડ્યું અને કહ્યું: “ ભાઈ વિદ્યાસાગર ! તું મનમાં જરાએ ખિન્ન થયા વિના સંસાર તરફ પાછો ફર. તું સ્નેહબંધે બંધાયલો જીવ છે, એ બંધને તોડવાની તપશ્ચર્યા તું નહિ સાધી શકે. સંસારની તપશ્ચર્યાનો તું સ્વીકાર કર અને સંસારમાં આસક્તિ ન જન્મે તે માટે યત્નશીલ રહ્યા કરીશ તો તારો સંસાર પણ પુણ્યરૂપ બનશે અને તારા આત્માનું કલ્યાણ કરશે. મને તો લાગે છે કે તારામાં વિરક્તિનો મોહ જાગ્રત થયો છે, મારા વનનિવાસની શાંતિ ઉપર તને રાગ ઉપજ્યો છે અને

તેથી તું એવા જીવનને ભજે છે. પરન્તુ થોડા જ અનુભવ પછી તને આ શાંતિ જડ લાગશે. મને પણ તેમાં જડતાનો અનુભવ કોઈ કોઈ કાળે થાય છે, તો તને નહિ થાય? મોટા નગરના કોલાહલ, પ્રપંચ, જીવનકલહ, રાગદ્વેષ, માયા મમતા ઈત્યાદિની તુલનામાં તને આ શાંતિ ભલે આકર્ષતી હોય પરન્તુ એ શાંતિ જ જ્યારે જીવનમાં જડાશે ત્યારે તેમાં જે શુષ્કતાનો અનુભવ થશે તેનો ખ્યાલ તું અત્યારથી જ કરી લે."

વિદ્યાસાગર સ્મિત કરીને બોલ્યો: "જ્યારે હું આપને પહેલી વાર મળ્યો હતો, ત્યારે અહીં આપની સાથે રહેવાની આપે મને અનુમતિ આપી હતી અને આપના સરખા ભસ્મધારી અને નિ:પરિગ્રહી બનતાં શીખવવાનું મને વચન આપ્યું હતું."

"હજીએ મારી અનુમતિ જ છે. તારો એવો જ નિશ્ચય થાય તો હું ક્યાં ના કહું છું? મેં તો તને સંસાર અને સંન્યાસરૂપ જીવનનાં બે પાસાંનો ખ્યાલ આપ્યો છે અને તારે માટે હિતકર માર્ગનું સૂચન કર્યું છે. છતાં તને વિરક્તિનો જ માર્ગ રૂચતો હોય, તો અહીંથી પાછા જવાનું ય હું તને નહિ કહું."

"આપનો એ ઉપકાર છે, પરન્તુ એક ઊણપ મને મારામાં સાલે છે. આપે આ માર્ગ અંગીકાર્યા પૂર્વે જે મનોમંથન અને ચિંતન કર્યું હતું, તે કર્યા વિના મારે ઉતાવળે નિશ્ચય ન કરવો જોઇએ એ મારી ઊણપ મને હવે સૂઝે છે. એવો નિશ્ચય કરવાનો સમય મારે મેળવવો

જોઈએ; પરન્તુ દેવ! મારા મનનો એક સંદેહ નાશ પામવાથી મને સંતોષ થયો છે. સંસારની કલ્યાણમયતાનો મને જે ખ્યાલ નહોતો તે આપે આપ્યો છે. મારો નિશ્ચય હવે એમાંની કોઈ પણ એક દિશામાં ઢળશે, તો તેથી મને વિષાદ નહિ થાય."

"તો હવે સ્વગૃહ પ્રતિ જા. ખૂબ ચિંતન કર. નવી પ્રાપ્ત થએલી દૃષ્ટિપૂર્વક જીવન અને જગતને જોતાં શીખ અને પછી તારો જે કાંઈ નિશ્ચય થાય તે નિશ્ચયને અનુસર. એ નિશ્ચયબળ--એ શ્રદ્ધા તું જે જીવન તરફ વળીશ, તે જીવનમાં તને વિજય અપાવશે."

આનંદગિરિના એ શબ્દો પછી સૌના વદન પર પ્રસન્નતા પથરાઈ રહી. એ પ્રસન્નતા સમાન હતી પરન્તુ તેનાં કારણોમાં વિવિધતા હતી. આનંદગિરિની પ્રસન્નતાનું કારણ એ હતું કે તેણે એક સંશયાત્માના અનેકવિધ સંશયોનું નિવારણ કર્યું હતું અને તેને જીવનને જોવાની નવી દૃષ્ટિ સંપડાવી હતી. વિદ્યાસાગરની પ્રસન્નતાનું કારણ એ હતું કે પોતાને નવીન જીવનદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી અને અનાસક્તિયોગનો મૂલ્યવાન ગુરૂમંત્ર પ્રાપ્ત થયો હતો. શાંતિરાયની પ્રસન્નતાનું કારણ એ હતું કે વિદ્યાસાગરને પાછો સ્વજનોની વચ્ચે લઈ જવાનો જે હેતુ મનમાં ધારણ કરીને તે ભટકતો હતો, તે હેતુ હવે સિદ્ધ થવાનો હતો અને સુમતિની પ્રસન્નતાનું કારણ એ હતું કે વિદ્યાસાગર વચન પાળવા ખાતર અનિચ્છાએ નહિ પણ પૂરી સમજણ સાથે મુંબઈ પાછો ફરી સ્વજનોનાં તરફડતાં ચિત્તોને શાન્ત કરવાનો હતો.

ચિત્તમાં જ્યારે પ્રસન્નતા વ્યાપે છે, ચિત્ત ઉપરનો મોટો ભાર જ્યારે હળવો થાય છે, ચિત્તમાંનો વિષય જ્યારે અળગો થાય છે, ત્યારે માણસનો દેહ જઠર દ્વારા પોતાની પ્રસન્નતાની પણ ઇચ્છા વ્યક્ત કરે છે. અતિથિઓની સમીપે પડેલાં ફળો તરફ સૌથી પહેલો હાથ સુમતિએ લંબાવ્યો અને પછી તો સૌએ તેમાંથી એક એક ફળ લઈને જઠરને પણ પ્રસન્ન કર્યું.

પ્રકરણ ૮ મું

દાન, ભેટ કે ઋણ ?

ભદ્રાવતીનું રાજ્ય નાનું હતું, તેની વસતીની સંખ્યા નાની હતી, તેમ તેની જેલ પણ નાની જ હોય. તેમાં સામાન્ય રીતે દસ–પંદર કેદીઓ રહ્યા કરતા, એવામાં એકી સાથે પોણોસોનું ધાડું આવી ભરાયું. સ્વરૂપસિંગની બહારવટીઆ ટોળીને જેલ સિવાય બીજે રખાય પણ ક્યાં ? જેલના જૂના કેદીઓને એક જ ઓરડામાં પૂરીને આ નવા આગંતુકોને માંડમાંડ બીજા બધા ઓરડાઓમાં સમાવવામાં આવ્યા.

એકાદ દિવસમાં બધા કેદીઓનાં નામ–ઠામની નોંધ કરી રાજ્યના પોલીસ ખાતાએ કેસ માંડવાની તૈયારી કરવા માંડી. પોલીસની એ પહેલી જ ચાળણીમાંથી પાંત્રીસ માણસોને તો વગર તપાસે છોડી મૂકવામાં આવ્યા, કારણકે જે જે

ધાડ–લૂંટના બનાવોની નોંધ રાજ્ય પાસે હતી અને તેમાં જે જે બહારવટીઆનાં નામોનો ઉલ્લેખ હતો તે નામોમાં એ પાંત્રીસ નામોનો ક્યાંય ઉલ્લેખ નહોતો, એટલે તેમના પર આરોપ મૂકવાનું બની શકે તેમ નહોતું. ભલે તેઓ પોતાની મેળે પકડાયા, પરન્તુ કાયદેસર રીતે વર્તવાની જ જ્યાં શાસકની ફરજ હોય, ત્યાં પોતાની મેળે આવીને ગુન્હો કબૂલ કરનારને પણ શાસક પકડી શકતો નથી.

બાકી રહેલા ચાલીસેક માણસો સામે જે આરોપો હતા તે પૂરવાર કરવાને હવે સાક્ષી પુરાવા જોઈએ. જેઓ લુંટાયલા અને જેઓ પોતાને લૂંટનારને ઓળખી શકે તેમ હોય તેવા માણસોને શોધી શોધીને તેમને સાક્ષીઓ તરીકે મૂકવા એ કામ જોઈએ તેટલી ઝડપથી થઈ શકતું નથી. ભદ્રાવતીનું પોલીસખાતું માનતું હતું કે વધુ નહિ તો એકાદ મહિનો તો એ તપાસ પાછળ જશે અને ત્યાંસુધી એ ચાલીસે બહારવટીઆઓને જેલમાં રાજ્યનું ખીચડું ખાવા મળશે.

જે વખતે જેલમાંથી બીનઆરોપે પકડાયલા પાંત્રીસ માણસોને પોલીસ ખાતાનો ઉપરી જેલના ઓરડામાંથી છૂટા કરવાને તેમનાં નામો એક પછી એક બોલી રહ્યો હતો, અને તે નામવાળા માણસો ઓરડામાંથી નીકળીને બહાર આવી ઊભા રહેતા હતા, તે જ વખતે વિદ્યાસાગર અને શાંતિરાય જેલમાં આવી પહોંચ્યા.

આનંદગિરિ પાસેથી તેઓ ભદ્રાવતીમાં પાછા ફર્યા હતા. તેઓને હવે મુંબઈ જઈ પહોંચવાનું હતું અને શાંતિરાય

પોતે વિદ્યાસાગરને લઇને પાછો ફરે છે એવી મતલબનો તાર પણ તે ચંદાને કરી ચૂકયો હતો. ભદ્રાવતી છોડચા પૂર્વે સ્વરૂપસિંગને એકવાર મળવા વિદ્યાસાગરને ઇચ્છા હતી, અને તેટલા માટે જ તે અત્યારે અહીં આવ્યો હતો.

તેણે જોયું કે કેદખાનાના ઓરડાની અંદર સ્વરૂપસિંગ અને બીજાઓ છે, જ્યારે કેટલાકોને કેદમાંથી છૂટા કરવા માટે બહાર કાઢવામાં આવ્યા છે. એ બહાર કાઢવામાં આવેલાઓમાં કેસર પણ હતી. બેઉએ એક બીજાને જોયાં અને કેસરના વદન ઉપર આનંદરેખાઓ દોરાઈ ગઈ. જેઓ વિદ્યાસાગરને પિછાણતા હતા તેઓ તેને ઘેરીને આનંદથી ઊભા, તેઓમાં કેસર પણ હતી.

"વિદ્યાસાગરભાઇ! અમે તો છૂટચા!" કેટલાકો એકી સાથે બોલ્યા.

"ઠીક થયું. વહેલા કે મોડા બધાય છૂટશે તો ખરા જ ને? કેસરકુંવર! તમે છૂટચાં એ પણ ઠીક થયું."

"ઠીક તો થયું, પણ હવે આ બધાં જઇશું કયાં? ખાઇશું શું?" કેસરે છૂટેલાઓમાં ચાલી રહેલી વાતચીતનો મધ્યવર્તી સૂર વિદ્યાસાગરની સમક્ષ મૂકયો: "સૌ એ જ ચિંતામાં પડચા છે. આ કરતાં જેલમાં રહ્યા હોત તો ખાવા તો મળત!"

"સૌ પોતપોતાને સગે-વગે વીખરાઈ જાઓ, ખેતી કરો, મહેનત-મજૂરી કરો, અને તમે ઠેકાણે પડી જશો."

"એ વાત સાચી, પણ ખેતીની મોસમ હજી દૂર રહી. સગાંને ઘેર જઈને પડીએ તો તેને ય ભારે પડીએ.

વળી અમને કોઈ પાલી બાજરોય ધીરે નહિ. આ જ કારણથી જેલમાં રહ્યા હોત તો ઠીક એમ બધા માને છે.”

વિદ્યાસાગરે કહ્યું : “પેટ ભરવાની વાત તો સૌથી પહેલી જ છે ને ભાઈ! પેટને માટે તો આ બધાં વાનાં થાય છે. પણ મહારાજને તમે અરજ કરો તો તે કાંઈક ગોઠવણ કરી આપે.”

શાંતિરાયે વિદ્યાસાગરને અંગ્રેજીમાં કહ્યું : “હાલ તુરત લક્ષ્મણસિંહજી કશું નહિ કરે, કારણકે એજન્સીમાં તેમના ઉપર શક ઉત્પન્ન થાય. તેમણે બધાને ટેકો આપીને ધંધે ચડાવવાનું વચન આપ્યું છે તે તે ખરૂં કરી બતાવશે, પણ તુરતમાં તો તે ન્યાયની રીતે જ જે કાંઈ થશે તે કરશે. બધી વ્યવસ્થા પાછળથી થશે.”

વિદ્યાસાગર વિચારમાં પડ્યો. કેટલીક વારે તેણે શાંતિરાયને પૂછ્યું : “તારી પાસે કેટલા પૈસા છે?”

“બસો રૂપિયા.”

“લાવને જરા.”

શાંતિરાયે બસો રૂપિયાની નોટો કાઢી વિદ્યાસાગરના હાથમાં મૂકી. વિદ્યાસાગરે તે બહારવટિયાઓમાંના એક પ્રૌઢ વયના પુરૂષ સામે ધરી. તે પુરૂષે ડોકું હલાવીને કહ્યું : “એ અમે ન લઈએ ભાઈ! તમને લૂંટીને લઈએ, પણ દાન તો ન લઈએ!”

“આ દાન નથી.” વિદ્યાસાગરે કેસર ભણી દૃષ્ટિ કરીને તેના હાથને નોટો અડકાડીને કહ્યું : “બહેનને ભાઈ વીરપસલી આપી શકે કે નહિ?”

"એ બધું એકનું એક." પ્રૌઢ બહારવટીઆએ કહ્યું.

કેસરે આર્દ્ર આંખે એ નોટો ભણી જોયું પણ હાથ ન લંબાવ્યો.

વિદ્યાસાગરે ફોજદારને વિનંતિ કરીને સ્વરૂપસિંગને બહાર તેડાવી મંગાવ્યો અને તેણે તેને આ રૂપિયા લેવા કેસરને પરવાનગી આપવાની સૂચના કરી. ખાવાના વાખાને કારણે પરાયું દાન લેવાના આ સંજોગો એ વૃદ્ધને રડાવવા લાગ્યા.

વિદ્યાસાગરે તેને આશ્વાસન આપ્યું, પણ એ દાન લેવાની હા સ્વરૂપસિંગના મુખમાંથી નીકળી શકી નહિ.

છેવટે વિદ્યાસાગરને એક કારણ સાંભર્યું અને તુરત તે બોલ્યો: "ઠાકોર! હું આ દાન કરતો નથી, તમારૂં દેવું વાળું છું અને આ બસો રૂપિયાથી તમારૂં દેવું પતે તેમ નથી. તમે હજારો રૂપિયાના દાગીના વેચીને બનાવટી નોટોથી ઠગાયા અને તમારી આ દશામાં એ જ બનાવ કારણીભૂત છે. એ પાપ ભલે મેં નહોતું કર્યું પરન્તુ જેણે કર્યું હતું તેની મીલકતનો હું ભાગીદાર છું એટલે તે પાપની અને એ કરજની નૈતિક જવાબદારી મારા પર પણ આવે છે. તે કરજ ફેડવાની તક શું તમે મને નહિ આપો? આ રૂપિયા એ કરજનો માત્ર નાનો હપ્તો છે. હું મુંબઈ જવાનો છું, ત્યાં મારા કૌટુંબિક સંયોગો કેવા છે તેની મને ખબર નથી, પરન્તુ જે ક્ષણે એ સંયોગો મને તમારૂં કરજ પૂરેપૂરૂં પતાવવા માટે અનુકૂળ જણાશે તે ક્ષણે હું કાંતો તમારા દાગીના અને કાંતો તેની વાજબી રકમ તમને જરૂર પહોંચાડીશ."

સ્વરૂપસિંગ ઉલ્લાસભેર વિદ્યાસાગરને ભેટી પડ્યો, અને ખૂબ રડ્યો. છેવટે તેણે કેસર ભણી જોઈને કહ્યું: “ બેટા, એ રૂપિયા લઈ લે, હવે તે આપણા પરસેવાના પૈસા છે, એ લેવા અઘટિત નથી.”

સોડીઆમાંથી ધીરે ધીરે હાથ બહાર કાઢી કેસરે એ નોટો લીધી અને તેને પાછી સોડીઆમાં છુપાવતાં એક સંકોચભર્યો દૃષ્ટિપાત એ સ્નેહભીના બંધુસમા અતિથિ ઉપર કર્યો. એ દૃષ્ટિપાતમાંથી ય એક તલસાટનો નિઃશ્વાસ સ્ફુરી રહ્યો હતો: “ એ વીરાનું દર્શન શું હવે ફરી કોઈ વાર નહિ થાય ? ”

“ ચાલો, સ્વરૂપસિંગ ! હવે અંદર જાઓ ! ” ફોજદારની પાસે ઊભેલા જેલરનું ફરમાન છૂટયું.

ઘડીભર સ્નેહીજનોના મેળા જેવું એ વાતાવરણ થઈ ગએલું, તે એ ફરમાનથી પલટાઈ ગયું. સૌને ભાન થયું કે એ જેલ હતી.

વિદ્યાસાગર આર્દ્ર અંતઃકરણે શાંતિરાયની સાથે પાછો ફર્યો.

પ્રકરણ ૯ મું

સ્નેહની સુવાસ

જ્યારથી રવિશંકરે સાંભળ્યું હતું કે વિદ્યાસાગર જીવતા ભદ્રાવતીમાં પાછા ફર્યા છે અને શાંતિરાય તથા વિદ્યાસાગર લાંબે વખતે મળ્યા છે, ત્યારથી રવિશંકર એ બેઉને મળવાની દોડાદોડ કરી રહ્યો હતો, પરન્તુ મળવાનો એક્કે સુયોગ જ બન્યો નહોતો. પહેલી વાર તે રાજમહેલે આવ્યો ત્યારે બેઉ મિત્રો એકાંતમાં બેસી વાતો કરતા હતા, એટલે તેને પાછા ફરવું પડયું હતું. બીજી વાર તે આવ્યો ત્યારે બેઉ મિત્રો સુમતિની સાથે આનંદગિરિને મળવા ગયા હતા. ત્રીજી વાર તેણે ફેરો ખાધો ત્યારે બેઉ મિત્રો જેલમાં બહારવટિયાઓ પાસે ગયા હતા. ચોથી વાર તે પુનઃ આવ્યો ત્યારે તે બેઉનાં દર્શન કરી શકયો, અને તેના આનંદનો પાર રહ્યો નહિ.

વિદ્યાસાગર અને શાંતિરાયને પણ આનંદ થયો. તેમણે તેને સ્નેહભરિત લોચને આવકાર્યો અને પોતાની સામેની એક ખુરશીમાં બેસવાનું કહી વિદ્યાસાગરે તેના અને તેની પત્ની લજ્જાવતીના કુશળ વર્તમાન પૂછ્યા.

રવિશંકર બોલ્યો : " ભાઈ ! અમે બેઉ કુશળ છીએ અને મારી પત્ની પણ હવે અહીં મારી સાથે જ રહે છે, પણ...."

શાંતિરાયે વચમાં પૂછ્યું: "ખરેખર, તમે લજ્જાવતીને તે જ દિવસે અહીં તેડી આવેલા?"

"હાસ્તો. તમે સમાચાર આપ્યા પછી મારાથી રહી શકાયું જ નહિ. હું તેને તેડવા જ ગયેલો, અને બિચારા પિતાજી તો તેને મોકલવા તૈયાર હતા, પરન્તુ મારી બહેન ભાગીરથીનો સ્વભાવ તમે ક્યાં જાણતા નથી?"

"ઝગડો મચાવ્યો હશે."

"નાનો–સૂનો ઝગડો નહિ પણ ભયંકર ઝગડો. ત્યાં ગયા પછી જ મારા જાણવામાં આવ્યું કે તમારી અને મારી પત્નીની ઉપર અનિષ્ટ આળ મૂકવાની હિંમત પણ તે કરી શકી હતી. શાંતિરાયભાઈ! હું એ સમજી શકતો નથી કે એ મારી સગી બહેન જેનું મારા પર પણ હેત છે એમ હું જોઈ શકું છું, તે આટલી નિષ્ઠુર કેમ બની ગઈ હશે?"

વિદ્યાસાગર વચ્ચે બોલ્યો: "કોઈ કોઈનો સ્વભાવ જ એવો હોય છે."

શાંતિરાય બોલ્યો: "કોઈ કોઈનો નહિ પણ ઘણી ખરી યુવાન વિધવાઓ એવી હોય છે. તેઓ બહાર કશું દાખવતી નથી, પરન્તુ તેમના અંતરમાં અસૂયા ભરી હોય છે. પોતાનું સૌભાગ્યસુખ લૂંટાઇ જવાથી બીજાના તેવા સુખ ઉપર તેના અંતરમાં ઊંડી અસૂયા જાગ્રત થએલી હોય છે. એ અસૂયાનો ભડકો તે બીજાઓ પાસે પ્રકટાવી શકતી નથી, એટલે ઘરમાં જે સૌભાગ્યવતી સ્ત્રીઓ હોય તેમના ઉપર તે પ્રકટાવે છે, અને તેમાં ય જો ગરીબ સ્વભાવની

ભોજાઈ હોય તો પછી એ વિધવા નણંદની ભોજાઇના દુઃખનો પાર જ રહેવાનો નહિ."

રવિશંકર બોલ્યો: "બધે તો તેવું નથી હોતું. કોઇ કોઈ સ્થળે ભોજાઇ નણંદને દુઃખ દેતી હોય છે."

"હા, તેનું કારણ એ હોય છે કે ત્યાં ભોજાઈ ગરીબ હોતી નથી અને તમારા પિતા જેવા વડીલો બેઉની ઉપર રાજ્ય કરવા માટે રહ્યા હોતા નથી. હું એક ભવિષ્ય ભાખું છું કે તમારા પિતાજી ઇહિલોકમાં નહિ હોય, ત્યારે ભાગીરથી તમારી સાથે રહી શકશે જ નહિ અને રહેશે તો પહેલાં કરેલા આઘાતોના પ્રત્યાઘાત કદાચ તેને લજ્જાવતીના હાથે જ વેઠવા પડશે."

રવિશંકરે સ્મિત કર્યું અને કહ્યું: "પ્રભુ જાણે ભવિષ્યમાં શું થશે, પણ મારી ગરીબ પત્ની કોઈને દુઃખી કરે તેવી નથી હોં! સારૂં અને ખરાબ તે એટલી સરલતાથી અને ત્વરાથી સમજી જાય છે કે કોઈ વાર તો તેની એ શીઘ્રબુદ્ધિ મને ય આશ્ચર્ય ઉપજાવે છે."

"એ તો બહુ સારૂં. ચાલો ત્યારે, તમે સંસારમાં એક સાચા સુખી ભરથાર છો એ જાણી મને આનંદ થયો." શાંતિરાય આગળ બોલ્યો: "અને મને પણ લજ્જાવતી સાથે થોડું ઓળખાણ થયું છે એટલે મારી વતી તેમને અભિનંદન અને આશીર્વાદ આપજો."

રવિશંકર તુરત બોલ્યો: "એવી રીતે અભિનંદન અને આશીર્વાદ હું પહોંચાડવાનો નથી. તેના જ આગ્રહથી હું

આપને બેઉને મારે ત્યાં જમવાનું નિમંત્રણ આપવા આવ્યો છું, અને તે તમારે સ્વીકાર્યે જ છૂટકો છે."

વિદ્યાસાગર અને શાંતિરાય બેઉ એ આમંત્રણની વાત સાંભળીને હસી પડ્યા, એટલે રવિશંકર બોલ્યો: "આપ તો હસો જ, કારણકે રાજમહેલના મહેમાનની જેવી બરદાસ્ત અહીં થાય તેવી કાંઈ મારે ત્યાં થોડી જ થવાની છે? પણ ભાઈસાહેબ! સ્નેહીની સૂકી રોટલી લાવસી કરતાં વધારે કીંમતી હોય છે, એ આપ ક્યાં જાણતા નથી?"

વિદ્યાસાગર બોલ્યો: "હું તમારી સૂકી રોટલી તરફ હસતો નથી, રવિશંકર! મને તો વિચાર થાય છે કે આ અજાણી ભૂમિમાં પણ અમે કેવાં કેવાં સ્નેહબંધનો બાંધીને જઇએ છીએ!"

રવિશંકર બોલ્યો: "ભાઈ! ગુલાબ રાતો હોય છે અને કેશૂડો પણ રાતો હોય છે, છતાં ગુલાબ તરફ સૌ આકર્ષાય છે અને કેશૂડાનો કોઇ ભાવ પૂછતું નથી, કારણકે એકમાં સુગંધનો ગુણ છે, બીજામાં નથી. જ્યાં પ્રકૃતિએ જ સુવાસ મૂકી છે ત્યાં મારા જેવા આકર્ષાય તેમાં નવાઈ નથી. તમે જશો પરન્તુ તમારી સુવાસ તો અમારા મગજના એક ખૂણામાં અત્તરનું પૂમડું બનીને રહેશે હોં!"

વિદ્યાસાગરે શાંતિરાયની સામે જોયું—એવા પ્રશ્ન-સંકેતથી કે રવિશંકરનું આમંત્રણ સ્વીકારવું કે નહિ?

રવિશંકર બોલ્યો: "એમાં શાંતિરાયભાઇને શું પૂછો છો? તમે ના કહેશો તો અહીં આવીને તે તમને ખેંચી ગયા વિના રહેશે નહિ."

"કોણ તમને ખેંચી જવા આવનાર છે?" સુમતિએ ઓચિંતો પ્રવેશ કરતાં પ્રશ્ન કર્યો.

રાજકુંવરીને જોતાં જ રવિશંકર એકદમ વિનયપૂર્વક ઊભો થઈ ગયો અને બાજુએ બેસી તેણે હાથ જોડી નમસ્કાર કર્યાં. સુમતિએ પૂછ્યું: "તમે કોણ છો?"

શાંતિરાયે ઓળખ પાડી અને કહ્યું: "અમને બેઉને જમવાનું નિમંત્રણ આપવા આવ્યા છે."

સુમતિ બોલી: "બેઉ અમારા મહેમાન છે."

રવિશંકર નમ્રતાથી બોલ્યો: "હા, બાસાહેબ! પણ તે આપના મહેમાન થએલા તે પૂર્વેના અમારા મહેમાન હતા. અમારો એમના પર ઓછો હક્ક નથી."

સુમતિએ વિદ્યાસાગર ભણી જોયું. તે બોલ્યો: "અમે અદ્ભુત સ્નેહબંધનો બાંધી રહ્યા છીએ એમાં શંકા નથી, સુમતિ બહેન!"

"એમાંથી મિઠાશ મળે છે કે સંતાપ?"

"મિઠાશ જ મળે છે, પરન્તુ કોઈવાર એ સંતાપનું કારણ પણ બનશે જ ને?"

"તો પછી મિઠાશનો અનુભવ જ ન કરો એટલે સંતાપ નહિ થાય."

"ખરેખર, મિઠાશ એ જ આસક્તિનું આગમદ્વાર છે. એ મિઠાશનો અનુભવ જ ન થવો જોઇએ; પરન્તુ શું સ્નેહની મિઠાશનો વધુ ને વધુ અનુભવ એની આસક્તિને નહિ જન્માવતો હોય?"

શાંતિરાય બોલ્યોઃ “જુઓ વળી એની એ વાત જૂના સ્વરૂપમાં આવી! મિઠાશનો અનુભવ આસક્તિને જન્માવતો હોય તેથી મિઠાશનો બળાત્કારે ત્યાગ કરવાથી કાંઇ અનાસક્તિ સાધી શકાતી નથી એ શું આનંદગિરિની વાત ભૂલી ગયા?”

“એ પણ સાચું.”

વિદ્યાસાગરને સંસાર અને વિરક્તિનું મનોમંથન પુનઃપુનઃ ચલિત કરી રહ્યું હતું એ શાંતિરાય અને સુમતિએ જોયું. હરેક ક્રિયામાં ‘આ આસક્તિ કે અનાસક્તિ?’ એવો પ્રશ્ન તે પોતાના મનને પૂછતો અને એથી તેનું ચિત્ત કદાચ ભ્રમિત થાય એવો શાંતિરાયને ભય રહેતો હતો.

રવિશંકર બોલ્યોઃ “વાત આડી ઊતરી ગઈ ભાઈસાહેબ!”

શાંતિરાય બોલ્યો: “રવિશંકર, સાંજે અમે તમારે ત્યાં જ જમીશું, હોં! તમારૂં નિમંત્રણ ન સ્વીકારીએ તો તમને, તમારા પિતાજીને અને તમારાં પત્નીને પણ અમે અન્યાય કર્યો લેખાય.”

“વાહ વાહ! મને બહુ સંતોષ થયો. હવે હું રજા લઉં?”

“હા જાઓ, સાંજે અમે બગીચામાં ફરતા હોઇશું.”

રવિશંકર ગયો અને વિદ્યાસાગર તથા શાંતિરાય પાછા વાતે વળગ્યા.

પ્રકરણ ૧૦ મું

'સ્નેહ' અને 'પ્રેમ'

સાંજે વિદ્યાસાગર અને શાંતિરાય, રવિશંકર અને લજ્જાવતીનાં મહેમાન થયા. રવિશંકરે વસાવેલું એ નવું ઘર પૂરતી સાધન-સામગ્રી વિનાનું હતું, પરન્તુ જ્યારે બેઉ મહેમાનો જમવા બેઠા ત્યારે કોઈ જાતની સામગ્રીની ખામી જોવામાં આવી નહિ. વિદ્યાસાગર અને શાંતિરાયને સામગ્રીની ખામી કે પૂર્ણતાનો ખ્યાલ ઉપજે તેમ નહોતું, પરન્તુ રવિશંકર જોઇ શકતો હતો કે પોતાના ઘરમાં જે જે વસ્તુઓ તેણે કોઈ વાર વસાવી નહોતી, તે તે વસ્તુઓ આજે ઘરમાં જોવામાં આવતી હતી. સુંદર બાજઠો, જર્મન-સીલ્વરના લોટા-પવાલાં, ચીનાઇ તાસકોમાં ભરેલાં અથાણાં, એ બધું રવિશંકરની આંખોને માટે તદ્દન નવું જ હતું. રોજ જોવામાં આવતી મરડાઈ ગએલા હાથાવાળી લોખંડની કડછીને સ્થાને પિત્તળનો મોટો ચમચો રસોડામાં ડોકિયાં કરતો હતો તે જોઇને તો રવિશંકરથી હસી જવાયું. રસોડામાં બેઠેલી લજ્જાવતી એ હાસ્ય જોઇ ગઇ.

તે જ્યારે પાણીઆરા પર જઇ પાણીના લોટા ભરતો હતો, ત્યારે લજ્જાવતીએ તેને ઈશારો કરીને પોતા પાસે બોલાવ્યો અને પૂછ્યું: "કેમ હસ્યા ?"

"અમસ્થો."

“ના, ના, મારા સમ, કહો તો ખરા. મારી કાંઈ ભૂલ તો થઈ ગઇ નથી ?”

“ભૂલ તો એ થઇ ગઈ છે કે પડોશીઓમાંથી માંગી લાવીને આ બધો ઠઠેરો ન કર્યો હોત તોય ચાલી શકત.”

“મહેમાન હોય ત્યારે જરા સારૂં લાગે ને !”

“ભલે ત્યારે, જેવી ગૃહસ્વામિનીની ઈચ્છા !” એમ કહી રવિશંકરે લોટા-પવાલાં ભરી બિછાવેલાં આસન-બાજઠ પાસે મૂકયાં.

ત્રણે જણ જમવા બેઠા. લજ્જાવતીએ લાડુ અને બીજી બધી સામગ્રી પીરસી અને પછી તે રસોડાના ઊંબરામાં જરા આઘું ઓઢીને મહેમાનોનાં ભાણાં ઉપર નજર રાખતી બેઠી. ભાણામાં કાંઇ ખૂટે કે તુરત તે લઇને સામે આવી ઊભી રહેતી.

જમતાં જમતાં રવિશંકરે વાત કાઢીઃ “સાંભળ્યું ? આજે કદાચ રાજકુંવરી આપણાં મહેમાનોને પડાવી જાત હોં !”

લજ્જાવતી ધીરેથી બોલીઃ “તો હું રાજકુંવરી સાથે ઝગડો કરીને મહેમાનોને લઈ આવત !”

“સાંભળ્યું શાંતિરાયભાઇ ? મેં તમને નહોતું કહ્યું કે તે આવશે તો તમને ખેંચી ગયા વિના રહેશે નહિ ?” રવિશંકર બોલ્યો.

“તમે કહ્યું હતું અને મને પણ લાગ્યું હતું કે લજ્જાવતી બહેન આવશે તો અમારાથી ના પડાશે નહિ,

એટલે પછી તમારા આમંત્રણનો તુરત સ્વીકાર કરી લેવો પડ્યો." શાંતિરાય બોલ્યો.

ભોજનકાર્ય પૂરું થવા આવ્યું એટલે તુરત લજ્જાવતીએ રવિશંકર તરફ દૃષ્ટિ કરીને પૂછ્યું: "તમે પાનસોપારી લેતા આવ્યા છો ?"

"ના રે ! એ તો હું ભૂલી ગયો !"

"કેવા ભૂલકણા છો ?" લજ્જાવતીએ ટકોર કરી.

ભોજન દરમ્યાન કેવળ મૂગો રહેલો વિદ્યાસાગર હવે એકદમ હસી પડ્યો અને સૌ ચમક્યા. શાંતિરાયે પૂછ્યું: "કેમ એકદમ હસવું આવ્યું ?"

"રવિશંકરનું ભૂલકણાપણું મને યાદ આવ્યું !"

રવિશંકર આશ્ચર્ય પામતો વિદ્યાસાગર ભણી જોઈ રહ્યો અને મંદ સ્મિત કરી પૂછી રહ્યો: "શું વળી ?"

વિદ્યાસાગર હાથ ધોતાં ધોતાં ગાવા લાગ્યો:

"પરદેશ જવા નહિ દેઉં, મારા વ્હાલા રે !
"વિણ સ્વામી કેમ હું સોહું, નાથ રસીલા રે !..."

"બસ કરો, બસ કરો, ભાઈસાહેબ !" રવિશંકરે હસીને વિદ્યાસાગરને અધવચ ગાતો અટકાવ્યો અને કહ્યું: "કાન પકડીને મારું ભૂલકણાપણું કબૂલ રાખું છું !"

લજ્જાવતી બોલી: "હું એ ન સમજી."

"એમ કેમ વળી ?"

"એ કવિતા તો મેં તમે લખીને આપેલી, પણ તેમાં તમે ભૂલકણા કેવી રીતે બન્યા ?"

" એમ બનેલું કે તેં મને એ કવિતા આપેલી તે મેં ગજવામાં નાંખવા માંડેલી પણ તે ગજવામાં ન પડતાં ઉતાવળને લીધે બહાર પડી ગઈ અને મને ખબર રહી નહિ. તે વિદ્યાસાગરભાઈને હાથ આવી અને તેમણે મને સ્ટેશન પર ગાડી વિદાય થતી વેળાએ છેલ્લી પળે આપી. તે વખતે તેમણે ટકોર કરી હતીઃ 'ભાઇ! તમારી પ્રિયતમાના હૃદયને તમે તો ગુમાવી બેઠા હતા, પણ મને તે જડી આવ્યું હોવાથી તમને પાછું સોંપું છું.' બસ, એ જ મારૂં ભૂલકણાપણું!"

લજ્જાવતીએ હસતાં હસતાં લજ્જાથી બેઉ હાથ વડે મ્હોં છુપાવ્યું.

ત્રણે જણ જમી રહીને હાથ મ્હોં ધોઈ ઊઠ્યા. રવિશંકર પાનસોપારી લઈ આવ્યો અને બધા શેતરંજી ઉપર વાતો કરતા બેઠા. લજ્જાવતીએ ફાનસ સળગાવી લાવી બાજુની આંકડી પર ભેરવ્યું અને તે શેતરંજીથી જરા દૂર તેમની વાતો સાંભળતી બેઠી.

રવિશંકરે કહ્યું: " અમે બેઠા છીએ, તું જમી લેને?"

" વિદ્યાસાગરભાઈ હવે જવાના છે અને કોણ જાણે ફરીથી મળશે કે નહિ અને મળશે તો ક્યારે મળશે."

વિદ્યાસાગર બોલ્યોઃ " રવિશંકર અમારી ખરદાસ્તમાં હાજર છે, એટલે તમે જમવા જઈ શકો છો."

" પણ મારે તમને કાંઈક પૂછવું હોય તો?" લજ્જાવતીના સ્વરમાં સંકોચ હતો.

" તો બેલાશક પૂછો."

" તમે જોગીબાવા થઈ જવાના છો, એ સાચી વાત ?"

" મારી આ વાત ઘેરઘેર પ્રસરી ગઇ છે કે શું ?"

"હા." રવિશંકર બોલ્યો: " તમે રાજાના મહેમાન છો, એટલે તમારી વાત વધારે ચર્ચાય, કોઇ અજાણ્યો કે ગરીબ માણુસ જોગી થઇને ચાલી નીકળે તો કોઇને ખબર પણુ ન પડે."

" લજ્જાવતી બહેન ! હું સંસાર ત્યજી દેવાનો હતો એ વાત સાચી, પણુ હમણાં તો કેટલાંક કારણોથી એ વિચાર મુલતવી રાખ્યો છે."

" અને તમારૂં વેવીશાળ થયું છે એ બાઈ તે વાત સાંભળીને મરણુને બિછાને પડી છે એ વાત પણુ સાચી ?"

વિદ્યાસાગરે શાંતિરાય સામે જોયું. તે બોલ્યો : " અમે તો એવું કશું જાણુતા નથી. હમણાં મુંબઈથી કશો પત્ર આવ્યો નથી એટલે એ સંબંધી કશી ખાસ ખબર નથી. પણુ લોકો અનુમાનથી આવી વાતો ઉડાડતા હશે."

રવિશંકર બોલ્યો : " એ બનવાજોગ છે. પણુ હવે તો જવાના છો ને ?"

" હા." શાંતિરાયે કહ્યું.

લજ્જાવતી બોલી : " હું પૂછું છું વિદ્યાસાગરભાઇ ! બધા વિદ્વાનો ને જોગીજતિ લોકો નારીને નરકની ખાણુ કહીને અમારી નિંદા કેમ કરતા હશે ? સ્ત્રીને પરણુવાથી જ પુરૂષ નરકમાં પડે, અને સ્ત્રીને નહિ પરણેલો સાધુ કે બાવો ગમે તેવાં અપલક્ષણુવાળો હોય તોય તેને લોકો સ્વર્ગનો

અધિકારી માનીને તેની પૂજા કરે–પગે લાગે એવું કેમ? શું સ્ત્રી જ પુરૂષનાં સ્વર્ગનાં બારણાં બંધ કરે છે?"

વિદ્યાસાગર બોલ્યો : " હું તો નારીને નરકની ખાણ નથી માનતો બહેન. પરન્તુ સ્ત્રી સાથેનું લગ્ન એટલે સંસારની શરૂઆત અને સંસાર મહાલયનાં દ્વાર ઊઘડતાં અનેક પ્રકારનાં પ્રલોભનો જાગે, અનેક પ્રકારનાં બંધનો બંધાય, અનેક સુખ-દુઃખની આંચોનો અનુભવ થાય : એ સંસાર જે શરૂ ન કરે તે જ બડભાગી, એવી મારી એક વાર માન્યતા હતી. પરંતુ ગુરૂ આનંદગિરિ સાથેની ચર્ચા પછી હું કેટલુંક વિશેષ જાણી શક્યો છું કે સ્ત્રીને નહિ ગ્રહણ કરવાથી જ સંસારની સમાપ્તિ થઈ જતી નથી. સ્થૂલ સંસારને નહિ ભજ્યા છતાં સૂક્ષ્મ–માનસિક સંસારને ભજનારાઓ જરાએ ઓછા સંસારી નથી હોતા; પ્રલોભન, બંધન કે સુખદુઃખ તેમને માટે પણ નિર્માણ થએલાં હોય છે, એટલે સંસારને એકાંત દૃષ્ટિએ બંધનકારક માનવાની મારી સમજમાં હવે ફેરફાર થયો છે. સ્નેહબંધન એ દુઃખનું મૂળ ત્યારે જ બની શકે છે કે જ્યારે સ્નેહના પાત્ર પ્રતિ મનુષ્યની આસક્તિ હોય, એ વાત સમજ્યા પછી આસક્તિ છોડવાનો જ અભ્યાસ મનુષ્યે સંસારમાં કે સંસારની બહાર કરવો જોઈએ એવી હવે મારી માન્યતા થઇ છે."

"તમારી આ વાતથી મને બહુ જ સારૂં લાગ્યું, વિદ્યાસાગરભાઈ! પણ હું એક વાત કહું? હું કાંઈ ભણી–ગણી નથી કે મેં બહુ સંસાર જોયો નથી, પણ તમે સ્નેહબંધનની જે વાત કહો છો ને, તેમાં કાંઈક ઊણપ છે એવું મને લાગ્યા

કરે છે. પવિત્ર હૃદયનાં પતિ અને પત્નીનો એક બીજા ઉપર સ્નેહ હોય છે એમ મને નથી લાગતું."

રવિશંકર ચમક્તો—ચમકતો આ વાત સાંભળતો હતો, તે જરા ચીડાઈને બોલી ઊઠ્યો: "સ્નેહ નહિ ત્યારે શું આસક્તિ?"

"એ તો સ્નેહ કરતાંય વધારે ખરાબ શબ્દ છે. હું કહું છું કે તમે જેને સ્નેહ માનો છો, એ પ્રેમ હોય છે."

રવિશંકર વચ્ચે જરા ઉતાવળો થઈને બોલ્યો: "સ્નેહ ને પ્રેમમાં વળી ફેર શો?"

વિદ્યાસાગરે રવિશંકરને વાર્યો: "તમે લજ્જાવતી બહેનને જરા ધીરજથી જે કહેવું હોય તે કહેવા દો. મને એમની વાતમાં રસ પડે છે."

પણ લજ્જાવતી સ્વામીના ગુસ્સાથી એટલી દબાઈ ગઈ હતી કે તે વધુ બોલી શકી નહિ અને મૌન પ્રસરી ગયું. વિદ્યાસાગરે તેની મનઃસ્થિતિ જાણી લઈને કહ્યું: "કહોને લજ્જાવતી બહેન! સંકોચાશો નહિ. ખુલ્લા દિલથી કહો."

લજ્જાવતીમાં આ ઉત્તેજનથી બોલવાની જરા હિંમત આવી. તેણે કહ્યું: "તમે જેને સ્નેહ કહો છો ને, તે સ્નેહ નથી હોતો, પ્રેમ હોય છે. સ્નેહમાં ચીકાશ છે અને સ્નેહના બંધનથી આસક્તિ તરફ માણસનું મન વળે ખરું, પરંતુ પ્રેમમાં તે ન હોય; કારણકે પ્રેમમાં તો માત્ર દાનભાવ હોય છે, કેવળ સમર્પણની જ વૃત્તિ હોય છે. પ્રેમ સામા બદલાની આશા રાખ્યા વિના કેવળ આપવાનું જ સમજે

છે. સ્નેહ કરતાં પ્રેમની પદવી ઊંચી હોય છે, તેમાં ચીકાશ હોતી નથી એટલે બંધનનો સંભવ હોતો નથી."

વિદ્યાસાગર આ સાંભળીને વિચારમાં પડી ગયો. લજ્જાવતીનો એકેએક શબ્દ તે સમજી ચૂક્યો હતો અને તે યથાર્થ જ હતો. પણ તેના મનમાં એક કુતૂહલ જન્મ્યું હતું અને તેથી તેણે લજ્જાવતીને પૂછ્યુંઃ "બહેન! તમે એ વાત બરાબર કહી. મારા મનની અવશિષ્ટ રહેલી સંદિગ્ધતાને તમે દૂર કરી છે, પરંતુ હું પૂછું છું કે આ જ્ઞાન તમને મળ્યું ક્યાંથી?"

આ પ્રશ્ન લજ્જાવતીને મૂંઝવવા લાગ્યો. આમાં જ્ઞાન જેવું કશું જ નહોતું એમ તેના મનને લાગતું હતું, ત્યારે વિદ્યાસાગરને તેમાં મોટું જ્ઞાન સમાઈ રહેલું લાગતું હતું! તેણે પૂછ્યુંઃ "આમાં વળી જ્ઞાન જેવું શું છે?"

"એને જ્ઞાન ન કહેતાં હો તો ભલે સમજણ કહો. પણ એ સમજણ તમને ક્યાંથી મળી?"

"ક્યાંથી તે વળી બીજે ક્યાંથી? બાપના ઘેર અને આ ઘેર. એ સમજણ તો સંસારમાં એક બાળા સમજણી થતાં જ મળે છે. અમે સ્ત્રીઓ પતિને હૃદયનું દાન કર્યા કરવાનું જ સમજીએ છીએ અને અમારૂં એ સમર્પણ એ જ અમારો પ્રેમ."

"પણ પુરૂષો એ પ્રેમનો સામો બદલો ન આપે તો એ પ્રેમ કેમ ટકે?"

"મેં કહ્યું તો ખરૂં કે અમારા પ્રેમને બદલાની આશા હોતી નથી એટલે બદલો ન મળ્યા છતાં એ પ્રેમ ટકે જ

છે. પ્રેમનો અદલો–બદલો થતો હોય તો ત્યાં પ્રેમ નથી હોતો, મનનો વિષય હોય છે."

"પણ છોકરાઓને તો એવું શિક્ષણ ઘરઆંગણે નાનપણથી નથી મળતું. તેથી ઊલટું સ્ત્રીને પોતાની દાસી ને સેવિકા માનવાનું શિક્ષણ મળે છે!"

"એ એક દોષ છે ખરો, પરન્તુ તેની અમને ચિંતા નથી. દાસી અને સેવિકા માનનાર પતિને પણ પ્રેમદાન કરી જાણનાર સ્ત્રી પતિને પ્રેમી બનાવી શકે છે. સ્ત્રીનો પ્રેમ જો ગમે તેવા પતિના પ્રેમનું આકર્ષણ ન કરે તો માની લેવું કે એ પ્રેમમાં જ કાંઈ ખામી હોવી જોઇએ."

આર્ય સંસારમાં સ્ત્રી–પુરૂષને ગળથૂથીમાં જ પાવામાં આવતું આ અમૃતસમું જ્ઞાન આજે લોપ પામી રહ્યું છે એવો ખ્યાલ વિદ્યાસાગરને તત્ક્ષણ આવ્યા વિના રહ્યો નહિ. લજ્જાવતી જેવી કોઈ જ આર્ય કુલાંગનાઓ એ અમૃતને ઝીલી–પચાવીને પોતાના ગરીબ સંસારને પણ સ્વર્ગ બનાવી રહી છે, એ દૃશ્ય તેના અંતરને એટલું આર્દ્ર કરી રહ્યું કે જો તેને સંકોચે ન વાર્યો હોત તો જેવા ભાવથી તેણે આનંદગિરિને પ્રણામ કર્યા હતા, તેવા જ ભાવથી તેણે આર્ય કુલાંગના લજ્જાવતીને પણ શિષ્યભાવે પ્રણામ કર્યા હોત!

અને શાંતિરાય તો આ વાર્તાલાપ સાંભળીને આભો જ બની ગયો હતો. જ્યારે લજ્જાવતી બોલી રહી હતી ત્યારે તેને એવો અભાસ થયા કરતો હતો કે આ વાણી પોતાની પત્ની ચંદ્રાની જ છે!

લજ્જાવતીનો આ કાંઈ ઉપદેશ નહોતો, તેની માન્યતાની થોડી ચોખવટ માત્ર હતી, પરન્તુ ધર્મના અને શાસ્ત્રોના અનેક ગ્રંથોમાં જે જ્ઞાન સમાયલું હતું તે જ્ઞાન આ કુલાંગનાએ સ્વાનુભવ અને શ્રદ્ધામાંથી નવનીત રૂપે તારવીને પોતાને આપ્યું હતું એમ વિદ્યાસાગરને લાગ્યું. લજ્જાવતીના આ ઉપકારનો સ્વીકાર કેવા શબ્દોમાં કરવો તે તેને સૂઝતું નહોતું.

તે કશું ન બોલ્યો એટલે લજ્જાવતીએ કહ્યું: "મારી વાતમાં તમને મૂર્ખાઈ દેખાતી હશે...."

"નહિ નહિ, લજ્જાવતી બહેન! તમારી આ સમજણ એટલી ઊંચા પ્રકારની છે કે તે સમજણ જો ઘેરઘેર પ્રસરેલી હોય તો સંસાર એ જ સ્વર્ગરૂપ બને એમ મને લાગે છે. મારા અત્યારસુધીના તર્કો અને ભ્રમોની જાળ કેવી તુચ્છ હતી તેનો મને હવે વિચાર થાય છે. મને સત્યદૃષ્ટિનું જ્ઞાન ગુરૂ આનંદગિરિએ કરાવ્યું એમ હું માનતો હતો, પરંતુ હવે મને લાગે છે એ જ્ઞાનમાં જે ઊણપ હતી તે તમે દૂર કરી છે. કેવા શબ્દોમાં મારે તમારો આભાર માનવો એ જ મને સૂઝતું નથી."

લજ્જાવતી પોતાની અપાર પ્રશંસા થતી સાંભળીને લજ્જાથી નીચું જોઈ ગઈ. રવિશંકર તેને અપૂર્વ આનંદયુક્ત દૃષ્ટિથી જોઈ રહ્યો. શાંતિરાયને તો એ પ્રેમની સાક્ષાત્ પ્રતિમા રૂપે જ દેખાઈ રહી.

પુનઃ મૌન વર્તી રહ્યું. સૌ પોતપોતાના વિચારમાં લીન હતાં. લજ્જાવતીને જે કાંઈ વાતચીત કરવી હતી તે

હવે પૂરી થઇ હતી, એટલે તે મહેમાનોને વિચારમાં જ મૂકીને ઊઠતાં બોલી: "હવે હું જરા જમી લઉં."

પ્રકરણ ૧૧ મું

કુસુમચંદ્રના આડતિયાની મુંઝવણ

❖

હવે જોઇએ કે મુંબઇમાં શું થઇ રહ્યું છે.

કુસુમચંદ્ર સુખેથી ધંધો ચલાવી રહ્યો છે, પરન્તુ ભાઇના વિયોગનું દુઃખ દેખાડવામાં તે ખામી રાખતો નથી. તે પોતાના નિયમ મુજબ સામાયિક રોજ કરે છે, પરન્તુ તે વખતની મનની નવરાશમાં તે પોતાના ધનની ગણત્રી કરવામાં મશગુલ રહ્યા કરે છે. વિદ્યાસાગર પાછો ફરે એવી તેને આશા નથી, છતાં તે પાછો ફરે તો શું કરવું તેની વિચારણા તે કર્યા કરે છે. પોતે કેટલું ધન મેળવ્યું છે તે તે એકલો જ જાણે છે, તેની પત્ની લલિતાને પણ ખબર નથી કે આજે પોતાના સ્વામી પાસે કેટલાં નાણાં છે, તો પછી વિદ્યાસાગરને તો તેની ખબર કેવી રીતે પડવાની હતી? તે કદાચ આવશે, પછી પરણશે, પછી જુદો થતી વખતે ધનનો ભાગ માંગશે એવી ગણત્રી કુસુમચંદ્ર કરતો હતો ત્યારે તેને જરા બેચેની થઇ આવતી હતી. ધનનો ભાગ આપવો એ તેને બહુ ખૂંચતું હતું, પરન્તુ વહેલો કે મોડો આપ્યા વિના ચાલશે નહિ તે તે જાણતો હતો; એટલે ભાઇને કેવી રીતે ઓછામાં ઓછો

ભાગ આપવો પડે તેની ચિંતા કોઈ વાર તેને અકળાવતી. ચિંતા અને મુશ્કેલી અવનવી યુક્તિઓની જનેતા છે. સામાયિકના વખતમાં જે ફુરસદ તેને મળતી તેમાં તે એવી અવનવી યુક્તિઓ શોધતો. એવી લાંબા વખતની શોધને પરિણામે તેણે એક સરસ યુક્તિ શોધી કાઢી હતી. એ યુક્તિ એવી હતી કે વેપારમાં મોટી ખોટ ગઈ હોવાનો દેખાવ કરીને વેપારની નુકસાની માટે એકાદ મોટી રકમ ઉપાડી લઈને કોઈ ન જાણે એવી રીતે બાજુએ મૂકી દેવી અને પછી જે કાંઈ મીલકત રહે તેમાંથી ભાઈને અર્ધો ભાગ આપીને તેને સમજાવી લેવો ! અંગ્રેજી ભણેલાઓને હિસાબ–કિતાબ સમજતાં આવડે નહિ, એટલે વિદ્યાસાગરને વેપારની નુકસાનીનો હિસાબ બતાવવો પડે તોપણ કુસુમચંદ્રને ભય નહોતો. તે હરકોઈ રીતે ભાઈને ફોસલાવીને થોડું ઘણું આપી જુદો કરી શકે તેમ હતું અને એ રીતે મઝિયારી મીલકતનો મોટો ભાગ સુવાંગ રાખી લઈ શકે તેમ હતું.

પણ એવી રીતે વિદ્યાસાગરને ભાગ વહેંચી આપવો પડે એવો વખત પણ આવશે કે નહિ અને આવશે તો ક્યારે આવશે તે કોણ જાણી શકે તેમ હતું ? કુસુમચંદ્રને તો એમ જ લાગતું હતું કે એવો વખત જ નહિ આવે, અને કદાચ આવે તો કેવી યુક્તિથી કામ લેવું તેની જ અત્યારથી તેણે શોધ કરી રાખી હતી. માત્ર લલિતા તેને બહુ પજવ્યા કરતી હતી અને તેથી તે કંટાળતો હતો. વિદ્યાસાગરને શોધાવો, તેને ઝટ ઘેર લાવો, કેમ કશા સમાચાર આવતા નથી, પૈસા ખર્ચો છો તેનું

કેમ કાંઇ પરિણામ આવતું નથી, એવા એવા સવાલો પૂછીને તેને લલિતા અકળાવતી હતી. તેને ઘણા દિવસ ફોસલાવીને કામ લીધું હતું, પરન્તુ હવે તો તેને વધુ ફોસલાવતાંય કુસુમચંદ્રને ગુંચવણ થયા કરતી હતી.

એક વાર તેણે સ્વામીને કહ્યું: “સાંભળ્યું? કહે છે કે સરસ્વતીનું બીજા વેરે વેવીશાળ થતું હતું તે વખતે એકદમ તે બેભાન થઈ ગઈ, તેથી વેવીશાળ અટકી પડ્યું છે. હવે જો વિદ્યાસાગરભાઈનો તુરત પત્તો મળી જાય અને તેમને અહીં લાવી શકાય તો ફરીથી વિદ્યાસાગરભાઈ વેરે સરસ્વતીનું વેવીશાળ થઇ શકે–હજી બીજે તે બંધાઈ નથી.”

“અંહ! એ સરસ્વતી વિના વિદ્યાસાગરને કાંઈ બીજી કન્યા જ મળવાની નથી કે તું આવું બોલે છે? મારા ભણેલા–ગણેલા હોશિયાર ભાઇને માટે વળી કન્યાઓનો શો તોટો છે?” કુસુમચંદ્રે કહ્યું.

“તમે ભલે ગમે તેમ કહો, પરન્તુ વિદ્યાસાગરભાઈ અને સરસ્વતીની વચ્ચે જેવો પ્રેમ છે તેવો પ્રેમ વિદ્યાસાગરભાઇને બીજી કોઈ કન્યા માટે ઊપજવાનો નથી. સરસ્વતી એમને માટે એટલું ઝૂરતી હતી કે ન પૂછો વાત. બૈરાંમાં એવી વાતો વધુ આવે, પુરૂષોને એ વાતની ખબર ન પડે. સરસ્વતી બેભાન થઈ ગઈ હતી તે પણ બીજે ઠેકાણે તેનું વેવીશાળ થતું હતું તેથી જ. એવું જુગતે જોડું–પ્રેમી જોડું તૂટવાને બદલે સંધાયલું રહે તો કેવું સારૂં!”

"સારૂં તો ખરૂં, પણ તે કાંઈ આપણા હાથમાં છે? પણ ફરીથી એ અધૂરી રહેલી વેવીશાળની ક્રિયા કપુરચંદે હજી પૂરી કરી નથી?"

"ના. સાંભળ્યું છે કે સરસ્વતીને સખત તાવ આવે છે."

એટલામાં ટપાલ આવી, એટલે કુસુમચંદ્રને પત્ની સાથેની એ અણગમતી વાતચીતમાંથી છૂટવાની તક મળી. તે ઊઠીને ટપાલના કાગળો લઇ તે વાંચવામાં રોકાયો અને લલિતા દિવાનખાનામાંથી ચાલી ગઈ.

તે દિવસની ટપાલમાં આવેલા એક કાગળે કુસુમચંદ્રને ખૂબ આશ્ચર્યચકિત કર્યો. તે તેના એક જયપુરના આડતિયાનો પત્ર હતો. આડતિયો એક ઝવેરી હતો. તે પત્ર નીચે પ્રમાણે હતો:

"સ્વસ્તી શ્રી મુંબઈ મધ્યે શેઠ કુસુમચંદ્રજીની સેવામાં. જયપુરથી લી. સ્નેહાધીન શેઠ કુંદનમલ સુંદરમલના જયજિનેંદ્ર વાંચશો. અપરંચ લખવાનું કે–શેઠજી, હું એક ભારે મુશ્કેલીમાં આવી પડ્યો છું, અને તેમાંથી છૂટવાને આપની મદદની મને જરૂર પડી છે તેથી આ પત્ર લખવો પડ્યો છે. આ કોઇ ધંધા–વેપારની બાબત નથી પરન્તુ મારી અંગત કૌટુંબિક બાબત છે, તે કોઇને કહી શકાય તેવી પણ નથી; પરંતુ તમારા જેવા મારા મિત્ર અને ખાનદાન સ્નેહીને જણાવવાની હરકત નથી તેથી હું ભારે હૃદયે પણ આપને આ વાત જણાવીને તમારી મદદ માંગું છું. કૃપા કરીને એ વાત આપ કોઈને કહેશો નહિ અને

મને આ બાબતમાં આપની જે મદદની જરૂર છે તે હું જણાવું છું તો કોઈ પણ રીતે એટલી મદદ કરીને મારૂં કામ કરી મને આભારી કરશો એવી આશા છે.

"વીગત એ છે કે મારો વીસ–બાવીસ વરસનો દીકરો સરદારમલ છે, તે કદાચ તમે નહિ જાણતા હો, પરન્તુ આજે એ છોકરાએ મને મોટી મુંઝવણમાં મૂકયો છે. થોડા વખત ઉપર તેની તબીયત નરમ થઈ ગઇ હતી તેથી તેને અહીંની એક હોસ્પીટલમાં રાખેલો હતો, ત્યાંથી તેને એક લફરૂં વળગી ગયું, જેની મને તો પાછળથી ખબર પડી. હોસ્પીટલમાં ઇંદિરા નામની એક મરાઠણ વિધવા નર્સ હતી. એ નર્સ સાથે તેને હોસ્પીટલમાં જ પ્રેમ બંધાઈ ગયો. હોસ્પીટલમાંથી નીકળીને તે ઘેર આવ્યો અને સાજો થયો, ત્યારપછી તે તેને ત્યાં જતો આવતો હશે તેની મને પહેલાં ખબર પડી નહિ પણ પછીથી ખબર પડી. આજે સવારથી સાંજસુધી તે દેખાયો નહિ ત્યારે મેં તપાસ કરાવી તો જણાયું કે તે એ ઇંદિરા સાથે મુંબઈ નાસી ગયો છે અને તેની સાથે તે લગ્ન કરવાનો છે! શેઠજી, મારૂં ઊંચા ખાનદાનનું કુટુંબ, એકનો એક જુવાન છોકરો, તે એક હલકી મરાઠણ વિધવા સાથે નાસી જઇને લગ્ન કરે તેથી મારા હૃદય ઉપર કેટલો આઘાત થયો હશે તેની કલ્પના તમે કરી શકશો.

"હવે આપને જે વિનંતિ કરવાથી છે તે એ છે કે તમે કૃપા કરીને થોડી તસ્દી લો. સરદારમલ જ્યારે જ્યારે મુંબઇ જતો ત્યારે ત્યારે તે કાંતો રામનાથ લૉજમાં અને

ક્યાંતો આનંદભવન લૉજમાં ઊતરતો, તે ઉપરથી હું માનું છું કે એમાંના જ કોઈ એક સ્થળે તે ઇંદિરાની સાથે ઊતર્યો હશે. તેને તમે ઓળખી શકો તેટલા માટે હું તેની નિશાની આપું. તે શરીરે ભરાવદાર અને ઉંચો છે, ચસ્મા પહેરે છે; તેણે લાલ હાફકોટ પહેર્યો હશે અને પગે સાંકડી બાંયનો સુરવાળ હશે. તેના ગાલ પર એક કાળો તલ છે. મૂછો આછી અને ટુંકી રાખે છે. તેની સાથેની ઇંદિરા ઊંચી અને પાતળી છે. બહુ જ રૂપાળી છે. અહીં તો દક્ષિણી કચ્છબંધ સાડી પહેરતી, પણ ત્યાં કદાચ તેણે વેશ બદલાવ્યો હશે અને અમારા દેશનો મારવાડી ચણિયો અને ઓઢણી પહેર્યાં હશે. તેનું મ્હોં લંબગોળ અને ભરાવદાર છે. નાક લાંબું અને અણીદાર છે. કદાચ સરદારમલે પોતાના પહેરવેશમાં કાંઈ ફેરફાર કર્યો હોય તો તે પણ સંભવિત છે, પણ તેનાં શરીરનાં ચિહ્નો ઉપરથી તમે તેને ઓળખી શકશો એમ હું ધારૂં છું.

"તમારે સરદારમલને મળવું અને ખૂબ સમજાવવો. અમારૂં કુળ કેવું, નાત જાત કેવી, આબરૂ કેવી, વેપારી માણસ, એવા કુટુંબનો છોકરો એક હલકી જાતની વિધવાને પરણે તો કેવું ખરાબ કહેવાય, નાત-જાતમાં આબરૂ જાય, સગાં-સ્નેહી અમને ન્યાતબહાર અને કુટુંબ બહાર મૂકી દે અને આખી જીંદગી હેરાન થવું પડે, એવી બધી વાતો તમે તેને સમજાવજો અને ઇંદિરાને છોડી દેવા ખૂબ કહેજો. કોઇ પણ ઉપાયે તે ઇંદિરાને પરણે નહિ અને તેને છોડી દઇને અહીં એકલો આવે એટલું કામ તમે જો કરશો તો હું તમારો જિંદગીભર ઋણી થઇશ. તમે

મને ધંધામાં લાખો રૂપિયા રળાવ્યા હોય અને મને જેટલો આનંદ થાય તેટલો આનંદ સરદારમલને પરણ્યા વિના અહીં એકલો મોકલી આપશો તો થશે. વધારે તો શું લખું ?

" એક બીજી વાત કહું. એ રાંડને સરદારમલથી છૂટી પાડતાં કાંઈ ખર્ચ કરવું પડે તોપણ કશી હરકત નથી. બીજું તો કાંઈ નહિ પણ એ રાંડ સરદારમલને ગળે પડે અને તેને કાંઈ રકમ આપીને મનાવી લેવી પડે તો તે આપવામાંય હરકત નથી. એકથી દસ હજાર રૂપિયા સુધી તે માટે ખર્ચ કરવાની તમને મારી પરવાનગી છે. જે ખર્ચ થાય તે તમે મને લખી જણાવજો એટલે હું અહીંથી હુંડી બીડી દઇશ. પણ હરકોઈ ઉપાયે અને જોખમે એ બેઉને છૂટાં પાડવાં, પરણવા દેવાં નહિ અને સરદારમલને તમારે અહીં મોકલી આપીને મને તારથી ખબર આપવી.

" આ કામ આપને બતાવવાનું કારણ એ છે કે પાંચ–સાત દિવસથી મારા શરીરે સંધીવા થયો છે તેથી બિછાનેથી ઊઠવાની પણ મારામાં શક્તિ રહી નથી. આ કામ મારે જાતે જ કરવા જેવું છે તે હું જાણું છું, બીજા કોઇને આવું નાજુક કામ સોંપવામાં જેમ જોખમ રહેલું છે તેમ મુશ્કેલી પણ રહેલી છે, પરંતુ મારો અને આપનો સંબંધ જોતાં અને તમારા પરનો મારો પૂરો વિશ્વાસ હોઇને આવું કામ હું આપને સોંપવા તૈયાર થયો છું. આપને જ સોંપ્યા વિના મારો છૂટકો નથી. જો મારૂં શરીર સારૂં હોત અને હરીફરી શકાતું હોત તો આ કામ

મારે જ કરવા જેવું છે એ હું સમજું છું, પરંતુ શેઠજી! હું શું કરૂં? ચિંતાથી ઘેરાઇ ગયો છું અને માંદગીથી એટલો લાચાર બની ગયો છું કે આ કાગળ પણ મારે ગુમાસ્તા પાસે લખાવવો પડયો છે. મારી આ સ્થિતિ સમજીને આપ મારૂં કામ કરવાની તકલીફ લેશો એવી આશા ઉપર અને મહાવીર પ્રભુ ઉપર ભરોસો રાખીને હું એક–એક ક્ષણ ચિંતામાં પસાર કરી રહ્યો છું એ ઉપરથી આપ બધું સમજી જશો. મારા સરખું કામકાજ ફરમાવશો. હેતપ્રીતમાં વધારો કરશો. ત્યાં વિરાજતાં સાધુ-સાધ્વીને મારી વતી વંદના કરી સુખશાતા પૂછશો. વૈશાખ સુદ ૧૨ ને બુધવાર દઃ જગુમલ સાંગીમલના જયજિનેંદ્ર.”

આ પત્ર વાંચીને કુસુમચંદ્ર સાશ્ચર્ય વિચારમાં પડી ગયો. તેણે ફરીથી પત્ર વાંચી જોયો. કુંદનમલની સ્થિતિ દયાજનક થઈ પડી ખરી, પરન્તુ કુસુમચંદ્રને તેની ઉપર ખાસ દયા આવે તેમ નહોતું, છતાં વેપાર વહેવારની દૃષ્ટિએ આડતિયો કોઇ વાર આવું અંગત કામ બતાવે તો તે કરવું જોઇએ એમ તેને લાગ્યું ખરૂં. કુસુમચંદ્રને મન તે એક વહેવાર હતો, લાગણીનો પ્રશ્ન નહોતો. તેણે એ આખો પત્ર લલિતાને બોલાવી તેને વાંચી સંભળાવ્યો, ત્યારે આ વિચિત્ર કિસ્સો વાંચતાં તેને મનમાં ને મનમાં હસવું આવતું હતું, પરન્તુ લાગણીશીલ લલિતા તો રડવા જેવી થઈ ગઈ. કુંદનમલનું દુઃખ તેની સહાનુભૂતિ આકર્ષી રહ્યું હતું. તે બોલીઃ “ખરેખર, આપણા એકના એક વિદ્યાસાગર જતા રહ્યા તેથી આપણને આટલું દુઃખ થાય છે, તો એકનો

એક દીકરો આમ કરવા ઊભો થાય અને તેટલા માટે નાસી જાય તો આપણને કેમ દુઃખ ન થાય ? જરૂર, તમે જાઓ અને એ છોકરાને સમજાવીને તેને જેપુર પાછો મોકલી બાપ–દીકરાને ભેગા કરી બાપનો આશીર્વાદ લો."

"હા, હા, હું જરૂર એનું કામ કરવાનો છું અને હમણાં જ જઉં છું. એમાં આપણે કયાં પૈસો ખર્ચવાનો છે ? એનો બાપ ખર્ચવા તૈયાર થયો છે તો આપણને કશો વાંધો નથી. સ્નેહી માણસનું આટલું કામ કર્યું હોય તો ધંધામાંએ આપણને તે કોઈ વાર લાભ કરી આપે."

લલિતાને જેમાં આશીર્વાદ મેળવવા જેવું પુણ્ય કાર્ય લાગતું હતું, તેમાં કુસુમચંદ્રને ધનનો લાભ દેખાતો હતો !

કુસુમચંદ્રે તુરત કપડાં પહેર્યાં. જરા સંભારીને, પૂરો ખ્યાલ રાખીને, તેણે કેટલીક નોટો પણ સાથે લઈ લીધી, કે જેથી જો સરદારમલ પહેલે જ તડાકે મળી જાય તો તુરત ને તુરત એ કામ પતાવી દઇને સરદારમલને સીધો જયપુર પહોંચાડી દેવાની સગવડ મળે. એવા કામમાં લાંબા દહાડા ન ગાળવા જોઇએ એમ પણ તેને લાગતું હતું.

પ્રકરણ ૧૨ મું

સરદારમલ અને ઈંદિરા

કુસુમચંદ્ર રામનાથ લૉજમાં ગયો અને તેના મેનેજરને પૂછ્યું : " જયપુર તરફથી કોઈ મારવાડી જુવાન આવીને

તમારા લૉજમાં ઊતર્યો છે? કાલે કે આજે સવારે આવ્યો હોવાનો સંભવ છે.”

મેનેજરે બેઉ દિવસનું ઊતારૂઓનું લીસ્ટ તપાસ્યું અને જવાબ આપ્યો : “જયપુરથી કોઈ આવ્યું નથી. ઈંદોરનો એક ગૃહસ્થ ઊતર્યો છે.”

કુસુમચંદ્ર ચતુર હતો. તેને લાગ્યું કે કદાચ તેણે જયપુરને બદલે ઈંદોરનું વતન લખાવ્યું હોય. એટલે તેણે પૂછ્યું : “ તેમનું નામ શું છે?

“ લાલા ભાગચંદજી.”

“ એકલા છે કે સાથે કોઇ છે?”

“એકલા છે, સાઠેક વર્ષની ઉમરના છે.”

કુસુમચંદ્ર તુરત ત્યાંથી વળી નીકળ્યો કારણકે સરદારમલે નામ–ઠામ બદલાવ્યું હોય તોપણ તે સાઠ વર્ષનો હોઇ શકે નહિ એટલે એ કોઈ બીજો જ માણસ હોવાની તેને ખાત્રી થઇ. ત્યાં બીજો કોઇ મારવાડ તરફનો નવો ઊતારૂ નહોતો, એટલે તે આનંદભવન લૉજમાં જઈ પહોંચ્યો અને ત્યાં પણ એ જ પ્રમાણે પૂછગાછ કરી.

મેનેજરે કહ્યું: “જયપુરના સરદારમલ તો અહીં કોઈ આવ્યા નથી, પરન્તુ અજમેરથી એક ચંદનમલ આવીને પોતાની સ્ત્રી સાથે ઊતર્યા છે.”

“એ સ્ત્રીનું નામ શું છે?” કુસુમચંદ્રે કાંઇક આશા બંધાતાં પૂછ્યું.

“એ કાંઇ અમે જાણવા બેઠા છીએ?” મેનેજરે ચીડાઇને કહ્યું: “માસ્તર અને મીસીસ ચંદનમલ એટલું

અમે અમારા ખપ પૂરતું લખ્યું છે. બીજું કાંઇ અમે જાણતા નથી."

કુસુમચંદ્રે પૂછ્યું: "એમની ઉંમર કેટલી છે?"

"હશે પચીસેક વર્ષની."

"બાઇ દક્ષિણી છે?"

"ભલા માણસ! તમે કોઈ પોલીસના માણસ છો કે શું?"

"નહિ, નહિ, મારા એક સ્નેહી આજકાલ આવવાના હતા, તે અહીં ઊતર્યા છે કે નહિ તેની તપાસ માટે આવ્યો છું."

"તો જાઓ, જોઈ લ્યો ૧૨ નંબરની રૂમમાં, તમારા સ્નેહી હોય તો મળી લ્યો અને ન હોય તો ઘરનો માર્ગ મોકળો છે." એમ કહી મેનેજરે રજીસ્ટર બંધ કર્યું.

કુસુમચંદ્ર અંદર ચાલ્યો. બાર નંબરની ઓરડી શોધી કાઢી. તેણે દૃષ્ટિ કરી તો બારણાની આડે પડદો પાડેલો જણાયો અને અંદર કોઈની હરફર થતી જણાઈ.

તેણે પડદાને સહેજ હડસેલીને વિનયથી પૂછ્યું: "અહીં જયપુરના કોઇ મહેમાન ઊતર્યા છે?"

એક ગોળ ટેબલની પાસે પડેલી ખુરશીમાં એક જુવાન બેઠો હતો તેણે જવાબ આપ્યો: "નહિજી, અહીં અજમેરના મહેમાન ઊતર્યા છે."

પણ કુસુમચંદ્રે જોઇ લીધું કે એ રૂમની દૂરની બારી પાસે એક મારવાડી ઊંચી ને પાતળી બાઈ મ્હોં બીજી બાજુએ કરીને ઊભી હતી અને જે જુવાને તેને જવાબ

આપ્યો હતો તે કુંદનમલે લખી જણાવેલા વર્ણન પ્રમાણે સરદારમલને મળતો જ હતો ! તે શરીરે પુષ્ટ હતો, પ્રમાણમાં ઉંચો હતો, નાક પર ચશ્મા હતા અને ગાલ પર કાળો તલ હતો. તેણે અત્યારે કોટ પહેર્યો નહોતો પરન્તુ ખુંટી પર લાલ હાફકોટ લટકતો હતો. તેણે પગે પાયજામો પહેર્યો હતો અને મૂછો ટુંકી રખાવી હતી. આ બધું જોઈ લેતાં કુસુમચંદ્રને માત્ર બે જ ક્ષણ લાગી. એટલામાં પેલી સ્ત્રીએ તેના તરફ જોયું તો ખરેખર એ જ ઇંદિરા હશે એવી તેની ખાત્રી થઈ ગઇ. તેણે દક્ષિણી પોશાક કાઢી નાંખીને મારવાડી પોશાક પહેર્યો હતો, અને લૉજમાં ઊતરવા માટે તથા પતિ-પત્નીના જોડા તરીકે ઓળખાવા માટે એ વેશબાદલો તેને કરવો પડ્યો હોય એ સ્વાભાવિક હતું. પરન્તુ સરદારમલે કાંઇ પોશાક બદલ્યો નહોતો. સુંદર અને લંબગોળ ચહેરાવાળી ઇંદિરાને જોતાં જ કુસુમચંદ્રને ખાત્રી થઇ કે ભાઇસાહેબ અને બાઈસાહેબે ભલે નામ-ઠામ બદલ્યાં હોય, પણ તેઓ જ સરદારમલ અને ઇંદિરા છે. પહેલે જ તડાકે તેમને પોતે શોધી શક્યો અને તેમની કરામતની આરપાર દૃષ્ટિ કરીને તેમને પોતે ઓળખી ગયો એવું મનમાં આવતાં તેને વિજયનો આનંદ થયો અને હસતે મુખે પડદો વધુ ખસેડીને તે અંદર દાખલ થયો, એટલે સરદારમલે પૂછ્યું: “આપને કોનું કામ છે?”

“તારૂં જ કામ છે, ભાઈ સરદારમલ!”

“ના-ના-ના, હું-હું સરદારમલ નથી; મારૂં નામ ચ-ચ-ચંદનમલ છે!”

"હા ભાઈ હા, હું જાણું છું તારી કરામત! પણ હવે મારા જેવા તારા હિતેચ્છુ સ્નેહી પાસે વધારે બનાવટ શાને કરે છે? જયપુરના કુંદનમલ શેઠનો સરદારમલ તું છે તે મારી જાણ બહાર નથી! અને જો, મારાથી બ્હીવાની જરૂર નથી. હું પોલીસનો માણસ નથી, પણ તારા પિતાનો આડતિયો કુસુમચંદ્ર છું."

પોતાનો બધો કસબ ફીક્કો પડી જવાથી ગભરાઇ ગયો હોય તેમ સરદારમલનો ચહેરો ફીક્કો પડી ગયો. ઇંદિરા પણ બારી પાસે ઊભી ઊભી સ્તબ્ધ બનીને ફાટી આંખે–ભયપૂર્વક કુસુમચંદ્રને જોઈ રહી. તેના મુખમાંથી તો એક શબ્દ પણ નીકળ્યો નહિ.

સરદારમલને પણ કશું બોલવાની હવે હિંમત રહી નહોતી. છતાં કાંઈક બોલવું જોઇએ એમ જાણીને તે બોલ્યો: "આપે અહીંસુધી આવવાની તકલીફ લેવાની કશી જરૂર નહોતી. અહીં લોજમાં મને આનંદ છે અને પૂરી સગવડ છે."

"ભાઈ, હું તને મારે ત્યાં મહેમાન બનાવવાને તેડી જવા નથી આવ્યો. તું શામાટે મુંબઈ આવ્યો છે, શામાટે તેં નામ–ઠામ બદલાવ્યાં છે, તે બધું હું જાણું છું."

હવે તો સરદારમલ બહુ જ ગભરાઇ ગયો. પોતાના લગ્નની આડે આ એક મોટું વિઘ્ન આવીને ઊભું રહ્યું તેથી તે અત્યંત નાસીપાસ થઈ ગયો હોય તેમ તેનો ચહેરો ઊજળો પૂણી જેવો બની ગયો.

કેટલીક વારે તેણે કુસુમચંદ્રને પૂછ્યું: "પિતાજીએ તમને પત્ર લખ્યો છે?"

“હા, અને તેને આધારે જ હું તને શોધતો શોધતો અહીં આવ્યો છું.”

“પિતાજીએ તમને પત્રમાં શું લખ્યું હશે તે હું સમજી શકું છું. પરન્તુ કુસુમકાકા! હવે બીજું કશું થઈ શકે તેમ નથી. અમારો નિશ્ચય અડગ છે અને એ કોઈ પ્રકારના ભયથી કે લાલચથી મિથ્યા થાય તેમ નથી.”

“એટલે તેં આ ઇંદિરા બાઈ સાથે પરણવાનો નિશ્ચય કર્યો છે, એમ ને?”

“હા, એમ જ.” હવે લાજ–સંકોચ મૂકીને સરદારમલ હિંમતથી બોલતો હોય તેમ જણાયું. તે આગળ બોલ્યો: “રાત્રે નવ વાગતાં આર્યસમાજ આશ્રમમાં અમારો લગ્નવિધિ થવાનો છે અને તે માટેની બધી વ્યવસ્થા કરીને હમણાં જ હું પાછો ફર્યો છું.”

કુસુમચંદ્ર ધીરજ અને સમજાવટના મધુર સ્વરે બોલ્યો: “મારે તો તારી સાથે થોડી વાતચીત જ કરવી છે.”

“કહો, આપ મારા મુરબ્બી અને હિતસ્વી છો. આપ કહેશો તે સાંભળવા હું તૈયાર છું.”

કુસુમચંદ્ર બોલ્યો: “જો ભાઈ! તારા આવા વર્તનથી તારા પિતાને બહુ દુઃખ થયું છે. તું પરનાતની બાઈ સાથે લગ્ન કરે તેનું શું પરિણામ આવે તે તું જાણે છે? તારા પિતાની લાખોની મીલકત તને મળશે નહિ....”

સરદારમલ ઉશ્કેરાઈને એકદમ વચમાં બોલી ઊઠ્યો: “કાકાશ્રી! મને એ ધમકી ન બતાવશો. મારા બાવડામાં

મારું ભરણ–પોષણ કરવાનું બળ છે, હું પિતાની મીલકતની જરાએ પરવા કરતો નથી. એમની લાખોની મીલકત ભલે તેમની પાસે રહે અને સુખે ભોગવે. મને તે જોઈતી પણ નથી. મીલકતની લાલચથી હું મારા શુદ્ધ પ્રેમના પાત્રને છોડી દઉં એવી તમે સ્વપ્ને પણ આશા રાખશો નહિ.”

“ભાઈ, તું ઉતાવળો ન થા, મારું જરા સાંભળી તો લે. પહેલી વાત તો એ કે તારા આવા કૃત્યથી તું ન્યાત-જાતથી બહિષ્કૃત થઈશ, તારા પિતાજી અને બધું કુટુંબ ન્યાત–જાતમાં નહિ રહેવાથી કોઈ ન્યાતીલો તેમની સાથે વહેવાર રાખશે નહિ. તારા સિવાય તેમને બીજાં કોઈ સંતાનો નથી એટલે ન્યાત–જાતમાં કોઈને પરણાવવાનાં નથી એટલું ઠીક છે, પરન્તુ તું જાણે છે? ન્યાતની બહાર થએલાઓનાં મુડદાં ઉચકીને બાળવા લઈ જવા પણ ન્યાતીલાઓ તૈયાર થતા નથી. એટલે તારા પિતાનું મોત બગડશે અને આખા કુટુંબની નાલેશી થશે.”

“ન્યાતીલાઓની મને પરવા નથી. હું ગમે તેને પરણીશ, ગમે ત્યાં જઈશ, જંગલની ઝુંપડીમાં વસીને સૂકો રોટલો ખાઈશ, પરન્તુ હું મારા પિતાનું મોત કોઈ રીતે બગડવા દઈશ નહિ. હું મારા પિતાને મન ગમે તેવો હોઈશ, પરંતુ મને જન્મ આપનાર એ પિતા છે, તેમને હું જરાએ દુઃખ પડવા દઈશ નહિ. તેમની પ્રત્યેની મારી ભક્તિ જરાએ ઓછી થવાની નથી. ન્યાતીલાઓ અમારો બહિષ્કાર કરશે તો વૃદ્ધાવસ્થામાં મારા પિતાની સેવા હું અને મારી ઈંદિરા ભક્તિભાવે કરીશું અને

તેમનું મુડદું બાળવા કોઈ નહિ આવે તો અમે તે ઊચકી લઈ જઈશું અને તેમને સદ્ગતિએ પહોંચાડીશું; પરન્તુ એવા કોઇ કાલ્પનિક ભયથી કે ન્યાતીલાઓના ભય તથા અત્યાચારથી ડરી જઇને અમે અમારા પ્રેમનો ત્યાગ હરગીજ કરીશું નહિ.” સરદારમલે દૃઢતાથી જવાબ આપ્યો.

કુસુમચંદ્ર સરદારમલ સાથે આ પ્રમાણે વાતચીત કરી રહ્યો હતો, ત્યારે ઈંદિરા ઊભીઊભી તેમને ટગરટગર માત્ર જોઇ જ રહી હતી. તેના વદન પર એકસરખી રીતે સ્તબ્ધતા પ્રસરી રહેલી હતી.

કુસુમચંદ્રે કહ્યું: “એ પણ ઠીક, પરન્તુ એક બીજો વિચાર તારે કરવાનો છે. તું રહ્યો ઓસવાળ વણીક; આ બાઇ મરાઠા જાતની; તમે પરણશો એટલે તમને સંતાન પણ થવાનાં, એ સંતાન કઈ જાતનાં થશે અને કઇ ન્યાતમાં રહેશે ? જગતમાં તેઓ કયા સમાજમાં રહી પોતાનો નિભાવ કરશે ? તેઓ પરણશે કઈ ન્યાતમાં અને તેમને જીવનમાં સુખ-દુઃખના પ્રસંગોમાં કયાં સ્વજનોની હૂંફ મળી શકશે ? સરદારમલ ! જગતમાં એકલા માણસનું કશું મૂલ્ય નથી. સમાજથી બહિષ્કૃત થએલા અને સ્વજનો વિનાના માણસને ગમે તેવા સ્થૂળ સુખની વચ્ચે જીવતાં નરકનું દુઃખ ભોગવવું પડે છે. તારા જેવાં લગ્નોથી ઉત્પન્ન થએલાં સંતાનોનો સમાજમાં કશો ભાવ ન પુછાયાથી તેઓ મુસલમાન અને ખ્રિસ્તી થઈ ગયાના દાખલા તને જોઇએ તેટલા હું આપી શકું તેમ છું. વિશેષ નહિ તો ભાવિ સંતાનોના કલ્યાણ માટે પણ આવાં લગ્નો અનિષ્ટ

છે. તને ન્યાત-જાતમાંથી કન્યા મળી શકે તેમ છે. આ બનાવથી તારી જરા ગેરઆબરૂ થઈ છે, પણ હજી પણ જો તું પાછો જાય અને આ લગ્ન કરવાનો વિચાર મૂકી દે તો તારો પિતા તને મનગમતી કન્યા સાથે પાંચ-પચીસ હજારનું ખર્ચ કરીને પણ પરણાવવા તૈયાર છે. યાદ રાખજે, આજે તો તમે પ્રેમલગ્નની મોટી વાતોનાં સ્વપ્નાં સેવો છો, પરન્તુ જ્યારે તમને સંતાનો થશે, એ સંતાનો અનિષ્ટ લગ્નના ફળ રૂપે સમાજમાં ઓળખાશે અને જ્યારે તેમનો કોઇ ભાવ પણ નહિ પૂછે, ત્યારે એ જ સંતાનો પોતાનાં માબાપોને ગાળો દેશે! એ જ સંતાનોનું અકલ્યાણ તમે તમારી એક પ્રકારની ઘેલછાને વશ થઈને કર્યું એમ તેઓ કહેશે અને પછી તમને એવા શાપ આપશે કે તમે સ્વર્ગમાં ગયાં હશો તો ત્યાં પણ તમને નરકના જેવા દુઃખનો અનુભવ થશે!"

આ સાંભળતાં જ ઇંદિરાના મુખમાંથી હવે વાચા ફૂટી. તે બોલીઃ "અમારાં સંતાનોના કલ્યાણની ચિંતા અમારા સિવાય બીજા કોઇએ કરવાની જરૂર નથી. એ વિચાર અમે કરી ચૂક્યાં છીએ, અને અમારાં સંતાનોના સુખનો માર્ગ અમે વિચારી ચૂક્યાં છીએ. તમારી એ પ્રકારની ધમકી કે સમજાવણી અમને કશી અસર કરી શકે તેમ નથી."

કુસુમચંદ્ર આ બાઇની દૃઢતાભરી વાણી સાંભળીને ક્ષણભર તેને જોઈ રહ્યો અને બોલ્યોઃ "બાઇ, તમને આમાં કશું ખોવાનું નથી એટલે તમે ગમે તે કહો, પણ જે કાંઈ

ખોવાનું કે દુઃખ વેઠવાનું છે તે સરદારમલને જ છે, એટલે જે કાંઈ મારે કહેવાનું છે તે તેને કહેવાનું છે–તમને કશું નહિ. તેનાં કુળ–પ્રતિષ્ઠાનો જો તમે વિચાર કરો તોપણ તમને લાગશે કે તમે એક સારા કુટુંબના નબીરાનું જીવન ખરાબ કરી રહ્યાં છો. તમારા પ્રેમિકનું હિત જો તમે ઇચ્છતાં હો, તો તમારે તો આત્મભોગ આપીને કહેવું જોઈએ કે મારો વિચાર કર્યા વિના તમને જેમ સુખ થાય તેમ કરો. ખરો પ્રેમ તો એનું નામ કે જેમાં સ્વાર્થની વાત ન હોય પણ પોતાના પ્રેમપાત્રનું કલ્યાણ કરવાની જ વાત હોય. તમે પણ હોશિયાર બાઈ છો, બધું સમજી શકો છો.”

“કાકાશ્રી! તમે એને કશું કહેશો નહિ. અમે કાંઈ કોઈ સ્વાર્થ માટે એક બીજાંને ફસાવ્યાં નથી, માત્ર શુદ્ધ પ્રેમે જ અમને આ માર્ગ દાખવ્યો છે. તે એક વાર મારા હિતની કલ્પનાથી આ લગ્નના વચનમાંથી મને છૂટો કરવાની હા કહે તોપણ હું તેને કદાપિ છેહ દેવા તૈયાર થઉં નહિ. તે પણ મારા કરતાં ઓછા આબરૂદાર કુટુંબની બાઈ નથી. તેના દાદા વડોદરાના મહારાજા મલ્હારરાવના લશ્કરના સેનાપતિ હતા, તેના પિતા રત્નાગીરી જીલ્લાના એક જમીનદાર હતા, તે પોતે સારી પેઠે અંગ્રેજી ભણીને આપબળથી આગળ વધેલી બાઈ છે; આ લગ્નથી સમાજમાં તેની પણ ગેરઆબરૂ થશે પણ અમે કોઈ એવી ગેરઆબરૂની પરવા કરતાં નથી. ખોવાનું હોય તો અમારે બેઉને સરખું જ ખોવાનું છે. પરન્તુ અમારો પ્રેમ અડગ છે અને એ પ્રેમ જ અમારૂં જીવન છે અને મૃત્યુસુધી તે રહેશે.”

કુસુમચંદ્રને લાગ્યું કે આ તલમાંથી તેલ નીકળે તેમ લાગતું નથી. હવે તેણે છેલ્લો દાવ અજમાવવાનું વિચાર્યું. તેણે કહ્યું: "હવે બીજી લાંબી–ટૂંકી વાત જવા દે. તને છેલ્લો શબ્દ કહ્યા પહેલાં મારે એટલું પૂછવાનું છે કે આ બાઇને છોડી દેવાનો કોઇ પણ માર્ગ છે?"

"ના, ના, ને ના!" સરદારમલે સાફ ના સુણાવી દીધી.

"તો હવે સાંભળી લે. તારા પિતાના પત્રથી હું તને સમજાવવા આવ્યો છું. તું સમજી શકે તેમ નથી અને આ લગ્ન છોડવા તૈયાર નથી એવું હું તારા પિતાને તારથી જણાવીશ, તે જ ક્ષણે તને જયપુરથી બીજો તાર મળશે કે–તારા પિતાએ આત્મહત્યા કરી છે, માટે તેમનો અગ્નિસંસ્કાર કરવા જયપુર આવ!"

"હેં! હેં!" સરદારમલ એકદમ ગભરાઇ ગયો.

"ખરેખર, એમાં જરાએ શંકા નથી. તે મને એ વાત લખી ચૂકયા છે. જે ક્ષણે તું અહીં લગ્ન કરતો હોઇશ તે વખતે તારા પિતા મૃત્યુનાં છેલ્લાં ડચકાં લઇ રહ્યા હશે એ નિશ્ચિત છે, કારણકે તેમના મન ઉપર આથી ભયંકર અસર થઇ રહી છે!"

ભયચકિત થઇ ગએલા સરદારમલે ઇંદિરા ભણી ચિંતાતુર દૃષ્ટિ કરી. ઇંદિરા પણ ઓશિયાળી થતી પોતાના પ્રેમિકને જોઇ રહી.

કુસુમચંદ્રને લાગ્યું કે આ તુક્કો કદાચ કાર્યકર નીવડે અરે! પિતા પ્રત્યે પુત્રનો ભક્તિભાવ હતો, એટલે જ

તેણે બરાબર તાકીને આ તીર લગાવ્યું હતું અને તેની કાંઈક અસર થતી જણાતી હતી.

કુસુમચંદ્રે કહ્યું : " હવે તમે બેઉ વિચાર કરીને મને છેવટનો જવાબ આપી દો, એટલે હું ચાલ્યો જઉં. "

સરદારમલની આંખોમાં આંસુ ભરાવા લાગ્યાં. તેણે ઇંદિરા સામે મીટ માંડીને ઉદ્‌ગાર કર્યો : " ઇંદિરા ! "

" શું કહો છો ? "

" આ ધર્મસંકટ....પણ ના, ગમે તેમ થાય, હું તને દગો નહિ દઉં....પણ પિતાજી આપઘાત કરે.... ઓ પ્રભુ ! મને કાંઈ માર્ગ સુઝાડ, મારી મતિ ચાલતી નથી ! હું શું કરૂં ? હોસ્પીટલમાં જ મારૂં મૃત્યુ થયું હોત તો કેવું સારૂં થાત ! "

" એવું અમંગળ ન બોલો સરદારમલ ! તમે મૃત્યુ પામ્યા હોત તો હું કયાંથી જીવતી રહી શકી હોત ? "

" હવે હું શું કરૂં ? મને કાંઈ માર્ગ બતાવ. એક બાજુએ પ્રેમિકા, એક બાજુએ પિતા....આ સંકટ નથી વેઠાતું, ભગવાન ! "

" તમારૂં સંકટ એ મારૂં પણ સંકટ : પણ જો હું જ તમને સંકટ રૂપ લાગતી હોઉં.... " અને ઇંદિરા એકદમ રડી પડી.

સરદારમલ એકદમ ઊઠ્યો અને ઈંદિરાનાં આંસુ પોતાના રૂમાલ વડે લૂછતો બોલ્યોઃ " એમ તું ગભરા નહિ, ઈંદિરા ! હું તને જરાએ દુઃખી નહિ થવા દઉં :

આટલે સુધી આગળ વધ્યા પછી હું તને રઝળાવું એ શું બનવાજોગ છે? માટે હિંમત રાખ!"

"હું હિંમત કેવી રીતે રાખી શકું? પિતા પ્રત્યેની લાગણીની વાત આવતાં તમે ડગી જાવ છો! ઓ ભગવાન, હવે મારું શું થશે? મેં ઘર છોડયું, નોકરી છોડી, બદનામી લીધી......."

"ઇંદિરા! ઇંદિરા! તું કલ્પાંત ન કર, તેથી મારું કાળજું કપાઈ જાય છે. હું તને ચાહું છું, મૃત્યુ સુધી ચાહીશ, માત્ર પિતાજીના આપઘાતની વાત......."

કુસુમચંદ્ર મિઠાશથી બોલ્યોઃ "જુઓ ઇંદિરાબાઇ! તમે સમજુ છો, એટલે તમને કહું છું. એક વૃદ્ધ પિતાના આપઘાતનું પાપ વહોરવાને બદલે તમે બીજા કોઇ જુવાનને પસંદ કરીને પરણો......."

ઇંદિરા એકદમ વાઘણની પેઠે ઘુરકતી બોલીઃ "એટલે? તમે એ શું કહેવા માંગો છો? શું હું ઘર–ઘર ભટકનારી વેશ્યા છું કે એક ને બદલે બીજાની વાત કરો છો?"

"નહિ, નહિ, બાઈ! મારા કહેવાનો ભાવાર્થ જુદો છે." કુસુમચંદ્ર ઇંદિરાના ઘુરકાટથી ડઘાઈ ગયો હતો એટલે તેણે ફેરવી તોળવા માંડયું. તે બોલ્યોઃ "હું તો એમ કહું છું કે તમારો બેઉનો પ્રેમ સાચો છે, પરંતુ પોતાના પ્રેમિકનું અમંગલ થવા દેવાનો મુશ્કેલ પ્રસંગ ઊભો થાય ત્યારે તમારા જેવાં સતી–સન્નારીનો એ ધર્મ છે કે પોતાની મેળે જ પ્રેમિકને વચનમાંથી મુક્ત કરીને તેનું મંગળ ઇચ્છવું, તેના કષ્ટનું નિવારણ કરવું."

સરદારમલ બોલ્યો: “ હું પણ એમ જ કહું છું, ઇંદિરા ! એક પિતૃભક્ત પુત્ર સાથે તારો પ્રેમ જોડાયો, એ જ દુર્દૈવ છે. પિતાના જીવન કે મૃત્યુની પરવા વિનાનો યુવાન જો હું હોત, તો જ તારો પ્રેમિક થવાને હું વધારે યોગ્ય હતો એમ હવે મને લાગે છે.”

“ ત્યારે એમ જ કહોને કે તમે મને છોડી જવા માંગો છો ! ” એમ બોલતાં ઇંદિરા ધ્રુસકે રોઇ પડી.

આ બાજુએ કુસુમચંદ્રને પોતાનો પાસો સફળ પડવાની આશા બંધાવા લાગી હતી.

ઇંદિરા આંસુ લૂછતી બોલી: “ સરદારમલ ! હું નહોતી ધારતી કે તમે આવા ઢીલા મનના હશો. પિતાના આપઘાતનો એક તુક્કો આવ્યો કે તમે ફફડી ગયા ! પણ તમે મને છોડી દેશો તો હું પણ આપઘાત કરીશ, એ તમે નક્કી માનજો; અને પછી તમને સ્ત્રીહત્યાનું પાપ લાગશે.”

“ નહિ, નહિ, ઇંદિરા ! મારા પ્રાણ ! તું એવું સાહસ ન કરીશ, અને તું એમ કરીશ, તો શું હું જીવતો રહીશ એમ તું માને છે ? ”

“ તમે શામાટે આપઘાત કરો ? તમારે તો પિતાની સેવા કરવાને જીવવું જોઇએ ને ! હું જ માત્ર વધારાની છું એટલે મરું તો ય વાંધો નહિ ! સરદારમલ ! એક ભલી-ભોળી સ્ત્રીને તાડ પર ચડાવીને ભોંયે પાડવાથી તે કદાપિ જીવતી ન રહે હોં ! સ્ત્રીઓનાં હૃદય તમારા જેવાં કઠણ નથી હોતાં ! ”

"અને તારૂં હૃદય તો અત્યંત નરમ છે તે હું જાણું છું. પણ હવે મારી તને એક જ વિનંતિ છે કે બસ, હવે તું મને ભૂલી જા........"

"હં અ ! સરદારમલ ! ભૂલી જા કહેવું સહેલું છે પણ આચરવું કઠણ છે, તે જાણો છો ? હું તો તમારી વણપરણી અર્ધાંગના છું, તે તમને કેવી રીતે ભૂલી જઉં ? હું ફરી જયપુરમાં જઇને મ્હોં શું બતાવું ? અને બીજે હું જઉં ક્યાં ? કોઇ સગું મને સાથે રાખે નહિ, મને કોઇ નોકરી આપે નહિ, મારી બદનામીથી જ હવે મારે જીવનમાં ભૂખ્યા પગ ઘસીને જિંદગી પૂરી કરવાનો વખત તમે લાવી મૂક્યો, સરદારમલ ! તમને આવા નિર્દય મનના મેં નહોતા ધાર્યા."

"નહિ, નહિ, ઇંદિરા ! હું ખરૂં કહું છું કે હું નિર્દય નથી. તારે માટે મને પૂરી લાગણી છે. હું તને ભૂખે નહિ મરવા દઉં, હું તને જરા પણ દુઃખી થવા નહિ દઉં, પણ અત્યારે તો તું મને ભૂલી જા, એટલી જ મારી તને વિનંતિ છે."

કુસુમચંદ્રને લાગ્યું કે હવે ઇંદિરાને છૂટી પાડવા માટેની લાલચ બતાવવાનો વખત આવ્યો છે. તે બોલ્યોઃ "ઇંદિરાબાઇ ! તમે દુઃખી થાઓ એમ તો હું પણ ઇચ્છતો નથી. તમને હજાર--પાંચસો રૂપિયા હું આપીશ, તે લઇને તમે જયપુર વિના બીજે કોઈ પણ સ્થળે રહીને ધીરે ધીરે તમારૂં ગુજરાન ચાલે એવી વ્યવસ્થા કરી શકશો."

ઇંદિરાની આંખોમાં પાછું આંસુનું પૂર ઊભરાયું. તે બોલીઃ "તમે મને પૈસાની ખાતર પ્રેમ વેચનારી કોઈ

હલકી બાઈ સમજો છો કે શું ? મને તો મારો પ્રેમિક જોઈએ છે, શેઠ ! પૈસાને હું લાત મારૂં છું !”

કુસુમચંદ્ર બોલ્યોઃ “તે હું સમજું છું. તમે કાંઈ પૈસાને ખાતર પ્રેમ કર્યો નથી. પરન્તુ તમને આટલી હદે લાવી મૂક્યા પછી તમને જે મુશ્કેલીનો ભોગ થવું પડે તે હું સમજું છું, એટલે એ મુશ્કેલીનું નિવારણ કરવા માટે તમને મદદગાર થવા જ હું ઈચ્છું છું. બાકી તમારા આ પ્રેમનું મૂલ્ય તો લાખો રૂપિયાથી પણ આંકી શકાય તેમ નથી. તમને વધુ જોઈએ તો હું વધુ આપું, પંદરસો આપું, બે હજાર આપું.”

સરદારમલ આશાભરી મીટ માંડીને હવે ઇંદિરાને જોઇ રહ્યો. તેને પણ હવે એમ થતું જણાયું કે ઈંદિરા પૈસાથી સમજે તો ઠીક. તે બોલ્યો : “ ઇંદિરા, કુસુમચંદ્રકાકા કહે છે તે વાત તારે ધ્યાનમાં લેવા જેવી છે.”

“તમે પણ હવે એમના પલ્લામાં બેસવા માંડ્યું ! પૈસાથી ફોસલાવી લેવા જેવી બાળક તમે મને માનો છો ? ઓ ભગવાન ! હું આવું પહેલેથી જાણી શકી હોત તો કેવું સારૂં !” એમ કહી ઇંદિરા પલંગ પર પાથરેલી તળાઈ ઉપર ઢળી પડી અને બેઉ હાથે મ્હોં છુપાવી રડવા લાગી.

સરદારમલ ધીરે પગલે તેની તરફ ગયો અને આસ્તેથી પલંગ પર બેસી તેને હળવે હાથે બેઠી કરી તેનાં આંસુ લૂછવા લાગ્યો. પછી તે મમતાથી બોલ્યોઃ “ઇંદિરા ! રડવામાં કશો સાર નથી. મુશ્કેલી સામે આવીને ઊભી રહે ત્યારે હિંમતથી વર્તવામાં જ ડહાપણ છે. તું કહે તો હું કાકાને થોડી વધુ રકમ આપવા કહું.”

કુસુમચંદ્ર બોલ્યોઃ "હા, હજાર રૂપિયા વધુ આપવામાં મને વાંધો નથી. તમે આમ રડો છો તેથી મને ય લાગી આવે છે. સ્ત્રીઓનાં આંસુ મારું કોમળ મન વેઠી શકતું નથી. ઇંદિરાબાઈ! તમે ધીરજથી વાત કરો! બળ્યું, મારી આંખો પણ ભીની થાય છે!" એમ કહેતાં કુસુમચંદ્રે ખેસ વતી આંખો લૂછી.

"વહાલા સરદારમલ!" ઇંદિરા બોલી: "પૈસા મારું દુઃખ ટાળી શકે તેમ નથી. પૈસા તો લૂંટાઈ જાય એવો ખજાનો છે, માત્ર પ્રેમિકનો પ્રેમ જ જીવન માટે અખૂટ ભંડાર સમાન છે, એવું તમે જ એક વાર કહેતા હતા, તે શું ભૂલી ગયા?"

"ખરેખર, હું જ આમાં દોષપાત્ર છું." સરદારમલ પણ આંસુ લૂછવા લાગ્યો.

કુસુમચંદ્ર બોલ્યોઃ "જો પૂરી ખબરદારીથી વર્તીએ તો પૈસા પણ જીવવા માટે અખૂટ ભંડારરૂપ બની શકે છે. ચાર ટકાનું વ્યાજ ગણીએ તોપણ ત્રણ હજારનું વર્ષે ૧૨૦ રૂપિયા વ્યાજ ઉપજે, મહિને દસ રૂપિયાની આવક થઈ. એક સ્ત્રીને દસ રૂપિયા મહિને થોડા નથી. કાંઇ કામ ધંધો ન કરે તોપણ સુખેદુઃખે ખાઇને જીવન નિભાવી શકે અને મૂડી તેમની તેમ પડી રહે."

સુથારનું ચિત્ત બાવળિયે, તેમ વાણિયાનું ચિત્ત વ્યાજ પર! કુસુમચંદ્રે પોતાના સ્વભાવ મુજબ મૂડી અને વ્યાજનો હિસાબ કરી બતાવ્યો, પણ તે સરદારમલને બરાબર ન લાગ્યો. તે બોલ્યોઃ "કાકાશ્રી! મહિને દસ

રૂપિયામાં કોઇ ગામડામાં રહેવાથી ચાલે, મોટા શહેરમાં દસ રૂપિયાનો શો હિસાબ? સહેજે પાંચ રૂપિયા ભાડાનું તો મકાન જ જોઈએ."

કુસુમચંદ્ર બોલ્યોઃ "એ વાત ખરી છે. તો પછી ભાડાનું ખર્ચ નીકળે તેટલા માટે પાંચેક રૂપિયાની વધુ આવક થવી જોઇએ. સાડાચાર હજાર રૂપિયાથી એ જરૂરીઆત પૂરી થશે, ખરૂં ને?"

એમ કહેતાં જ કુસુમચંદ્રે તઠ વર્તીને ગજવામાંથી નોટો કાઢી. તેણે હજાર-હજારની ચાર અને સો-સોની પાંચ નોટો સરદારમલના હાથમાં આપવા માંડી. સરદારમલે તે લેતાં કહ્યું: "કાકા, પાંચ હજાર પૂરા કરો! ઈંદિરાને જરાએ દુઃખ ન પડે તેની ચિંતા મને બેજાર બનાવે છે."

"લે ભાઇ, પાંચસો વધુ!" કુસુમચંદ્રે સો-સોની પાંચ વધુ નોટો આપી.

સરદારમલે નોટો ગણી જોઈ અને પછી ઈંદિરાના હાથમાં આપવા માંડી, પણ તેણે તો રોષમાં જ તે ઝુંટવીને પલંગ પર ફેંકી દીધી! સરદારમલ દુઃખી થતો એ રોષભર્યું, તપાવેલા સોના સમું લાલ બની ગએલું મ્હોં જોઇ રહ્યો. ઈંદિરા બોલીઃ "સરદારમલ! તમે મારા હાથમાં પૈસા આપતાં શરમાતા નથી? હું પૈસા માટે તમને પરણવા ઇચ્છતી હતી કે તમે મને ફોસલાવવા આવ્યા છો?"

"નહિ જ વ્હાલી! હું તને ફોસલાવતો નથી. હું તો તને માત્ર વિનંતિ જ કરી રહ્યો છું કે મને હવે ભૂલી જા! હું આ પૈસા આપુ છું તે તને ફોસલાવવા નહિ,

પરન્તુ મારી ઇંદિરા પોતાનું ગુજરાન ચલાવવા માટે દુઃખી ન થાય તેટલા માટે આપું છું. તું ગમે ત્યાં હોય, અને ગમે તેટલાં વર્ષો વીતી ગયાં હોય, પણ હું ભવિષ્યમાં જ્યારે સાંભળું કે મારા જ એક અપરાધને કારણે તું પેટ ભરવાને ઠેર ઠેર ભટકવાની સ્થિતિમાં મુકાઈ છે, ત્યારે મને કેટલું દુઃખ થાય? એ દુઃખમાંથી છૂટવા માટે આ નાની સરખી રકમ હું તારે ચરણે ધરૂં છું. એ રકમથી પણ તારા દિલને થએલો આઘાત તો નથી જ ભુંસાવાનો તે હું સમજું છું; પરન્તુ વહાલી! મારા સરખા દુર્દૈવી માટે બીજો કશો માર્ગ જ નથી! હું દુષ્ટ છું, હું નિર્બળ છું, હું અપરાધી છું, પિતાના આપઘાતનું દૃશ્ય જોવાની મારામાં શક્તિ નથી, તેથી હું તને છોડવા તૈયાર થયો છું! ખરેખર, આ અપરાધ મને જીવતાં લગી જરૂર સાલશે, ઇંદિરા!"

"અને મારો વિચાર કર્યો?" ઇંદિરા કાંઈક સ્વસ્થ થતાં બોલી.

"તારા સુકોમળ દિલનો વિચાર કરતાં હું કમકમી જઉં છું, પણ શું કરૂં? હું લાચાર છું!"

"અને હવે મારે તો પેટ ભરવું એ જ શું મારૂં જીવન? તમે મને પૈસા આપો, તેમાંથી હું પેટ ભરૂં એટલે મારૂં જીવન સાર્થક થઈ ગયું?" ઇંદિરા પુનઃ હીબકવા લાગી.

સરદારમલનું કાળજું તેને હીબકતી જોઇને કપાઇ જતું હતું. તેણે લાચાર દૃષ્ટિએ કુસુમચંદ્ર સામે જોયું અને તુરત જ તેને કાંઇ સાંભર્યું. તેણે ઊઠીને કોટના ખિસ્સામાંથી પાકીટ

કાઢયું અને તેમાંથી સો–સો રૂપિયાની પાંચ નોટો કાઢીને કહ્યું: "હું પાંચસો રૂપિયા સાથે લેતો આવ્યો હતો તે તને આપી દઉં છું. અને કુસુમકાકા! બીજા પાંચસો તમે આપો, એટલે છ હજાર રૂપિયા થશે. મહિને વીસ રૂપિયાની આવકનું સાધન તો તેને મળવું જોઇએ."

"ભલે ભાઇ! તારી એવી ઇચ્છા હોય તો તેમ!" એમ કહી કુસુમચંદ્રે પાંચસોની વધુ નોટો કાઢીને સરદારમલને આપી.

ઇંદિરાએ ફેંકી દીધેલી નોટો સરદારમલે એકઠી કરી અને તેમાં હજાર રૂપિયાની બીજી નોટો ઉમેરી કુલ છ હજાર રૂપિયાની નોટોનો થોકડો તેણે આંસુભરી આંખવાળી ઇંદિરાના હાથમાં માંડમાંડ પકડાવ્યો અને તેને આશ્વાસન આપવા માંડયું.

તે કાંઇક શાંત થઈ એટલે સરદારમલે કહ્યું: "કાકા! હવે સાંજે હું જયપુર જઈશ, તમે નિશ્ચિંત થાઓ."

"ના, ભાઈ! અત્યારે જ તારે મારી સાથે આવવાનું છે."

"હું આપને વચન આપુ છું કે હું જરૂર જઇશ."

"પણ હું તો તને રેલ્વેટ્રેનમાં બેસાડીને જ તારાથી છૂટો પડી શકીશ."

"તમને હજી મારો વિશ્વાસ નથી. ઠીક ભાઈ, તેમ. ઇંદિરા! ત્યારે હવે હું રજા લઉં છું. તને છોડતાં મારૂં દિલ તૂટી પડે છે, પણ હું લાચાર છું, હું અપરાધી છું, મને ક્ષમા કરજે!"

સરદારમલે ઊઠીને કોટ પહેરવા માંડચો, એટલે ઈંદિરાની આંખોમાં આંસુ આવ્યાં. તે બોલી: "સરદારમલ ! તમે મને તો ફસાવી, પણ મારી પણ તમને એક વિનંતિ છે કે મારા જેવી બીજી કોઈ અભાગણી અબળાને તો ન ફસાવશો ! કોઈના પુષ્પકોમળ હૃદય ઉપર ઝેરી છૂરીનો ઘા ન કરશો ! અત્યારે મારૂં દિલ એટલું બળી રહ્યું છે કે તેમાંથી શાપના જ ઉદ્દગારો નીકળે, પણ તમને મારૂં દિલ હજીય ચાહે છે એટલે તમારૂં અમંગળ થાય એવી કોઈ કલ્પના હું કરી શકતી નથી...."

ઈંદિરા એમ બોલતી જ રહી અને કુસુમચંદ્ર કપડાં પહેરી તૈયાર થએલા સરદારમલનું બાવડું પકડી તેને ત્યાંથી હવે ઉતાવળે ખેંચી જવા તૈયાર થઈ રહ્યો. તેને ભય રહેતો હતો કે ઈંદિરાની વાણીથી ભોળવાઈને કે લાગણીવશ બની જઈને કદાચ સરદારમલ ફરી બેસશે તો બધી બાજી ધૂળ થઈ જશે.

"ઈંદિરા ! હવે મારૂં મન સ્થિર રહી શકતું નથી, માટે મને મારા બધા દોષો માટે ક્ષમા કરજે અને મને ભૂલી...."

કુસુમચંદ્રે સરદારમલનો હાથ ખેંચીને ત્યાંથી તેને બહાર કાઢચો. જતાં જતાં સરદારમલે પાછું વાળીને જોયું તો ઈંદિરા પલંગમાં પછડાઈને ધ્રુસ્કે રડી રહી હતી.

પ્રકરણ ૧૩ મું

" ખરેખર, મોટી રકમ ! "

કુસુમચંદ્રે ત્યાંથી સરદારમલને પકડી, એક ગાડીમાં ઘાલી, સીધો સ્ટેશન પર જ લીધો. તેને ગાડીમાં બેસાડી રવાના કર્યા વિના હવે તેને ચેન પડે તેમ નહોતું. પોતાની કુનેહથી, દીર્ઘ દૃષ્ટિથી પોતે પહેલે જ તડાકે પોતાના આડતિયાનું કામ પાર ઉતાર્યું, તેથી તેને આનંદ થતો હતો. સરદારમલને ઠેઠ જયપુરની સેકંડ કલાસની ટીકીટ કઢાવી આપીને તેણે ગાડીમાં બેસાડ્યો અને જ્યારે ગાડી ત્યાંથી રવાના થઇ ત્યારે જ તેના આનંદનો અવધિ આવ્યો.

તે તુરત જ પાછો ઘેર આવ્યો અને ઉમળકાભેર બધી વાત લલિતાને કહી. ઇંદિરાને સમજાવવાનું કામ જેટલું કપરૂં હતું તેટલું જ કપરૂં કામ સરદારમલને તેનાથી છૂટો પાડવાનું હતું, એ બેઉ કામ પોતે કેવી ખબરદારીથી પાર પાડ્યાં તેની વિગત કહેતાં તેનો હર્ષ માતો નહોતો. લલિતાને પણ એક રીતે આનંદ થયો કે પોતાના પતિએ એક આડે માર્ગે જતા જુવાનની જિંદગી સુધારી.

લલિતાએ કહ્યું: " પણ સરદારમલને જયપુર તરફ પાછો રવાના કર્યો છે તે વાતની ખબર તમારે તારથી જયપુર મોકલવી જોઇએ."

" હા, જરૂર તાર કરી દઇશ. કાલ સવારે તાર થશે તો ય વાંધો નથી. હજી સરદારમલ કાલે સાંજે જયપુર

પહોંચશે, તે પહેલાં તાર તેના બાપને પહોંચી જશે. સાથે સાડાપાંચ હજાર રૂપિયાનું ખર્ચ થયું એ વાત પણ લખવી જ જોઇશે ને."

"અને હાં, પણ ધારો કે આ બેઉ કોઈ લુચ્ચાં માણસો હોય અને તમારી પાસેથી પૈસા ઠગી ગયાં હોય તો?"

"શાના લુચ્ચા હોય? જયપુરના કાગળમાં સરદારમલ અને ઇંદિરાની જે નિશાનીઓ લખી હતી તે બરાબર મળી રહેતી હતી ને! અને બીજી બધી વાત પણ બરાબર મળી રહે છે, એટલે સરદારમલ એ જ, બીજો કોઈ નહિ. એમ હું કાંઈ કાચો છું?"

લલિતાને ખબર હતી કે પોતાના સ્વામી પૂરા પાકા છે એટલે તે ભૂલ કરે જ નહિ, એટલે એ વાત તેણે આગળ લંબાવી નહિ.

કુસુમચંદ્ર પત્ની પાસેથી ઊઠીને પાછો બેઠકમાં આવ્યો, ત્યારે તેનું વદન વધારે આનંદથી ચમકી ઊઠ્યું.

લલિતા જાણતી નહોતી, અને જાણવાનો સંભવ પણ નહોતો કે કુસુમચંદ્રે જે સાડા પાંચ હજાર રૂપિયાની નોટો ઇંદિરાને આપી હતી તે બધી બનાવટી નોટો જ હતી! એ બનાવટી નોટોના બદલામાં કુંદનમલ પાસેથી તેને સાચા સાડાપાંચ હજાર રૂપિયા મળવાના હતા! પછી તેને કેમ આનંદ ન થાય?

"ઇંદિરા જ્યારે જાણશે કે પોતે નોટોમાં ઠગાઇ છે, ત્યારે તે જરૂર રડશે! પણ તેનું તેથી શું વળવાનું છે?

તે ક્યાં પૈસા કમાવા ગઇ હતી? હરામખોરીના પૈસા હરામના જ નીવડે એમાં નવાઇ શી? અને તેણે ક્યાં મારૂં ઘર કે પેઢી જોયાં છે કે ઉઘરાણી કરવા આવવાની છે? એ લુચ્ચીને તો એવો જ બદલો મળવો જોઈએ! પોતાની મેળે મન મારીને બેસી રહેશે!"

કુસુમચંદ્ર આગળ વિચારવા લાગ્યોઃ "કદાચ તે પાછી જયપુર જાય અને સરદારમલને એ વાત કહે, તો-પણ તેની વાત કોણ માનવાનું? લુચ્ચી સ્ત્રીનો કોણ ભરોસો કરે? તે જ વધુ પૈસા ઠગવાને ખોટી નોટોનું બહાનું કાઢે છે એમ જ સૌ માનવાનાં, એટલે એ રીતે પણ તેનું કશું વળવાનું નહિ, અને મને બધા રૂપિયા પચી જવાના! ખરેખર, આજે તો અદ્ભુત સોદો ઊતરી ગયો છે! સરદારમલે પણ નોટો બરાબર જોઈ હતી છતાં તે બનાવટી નોટો પારખી શક્યો નહિ, એટલે નોટો આબાદ હતી તેમાં શંકા નથી : બસ, હવે...."

લલિતાની શંકા તેને યાદ આવી અને તેણે વિચાર્યું: "હાં, કદાચ એ કોઇ બદમાશો હોય અને મને ઠગી ગયાં હોય, પણ તેમ બનવાનો સંભવ નથી. પત્ર જયપુરથી આવ્યો છે અને કુંદનમલ સાથે મારો આડતનો વહેવાર છે. તેમાંની બધી વીગતો સરદારમલની વાતચીત સાથે મળી રહે છે, એટલે એવી બનાવટનો સંભવ જ નથી.... પણ કદાચ બનાવટ હોય અને હું ઠગાયો હોઉં તો....તો શી ફીકર છે? ક્યાં મેં ઘી વેચ્યું છે? ક્યાં એક પાઇએ હું ઘસાયો છું? મેં આપ્યું છે શું કે મારે કાંઈ ખોવાનું હોય? અને હા, ઇંદિરાને સરદારમલે પોતાની પાસેથી

સો–સોની પાંચ નોટો આપી છે એટલું ઠીક થયું છે. ઈંદિરા કાંઈ પહેલાં હજારની નોટ વટાવવાની નથી. સો–સોની પાંચ નોટો પહેલાં વટાવશે અને પાંચસો વાપરતાં તો તેને બે વર્ષ વહી જશે. પછી બીજી નોટો વટાવવા કાઢશે, ત્યારે રડશે! બે વર્ષે એને કોણ જવાબ આપવાનું છે? અને રાંડ ઠગારી હશે તથા મને તેણે ઠગ્યો હશે, તો પછી ચોરને પોટલે ધૂળની ધૂળનો હિસાબ થશે! એ જાણે કે મને એણે ઠગ્યો, પણ તે પણ જાણી લેશે કે પોતાને ઠગનારો એક ખંધો વાણિયો મળ્યો'તો!"

એ વિચાર આવતાં કુસુમચંદ્રને પોતાની ખબરદારી અને હોંશિયારીને માટે ગર્વથી હસવું આવ્યું. ઈંદિરા જો સરદારમલની ખરેખરી પ્રેમિકા હોય અને તે આ રીતે ઠગાવાથી ભવિષ્યમાં કેવી દુઃખી થાય તથા તે કુસુમચંદ્રને કેવા શાપ દે, તેની વિચારણાને કુસુમચંદ્રના માનસિક જીવનમાં સ્થાન જ નહોતું.

આજે આખો દિવસ કુસુમચંદ્રે પોતાના આડતિયાનું કામ કરવામાં ગાળ્યો હતો અને પેઢી પર જઈ કાંઈ વેપાર તે કરી શક્યો નહોતો; પરન્તુ એવા વેપાર કરતાંય વધારે મોટો નફો તેણે મેળવ્યો હતો એટલે તેને વેપારની કાંઈ ચિંતા રહેવા પામી નહોતી.

સાંજ પડી હતી અને થાક પણ લાગ્યો હતો. હજી જયપુર તાર કરવાનો બાકી હતો, પરન્તુ થાકને લીધે તેને બહાર જતાં આળસ આવવા લાગી. સવારે તાર કરવાથી કાંઇ મોડું થઈ જવાનું નહોતું, એટલે સાંજે જઇને સીધો

બિછાનામાં જ પડી આરામ લેવા લાગ્યો. ઊંઘમાં પણ તેને સરદારમલ અને ઇંદિરાનાં જ સ્વપ્નાં આવવા લાગ્યાં, પરન્તુ એ સ્વપ્નાં તેને દુઃખ નહિ, આનંદ ઉપજાવનારાં જ હતાં.

સ્વપ્નમાંથી જાગ્રત થતાં તેણે ઘડીઆળ સામે જોયું. રાતનો એક વાગ્યો હતો. "અત્યારે સરદારમલ સુરતની આસપાસ પહોંચ્યો હશે!" પછી તેને ઇંદિરા સાંભરી અને તે હસ્યોઃ "અત્યારે ઇંદિરા છ હજારની નોટોનો ચોડો પોતાના બદનના છુપા ગજવામાં રાખીને ક્યાંય સૂતી હશે, પરંતુ પોતાની પાસેની મોટી રકમનું જોખમ તેને ઊંઘવા નહિ દેતું હોય!" એવી કલ્પના કરીને કુસુમચંદ્ર પાછો બિછાનામાં પડ્યો અને હસતાં હસતાં વ્યંગમાં બડબડ્યોઃ "ખરેખર, મોટી રકમ!"

પ્રકરણ ૧૮ મું

ચંદાનો રોષ અને તેનું કારણ

જે વખતે કુસુમચંદ્ર લલિતાને પોતાના આજના દિવસના પરાક્રમની કહાણી કહી સંભળાવતો હતો, તે વખતે વિદ્યાસાગર અને શાંતિરાય મુંબઇની નજીક ને નજીક આવી રહ્યા હતા.

થોડી રાત ગઇ ત્યારે તેઓ સ્ટેશન પર ઊતર્યા. શાંતિરાયે વિદ્યાસાગરને તે વખતે પોતાને ત્યાં જ લઇ જવાનું વાજબી માન્યું. ચંદા શાંતિરાય અને વિદ્યાસાગર

બેઉને ઝંખી રહી હતી, સરસ્વતી વિદ્યાસાગરને જ ઝંખતી હતી અને લલિતા પણ વિદ્યાસાગરના જ સમાચાર સાંભળવાને આતુર રહ્યા કરતી હતી. વિદ્યાસાગરને લઈને આવેલા શાંતિરાયને જોઈને સૌથી વધુ આનંદ ચંદાને થાય તેમ હતું એટલે શાંતિરાય વિદ્યાસાગરને પોતાને ત્યાં જ ખેંચી ગયો. સવારે તે ઘેર જઈને પોતાના ભાઈ–ભોજાઈને મળે તે સામે તેને વાંધો નહોતો.

બેઉને ઓચિંતા આવી પહોંચેલા જોઈને ચંદા આનંદથી ચોંકી ઉઠી. સૌથી પહેલાં કુશળ વર્તમાન તેણે વિદ્યાસાગરના પૂછ્યાઃ "આવ્યા ભાઈ? કુશળ તો છો ને?"

"હાસ્તો, કુશળ છું તો જ મુંબઈ આવ્યો છું ને!"

ચંદા અને વિદ્યાસાગર વચ્ચે એટલી વાતચીત થઈ અને તુરત ચંદા ઓરડામાં ચાલી ગઈ. બેઉને માટે ભોજનની વ્યવસ્થા નવેસરથી કરવાની હતી. તેણે સ્ટવ સળગાવ્યો અને ઉતાવળે પૂરીઓ કરવા માંડી.

વિદ્યાસાગરે તો ચંદા ભાભીના ખૂબ ઠપકાની આશા રાખી હતી. તેણે ધાર્યું હતું કે તે શાંતિરાયને પૂછીપૂછીને જવાબ આપતાં તેને થકવશે. પોતાને ત્યાગમાંથી પાછા ખેંચી લેવાને કેવા ઉપાયો લેવા પડ્યા તે જાણવાની ચંદાની અધીરાઈની કલ્પના પણ વિદ્યાસાગર કરી રહ્યો હતો, પરન્તુ અહીં તેણે બહુ ઠંડું બજાર જોયું. પોતાને ખવડાવવા આટલી બધી અધીરાઈ ચંદા ભાભીમાં કેમ છે અ પોતાના અનુભવોનો ઇતિહાસ જાણવાની તેને કેમ જિજ્ઞાસા થતી નથી? પહેલાં પોતા સાથે વાતો કરીકરીને પોતાને

થકવી નાંખનારી ચંદા ભાભી અત્યારે કેમ ગુપચુપ પૂરીઓ જ વણ્યા કરે છે? લાંબા લાંબા પત્રો લખીને શાંતિરાયને ઘરના જરાએ ઉચાટ નહિ કરવાની અને વિદ્યાસાગરને તેડીને જ ઘેર આવવાની આજ્ઞા કરનારી એ લલના પતિને એ કાર્ય પૂરૂં કરી આવેલો જોઈને તેને અભિનંદન પણ કેમ આપતી નથી?

આવી આવી પ્રશ્નપરંપરાથી વિદ્યાસાગર આશ્ચર્ય પામતો પૂતળાની પેઠે બેસી રહ્યો હતો. થાક ઉતારવાને શાંતિરાય પલંગ ઉપર આડો પડ્યો હતો અને તે પણ કશું બોલતો નહોતો. મુંબઈમાં પહોંચતાં જે રોમાંચ અનુભવવાનું વિદ્યાસાગરે સ્વાભાવિક માન્યું હતું તેમાંનું કશું તે અહીં જોઇ શકતો નહોતો.

તેનાથી આમ ગુપચુપ બેસી રહી શકાયું નહિ. રસોડામાં પૂરીઓ તળતી ચંદાની સામે જઇને તે ઊભો રહ્યા અને બોલ્યોઃ "ભાભી! તમે તો કુશળ છો ને?"

ચંદા મીઠું હસી અને બોલીઃ "કેમ, મને તમે કુશળ જોતા નથી?"

"શી ખબર? કુશળતા કાંઈ શરીરની જ ઓછી હોય છે? મનની કુશળતા તો કોઈ કહે ત્યારે સમજાય."

"ત્યારે તમને લાગે તે ખરૂં."

"એમ વાત ઉડાવો નહિ. મેં તમને આટલાં ઓછાબોલાં અને ગંભીર કોઈ વાર જોયાં નથી. મારા મોટા ભાઈ અને લલિતા ભાભી તો કુશળ છે ને?"

"હા, સૌ કુશળ છે." એમ બોલીને ચંદાએ પૂરી વણીને તાવડીમાં નાંખી.

પાછી ચૂપકી પથરાઇ ગઇ. વિદ્યાસાગર અજબ થતો હતો. તેને વાતાવરણ ભારે–ભારે લાગવા માંડયું. પણ ચંદા કશું આગળ ન બોલી એટલે કંટાળીને તે પાછો ખુરશીમાં આવી બેઠો.

પાંચેક મિનિટમાં તો ચંદાએ પૂરી, દૂધ અને અથાણાં સાથે ભાણાં પીરસીને બેઉને જમવા બોલાવ્યા, અને બેઉ પાટલા ઉપર ગોઠવાઇને બેઠા. ચંદા રસોડાના ઊંબરામાં આડું મ્હોં કરીને બેઠી.

જમતાં જમતાં વિદ્યાસાગર બોલ્યોઃ “શાંતિરાય! તું કહે કે ન કહે, પણ ચંદા ભાભીને કોઈ કારણસર મારા પર ખૂબ રીસ ચડી છે.”

“રીસ તો મારા પર ચડી હોય, તમારા પર શા માટે રીસ ચડે? છેલ્લા પંદરેક દિવસમાં તો મેં તેને એક્કે પત્ર લખ્યો નહોતો, તેની જ કદાચ એ રીસ હશે.”

“તારા પર રીસ ચડવાનું કશું કારણ નથી. તું તો મને પાછો મુંબઈ તેડી લાવવા માટે આવ્યો હતો અને તે કામ તેં પાર ઉતાર્યું, એટલે ચંદા ભાભી તારા પર પ્રસન્ન થયાં હોય. પણ તેમને રીસ મારા પર ચડી હોવી જોઇએ, કારણકે મેં તને ખૂબ અથડાવ્યો અને ચિંતાથી તેમનું લોહી બાળ્યું.”

“એવા નકામા સંકલ્પ વિકલ્પ ન કરો. એમાં રીસ શાની હોય?”

“પણ જો તો ખરો, આપણે આ બધી ઘડભાંજ કરીએ છીએ, પણ તે એક્કે શબ્દ બોલે છે? વિવેકની

ખાતર એટલું પણ બોલે છે કે મને કોઈ પર રીસ નથી ચડી ? ”

ચંદા માથા પરનો સાડીનો છેડો જરા આઘો ખેંચી મંદ હસતી હતી. રસોડામાંનો દીવાનો પ્રકાશ એ નાનીશી લાજની આડે છુપાયલું ચંદાનું મ્હોં પણ સાફ દેખાડી રહ્યો હતો. વિદ્યાસાગરે લાજની આરપાર તેનું વદન નિહાળીને કહ્યું: “ હવે એ હસવું છોડી દો. કાંતો તમારી રીસનું કારણ કહો અને કાંતો રીસ નથી ચડી પણ ગમગીનીનું બીજું કાંઇ કારણ છે એમ કહી એ કારણ બતાવો.”

પણ ચંદા બોલે જ શાની ?

“ બસ, કાંઇક ગંભીર કારણ છે, શાંતિરાય ! મારૂં મન વ્યગ્ર બને છે. હવે ચંદા ભાભીનો ખુલાસો સાંભળ્યા વિના મારાથી પૂરીનું એક બટકું પણ ખાઈ નહિ શકાય ! ”

શાંતિરાયે આશ્ચર્યથી વિદ્યાસાગર સામે જોયું અને કહ્યું: “ અરે ! તમે તો જોતજોતાંમાં આકળા થઈ જાઓ છો. એમાં વળી ગંભીર કારણ શું અને વ્યગ્રતા શી ? ” તેણે ચંદાને ઠપકો આપતાં કહ્યું: “ તુંએ આ બધું શું નાટક ભજવી રહી છે ? બોલને કે કશું ય નથી ! ”

“ હું શું બોલું ? મારે તેમને થોડો ઠપકો આપવાનો છે, પણ તે જમી રહે, પછી આપીશ. ”

“ ના, હવે આપણાથી આગળ જમાશે નહિ ! એક વાર ઠપકો સાંભળી લઉં, ત્યારપછી જમીશ.”

શાંતિરાય અને ચંદા આશ્ચર્યપૂર્વક વિદ્યાસાગરને જોઈ રહ્યાં. તે ખરેખર ગંભીર બની ગએલો જણાતો હતો. શાંતિરાયે ચંદા સામે પૃચ્છક દૃષ્ટિથી જોયું.

ચંદા બોલી: “મારે તમને એટલો જ ઠપકો આપવાનો છે કે તમે મુંબઈ ભલે આવ્યા અને તે સારૂં કર્યું, પણ તમે આટલા મોડા કેમ આવ્યા ?”

“હું શામાટે મોડો પડ્યો ?” વિદ્યાસાગરે પૂછ્યું અને તુરત જ તેણે અનુમાનથી જવાબ આપ્યો: “સરસ્વતીનું વેવીશાળ બીજે થવાનું હતું તે થઈ ગયું હશે; તે માટે મને મોડો આવેલો લેખો છો ?”

“સરસ્વતીના જ સંબંધમાં હું તમારા પર ચીડાઈ છું ખરી, પણ બીજે વેવીશાળ થતું હાલમાં અટક્યું છે.”

“તો પછી છે શું ?”

“હાથમાં બટકું ને તમે મને આમ પૂછો એ મને ન ગમે. તમે એક વાર જમી લ્યો, પછી બધી વાત.” એમ કહી ચંદા ઊઠીને બહાર જ ચાલી ગઈ.

વિદ્યાસાગરનું મન વધારે ચંચળ બન્યું. ચંદા ઊઠીને જતી રહી એટલે તે નિરુપાય બની ગયો. તેણે ઉતાવળે ઉતાવળે બે પૂરીઓ ખાઈ લીધી અને હાથ ધોઈને તુરત બારણામાં આવી તેણે હાક મારી: “ચંદા ભાભી !”

ચંદા તુરત પાછી ફરી.

“હવે કહો, તમે મને શામાટે ઠપકો આપો છો ?”

“જરા શાંત થઈને બેસો, પછી કહું.”

વિદ્યાસાગર પાછો ખુરશી પર બેઠો. શાંતિરાય પણ આતુરતાથી જાણવા માંગતો હતો કે કઈ ગંભીર વાત ચંદા કહેવા માંગે છે.

“ જુઓ વિદ્યાસાગરભાઈ ! ” ચંદા ગંભીર બનતી બોલી: “ માણસ ગમે તેટલી માથાઝીક કરે, પણ બધી ભાગ્યની વાત છે. તમે આવ્યા તે સારૂં થયું, તમારા મિત્રના યત્નને જશ મળ્યો તેથી મને આનંદ થયો, પરન્તુ બિચારી સરસ્વતીની તો મનની મનમાં રહી ગઇ ! ”

“ હેં ! કશું છે ? તેને શું થયું ? ”

“ તે ઇસ્પીતાલમાં છે. ”

“ કેમ વારૂ ? ”

“ તેને સખત બળિયા નીકળ્યા છે. બચશે કે નહિ એ સવાલ છે, પણ બચશે તો ય તેના શરીરમાં કેવી ખોડ રહી જશે તે કહી શકાય નહિ ! ”

“ એમ ? ! ” વિદ્યાસાગર ચિંતામાં ડૂબી ગયો. ચિંતા-સાગરમાંથી ડોકિયું કરતાં તે બોલ્યો: “ અને તમે કહો છો કે તેનું વેવીશાળ તો બીજે થતું અટક્યું છે. ”

“ હા, વેવીશાળ નક્કી જ થયું હતું, તમારા ભાઇએ સરસ્વતીના બાપને વેવીશાળમાંથી છૂટકો કરનારી ચિઠ્ઠી લખી આપી હતી, પરન્તુ સરસ્વતીનું દિલ કપાઈ જતું હતું. બરાબર સાજનું એકઠું થયું અને ચાંદલાનો વખત થયો તે જ વખતે તે બેભાન બની ગઈ ! તે વખતે ચાંદલા થતા અટકયા તે અટકયા જ. ત્રીજે દિવસે સરસ્વતીને તાવ આવ્યો અને સાતમે દિવસે બળિયા નીકળ્યા. હવે તો એ બિચારી બેઉ બાજુથી લટકી ! બીજા વેવીશાળવાળા મહાસુખલાલ ઝવેરી હવે પોતાના દીકરા ગુણવંત માટે

બીજી કન્યા શોધી રહ્યા છે; અને બળિયા નીકળ્યા પછી હવે બીજું ય તેને કોણ લેવાનું ?"

વિદ્યાસાગરનું અંતર બળવા લાગ્યું. તે ઊંડા વિચારમાં ડૂબી ગયો. સરસ્વતીના એકલ પ્રેમની એ કથની હતી અને એ કથનીમાંય કેવી કરુણા ભરી હતી ! કેટલીક વારે તે જાણે સ્વપ્નમાંથી જાગતો હોય તેમ એકદમ બોલ્યો: "ચંદા ભાભી ! મારી સાથે ચાલો; મારે સરસ્વતી પાસે હોસ્પીટલમાં જવું છે."

"હવે ત્યાં જઈને શું કામ છે ? તે બિછાને પડેલીને વધુ બાળવા ?" ચંદાની આંખમાં અને વાણીમાં રોષ સ્ફુરતો હતો: "વિદ્યાસાગરભાઈ, તમે આવ્યા પણ મોડા આવ્યા, અને એ બિચારી આ દર્દમાં મૃત્યુ પામશે તો પણ કેવી અશાંતિ ભોગવીને મૃત્યુને ભેટશે તેની કલ્પના કરતાં મારૂં હૃદય પણ કંપી ઊઠે છે !" ચંદાનો અવાજ એકદમ ગળગળો થતો હોય અને આંખો ભીની થતી હોય એમ વિદ્યાસાગરને લાગ્યું.

"અને ધારો કે હું વહેલો આવ્યો હોત તો ?"

"તો એ બિચારીના આનંદનો પાર રહેત નહિ. તમને છોડીને બીજાને પરણવું પડશે એ વિચારે તેના હૃદય ઉપર જે આઘાત નીપજાવ્યો છે તે આઘાત તેને થવા પામત નહિ."

"પણ બળિયા નીકળ્યા છે તે કાંઈ મિથ્યા થાત ?"

"એ તો કોણ જાણે છે ? મને તો લાગે છે કે તેના ઉરનો દાહ જ શરીર ઉપર ફૂટી નીકળ્યો છે. એ સ્થિતિમાં

એની પાસે જવાનું તમને શું કામ છે? હવે મૂગા મૂગા અહીં બેસી રહો. સવારે ઘેર જઈને ભાઈ–ભાભીને મળજો.”

“અને સરસ્વતીને અને મારે હવે કશો સંબંધ ન રહ્યો?”

“શો રહ્યો? જૂની ઓળખાણ રહી કે જે ઓળખાણને અત્યારે સંભારવી એ પણ પાપ છે અને દુઃખદાયક છે.”

“એ ગમે તેમ હો, મારે તો જવું જ છે અને એ પ્રેમમૂર્તિનાં દર્શન કરી પવિત્ર થવું છે, ચંદાભાભી! એ મૃત્યુ પામે તોપણ મારે મન એ ધન્ય મૃત્યુ છે અને એ એક ખોડીલી કન્યા બની જાય તથા તેની ઇચ્છા હોય તો તેને તેવી પણ ગ્રહણ કરતાં મારે મન સ્વર્ગનો આનંદ છે!”

ચંદા ચોંકી ગઈ. તે ચકિત દૃષ્ટિ વિદ્યાસાગરને જોઈ રહી. બળિયા નીકળ્યા પછી સરસ્વતી કદાચ અંધ થાય, કદાચ લંગડી થાય, આખો દેહ વિવર્ણ બની જાય, એવી સ્થિતિની એક કન્યાને હિંદુ સંસારમાં ભાગ્યે જ કોઈ પતિ ગ્રહણ કરે છે. સરસ્વતી એવી બની ગયા પછી વિદ્યાસાગર તેને પરણવા તૈયાર થાય એવી ચંદાને તો આશા જ નહોતી, અને સ્ત્રીજાતિના હૃદયમર્મને પિછાણતી ચંદા એટલુંય સમજતી હતી કે હવે ભણેલા વિદ્યાસાગરને કે ગુણવંતલાલને તો શું પણ કોઈ પણ સારા, સુખી, ભણેલા અને કુલીન પતિને પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થવાની ખુદ સરસ્વતી પણ આશા રાખી શકે નહિ. તે વખતે વિદ્યાસાગરે કાઢેલા ઉદ્ગારોએ તેને ચોંકાવી મૂકી.

સરસ્વતીને હજી પણ પરણવા વિદ્યાસાગર તૈયાર છે એ વાત એ હિંદુ સ્ત્રીહૃદયથી માની મનાય તેવી નહોતી. પતિ એ સ્ત્રીનો પ્રભુ છે અને એ પ્રભુને રીઝવવાનું જ કાર્ય પત્નીએ જીવનભર કરવાનું છે, એવા સંસ્કારો જે સંસારના સ્ત્રીવર્ગ પર બચપણથી પડી રહ્યા હોય, તે સ્ત્રીવર્ગ માની શકે જ કેવી રીતે કે પતિને પોતાના સ્વરૂપથી નહિ રીઝવી શકનારી સ્ત્રી પતિનો પ્રેમ કે પસંદગી જીતી શકે?

આશ્ચર્ય વ્યક્ત કરતી ચંદા બોલી: "વિદ્યાસાગરભાઈ! હવે શું તમે સરસ્વતીને ચાહી શકશો ખરા? હું કાલે જ તેને જોવા ગઈ'તી. તેનું શરીર જોઈને જ તમને કદાચ સૂગ ચડશે."

"ચંદા ભાભી! એ વાત અત્યારથી શામાટે કરો છો? ઉતાવળ કરો, મારે હવે તેની પાસે જ જવું છે; તમે જેમ જેમ વાત લંબાવો છો, તેમ તેમ મારા દિલમાં અધીરાઈ ઉપજે છે."

ચંદાએ ઘડીઆળમાં જોયું. રાતના અગીઆર વાગી ગયા હતા. તેણે કહ્યું: "સવારમાં જ આપણે જઈએ તો?"

"ના, અત્યારે જ મારે તો જવું છે."

શાંતિરાય આ વાતચીત વિવિધ મનોભાવનો અનુભવ કરતો સાંભળતો હતો. તેણે કહ્યું: "હા, હા, અત્યારે જ જાઓ. કહો તો હું સાથે આવું."

"કશી જરૂર નથી." એમ કહી વિદ્યાસાગરે કપડાં પહેર્યાં અને તે આગળ ચાલ્યો. ચંદા તેની પાછળ પાછળ દોરાઈ.

પ્રકરણ ૧૫ મું

સાગરની ભરતી અને સરિતાનું પૂર

હોસ્પીટલના ચેપી દર્દો માટેના એક જુદા જ વોર્ડમાં સરસ્વતી બિછાનામાં તરફડતી પડી હતી. તેની પાસે, પણ તેના બિછાનાથી થોડે દૂર તેની માતા ગુણલક્ષ્મી પુત્રીને આકુળ–વ્યાકુળ થતી મૂગી મૂગી જોઈ રહી હતી અને નિઃશ્વાસ નાંખતી હતી. દર્દીઓનો કરાંઝવાનો અવાજ કોઇ કોઇ વાર સંભળાતો અને હોસ્પીટલની મધરાતની શાંતિમાં ભંગ કરતો. વાતાવરણ દવાઓની ગંધથી ભરપૂર હતું.

"બા !" સરસ્વતીના મુખમાંથી ગુણલક્ષ્મીએ ઓચિંતું સંબોધન સાંભળ્યું.

ત્રણ દિવસથી સરસ્વતી બેભાન હતી. અત્યારે પહેલી જ વાર તેણે એ ઉદ્ગાર કાઢ્યો હતો, તેથી આનંદથી ચોંકતી ગુણલક્ષ્મી એકદમ ઊઠી અને બિછાના તરફ જતી બોલી: "શું છે બહેન ?"

"ચંદા બહેન આવ્યાં છે ?"

"હા આવી છું, બહેન !" એ જ ક્ષણે ચંદાએ પ્રવેશ કરતાં તેણે સીધો જ જવાબ આપ્યો. તેની પાછળ વિદ્યાસાગર આવીને ઊભો હતો. "કેમ છે બહેન ? મને કેમ યાદ કરી ?"

સરસ્વતી ટગર ટગર તેને જોઈ રહી અને તુરત તેણે આંખો મીંચી દીધી. ફરીથી તેણે આંખો ઉઘાડી અને ફરીથી મીંચી. ત્રીજી વાર આંખો ઉઘાડતાં તેણે પૂછ્યું: "તમારી પાછળ કોણ ઊભું છે?"

"વિદ્યાસાગરભાઈ આવ્યા છે!"

વિદ્યાસાગર મોખરે આવ્યો અને સરસ્વતીના ખાટલાના પાછલા કઠેડા પર હાથ ટેકવી નીચો વળી સરસ્વતીને જોઇ રહ્યો. સરસ્વતી તેને એકી દૃષ્ટે જોઈ રહી. "સરસ્વતી!" પણ વિદ્યાસાગરથી આગળ બોલી ન શકાયું.

ગુણલક્ષ્મીની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં હતાં. ગળગળે સાદે તે બોલી: "વિદ્યાસાગર! તમે જરા આઘા ઊભા રહો."

"કેમ વારૂ!" તે જરા છેડાતો બોલ્યો: "શું સરસ્વતીની તબિયત પૂછવાનો પણ હવે મને અધિકાર રહ્યો નથી?"

"એમ હું નથી કહેતી. બિછાનાને અડવાની અમને ડાકટરની મનાઇ છે. નર્સ સિવાય બીજું કોઈ તેને અડકી શકતું નથી. ચેપી દર્દ છે."

"મને એ ચેપની ચિંતા નથી." એમ કહેતો વિદ્યાસાગર ખાટલાની ઇસ પર બેઠો અને તેણે સરસ્વતીના માથા પર હાથ મૂકી પૂછ્યું: "સરસ્વતી! તું મને ઓળખી શકે છે?"

"હા!" સરસ્વતીએ ઊંડો નિઃશ્વાસ નાંખ્યો.

"તારી તબિયત કેમ છે?"

" હવે સારું છે." સરસ્વતીએ જરા વિરામ લઈને પુનઃ નિઃશ્વાસ નાંખ્યો અને કહ્યું: " સાગર ! સરિતા...." અને તે અટકી ગઈ.

" હા, સરિતાને સાગર વિસરી શક્યો નથી."

" પણ સરિતા હવે તો રણમાં અટવાઇ ગઈ!" સરસ્વતીએ પુનઃ નિઃશ્વાસ નાંખ્યો.

" સાગર તેને નહિ અટવાવા દે, સરસ્વતી ! સાગરની ભરતી તેના અટવાઈ જતા પ્રવાહને પુનઃ વહેતો કરશે; તું તે માટે મુંઝાઈશ નહિ."

સરસ્વતી ચકિત આંખે વિદ્યાસાગરને ટગર ટગર જોઈ રહી. તે બોલી: " સરિતા હવે રણમાં જ સુકાઇ જવાની, સાગર ! સુકાયા પહેલાં સાગરનું દર્શન કરવા જેટલી જ તે ભાગ્યશાળી."

" તું કેમ આટલી નિરાશ થાય છે?"

" મૃત્યુ સિવાય મારી બીજી કોઇ ગતિ નથી."

ચંદ્રા વચ્ચે બોલી: " બે દિવસ પહેલાં કરતાં અત્યારે તમને વધારે ઠીક હોય એમ મને લાગે છે, સરસ્વતીબહેન !"

" તમને લાગે છે, ચંદ્રાબહેન ! હું જીવી શકીશ?"

" કેમ નહિ? બળીયા નીકળેલાં ઘણાંયે દર્દીઓ સાજાં થાય છે." ચંદ્રાએ સરસ્વતીના આશાના કોડિયામાં દિવેલ પૂર્યું.

" ત્યારે હું જીવીશ ?!—વધારે દુઃખી થવાને !"

" સરસ્વતી ! તારા ભાગ્યમાં સુખ જ નિર્માણ થયું છે. તારા દિલમાં જો સાગરને સ્થાન હોય તો સાગર

સરિતાને જરૂર સત્કારશે અને તેને પોતાની સાથે મેળવી લેશે !"

"શું કહો છો એ તમે ?" સરસ્વતી એકદમ બિછાનામાં આવેશથી બેઠી થઈ ગઇ. "હું જીવીશ તો શું તમે મને અંગીકારશો ? મારા પર તમને સૂગ ચડતી નથી ?"

"ના, બિલકુલ નહિ ! સાગર સરિતાના આત્મગુણનો ભક્ત હોય છે, તેના દેહનો નહિ, સરસ્વતી !"

એ ઉદ્‌ગારે સરસ્વતીને આનંદથી મૂર્છિત બનાવી દીધી અને તે વિદ્યાસાગરના ખોળામાંજ ઢળી પડી.

ગુણલક્ષ્મીએ જીવનમાં આવું જોયું નહોતું. હૃદયની લાગણીઓના તીવ્ર ઉસ્ફેરાટનાં આવાં દશ્યો તેણે કોઈ વાર કલ્પ્યાં પણ નહોતાં. પુત્રી અને વિદ્યાસાગર વચ્ચેની વાતચીતનો મર્મ તે સમજતી હતી. પુત્રીનો વિદ્યાસાગર પ્રતિનો પ્રેમભાવ તેની જાણ બહાર નહોતો. પરંતુ વિદ્યાસાગરનો વળતો પ્રેમ કેવા સ્વરૂપનો હતો તેનો તેને ખ્યાલ નહોતો તે અત્યારે તેને આવ્યો અને તેની આંખોમાંનાં શોકનાં આંસુ આનંદનાં આંસુમાં ફેરવાઇ ગયાં. ચંદા પણ વિદ્યાસાગરના ઉદાત્ત મનોભાવની મૌન પ્રશંસા કરતી આંખોને આનંદથી આર્દ્ર બનાવી રહી હતી.

એટલામાં નર્સ ત્યાં દર્દીની ખબર લેવા આવી પહોંચી. વિદ્યાસાગરને ખાટલા પર બેઠેલો અને સરસ્વતીને તેના ખોળામાં માથું મૂકેલી સ્થિતિમાં જોતાં જ નર્સે ત્રાડ મારીઃ "તમે કેવા જંગલી લોકો છો ? તમને ખાટલાને અડવાની

પણ મનાઇ છે અને આ તમે શું લઈ બેઠાં છો? ચાલો, ઊઠો, તમે છો કોણ?"

"સિસ્ટર!" વિદ્યાસાગર ધીરેથી બોલ્યો: "અમે અમારી ફરજ સારી પેઠે સમજીએ છીએ."

"શું સમજો છો, કપાળ? બળિયાના દર્દીને કોઇ અડકી શકે જ નહિ, તેટલુંય તમે ક્યાં સમજો છો?"

"તમારૂં તે દર્દી, પણ અમારૂં તો સ્વજન! તમે તેના શરીરની દવા કરો છો, પણ તેના મનની દવા તમે કરી શકતાં નથી."

"કોઇ ફીલસુફ જેવા લાગો છો! મુંબઈમાં *મેન્ટલ હોસ્પીટલ ખોલવાના છો કે મેન્ટલ હોસ્પીટલના જ દર્દી છો?"

"તમે જે કહો તે." એમ કહેતાં વિદ્યસાગરે સરસ્વતીને ધીરેથી પોતાના ખોળામાંથી ઊંચકી પાછી સુવાડી.

તે ક્ષણે તેની આનંદમૂર્છા પણ વળી. તેણે ફરીથી વિદ્યાસાગરના વદનદર્શનનું અમૃત પીવા માંડયું. તેણે પૂછયું: "તમે હવે અહીં જ રહેશો ને?"

નર્સે તેનો જવાબ આપ્યો: "અહીં નહિ રહે તો હવે જશે ક્યાં? આખા શરીરે અને કપડે ચેપ લગાડયો છે તો અમે અહીંથી તેમને જવા જ દેવાનાં નથી."

વિદ્યાસાગર હસ્યો અને બોલ્યો: "એ પણ ઠીક થયું."

"ઠીક શું થયું? હવેથી અમે કોઈને દર્દીની પાસે જ રહેવા દઈશું નહિ!" એમ કહી નર્સે સરસ્વતીની નાડીના

* માનસિક દર્દીનાં દર્દીઓનું દવાખાનું—ગાંડાની ઇસ્પીતાલ.

ધબકારા ગણ્યા, તાવ માપ્યો, હૃદય તપાસ્યું, દવા પાઈ અને એ વિષેની બધી નોંધ તેના કેસમાં ટપકાવી લીધી.

કામમાંથી નવરી પડી એટલે નર્સે વિદ્યાસાગરને કહ્યું: "ચાલો મારી સાથે. તમારા શરીરને અને કપડાંને *"ડીસઈનફેક્ટ" કરવાં પડશે અને ત્યારપછી જ તમને હોસ્પીટલની બહાર જવાની પરવાનગી મળશે."

"તે બધું અત્યારે કરવામાં આવશે?" વિદ્યાસાગરે પૂછ્યું.

"અત્યારે કાંઈ અમે નવરાં નથી. સવારે બધું થશે. ત્યાંસુધી તમારે એક ઓરડીમાં રાત ગાળવી પડશે."

"ઓરડીમાં રાત ગાળવાને બદલે દર્દીના બિછાના પાસે જ હું રાત ગાળું તો તમને વાંધો શો?"

"પણ તમે ડીસઈનફેક્ટ થયા વિના નાસી નહિ જાઓ તેની શી ખાત્રી?"

"તો મારો કોટ, ટોપી, ખમીસ ઉતારી આપું. કપડાં પહેર્યા વિના તો હું નહિ નાસી જઉં ને?"

"રહેવા દો, રહેવા દો, કપડાં ઉતારવાની જરૂર નથી, પણ સવારે ડિસઈનફેક્ટ થયા વિના નહિ જતા." નર્સે કહ્યું.

"નહિ જઉં. થેંક યુ!"

નર્સ ચાલી ગઈ. વિદ્યાસાગરને સરસ્વતી સાથે વાતો કરવાને આખી રાત મળી ગઈ!

---

* ચેપરહિત.

વિદ્યાસાગરના આગ્રહથી ચંદ્રા ઘેર પાછી ગઈ અને ગુણલક્ષ્મીને આરામ લેવાનો સમય પણ મળ્યો.

અને રાત્રિની એ પ્રત્યેક ક્ષણે સાગરની ભરતી તથા સરિતાનાં પૂર એક બીજાની સામે ધસમસતાં નજીક ને નજીક આવી રહ્યાં હતાં, તેનો સાક્ષીભૂત બેઉનાં વદન ઉપર પ્રકાશ ફેંકતો વિજળીનો દીવો માત્ર હતો.

પ્રકરણ ૧૬ મું

કુસુમચંદ્ર ફસાય છે !

સવારે આઠ વાગતાં વિદ્યાસાગરને હોસ્પીટલમાંથી ડિસઈનફેકટ થયા પછી રજા મળી. તેણે હોસ્પીટલમાંથી બહાર નીકળતાં જ છાપાના ફેરિયાની બૂમ સાંભળી: "મુંબઈ સમાચાર: બનાવટી નોટો માટે જાણીતા ઝવેરીની ધરપકડ !"

"બનાવટી નોટો" અને "ઝવેરી" શબ્દોએ વિદ્યાસાગરના કાન ચમકાવ્યા અને મનને વિકળ બનાવ્યું. તેણે છાપુ ખરીદ્યું અને વાંચવા માંડયું. જે લેખ તેણે વાંચ્યો તેની ઉપર મોટા અક્ષરે મથાળાં કર્યાં હતાં: "મધરાત પછી પોલીસે ઝવેરી કુસુમચંદ્રના ઘર ઉપર પાડેલો દરોડો: ઝવેરીની ધરપકડ: બનાવટી નોટો ફેલાવવાનું ભયંકર કાવતરૂં: છૂપી પોલીસે ચલાવેલી અદ્ભુત યુક્તિ !"

એ આખો લેખ નીચે મુજબ હતો.

"ગઇ રાત્રે મધરાત પછી એક વાગતાંને સુમારે પોલીસે અત્રેના જાણીતા જૈન ઝવેરી કુસુમચંદ્રના મકાન પર દરોડો પાડી હજાર રૂપિયાની અને સો રૂપિયાની બનાવટી નોટોનો મોટો જથો પકડ્યો છે, કુસુમચંદ્રની ધરપકડ કરી છે અને તેને પોલીસ સ્ટેશન પર અટકમાં રાખ્યો છે.

"વીગત એવી છે કે આ ઝવેરી કેટલાક વખતથી બનાવટી નોટો ફેલાવીને લોકોને ઠગતો હતો અને તે વિષેની ગંભીર ફરિયાદો પોલીસને કાને આવી હતી, પણ તેને પકડવા માટે જોઇતી બાતમી પોલીસ મેળવી શકતી નહોતી.

"કેટલાક મહિના પૂર્વે એ ઝવેરીએ કાઠિયાવાડના કેટલાક ગીરાસીયાઓ પાસેથી ઘરેણાં ખરીદી નાણાં આપ્યાં હતાં તેમાં બધી બનાવટી નોટો હતી. ગીરાસીયાઓને તે નોટો બનાવટી હોવાની ખબર પોતાને વતન ગયા પછી પડી હતી. ગીરાસીયાઓનું છેવટનું ધન તેમના દાગીના હતા, તે વેચવાના બદલામાં તેમને એવી નોટો મળવાથી તેઓ એકદમ નિર્ધન બની ગયા હતા અને બીજો કોઇ માર્ગ નહિ રહેવાથી છેવટે તેઓ બહારવટે નીકળી લોકોને લૂંટી-રંજાડી પોતાનું ભરણપોષણ કરતા હતા. આ મતલબના સમાચાર એજન્સી માર્ફતે મુંબઇ સરકારને મળ્યા હતા, ત્યારથી સરકાર આ બનાવટી નોટો સાથે ઝવેરીને પકડવા કોશીશ કરી રહી હતી.

"છેવટે પોલીસને ઝવેરીને પકડવા માટે તરકીબ કરવી પડી હતી. તેણે એ કામ છૂપી પોલીસ ખાતાને

સોંપ્યું હતું. છૂપી પોલીસે તે માટે એક જુવાન બાઈ અને એક જુવાન પુરૂષની ગોઠવણ કુસુમચંદ્રને પકડવાને અંગે કરી હતી.

"આ તરકીબ નીચે મુજબ હતી. કુસુમચંદ્રનો એક આડતિયો જયપુરમાં રહેતો હતો. એ આડતિયાના નામથી પોલીસે એક પત્ર તૈયાર કરાવી કુસુમચંદ્ર ઉપર જયપુરથી રવાના કરાવ્યો હતો. એ પત્રમાં એવી વીગત હતી કે આડતિયાનો જુવાન પુત્ર એક દક્ષિણી વિધવા નર્સને લઈને નાસી મુંબઈ ગયો હતો અને તે તેને પરણવા માંગતો હતો, તેથી આડતિયા જેવા આબરૂદાર માણસને અત્યંત દુઃખ થતું હતું. આડતિયો પોતાની માંદગીને કારણે મુંબઈ જઈ શકે તેમ નહોતું તેથી તેણે પોતાના પુત્રને સમજાવી, એ બાઈથી તેને છૂટો પાડી, તેને પરણવા દીધા પહેલાં જયપુર પાછો મોકલવાનું કામ કુસુમચંદ્રને સોંપ્યું હતું, અને બાઈથી તેને છૂટો પાડવા માટે બાઈને પૈસાની લાલચ આપી તે પાછળ રૂપિયા દસ હજાર સુધી ખર્ચવાને તેણે કુસુમચંદ્રને પરવાનગી આપી હતી. કુસુમચંદ્રે એ કામ કરવાનું માથે લઈને બનાવટી જયપુરી જુવાનને અને એ બનાવટી નર્સને એક લૉજમાંથી શોધી કાઢ્યાં હતાં. એ પ્રેમી જોડાએ આબાદ ભાગ ભજવીને કુસુમચંદ્રને બનાવટનો જરાએ વહેમ પડવા દીધો નહોતો. છેવટે રૂ. ૫૫૦૦ બાઈને આપીને જુવાનને તેનાથી છૂટો પાડવાની ગોઠવણ કુસુમચંદ્રે એઉને સમજાવીને કરી હતી અને બાઈને રૂ. ૫૫૦૦ની નોટો તે જ વખતે આપી હતી, અને પોતે એ જુવાનને

ત્યાંથી સ્ટેશન પર લઈ જઈ ગાડીમાં બેસાડી રવાના કરી દીધો હતો.

બાઈને આપેલી બધી હજાર અને સો–સોની નોટો બનાવટી હતી. કુસુમચંદ્ર લૉજમાંથી જયપુરી જુવાનને લઈને ચાલ્યો ગયો કે તુરત તેણે એ નોટો પોલીસને સોંપી દીધી હતી અને ટ્રેનમાં રવાના થયેલો બનાવટી જયપુરી જુવાન દાદરને સ્ટેશને ઊતરી પાછો પોલીસને જઈ મળ્યો હતો. પોલીસે તેની પાસેથી બધી વીગતો નોંધી લઈને તુરત કુસુમચંદ્રના ઘર ઉપર છૂપી ચોકી મૂકી દીધી હતી.

"કુસુમચંદ્ર પોતાની સાથે રૂ. ૧૦ હજારની બનાવટી નોટો લઈને લૉજમાં ગયો હતો અને ૫૫૦૦ની નોટો આપતાં બાકી રૂ. ૪૫૦૦ની નોટો પોતાની સાથે ઘેર પાછી લઇ ગયો હતો. રાત્રે તે બહાર નીકળે તો તે જ વખતે તેને પકડી લેવાને પોલીસ નજીકમાં જ છુપાઇ રહી હતી, પરંતુ તે રાત્રે ઘર બહાર નીકળ્યો નહિ એટલે છેવટે પોલીસે એક વાગ્યા પછી ઘર પર દરોડો પાડ્યો હતો. ૪૫૦૦ની બીજી બનાવટી નોટો કુસુમચંદ્રના કોટના ખિસ્સામાંથી જ પોલીસને મળી આવી છે.

"ઘરમાંના ફર્નીચરની અને તીજોરીની તપાસ લેતાં રૂ. ૧૦૦ ની અને રૂ. ૧૦૦૦ ની બનાવટી નોટોનો બીજો મોટો જથો પોલીસે હસ્તગત કર્યો છે. કુસુમચંદ્રની દુકાનની જડતી હજી લેવાઈ નથી પણ પોલીસે દુકાન પર પહેરો બેસાડ્યો છે અને આજે બપોરે જડતી લેવાવાનો સંભવ છે.

"એવી વીગત બહાર આવી છે કે કુસુમચંદ્ર . આ નોટો પંજાબના કોઈ કારીગર પાસેથી મેળવતો હતો અને મુંબઈમાં તેનો ફેલાવો કરતો હતો. એ સંબંધે હજી વધુ ચોંકાવનારી બાતમી બહાર આવવાનો સંભવ છે."

આ બધો વૃત્તાંત છાપામાં વાંચીને વિદ્યાસાગર પરસેવે નીતરી ગયો. તેના પગ પાણી પાણી થવા લાગ્યા, આંખે અંધારાં આવવા લાગ્યાં, મન વ્યાકુળ બનવા લાગ્યું, મતિ કુંઠિત થવા લાગી. ક્યાં જવું, શું કરવું, કોને પૂછવું એ કાંઈ તેને સૂઝયું નહિ. તે હતબળ થઈને ફુટપાથ પર જ બેસી ગયો અને ગજવામાંથી રૂમાલ કાઢી મ્હોં પરનો પરસેવો લૂછી રહ્યો.

પાંચેક મિનિટ તે ત્યાં બેસીને માર્ગ શોધવા મથી રહ્યો હતો, એટલામાં શાંતિરાય ગાડીમાં બેસી હોસ્પીટલ તરફ ઉતાવળે આવી રહ્યો હતો, તેણે તેને માર્ગમાં જ બેઠેલો જોયો અને તે ગાડીમાંથી ઊતરી પડ્યો. તેણે વિદ્યાસાગરના હાથમાં છાપું જોયું અને તે બધો પ્રકાર સમજી ગયો. તેની પાસે પણ છાપું હતું, તેમાંની વીગતની વિદ્યાસાગરને જાણ કરવા તે ઉતાવળે આવતો હતો.

"વિદ્યાસાગર ! અહીં કેમ બેઠા છો ?" મિત્રની વિકળતા કળી ગએલા શાંતિરાયે તેનું બાવડું પકડી તેને ઊભો કર્યો અને કહ્યું: "ચાલો, ગાડીમાં બેસી જાઓ."

નિર્જીવ પૂતળાની પેઠે વિદ્યાસાગર ઊભો થયો અને શાંતિરાયના હાથથી દોરાતો ગાડીમાં બેઠો. ગાડી ઉતાવળે બેઉ મિત્રોને શાંતિરાયના નિવાસસ્થાન પર લઈ ગઈ.

વિદ્યાસાગરને પોતાને ત્યાં લઈ જઈને શાંતિરાયે તેને બેસાડ્યો. વિદ્યાસાગરના વદન પરથી જ તેની વ્યાકુળતા કળી ગએલી ચંદાએ સ્વામીની સૂચનાની પણ રાહ જોયા વિના એકદમ કૉફી બનાવી અને વિદ્યાસાગરની સામે પ્યાલો ધર્યો. ત્યાંસુધી શાંતિરાયે તેની સાથે જરાએ વાતચીત કરી નહિ.

વિદ્યાસાગરે કૉફી પીધી અને પ્યાલો નીચે મૂક્યો. શાંતિરાયે ખુરશીને તેની નજીક ખેંચી લાવીને કહ્યું : " ભાઈ ! મુંઝવણ ઉપજાવે તેવો બનાવ છે ખરો, પણ મુંઝાયે કશું વળવાનું નથી. અત્યારે તો કુસુમચંદ્રને જામીન પર છોડાવવા યત્ન કરવો જોઈશે, તે માટે હું તમને મદદ કરવા તૈયાર છું; પણ તે પહેલાં એક બીજી ફરજ બજાવવાની છે."

" શું ભાઈ ? કહે ને, મારી બુદ્ધિ તો કશું કામ કરતી નથી ! " એ લાચારીભર્યા ઉદ્‌ગારો મુખમાંથી નીકળ્યા અને તે સાથે વિદ્યાસાગરની આંખોમાંથી આંસુ સરી પડ્યાં.

" વિદ્યસાગર ! આનું જ નામ નબળાઈ ! જે વખતે વીરતાથી દુઃખના ઝંઝાવાતનો સામનો કરવો જોઈએ, તે વખતે ચિત્તને વિકળ બનાવવું એ વીરત્વ નથી–કાયરતા છે. શું ભૂલી ગયા કે સંસાર એ તપોવન છે અને તેમાં રહીને તપશ્ચર્યા કરવી એ જ યોગસિદ્ધિ છે ? "

એ એક જ વાક્યે વિદ્યાસાગરને આનંદગિરિનું સ્મરણ કરાવ્યું અને તેનામાં ઓચિંતું બળ નિર્ઝરતું હોય એવો તેને અનુભવ થયો. તે આરામખુરશીમાં અચેતન માનવીની પેઠે પીઠને અઢેલીને પડ્યો હતો, તે તુરત સ્વસ્થ

થઈને બેઠો અને બોલ્યો : " આપણે પહેલાં લલિતાભાભી પાસે જઇ તેમને આશ્વાસન આપવું જોઈએ, શાંતિરાય! "

" બસ, હું પણ એ જ ફરજ બજાવવાનું કહેતો હતો, અને તમે પણ એ બરાબર કહો છો. ચાલો ત્યારે ઊઠો, આપણે ત્યાં જઈએ. "

ચંદા બોલી : " હું આવું? "

" હા, તું પણ ચાલ. લલિતાભાભી પાસે એકાદ મજબૂત મનના માણસની જરૂર પડશે. "

ચંદા, શાંતિરાય અને વિદ્યાસાગર ત્રણે નીચે ઊતરી ગાડીમાં ગોઠવાયાં. રસ્તામાં શાંતિરાયે કહ્યું : " જુઓ, વિદ્યાસાગર! કુસુમભાઈએ ગુન્હા કર્યા છે તે તમે અને હું બધાં જાણીએ છીએ. તેમાં તેમને નિર્દોષ ઠરાવવા માટે આપણે જે કાંઇ યત્નો કરીશું તે નિષ્ફળ જવાના છે. આપણે તેમને જામીન પર છોડાવી શકીશું કે કેમ તેની પણ મને તો શંકા છે; છતાં છોડાવી શકીએ તો વધારે સારૂં. પણ છેવટે આમાં તેમને જરૂર સજા તો થશે જ; નિર્દોષ ઠરવાનો જરાએ સંભવ નથી. છાપામાંના અહેવાલ ઉપરથી પોલીસે પાકું કામ કર્યું હોય તેમ લાગે છે. આ સ્થિતિ પહેલાં આપણે સમજી લેવી અને તે માટે મનને તૈયાર કરી રાખવું; એટલે પછી આશા–નિરાશાના ધક્કાથી મનને વ્યાકુળ થવું ન પડે અને ભાઇને જેમ બને તેમ ઓછી સજા થાય તે માટેના યત્નો આપણે બરાબર કરી શકીએ. "

વિદ્યાસાગર બોલ્યો: “ શાંતિરાય, ન્યાયને તેનો માર્ગ લેવા દેવો જોઇએ. આપણે તેમને નિર્દોષ ઠરાવવા મથવું એ જ મને તો અપરાધ લાગે છે. ભાઇને સજા થશે એમ તારી પેઠે હું પણ માનું છું, અને ઓછી સજા થાય તો જરૂર મને આનંદ થાય, પરન્તુ જે કોઈ મુદ્દા પર તેમને ઓછી સજા કરાવવા આપણે મથન કરીશું તે મુદ્દામાં જરૂર અસત્ય અને અન્યાય હશે એમ શું તને નથી લાગતું ?”

“એમ પણ હોઈ શકે. વકીલ પોતાના અસીલ પ્રત્યેની પોતાની ફરજ બજાવે છે અને તે સાથે ન્યાયને નિર્મળ રાખવાની વાતો કરે છે એ બેઉમાં કેટલીક વાર ‘લોટ ખાવો ને ભસવું’ નું કહેવત સાક્ષાત્કાર કરાવતું હોય એમ લાગે છે. પરન્તુ ભાઇને વધુ સજા થવાથી જ ન્યાયનો હેતુ જળવાયલો મનાય એમ કહેવાનો આપણને શો અધિકાર? ન્યાયનું ત્રાજવું લઈ બેઠેલો ન્યાયાધીશ તેનું તોલન કરીને જે ફરમાવે તે જ નિર્મળ ન્યાય અને તે જ સત્ય એમ આપણે માની લેવું રહ્યું.”

“છતાં આપણે ભાઈને માટે જે વકીલ રોકીએ, તેને આપણે એટલું જરૂર કહેવું જોઇએ કે અમારે અસત્યનો જરા પણ આશ્રય લેવો નથી અને સાચે સાચી વાત કહીને જ ન્યાય કરવા ન્યાયાધીશને કહેવાનું છે. એથી ભાઇને જે કાંઈ સજા થશે તેથી આપણાં હૃદય દુઃખી થશે, એ દુઃખના આઘાતોને તપશ્ચર્યા માનીને આપણે વેઠી લઇશું, પરન્તુ અસત્યથી સાંપડેલા સુખને ભોગવવા મારૂં મન કદાપિ તૈયાર નહિ થાય.”

વિદ્યાસાગરના હૃદયની આરપાર શાંતિરાય તેની નિર્મળતા જોઈ રહ્યો હતો, પરન્તુ તેની આ વાતો વકીલ–બારીસ્ટરોને રૂચવાની નથી એની તેને પૂરી ખાત્રી હતી. જેઓનો ધંધો જ તર્કશાસ્ત્રના પાયા ઉપર રચાયો હતો, જેઓના સુતર્ક અને કુતર્કની સફળતા ઉપરથી જ તેમની કીંમત અંકાતી હતી, તેવા વકીલોને વિદ્યાસાગર કેવળ “ વેદિયો ” જ લાગશે એમ શાંતિરાયને લાગતું હતું.

કેટલીક વારે ત્રણે જણાં કુસુમચંદ્રને ત્યાં જઈ પહોંચ્યાં. ગઈ રાત્રિના ભયંકર બનાવથી લલિતા અસ્વસ્થ બની ગઈ હતી અને તેની આંખોમાંનાં આંસુ સુકાતાં નહોતાં. તે વિદ્યાસાગરને ઓચિંતો આવી પહોંચેલો જોઈને આનંદ તથા શોકના મિશ્ર આવેગથી જાણે ભાનભૂલી બની ગઈ, દિયરને એક માતાના વહાલથી તેણે છાતી સરસો ચાંપ્યો અને તેના મસ્તકને આંસુથી નવરાવી નાંખ્યું.

કેટલીક વાર સુધી દિયર–ભોજાઈ કશું બોલી શકયાં નહિ. બેઉનાં હૃદય એટલાં ભરાઈ આવ્યાં હતાં કે જેમાંથી એક પણ ઉદ્ગાર નીકળી શકયો નહિ.

ચંદાએ વાતની શરૂઆત કરી. વિદ્યાસાગર હજી ગઈ રાત્રે જ આવ્યો અને સવાર પડતાં કુસુમચંદ્રની ધરપકડની વાત જાણી તે ઘેર આવવાના આનંદને બદલે કષ્ટનો અનુભવ કરવાની સ્થિતિમાં મુકાયો છે, એ બધી વાત તેણે લલિતાને કહી.

લલિતાની આંસુભીની આંખોમાંથી પુનઃ અશ્રુધારા સરી પડી અને તે બોલીઃ “ તમે વેળાસર જ આવ્યા છો

તેથી આ દુઃખમાંય મને ધીરજ મળે છે. ભાઈ, હવે ગમે તેમ કરીને તમે તમારા ભાઇને છોડાવીને ઘેર લાવો. શું થશે ને શું કરવું તે કાંઇ મને સૂઝતું નહોતું, ત્યાં તમને પ્રભુએ વેળાસર જ મોકલ્યા છે. ખરૂં કહું ભાઈ? હું આ મુંઝવણમાં આપઘાત કરી નાંખત!"

"ભાભી! એવી ગાંડાઈ ન થાય. દુઃખ પડે પણ તે વેઠવાં તો જોઇએ જ."

"હા ભાઈ! પણ આ કાંઈ જેવું તેવું દુઃખ છે? ખરૂં કહું? તેમણે મને વાત કહેલી કે પોતે સાડા પાંચ હજાર રૂપિયા આપીને આડતિયાના છોકરાને પેલી રાંડથી છૂટો પાડ્યો છે, ત્યારે મને એક વહેમ પડ્યો હતો કે એ બેઉ કોઈ હરામખોરો તો નહિ હોય? તે જ આપણા રૂપિયા બનાવટ કરીને ઠગી ગયા હોય એવો મને સંશય આવ્યો હતો પણ તમારા ભાઇને એ સંશય નહોતો. છેવટે એ બનાવટ નીકળી પણ જુદી જ જાતની બનાવટ નીકળી, જેનો મને કે તેમને જરાએ સંકલ્પ નહોતો. અને કેટલીક બળતરા કરૂં? તમારા ભાઈ આવો ધંધો કરતા હતા તે મેં અત્યારે જ જાણ્યું! ઓ પ્રભુ! તારો શો દોષ? અમારાં જ કર્મનાં ફળ અમે ભોગવીએ છીએ?"

વિદ્યાસાગર બોલ્યો: "અને ભાભી! આર્ત-રૌદ્ર ધ્યાનથી દુઃખ ન સંવેદતાં ધીરજથી સંવેદવાં જોઇએ, એવું તો તમે જાણો છો."

ધીરજ અને શિખામણનાં સામાન્ય વાક્યો પણ પ્રસંગવિશેષમાં સરસ અસર નીપજાવે છે. લલિતા

ધર્મબુદ્ધિવાળી અને શાણી બાઈ હતી. તેના સુકોમળ દિલ ઉપર કારમા આઘાતો તીવ્ર અસર કરતા, પરન્તુ જ્યારે ધર્મની સમજ સ્ફુરતી ત્યારે તે દિલને સંયમમાં રાખી શકતી. કુસુમચંદ્રને પકડીને પોલીસનાં માણસો લઈ ગયાં ત્યારથી અત્યારસુધી તેણે મનની જરા પણ શાંતિ અનુભવી નહોતી, પરન્તુ અત્યારે તેને એક સ્વજન તરફનાં આશ્વાસન-વાક્યોથી જે શક્તિ મળી તેથી તેનામાં ધીરજનો પ્રાદુર્ભાવ થયો અને ધીરે ધીરે તે દુઃખ વેઠવાની શક્તિ સંપાદન કરતી સ્વસ્થ થવા લાગી.

ચંદાને લલિતાની પાસે રાખીને વિદ્યાસાગર તથા શાંતિરાય કુસુમચંદ્ર ઉપર આવેલી આફતના સંબંધમાં સલાહ લેવા માટે એક વકીલને ત્યાં ગયા.

પ્રકરણ ૧૭ મું

કુસુમચંદ્રના કેસમાં વકીલશાહી કરામતો

પૂર્ણાનંદ ઠાકોર મુંબઈમાં એક જાણીતો બેરીસ્ટર હતો. કુસુમચંદ્રને તે એક સારા ઝવેરી તરીકે ઓળખતો હતો, પરન્તુ તે આવા ધંધા કરતો હશે એવો તેને ખ્યાલ નહોતો. બે-ત્રણ વાર કુસુમચંદ્ર તરફના દાવાઓ લડવા માટે તે રોકાયો હતો એટલે બેઉ વચ્ચે વકીલ-અસીલ તરીકેનો પણ કેટલોક સંબંધ હતો. તે સંબંધને

જ્યારે તેણે કુસુમચંદ્ર સંબંધે આ વાત જાણી ત્યારે તેને કાંઇક તિરસ્કાર ઉપજ્યો અને કાંઇક લાગણી થઈ આવી.

એ કિસ્સો છાપામાં વાંચીને બેરીસ્ટરે છાપું હાથમાંથી બાજુએ મૂકયું, એટલામાં વિદ્યાસાગર અને શાંતિરાય તેને ત્યાં જ જઈ પહોંચ્યા. વિદ્યાસાગર તેને થોડું પિછાણતો અને સારો વકીલ માનતો એટલે તેની સલાહ લેવાનું તેણે અને શાંતિરાયે વાજબી માન્યું હતું.

પૂર્ણાનંદને વિદ્યાસાગરની પિછાણનો ખ્યાલ નહોતો, પરન્તુ તેણે ઓળખાણ આપી ત્યારે ખ્યાલ આવ્યો.

વિદ્યાસાગરે વકીલને અથથી ઈતિ સુધીની બધી હકીકત કહી સંભળાવી. એ હકીકતમાં તેણે કશુંએ છુપાવ્યું નહિ. ગીરાસીયાઓને પોતાના ભાઇએ ઠગ્યા તે વાત પોતે જાણી હતી, તેથી તેના દિલ પર થએલો આઘાત એ પણ પોતાના ગૃહત્યાગનું એક કારણ હતું, એ ઠગાઈને લીધે જ ગીરાસીયા નિર્ધન બની ગયા હતા અને તેમણે બહારવટાનો ધંધો હાથમાં લીધો હતો એ વાત પોતાના સાક્ષાત્ અનુભવની હતી, એટલું જ નહિ પણ ગીરાસીયાઓને ઠગનાર ઝવેરીના સગા ભાઇ તરીકે પોતે એક વાર ઓળખાઇને પકડાઈ જવાથી પોતા ઉપર મરણનું સંકટ પણ આવ્યું હતું, એ બધી વાત વિદ્યાસાગરે વકીલને કહી સંભળાવી. છૂપી પોલીસની બનાવટમાં કુસુમચંદ્ર કેવી રીતે ફસાયો એ વાત છાપામાં આવી હતી તે ખરી હતી, લલિતા તે કબૂલ કરતી હતી અને તેના ગજવામાંથી મળી આવેલી બધુ બનાવટી નોટોમાં પણ કશું જ અસત્ય

નહોતું તે પણ તેણે વકીલને કહ્યું. એ બધી માહિતી આપ્યા પછી તેણે ઉમેર્યું : "જુઓ બૅરીસ્ટર! આમાંની કશી વીગત હું તમારાથી છુપાવવા માંગતો નથી તેવી જ રીતે કોર્ટથી પણ છુપાવવા માંગતો નથી. મારા ભાઈને ન્યાયની અદાલત સજા કરે કે ન કરે, વધુ કરે કે ઓછી કરે એવું કોઈ મારૂં ધ્યેય નથી. મારૂં ધ્યેય તો કોર્ટને ન્યાય તોળવામાં સત્ય હકીકતથી માત્ર મદદ કરવાનું જ છે."

બૅરીસ્ટરને હસવું આવ્યું. શાંતિરાય કહેતો હતો તેમ તેને તે "વેદિયો" પણ લાગ્યો હોય! બૅરીસ્ટરે હાસ્ય સંકેલી લઈને છેવટે કહ્યું : "પણ તમે જે સત્ય હકીકતથી કોર્ટને મદદ કરવા ઇચ્છો છો, તે હકીકત કોર્ટ પાસે મૂકવાને તમને બોલાવવામાં આવે ત્યારે તમે તેમ કરી શકો. તે પહેલાં તો તમારા ભાઈની કેફીયત લેવાશે, પોલીસ અમલદારની કેફીયત લેવાશે, પોલીસ ખાતું આરોપનામું રજુ કરશે અને મેજીસ્ટ્રેટ કે સેશન્સ જજ તહોમત ફરમાવશે, બચાવ સાંભળશે અને ન્યાય તોળશે. આ બધી કાર્યવહીમાં તમે કોર્ટ પાસે સત્ય હકીકતને નામે જે કાંઇ કહેવા જાઓ તે સાંભળવાનો અમુક વખતે જ કોર્ટને હક્ક છે, તે પહેલાંનો બધો વિધિ તો એક બાજુએ પોલીસને અને તેના વકીલને તથા બીજી બાજુએ આરોપીને અને તેના વકીલને કરવાનો અધિકાર છે, એટલે જે કાંઈ વિધિપુરઃસર થાય તે જ તમારે થવા દેવું જોઈશે અને તે માટે વકીલની જરૂર પડશે."

"તેટલા માટે તો હું આપની પાસે આવ્યો છું. આપ વકીલાતનામું મને આપો તો ભાઈની સહી કરાવી આપું. આપને આ બધું કહેવાનો મારો આશય એ છે કે આ બધી ખુલ્લી રીતે સત્ય હકીકત છે તેમાં જરાએ અસત્ય નભી શકે તેમ નથી અને અસત્યને નિભાવવાની મારી ઇચ્છા પણ નથી."

"વારૂ, તે હું ધ્યાનમાં રાખીશ." એમ કહેતાં વકીલને ફરીથી હસવું આવ્યું.

"ભાઈને જામીન પર છોડાવી શકાશે ?" વિદ્યાસાગરે પૂછ્યું.

"હું યત્ન કરી જોઉં ત્યારે ખબર પડે. કદાચ પોલીસ અડવાડિયું અટકમાં રાખવાની માંગણી પણ કરે."

"એ તો કાયદો જેમ કરે તેમ કરવા દેવુંજ જોઇએ."

"વારૂ, તમે બેઉ ભાઇ ઓરમાન હો તેમ લાગે છે." વકીલે ટકોર કરી.

"હા, અમે ઓરમાન ભાઈઓ છીએ ખરા, પરન્તુ મારી વાત ઉપરથી આપ એવું અનુમાન કાઢતા હો તો તેમાં આપ ભૂલ કરશો. કુસુમચંદ્ર મારા ઓરમાન ભાઈ છે તેથી હું તેમને સત્ય વાતની રજુઆતને નામે આકરામાં આકરી સજા કરાવવા ઇચ્છું છું એવી આપની ગણત્રી ખરી નથી. સત્યથી આવી પડેલું દુઃખ હું વેઠી શકું છું પરન્તુ અસત્યથી મળેલું સુખ મારા હૃદયમાં તીવ્ર કંટકનો દંશ કરે છે અને હું તે વેઠી શકતો નથી."

આ સાંભળીને વકીલે મૂછમાં હસતાં શાંતિરાય સામે જોયું. શાંતિરાયે કહ્યું: "વિદ્યાસાગર ખરૂં કહે છે. તે સંસારવાસી યોગી જેવા છે એ વાત વળી કોઈ વાર હું આપને કહીશ. અત્યારે તો આ કેસની ફી આપ ઠરાવો."

બૅરીસ્ટર સહેજે હજાર રૂપિયામાં આ કેસ લે તેમ હતું, પરન્તુ આરોપીના આ સત્યવાદી ભાઈની તેને બીક લાગી ! તેનું સત્ય જ આરોપીનો બચાવ કરવામાં પોતાને વારંવાર વિઘ્નરૂપ બનશે અને પોતાની તકલીફમાં વધારો કરશે એમ તેને લાગ્યું. એટલે તેણે કહ્યું: "હું બે હજાર રૂપિયા લઈશ."

"મને તે કાંઈક વધુ લાગે છે." વિદ્યાસાગરે કહ્યું.

"હા, તે કાંઈક વધુ છે, પરન્તુ કેસ પણ ખૂબ તકલીફ આપે તેવો છે."

"વારૂ, કબૂલ. સાંજે હું આપની ફી પહોંચાડીશ. મને વકીલાતનામાનું ફૉર્મ આપો તો હું ભાઈની સહી કરાવીને લાવી આપું."

પૂર્ણાનંદે ફૉર્મ આપ્યું, તે લઈને વિદ્યાસાગર તથા શાંતિરાય ચાલતા થયા.

* * *

પોલીસ સ્ટેશનમાં જ્યારે વિદ્યાસાગર વકીલાતનામાના ફૉર્મ ઉપર સહી કરાવવા કુસુમચંદ્રને મળ્યો ત્યારે પહેલાં તો કુસુમચંદ્ર ચમકયો અને તેનું મ્હોં પડી ગયું, પરન્તુ જ્યારે તેણે જાણ્યું કે પોતાને બચાવવા માટે વિદ્યાસાગર વકીલની સાથે વાટાઘાટ કરીને આવ્યો છે ત્યારે તેને

આનંદ થયો અને એમ લાગ્યું કે વેળાસર વિદ્યાસાગર આવ્યો તે ઠીક થયું. તે વખતે બીજી કોઇ વાતો કરવાનો અવકાશ નહોતો પરન્તુ કુસુમચંદ્રના દિલ ઉપર એક માત્ર અસર થઇ કે આપત્તિને વખતે ભાઈ જ માત્ર બાહુરૂપ બની શકે છે.

બેરીસ્ટરે કહેલું અનુમાન ખરૂં પડયું. પોલીસે કુસુમ-ચંદ્રને મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કરીને આરોપનામું તૈયાર કરવા માટે અઠવાડિયાની મુદત માંગી, અને તેને હરકોઇ રકમના જામીન પર છોડવાની બેરિસ્ટરની લડત ઉપયોગી થઈ નહિ. આથી કુસુમચંદ્રને એક અઠવાડિયું પોલીસની અટકમાં રહેવું પડયું. એક આબરૂદાર અને ધનવાન વેપારી હોઈને કુસુમચંદ્રને પોલીસની કશી કનડગત વેઠવી પડી નહિ. તેણે પોતાના નિવેદનમાં બેઉ અપરાધો કબૂલ કર્યા હતા: ગીરાસીયાને ઠગવાનો અપરાધ અને બનાવટી જયપુરી જુવાન સરદારમલ તથા નર્સ ઈંદિરાને ખોટી નોટોથી ઠગવાનો અપરાધ.

પૂર્ણાનંદ બેરીસ્ટરને જરા વધુ ખબરદારીથી આ કેસ ચલાવવો પડે તેમ હતું. એક બાજુએ અપરાધો ખુલ્લા હતા, બીજી બાજુએ સત્યવાદી વિદ્યાસાગર તેને વિઘ્નરૂપ બને તેમ હતું !

બેરીસ્ટરે લલિતા અને વિદ્યાસાગરને મળીને કેટલીક વધુ વીગતો જાણી લીધી. તેણે જાણ્યું કે ગીરાસીયાના જે દાગીના વેચાણ રાખવામાં આવ્યા હતા, તે હજી ઘરમાં જ હતા અને વિદ્યાસાગર એ અન્યાયોપાર્જિત દાગીના એ

ગીરાસીયાને પાછા સોંપી દેવા આતુર હતો. લલિતાની પણ તેમાં સંમતિ હતી. કેસ શરૂ થયા પૂર્વે એ દાગીના ગીરાસીયાને પાછા પહોંચી જાય તો ઠીક એમ બેરીસ્ટરના મનમાં હતું, તેથી તેણે તે મતલબની સૂચના કરી અને તે બેઉએ સ્વીકારી લીધી, એટલે બેરીસ્ટરે શાંતિરાયને ભદ્રાવતી ખાતે દાગીના સાથે મોકલ્યો અને ભદ્રાવતીની જેલમાં પડેલા સ્વરૂપસિંગને તેણે તે દાગીના સોંપી દીધા. સ્વરૂપસિંગને ખૂબ આનંદ થયો, વિદ્યાસાગર ઉપર તેનો જે કાંઈ સ્નેહ હતો તે વધ્યો અને કુસુમચંદ્ર ઉપર આવેલી આફત માટે તેના પર તેને દયા પણ ઉપજી. આ બધી વીગત શાંતિરાયે પાછા ફરીને બેરીસ્ટરને કહી અને બેરીસ્ટરને એક અગત્યના મુદ્દામાં પોતે ઠીક સાવધતા દર્શાવી છે એમ લાગ્યું.

અઠવાડિયા પછી કુસુમચંદ્ર જામીન પર છૂટી ઘેર આવ્યો. લલિતાને તેથી આનંદ થયો પણ હજી કેસનું જોખમ તો શિરે લટકતું જ હતું એટલે એ આનંદમાં પણ ભયના તરંગો ઉપજ્યા વિના રહેતા નહિ. આ બનાવથી કુસુમચંદ્ર એટલો શરમાયો કે તે આખો દિવસ ઘરમાં જ બેસી રહેવા લાગ્યો; કોઈને મ્હોં બતાવવાની પણ તેની હિંમત ચાલતી નહોતી.

મનુષ્યની અધમ વૃત્તિઓ જેટલી ઉપદેશથી સુધરતી નથી, તેટલી કડવા સ્વાનુભવોથી સુધરી શકે છે. જગતમાં અધમતા પણ ઘણી વાર વિજયી નીવડતી જોવામાં આવે છે, જોકે છેલ્લે પરિણામે વિજયી નીવડતી નથી, તોપણ

લોકોની દૃષ્ટિ એટલી ઊંડી પહોંચી શકતી નથી તેથી અધમતાનો વિજય તેમને જેટલો જ્વલંત દેખાય છે તેટલું તેનું છેવટનું દુ:ખદ પરિણામ દેખાતું નથી. આ કારણથી જ મનુષ્યની અધમ વૃત્તિઓનો વ્યાપાર ચાલુ રહે છે. દીર્ઘ દૃષ્ટિવાળા અને સમજુ માણસો જ દૂરનાં પરિણામોને પિછાણીને અધમ વૃત્તિની પ્રેરણા છતાં તે મુજબ વર્તતા નથી અને અધમ વૃત્તિને સંયમમાં રાખવા મથે છે. કુસુમચંદ્ર તેવો દીર્ઘ દૃષ્ટિવાળો નહોતો, પરન્તુ અધમ વૃત્તિના વ્યાપારનો આ કડવો અનુભવ તેની દૃષ્ટિને હવે સતેજ કરવા લાગ્યો હતો અને તેના અંતીમ દુ:ખદ પરિણામ સુધી તે દૃષ્ટિ જ્યારે પહોંચતી હતી ત્યારે તેને વિષાદ ઊપજતો હતો. એ વિષાદ જ અધમ વૃત્તિની ઉગ્રતા ઉપર ઠંડું પાણી રેડી રહ્યો હતો અને તેને શરમીંદગી ઉપજાવતો હતો.

પોલીસે કુસુમચંદ્ર ઉપર આરોપનામું ઘડી કાઢીને મેજીસ્ટ્રેટ સમક્ષ રજુ કર્યું, તે ઉપરથી કુસુમચંદ્રના વકીલે જોયું કે કુસુમચંદ્ર ઉપરનો આરોપ બનાવટી નોટો મેળવી, તેને ચલણી નોટો તરીકે ચલાવી, લ્હેણદારોને ઠગવાનો અને તેવી નોટોનો કબજો ધરાવવાનો હતો. પોલીસે પોતાના મુદ્દાના સમર્થનમાં ત્રણ સાક્ષીઓ મૂક્યા હતા : જયપુરી જુવાન સરદારમલ અને નર્સ ઈંદિરા તથા સ્વરૂપસિંગ. વકીલને લાગ્યું કે પોતે સ્વરૂપસિંગને દાગીના પહોંચાડીને તેની સહાનુભૂતિ મેળવવાનો જે માર્ગ શોધ્યો હતો તે વખત આવ્યે ઉપયોગી થઈ પડવાનો સંભવ છે.

જ્યારે કેસ ચાલ્યો ત્યારે સ્વરૂપસિંગને ભદ્રાવતીની જેલમાંથી રાજ્યના એક પહેરેગીરની સાથે મુંબઈમાં

લાવવામાં આવ્યો અને મુંબઈની પોલીસનો જે ઇન્સ્પેક્ટર ફરિયાદી હતો તેની દેખરેખ હેઠળ તેને રાખવામાં આવ્યો. સ્વરૂપસિંગ કેવી રીતે ઠગાયો હતો, તેને બનાવટી નોટો મળી હતી અને તેથી તેને બહારવટીયાનો ધંધો લેવો પડ્યો હતો તે બધી વીગત ઇન્સ્પેક્ટરે તેની પાસેથી સાંભળી લીધી અને પછી તાકીદ આપી: "જુઓ ઠાકોર, આજે બધી વાત તમે મને કહી તે હવે બરાબર રીતે તમારે મેજીસ્ટ્રેટ પાસે કહેવાની છે. બીજું કાંઈ આડું અવળું ન વેતરતા, માત્ર મુદ્દાની આ જ બાબત છે કે તમે આરોપીને હાથે દાગીના વેચીને બનાવટી નોટોથી ઠગાયા હતા."

છેવટે કેસ ચાલવાનો દિવસ આવી પહોંચ્યો. કુસુમચંદ્રના પગ થરથરતા હતા, લલિતાની આંખો આંસુથી ભીંજાતી હતી, વિદ્યાસાગર પર પણ વાતાવરણની ગમગીની અસર રહ્યા કરતી હતી, શાંતિરાય 'શું થશે' એવા માનસિક પ્રશ્નથી મુંઝાયા કરતો હતો. પરન્તુ પૂર્ણાનંદ બેરીસ્ટરના અંતરમાં ખૂબ આશા અને ઉત્સાહ હતાં. તેના મ્હોં પરથી જ આશાનું તેજ કુસુમચંદ્ર જોઈ શકતો હતો. બેરીસ્ટરે કુસુમચંદ્રને પૂરી આશા આપી હતી કે "તમે જરાએ ડરશો નહિ, હું કેસ જીતી ચૂક્યો છું અને તમે નિર્દોષ ઠરીને છૂટી ગયા છો એમ તમે માની લેજો." પરંતુ એ આશા કુસુમચંદ્રના દિલમાં ઉત્સાહ પ્રકટાવી શકતી નહિ. તે તો ગમગીન ચહેરે કોર્ટમાં આવીને બેઠો હતો. વિદ્યાસાગર અને શાંતિરાય પણ કોર્ટમાં હાજર રહ્યા હતા.

પહેલાં ફરીઆદી પોલીસ ઇન્સ્પેક્ટરે આરોપની બધી વીગત પોતાની જુબાનીમાં કહી અને ખોટી નોટો, પોતાના

ઉપરીનો આ બાબત તપાસ ચલાવવાનો હુકમ, એજન્સી તરફથી તે સંબંધે આવેલી સૂચનાનો પત્ર વગેરે રજુ કર્યું.

ફરીઆદ પક્ષનો પહેલો સાક્ષી જયપુરી જુવાન સરદારમલ હતો. તે તેનું બનાવટી નામ હતો. તે મુંબઇની છૂપી પોલીસનો નોકર હતો અને મૂળ મારવાડનો વતની હોવાથી મારવાડી ભાષા સારી રીતે બોલી જાણતો. તેણે પોતાને હુકમ મળ્યા મુજબ કેવી યુક્તિ કરીને કુસુમચંદ્ર પાસેથી બનાવટી નોટો કઢાવી તેની બધી વીગત આપી.

પછી ઈંદિરા જુબાની આપવા આવી. તે ખરેખર દક્ષિણી બાઈ હતી પણ તેનું ખરૂં નામ ગોદાવરી હતું. તે પોલીસ ખાતાની નોકરીમાં નહોતી પણ મુંબઈમાં બનતા કેટલાક વ્યભિચારના ગુન્હાઓની પોલીસને બાતમી આપવાનું કામ તે કરતી અને તે માટે તેને પોલીસ તરફથી ઇનામો મળ્યાં હતાં. આ કેસમાં તે બનાવટી નર્સનો સ્વાંગ સજીને પોલીસને મદદ કરવા તૈયાર થઈ હતી. તેણે પણ જયપુરી જુવાનના કથનને બધી રીતે ટેકો આપનારી વીગત કહી.

ત્રીજો સાક્ષી સ્વરૂપસિંગ હવે આવ્યો. તેણે પોતાનું નામ, ધંધો, જમીન, જાગીર વગેરે લખાવ્યું અને પછી ફરીયાદ પક્ષના વકીલના પ્રશ્નોના જવાબ આપતાં કહ્યું: "બહારવટું કરવા માટે હું હમણાં ભદ્રાવતીની જેલમાં પુરાયો છું. એ ધંધો મારે, મારા કુટુંબીઓને અને બીજાઓને કરવો પડ્યો કારણકે અમે બધા ગરીબ બની ગયા હતા, જમીન જાગીર ઉપર કરજ કરી ચૂકયા હતા અને બધો ગીરાસ દેવામાં ડૂબી ગયો હતો. અમે ગીરાસીયા

એટલે અમને ખેતી કરતાં આવડે નહિ અને ઘરમાં પાઈ રહી નહિ, એટલે પછી અમે લોકોને લૂંટી–રંજાડીને પેટ ભરવાનો ધંધો માંડ્યો. ઘરમાંના ઠર–દાગીના બધાય વેચી ખાધા પછી ઘરમાં બીજું શું હોય?"

વકીલે પૂછ્યું: "છેલ્લી વેળા તમે દાગીના વેચવા મુંબઇ આવ્યા હતા કે?"

"હા સાહેબ!"

"તમે દાગીના વેચવા કોને ત્યાં ગયા હતા?"

"કુસુમચંદ્ર શેઠને ત્યાં."

"તમારા દાગીનાના કેટલાક રૂપિયા તમને મળ્યા?"

"પાંચ હજારમાં ત્રણસો ઓછા."

"તમને એ નાણું રોકડા રૂપિયામાં મળેલા કે?"

"જી ના, ૪૫૦૦ રૂપિયાની નોટો અને ૨૦૦ રૂપિયા રોકડા શેઠે આપેલા."

"એ નોટો વટાવતાં તમને શું માલૂમ પડયું?"

"કશું ય નહિ. નોટો વટાવીને જ્યાંસુધી નાણાં પહોંચ્યાં ત્યાંસુધી ખાધું અને ખૂટયા એટલે બહારવટું માંડયું!"

ફરીયાદ પક્ષનો વકીલ ચમકયો. સાક્ષી ફરી બેઠો છે એમ તેને જણાઈ આવ્યું. તેનો ચહેરો કરડો બન્યો. મેજીસ્ટ્રેટે તેની સામે જોયું. વિદ્યાસાગર જાણે આભો બન્યો. માત્ર પૂર્ણાનંદના વદન ઉપર વિજયની અદષ્ટ રેખાઓ હતી.

વકીલે કરડાકીથી આંખો કાઢીને પૂછ્યું: "તમે સોગંદ ઉપર કહો છો કે નોટો ખરી હતી અને તમે તે વટાવી હતી?"

"હા સાહેબ!"

"ત્યારે પોલીટીકલ એજંટ લખે છે કે તમને ખોટી નોટો મળવાથી એકદમ ગરીબ બની જવાથી તમે બહારવટે ચડ્યા એ શું સાહેબ ખોટું લખે છે?"

"પોલીટીકલ સાહેબે વળી મને કયે દિવસે બોલાવીને પૂછ્યું છે કે સાહેબ ખરી વાત જાણતા હોય! સાહેબ તો કારકુનો કહે તે માને, અને અમારી વાત અમો જાણીએ."

સ્વરૂપસિંગને પોતાના કથનમાં દૃઢ રહેલો જોઈને વકીલે તેને ભુલાવામાં નાંખવા આડા પ્રશ્નો પૂછવા માંડ્યા. વિદ્યાસાગરને એક વાર તેમણે પકડીને બાનમાં રાખ્યો હતો અને કુસુમચંદ્રની ઠગાઈને કારણે તેના ભાઈ ઉપર વેર લેવા તેને મારી નાંખવાની પણ તૈયારી કરી હતી, એ બધી વાત સ્વરૂપસિંગને પૂછવામાં આવી, પણ સ્વરૂપસિંગે કહ્યું કે અમે વિદ્યાસાગરને પકડ્યો હતો એ ખરૂં, પણ અમને તે સરકારનો છાનો હેર હોય એમ લાગ્યું હતું તેથી પકડ્યો હતો. કુસુમચંદ્ર ઉપર વળી અમારે વેર શાનું વાળવાનું હોય?"

સ્વરૂપસિંગની આ જબાનીથી પોલીસ ઈન્સ્પેક્ટર ઊંચો નીચો થયો, વકીલે ઘણાં તરફડિયાં માર્યાં, પણ સ્વરૂપસિંગ ડગ્યો નહિ, એટલે તેને પડતો મૂકી ફરીઆદ પક્ષના વકીલે મેજીસ્ટ્રેટને અરજ ગુજારી: "આ તબક્કે એક વધુ સાક્ષી હું ઉમેરવા માંગું છું, સાહેબ!"

પૂર્ણાનંદ બેરીસ્ટરે કહ્યું: "તો નામ રજુ કરો અને સમન્સ કઢાવો."

ફરીયાદપક્ષે મેજીસ્ટ્રેટને વિનંતિ કરીઃ “સાહેબ! એમ કરવાની ખાસ જરૂર પડે તેમ નથી. કોર્ટમાં મારો સાક્ષી હાજર છે અને તે આરોપીનો ભાઇ વિદ્યાસાગર છે. કોર્ટ મારી વિનંતિ માન્ય રાખે તો અત્યારે જ તેની જબાની લઈ શકાય તેમ છે.”

પૂર્ણાનંદે તે સામે વાંધો ઉઠાવ્યો અને મેજીસ્ટ્રેટને એ અરજ માન્ય ન રાખવા વિનંતિ કરતાં મોટું ભાષણ કર્યું, કાયદાના આધારો ટાંકયા, પણ મેજીસ્ટ્રેટે તે માન્ય ન રાખતાં વિદ્યાસાગરને સાક્ષીના પિંજરામાં ઊભા રહેવા હુકમ ફરમાવ્યો. પૂર્ણાનંદના મ્હોં પર શાહી ઢળી ગઈ.

વિદ્યાસાગરે જે જબાની આપી તેથી મેજીસ્ટ્રેટને પણ નવાઈ લાગી. તેણે પોતાના ભાઇનો અપરાધ ખુલ્લે ખુલ્લા શબ્દોમાં પૂરી વીગત સાથે વર્ણવી બતાવ્યો. પૂર્ણાનંદને જે ભય હતો, જેને તે વિઘ્નરૂપ માનતો હતો, તે અત્યારે સામે આવીને ઊભો હતો. એ વખતે તેને ક્રોધ ચડે એ સ્વાભાવિક હતું પણ તેણે ક્રોધ ન કરતાં વિદ્યાસાગરની જબાની વખતે પહેલેથી છેલ્લે સુધી માત્ર હાસ્ય જ કર્યા કર્યું!

ફરીયાદ પક્ષનો વકીલ વિદ્યાસાગરને પ્રશ્નો પૂછી રહ્યો એટલે પૂર્ણાનંદે તેની ઉલટ તપાસ કરવા માંડી. તેણે પૂછ્યુંઃ “મિસ્તર વિદ્યાસાગર! તમારા ભાઇને કશું સંતાન છે?”

“ના જી.”

“તમારી અને તમારા ભાઈની મીલકત હજી મઝીઆરી છે?”

"જી હા."

"અને તમે બેઉ ઓરમાન ભાઈ છો ?"

"હા જી."

"થોડા વખત પહેલાં તમે કોઈને કહ્યા વિના ઘર છોડીને નાસી ગયા હતા ?"

"જી હા."

પૂર્ણાનંદે મેજીસ્ટ્રેટને કહ્યું: "બસ સાહેબ, મારી ઉલટ તપાસ પૂરી થાય છે."

પ્રાથમિક તપાસ પૂરી થઈ એટલે મેજીસ્ટ્રેટે આરોપીને પોતાનું નિવેદન રજુ કરવા કહ્યું, અને તેને માટે બીજા દિવસની મુદત પાડી.

પૂર્ણાનંદ બેરીસ્ટરે પોતાની બધા પ્રકારની હિકમતો વાપરીને કેસને પલટાવી નાંખવા પ્રયત્ન કર્યો હતો અને જો વિદ્યાસાગરની આટલી જબાની વિઘ્નરૂપ ન બની હોત તો તેને કુસુમચંદ્રને નિર્દોષ ઠરાવી છોડાવવાની હિંમત હતી. છતાં તેણે હજી બધી હિંમત મૂકી નહોતી.

તેણે ઘડી આપ્યા મુજબ કુસુમચંદ્રે કોર્ટ સમક્ષ એવી મતલબનું નિવેદન કર્યું કે, પોતે સ્વરૂપસિંગને ખોટી નોટો આપી નહોતી પણ ખરી નોટો જ આપી હતી. પહેલાં પોલીસના દબાણથી તેણે કરેલી કબૂલાત મેજીસ્ટ્રેટ સમક્ષ નાકબૂલ કરી, પણ તેમ કરવાનો આરોપીને અધિકાર હતો. જયપુરી જુવાનને પોતે ખોટી નોટો આપી હતી એ ખરૂં છે, પરન્તુ તેમાં પોતાનો આશય પોતાના આડ-તીઆના પુત્રને પૈસા કઢાવવા વળગી પડેલી એક નર્સને

ઠગવાનો હતો. જે હરામખોરીથી નર્સે એ જુવાનને ફસાવ્યો હતો એ હરામખોરીનો બદલો તેને ફોસલાવી લઈને આપવા પોતે ઈચ્છતો હતો. એવી લુચ્ચી બાઈને મોટી રકમ બક્ષીસ આપવી એ હરામખોરીને ઉત્તેજન આપવા બરાબર હતું અને પોતે તેમ કરવા ઈચ્છતો નહોતો, છતાં તેનાથી જુવાનને છોડાવવા ઈચ્છતો હતો એટલે પોતે આ તરકીબ વાપરી હતી. ઘરમાંથી નીકળેલી અને નર્સને ફોસલાવી લેવા વાપરેલી બનાવટી નોટોના સંબંધમાં તેણે એમ જણાવ્યું કે પોતે કેટલાક વખત પહેલાં રૂપિયા પચીસ હજારની ખોટી નોટોથી ઠગાયો હતો, ત્યારથી એ નોટો પોતાના ઘરમાં જ પડી હતી. પોતે તેને સાચી નોટો તરીકે ચલાવવા ઇચ્છતો નહોતો અને તેણે એ નોટો ચલાવી પણ નહોતી. માત્ર આ નર્સને ફોસલાવી લેવાને તેણે એ નોટોનો ઉપયોગ કર્યો હતો. વળી તેને એ પણ વહેમ હતો કે કદાચ આ જયપુરી જુવાન બનાવટી હોય અને પોતાને ઠગવા ઈચ્છતો હોય, અને તે સાથે તેને એમ પણ થયા કરતું હતું કે કદાચ તે ખરો સરદારમલ પણ હોય; એટલે જેવી રીતે પોતે ઠગાવા માંગતો નહોતો, તેવી રીતે પોતે સરદારમલને છોડાવ્યા વિના જવા દેવા ઈચ્છતો નહોતો; એટલે છેવટે આ બનાવટી નોટો વાપરીને તેને છોડાવવા અને નર્સને ઠગવા પોતાને ફરજ પડી હતી. આ કેસમાં વિદ્યાસાગરે જે જબાની આપી હતી તેને કુસુમચંદ્રે ખોટી જણાવી હતી અને પોતા પર તેની વેરબુદ્ધિ હોઈ તથા બધી વડીલોપાર્જીત મીલકત પોતે એકલો લઈ લેવા ઇચ્છતો હોઈ તેણે વિરૂદ્ધ જુબાની આપી હતી એમ જણાવ્યું હતું.

પોતાને લાંબી મુદતની જેલમાં મોકલાવવાની વિદ્યાસાગરની બદદાનત હોવાનું પણ તેણે વિશેષમાં જણાવ્યું હતું.

આ નિવેદન કોર્ટ સમક્ષ આવતાં મેજીસ્ટ્રેટ પણ ભ્રમણામાં પડ્યા. વિદ્યાસાગરની જબાની પર તેને સંશય આવવા માંડ્યો. સ્વરૂપસિંગની જબાની ખોટી હોય એમ માનવાનું કશું કારણ માલૂમ ન પડ્યું એટલે બનાવટી નોટો લેણ–દેણમાં કુસુમચંદ્રે વાપરી હોવાનો મુદ્દો વમળમાં પડ્યો. નર્સને બનાવટી નોટો આપી હોવાની કબૂલાત છતાં તે રકમ કોઈ લહેણાના બદલામાં અપાઈ નહોતી; એવી નોટો તેના ઘરમાંથી નીકળી હતી છતાં તે આ નોટો બનાવતો હતો અગર બીજે કોઇ સ્થળેથી મેળવતો હતો એવો કોઈ પુરાવો પોલીસે રજુ કર્યો નહોતો; એટલે કુસુમચંદ્ર પોતે જ કોઇ વાર એ નોટોથી ઠગાયો હોય અને ત્યારથી એ નોટો તેની પાસે પડી રહી હોય એવું નિવેદન મેજીસ્ટ્રેટને ધ્યાન આપવા યોગ્ય લાગ્યું.

પછી બેઉ પક્ષના વકીલોની દલીલો થઇ. ફરીયાદ પક્ષના વકીલે નર્સને ઠગવા માટે બનાવટી નોટો વાપરી હોવાના મુદ્દા પર ખૂબ જોર આપ્યું. સ્વરૂપસિંગનો મુદ્દો જરા લૂલો બન્યો હતો, તોપણ વિદ્યાસાગર જેવા આરોપીના ભાઈની નિખાલસ જબાનીથી તેની પૂર્તિ કરવા તેણે યત્ન કર્યો. પોલીસ સમક્ષ આરોપીએ કરેલી કબૂલાત ઉપર ભાર મૂકયો.

પૂર્ણાનંદ બેરીસ્ટરે સ્વરૂપસિંગની જબાની ઉપર ભાર મૂક્યો, અને ઓરમાન ભાઇની દ્વેષભરી જબાનીના ભુક્કા ઉડાડ્યા. નર્સને ઠગવા માટે વાપરેલી ખોટી નોટોની

કબૂલાત છતાં ખરેખરી રીતે નર્સે ઠગાયા બાબતની ફરીયાદ નોંધાવી ના હોય ત્યાંસુધી એ મુદ્દા ઉપર ધ્યાન ન આપવું જોઇએ એવી દલીલ કરી. જ્યારે એક માણસને પોતે ઠગાવાનો ભય હોય ત્યારે તે સામા માણસથી બચવાને તેને કોઇ તરકીબથી બનાવી કાઢે એ સ્વાભાવિક હોઇ તે કુસુમચંદ્રનો ગુન્હો થતો નહોતો એમ કહ્યું. પોલીસ સમક્ષની કુસુમચંદ્રની કબૂલાત પોલીસે તેને દબાવીને કરાવી હતી એવો તેણે બચાવ કર્યો.

આટલી પ્રાથમિક તપાસને અંતે કુસુમચંદ્ર ઉપર મેજીસ્ટ્રેટે માત્ર એક જ તહોમત ફરમાવ્યું: બનાવટી નોટોનો કબજો ધરાવવાનું અને તેને ફેલાવવાનું. લ્હેણદારોને ઠગવાની બદદાનતનો અને બનાવટી નોટો મંગાવીને ચલણી નોટો તરીકે તેનો ઉપયોગ કરવાનો મહત્ત્વનો મુદ્દો મેજીસ્ટ્રેટે માન્ય ન રાખ્યો.

પછી ફરીથી સાક્ષીઓની જબાનીઓ લેવાઈ પણ તેમાંથી કશું નવું તત્ત્વ નીકળ્યું નહિ એટલે બેઉ પક્ષના વકીલોએ ફરીથી દલીલો કરી. ફરીઆદ પક્ષના વકીલે દાખલો બેસાડવા માટે આરોપીને આકરી સજા કરવા કહ્યું અને પૂર્ણાનંદ બેરીસ્ટરે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા કહ્યું.

મેજીસ્ટ્રેટે ચુકાદો આપતાં આરોપીને એક દિવસની સજા અને ૫૦૦ રૂપિયાનો દંડ કર્યો. મેજીસ્ટ્રેટની એવી માન્યતા બંધાઇ હતી કે જે બનાવટી નોટો કુસુમચંદ્ર પાસે હતી તેનો કોઇને પણ નાણાં સંબંધી નુકસાન થાય તેવો ઉપયોગ કરવામાં આવ્યો હોય એવો પુરાવો પડ્યો નહોતો

અને નર્સને તેણે આપેલી નોટો જાતબચાવના મુદ્દા માટે હતો : છતાં બનાવટી નોટો ફેલાવવાનો તે એક અપરાધ હતો અને તે માટે તેને એટલી ઓછી સજા કરીને જવા દેવામાં આવ્યો હતો. પોતા પાસેની બનાવટી નોટો કુસુમચંદ્રે પોલીસને સોંપી દેવી જોઈતી હતી તેને બદલે તે સંઘરી રાખીને તેનો આવો ઉપયોગ કર્યો એ ગુન્હાઈત કૃત્ય હતું એવો મેજીસ્ટ્રેટનો અભિપ્રાય બંધાયો હતો.

પ્રકરણ ૧૮ મું

પરિવર્તન

આ કેસની સુનાવણી અને ચુકાદાની અસર જુદાં જુદાં મન ઉપર જુદી જુદી થઈ. વિદ્યાસાગરને આનંદ થયો કે પોતાનો ભાઈ થોડી સજાથી જ બચી ગયો, પરન્તુ પોતે કહેલી બધી સાચી હકીકત મેજીસ્ટ્રેટને પણ સાક્ષી–પુરાવાને આધારે સાચી ન લાગી, તેથી તેને આશ્ચર્ય અને ખેદ થતો હતો. પોતે દુનિયાની નજરે કેવો દુષ્ટ લેખાશે તેનો તેને વારંવાર વિચાર થતો હતો.

સાંજે જ્યારે સ્વરૂપસિંગને ભદ્રાવતીનો પહેરેગીર લઇને પાછો જતો હતો, ત્યારે વિદ્યાસાગર તેને સ્ટેશન પર મળ્યો. સ્વરૂપસિંગે તેને જોતાં જ તેને ભાવથી ભેટતાં કહ્યું: "વિદ્યાસાગરભાઇ! તમે અમારા દાગીના તુરત મોકલી આપ્યા–ખાસ શાંતિરાયભાઇને મોકલીને પહોંચાડયા

તે તમારી સજ્જનતા હું જીંદગીભર ભૂલવાનો નથી હોં! તમારા ભાઈએ અમારૂં ભૂંડું તો કર્યું જ હતું પરન્તુ તમારી સજ્જનતા મારાથી કેમ ભુલાય? તમારા ભાઈ કેદમાં પડે તે મને સારૂં ન લાગ્યું, મને બહુ લાગણી થઈ, તમારા ઉપકાર સાંભર્યા અને મેં ફોજદારની ધમકીની ય પરવા કર્યા વિના જબાની આપી તમારા ભાઈને બચાવી લેવા બનતું કર્યું. તમારા વકીલે મને તે કહેલું, પણ તે પ્રમાણે કરવું કે નહિ તેની ઘડમથલ મારા મનમાં ચાલતી હતી, છેવટે તમારૂં મ્હોં જોતાં તમારા ભાઈનું ભૂંડું કરવાનું કામ કરવાનું મને ઠીક ન લાગ્યું અને મેં વકીલે કહ્યા પ્રમાણે જૂઠી જબાની આપી!"

"જેવી તમારી ઇચ્છા." વિદ્યાસાગરે માત્ર ટુંકેથી પતાવ્યું.

"પણ મને થોડી નવાઈ લાગી છે હોં! સાચું કહું? તમે તમારા ભાઈનું ભલું થાય એવી જુબાની ન આપી."

"જૂઠું બોલવાનો મારો સ્વભાવ નથી."

"ત્યારે મેં તો ભાઈ તમારા જ મ્હોં સામે જોઈને જૂઠું કહ્યું! મને એવી ખબર ક્યાંથી? તમારા વકીલે મને કહ્યું તેને મેં તમારો જ સંદેશો માનેલો. તમારી જબાનીની વાત જાણી ત્યારે મને લાગ્યું કે આ તો આંધળે બહેરૂં કુટાયા જેવું થયું!"

"જે થયું તે ખરૂં."

પછી બેઉ વચ્ચે ભદ્રાવતીની થોડી વાતો ચાલી. થોડા દિવસ પછી ત્યાં બહારવટીઆનો કેસ ચાલશે અને નિકાલ થશે વગેરે વાત સ્વરૂપસિંગે કહી.

વિદ્યાસાગર રાત્રે ઘેર પાછો ફર્યો તો ત્યાં નાની સરખી મિજલસ જામેલી. શાંતિરાય, ચંદા, લલિતા, કુસુમચંદ્ર, કપૂરચંદ, ગુણલક્ષ્મી વગેરે મળેલાં. એટલામાં વિદ્યાસાગર ત્યાં પહોંચ્યો. લલિતાને વિદ્યાસાગરની જબાનીથી આશ્ચર્ય થયું હતું, પણ કુસુમચંદ્રને તો રોષ જ ઉપજ્યો હતો. તેને પોતાનો ખરેખરો હિતસ્વી વકીલ પૂર્ણાનંદ જ લાગતો હતો કે જેણે ખૂબ મહેનત કરીને પોતાને થોડા દંડની સજાથી જ છોડાવી લીધો હતો–શૂળીની વેદના સોયથી પતાવી હતી.

વિદ્યાસાગર મૂગો મૂગો બાજુએ બેઠો, એટલામાં તુરત પૂર્ણાનંદ બેરીસ્ટર આવ્યો અને કુસુમચંદ્ર તેને ખૂબ ઊમળકાથી ભેટચો. લલિતાએ તેને ફૂલનો હાર પહેરાવી સત્કાર્યો. પૂર્ણાનંદે એ માનનો સત્કાર કરી હસતાં હસતાં ખુરશી પર બેઠક લીધી. કુસુમચંદ્રે હાથ જોડીને કહ્યું: “વકીલ સાહેબ! હું તમારો કેટલો આભાર માનું? તમે મને નવું જીવન આપ્યું છે.”

“તમે ભૂલ કરો છો.” પૂર્ણાનંદે કહ્યું: “તમને નવું જીવન આપનાર તો તમારા ભાઈ વિદ્યાસાગર છે.”

બધાં આશ્ચર્યથી મૂગાં બની ગયાં અને વકીલના મ્હોં તરફ જોઈ રહ્યાં. વકીલે કહ્યું: “તમે જો ખરેખર બચ્યા હો તો સ્વરૂપસિંગની જબાનીથી બચ્યા છો અને તેણે તમારી તરફેણમાં જૂઠી જબાની આપી તેનું કારણ મારી કરામત નથી, પણ તમારા ભાઈ વિદ્યાસાગરે તેની ઉપર પાડેલો પ્રભાવ છે. વિદ્યાસાગરે તેના ઉપર કરેલા

ઉપકારના બદલામાં તેણે આ જબાની આપી છે. તમારી સામે જોઇને તે આવી જબાની આપે એમ તમે માનો છો ?”

કુસુમચંદ્રે ડોકું હલાવી ના કહી.

“ પોલીસની ડરામણી, તમારી ઉપરનો તેનો રોષ, એ બધું જોતાં તે કદાપિ આવી જબાની આપત નહિ. વિદ્યાસાગરના ભાઈ તરીકે જ તેણે તમારા ઉપર એટલો ઉપકાર કર્યો છે, કુસુમચંદ્ર તરીકે નહિ. અને વિદ્યાસાગરની જબાની પરથી તમે માઠું લગાડશો નહિ કે ચ્હીડાશો નહિ. તેમણે મને પહેલેથી જ કહ્યું હતું કે પોતે જરાએ જૂઠું બોલનાર નથી. એમણે કશો દગો કર્યો નથી કે તમારું અશુભ કરવાનો સંકલ્પ રાખ્યો નથી. તેમના મનનો ભાવ નિર્મળ છે એવી મને તેમની સાથેના આટલા પરિચય ઉપરથી ખાત્રી થઈ છે.”

અને વિદ્યાસાગરની પીઠ પર હાથ મૂકી પૂર્ણાનંદે કહ્યું: “ મિત્ર વિદ્યાસાગર ! મારે તમારી ક્ષમા યાચવાની છે. હું અંતઃકરણથી માનું છું કે તમે કુસુમચંદ્રના ઓરમાન ભાઈ છો પરંતુ તેની પ્રત્યે તમારામાં જરાએ વૈર, દ્વેષ કે સ્પર્ધાની લાગણી નથી. મીલકત ઉપર તો તમારી જરાએ નજર નથી, છતાં મારે અદાલતમાં તમને ભયંકર સ્વરૂપમાં ચીતરવા પડ્યા છે, તે મારૂં કાર્ય દોષપૂર્ણ હોવા છતાં એ કેસ પૂરતું જરૂરી હતું. તમારી જબાનીને તોડી પાડવા માટે મારી સમક્ષ એ એક જ માર્ગ ખુલ્લો હતો અને મને તેનો આશ્રય લેવાની ફરજ પડી હતી, તે માટે તમે મને જરૂર ક્ષમા કરજો. આ ફૂલહારથી મારો સત્કાર કરવામાં

આવે છે પણ તેમાં ભૂલ થાય છે. એ હારના અધિકારી તો તમે જ છો. તમારા સૌજન્યની સુવાસથી જો સ્વરૂપસિંગનું મન સુવાસિત થએલું ન હોત, તો તેણે તમારા ભાઈનો બચાવ કરવા માટે મેં કહ્યા પ્રમાણેની જબાની આપવાનો વિચાર પણ ન કર્યો હોત.”

“ત્યારે આ દુનિયામાં સત્ય બોલવું એ પણ કોઈ વાર અપરાધ રૂપ બને છે ખરૂં!” વિદ્યાસાગર બોલ્યો.

“એમ તો ન કહી શકાય. સત્ય બોલવું એ અપરાધ નથી તેટલા માટે તો મારે કુસુમચંદ્રને આટલું કહેવું પડે છે. પણ દુન્યવી લાભ માટેની જેને ઝંખના છે તેને મન સત્ય-અસત્ય બેઉ સરખાં છે. જે તેનો હેતુ સારે તે તેને મન મૂલ્યવાન. હું માનું છું કે એ પ્રાપંચિક સ્વાર્થ છે, તેમાં કલ્યાણ નથી, પણ દુનિયા અનેક પ્રકારનાં માનવીઓથી ભરેલી છે; તેમાં કોઇ સબળ હોય છે, કોઇ નિર્બળ હોય છે; સબળને મન સત્યથી મળતી શૂળી આનંદનો અવસર છે, દુર્બળને મન તેમ નથી. તમારા જેવા નિર્મળ અને સબળ મનના જુવાનને આવી દુન્યવી રીતો ઉપર અસંતોષ ઉપજે તે હું સમજું છું, પરન્તુ તેથી કાંઇ દુર્બળને સબળતા સાંપડતી નથી.”

“વકીલ સાહેબ!” વિદ્યાસાગર સ્મિત કરીને બોલ્યો: “તમે ઊંડા અભ્યાસી છો અને સરસ વિચારક છો તે મેં આજે જાણ્યું. આટલું સમજવા છતાં તમે તે જીવનમાં કેમ ઉતારી શકતા નહિ હો તેનું મારે મન આશ્ચર્ય છે.”

“બીજાઓની દુર્બળતાથી તમને આશ્ચર્ય નથી થતું તો મારી દુર્બળતાથી કેમ થાય છે?”

"ત્યારે તમે પણ તમારી દુર્બળતાને ઓળખી તો શકો છો, એટલી એ સમાધાનની વસ્તુ છે. જે દુર્બળતાને દુર્બળતા તરીકે ઓળખે છે, તે પણ એક રીતે સબળતા તરફ જ ગતિ કરે છે. દુર્બળતા ને સબળતા, અનીતિ ને વહેવારકુશળતા, અસત્ય ને ફરજ, ક્રોધ–લોભાદિની આવશ્યકતા સમજનારાઓ કરતાં જેઓ સબળતા, નીતિ, સત્ય, સમભાવ આદિનું મનથી પણ મૂલ્ય આંકે છે તેઓ જરૂર ઉચ્ચ કોટિના માનવીઓ છે........"

વિદ્યાસાગરે કુસુમચંદ્રની આંખોમાં આંસુ જોયાં અને તે એકદમ બોલતો અટક્યો. કુસુમચંદ્ર બોલી ઊઠ્યો: "ભાઈ, હવે બસ કર, તું બોલે છે ત્યારે શબ્દે શબ્દે હું મારા જ મનની દુર્બળતાઓના પડઘા સાંભળું છું અને દાઝું છું! મને તેથી માઠું લાગતું નથી, પણ પસ્તાવાથી હું ગ્લાનિ અનુભવું છું."

વિદ્યાસાગર ભાઇ સમક્ષ મસ્તક નમાવીને ઢળી પડ્યો અને બોલ્યો: "મોટા ભાઈ! તમારા મનના આટલા પરિવર્તનથી મને કેટલો આનંદ થયો છે તે હું કેવી રીતે કહી બતાવું?"

કુસુમચંદ્રે તેને હાથ પકડીને બેઠો કર્યો ત્યારે તેની આંખમાં કૃતજ્ઞતાનાં આંસુ ચમકતાં હતાં. લલિતાએ તે પોતાના હાથે લૂછ્યાં. આસપાસ બેઠેલાઓનાં હૃદય પણ તેથી દ્રવ્યાં.

પ્રકરણ ૧૯ મું

જીવનસખ્ય

કપૂરચંદ અને ગુણલક્ષ્મી અત્યારે કુસુમચંદ્ર પાસે કેમ આવ્યાં હતાં?

સરસ્વતીને થોડા દિવસથી હોસ્પીટલમાંથી ઘેર લાવવામાં આવી હતી. બળીયાનો ઉપદ્રવ તેને નડયો હતો, પરન્તુ સદ્‌ભાગ્યે તેના કોઇ અંગ–ઉપાંગમાં ખામી આવી નહોતી; છતાં તે કુરૂપ તો બની જ ગઈ હતી. તેનું પહેલાંનું સ્વરૂપ નાશ પામી ગયું હતું, આખું શરીર શીળીના ચાઠાથી ભરાઇ ગયું હતું અને પહેલી નજરે તો તેને સરસ્વતી તરીકે ઓળખી શકાય તેમ જ રહ્યું નહોતું.

પરન્તુ એ પુત્રીવત્સલ દંપતી ઉપર વિદ્યાસાગરના સદ્‌ભાવની જબ્બર અસર થવા પામી હતી, બલકે જે ઘડીએ વિદ્યાસાગરે સરસ્વતીને દર્શન આપ્યું તે ઘડીથી જ તેની તબિયત ઉતાવળે સુધરવા લાગી હતી તેથી તે દંપતીને વિદ્યાસાગરની પુણ્યપ્રભાવકતાનો ખ્યાલ આવી રહ્યો હતો. વિશેષમાં જ્યારે સરસ્વતી ઉપર તેમણે વિદ્યાસાગરનો નિરતિશય પ્રેમ જોયો, જ્યારે એ પ્રેમની ખાતર તેણે પોતાના શરીરને રોગનો ચેપ લાગવાની દરકાર કર્યા વિના રોજરોજ સરસ્વતીની સેવા–શુશ્રૂષા કરવા જેટલી હદ સુધી તેની ઉત્કટ લાગણી જોઈ, બળીયાના આક્રમણથી કુરૂપ બની ગએલી સરસ્વતી ઉપરનો તેનો પ્રેમ જરાએ ઘટયો નથી એવું તેમણે વિદ્યાસાગરના મુખથી નહિ પણ

વર્તનથી જાણ્યું, ત્યારે કપૂરચંદ અને ગુણલક્ષ્મી પુનઃ સરસ્વતીને વિદ્યાસાગર વેરે જ પરણાવવાને તૈયાર થયાં હતાં. એક વાર કુસુમચંદ્રની જ સંમતિથી એ વેવીશાળ તોડી નાંખવામાં આવ્યું હતું, બીજે વેવીશાળ કરવાની બધી તૈયારી કરવામાં આવી હતી, પરંતુ છેલ્લી ઘડીએ સરસ્વતી બેભાન થઈ જવાથી વેવીશાળનો વિધિ મુલતવી રહ્યો હતો, એ બનાવ એક વાર એમને દુશ્ચિહ્ન રૂપ લાગતો હતો, પરન્તુ હવે તેમને એ સદ્ભાગ્યસૂચક અકસ્માત રૂપ જણાતો હતો. એ અકસ્માત ન થયો હોત તો વિદ્યાસાગર પાછો આવ્યો છતાં સરસ્વતીને તેની વેરે પરણાવવાનો સુયોગ ક્યાંથી આવી શકયો હોત? અને નવો શોધી રાખેલો જમાઈ ગુણવંતલાલ તો કુરૂપ સરસ્વતીને ગ્રહણ કરવાની ના જ પાડત. થોડા વખત પહેલાં જે બનાવ દુઃખકારક લાગતો હતો તે અત્યારે સંયોગોના ફેરબદલાથી સુખકારક બની ગયો હતો અને તેથી કપૂરચંદ તથા ગુણલક્ષ્મી ખૂબ આનંદમાં હતાં.

કપૂરચંદે કહ્યું: "કુસુમચંદ્રભાઈ! એક વાર ફરીથી હું મારી સરસ્વતીને તમારા ભાઈ વિદ્યાસાગરને આપવા આવ્યો છું."

"પણ સરસ્વતીને તો બળીયા નીકળ્યા હતા ને?"

"હવે તેને સારૂં છે અને ઘેર લાવ્યા છીએ."

કુસુમચંદ્રે વિદ્યાસાગર ભણી જોયું. વિદ્યાસાગરે કહ્યું: "ભાઈ, એ માંગણી સ્વીકારી લો."

"આપણે વિચાર કરીને પછી જવાબ આપીએ તો?" કુસુમચંદ્રે કહ્યું. તેને ખબર નહોતી કે કુરૂપ સરસ્વતીને પણ વિદ્યાસાગર એકસરખા પ્રેમથી ચાહતો હતો.

"મેં બધો વિચાર કર્યો છે. હું પોતે તો વચનથી બંધાયલો જ છું."

"તો પછી લાવો કંકુ–શ્રીફળ."

લલિતા ઊઠી. કંકુ–શ્રીફળ આવ્યાં. એક વાર ફોક થએલો વાગ્દાનવિધિ પુનઃ થયો. તે ક્ષણે ચંદાના અંતરમાં એમ થયું કે પ્રેમયોગી વિદ્યાસાગર સૌ કોઇએ નમસ્કાર કરવાયોગ્ય છે. પ્રતિફળની આશા વિનાનો પ્રેમ એ જ પ્રેમ નામને યોગ્ય હોય છે, એ પ્રેમસૂત્ર વિદ્યાસાગરને ભદ્રાવતીમાં લજ્જાવતીએ શીખવ્યું હતું. આસક્તિ વિનાનો પ્રેમ એ સંસારમાં બંધનકારક થતો નથી પણ આસક્તિ પોતે જ જીવને બાંધે છે એ સૂત્ર તેને આનંદગિરિ પાસેથી શીખવાનું મળ્યું હતું. સંસારને વિદ્યાસાગર ભોગના સાધનરૂપ નહિ પણ તપશ્ચર્યાના સાધનરૂપ બનાવવા ઇચ્છતો હતો અને આસક્તિરહિત સંસારને તે આનંદગિરિના ઉપદેશ પ્રમાણે યોગાશ્રમ રૂપ માનતો હતો.

પરન્તુ સરસ્વતીનો મનોભાવ શો હતો?

સરસ્વતીની તબિયત હોસ્પીટલમાં સુધરવા લાગી ત્યારપછી રોજ વિદ્યાસાગર તેની પાસે જતો અને તેની સેવામાં થોડા કલાક ગાળતો. એ સેવામાં બેઉનો વાર્તાલાપ બહુ સમય રોકતો. સરસ્વતીને હવે બચવાની આશા તો ઉપજી હતી પરન્તુ વિદ્યાસાગરને પતિરૂપે પ્રાપ્ત કરવાની આશા પૂરેપૂરી કરમાઇ જવાના સંયોગો છતાં જ્યારે તે નવપલ્લવિત થવા લાગી હતી, ત્યારે તેના અંગેઅંગનાં પ્રેમનિર્ઝર વહીવહીને વિદ્યાસાગરમાં જ ઠલવાતાં હતાં. વિદ્યાસાગરનો એ અપૂર્વ ત્યાગ હતો, એવા ત્યાગની તેને

આશા નહોતી, એ મૂલ્યવંતા દાનનું ઋણ પોતે કોઇ રીતે ચૂકવી શકે તેમ નથી એમ સરસ્વતીને સમજાઇ ગયું હતું, તોપણ એ દાન જ એવું હતું કે તેના હૃદયમાંથી પ્રતિદાનની સ્વયંભૂ ભાવના ક્ષણે ક્ષણે બલવત્તર થતી જતી હતી.

પ્રતિદાનની અપેક્ષા વિના કેવળ પરસ્પર દાનની પરમ વૃત્તિ એનું જ નામ પ્રેમ. પ્રેમનાં પારાયણ ભણ્યા વિના, પ્રેમસૂત્રોનો બોધ શીખ્યા વિના, અંતરમાંથી સ્વયમેવ સ્ફુરતી એ પ્રેમભાવના જ સરસ્વતીના પ્રેમગુરુરૂપ બની હતી.

સરસ્વતીને મન વિદ્યાસાગર દેવ નહોતો, વિદ્યાસાગરને મન સરસ્વતી દેવી નહોતી: બેઉને મન પોતપોતાનાં અર્ધાં અંગો માત્ર હતાં–અદ્વૈત ભાવ હતો. એવાં પાત્રો પરસ્પર લગ્નથી યુક્ત થાય તેમાં જ સંસારની સંપૂર્ણ યોગસાધના સમાયલી હતી. ચંદા બેઉના પરિચયમાં વિશેષ રહેતી હતી, બેઉનાં હૃદયને બીજા બધા કરતાં વિશેષ પિછાણતી હતી, અને તેથી એ પ્રેમી યુગલનું ખરૂં સ્વરૂપ તે જ પિછાણતી હતી.

બીજાંઓમાંના કોઇને મન વિદ્યાસાગરનો સરસ્વતી પર ગુણાનુરાગ સમજાતો હતો, કોઈને તે કુરૂપ સ્ત્રીને પરણવામાં વિદ્યાસાગરની મૂર્ખતા લાગતી હતી, કોઈ એમ પણ મનતા હતા કે સરસ્વતીના બાપે મોટી રકમ પહેરામણી આપવાની લાલચ બતાવી હોવી જોઇએ, નહિતો સરસ્વતી સાથેનું વેવીશાળ તૂટયા પછી અને તેને બળીયા નીકળ્યા પછી પરણવા વિદ્યાસાગર તૈયાર કેમ થાય?

ત્યારપછી થોડા જ દિવસમાં બેઉનું વિધિપુરઃસર લગ્ન થયું. એ લગ્નની વાત શાંતિરાય–ચંદાને તો આનંદ

ઉપજાવે તેમાં નવાઈ નહોતી, પરન્તુ લગ્નની કંકોતરી મળી ત્યારે સુમતિ, કેસર અને લજ્જાવતીને, તેમ જ લક્ષ્મણસિંહ, સ્વરૂપસિંગ અને રવિશંકરને પણ ખૂબ આનંદ થયો. લગ્ન-પ્રસંગે લક્ષ્મણસિંહ પોતાની પુત્રી સુમતિ અને કેસરને તેડીને મુંબઈ આવ્યો. રવિશંકર પણ લજ્જાવતીને તેડીને આવ્યો.

અને આનંદગિરિએ પણ સુમતિદ્વારા આશીર્વાદ મોકલ્યા હતા. ભદ્રાવતીમાં વિદ્યાસાગરે વેરેલા સૌજન્યની સુવાસથી આકર્ષાયેલાં તેઓ બધાં આનંદહસિત લોચને વિદ્યાસાગરને પરણાવીને કૃતકૃત્ય થયાં.

વિદ્યાસાગર તથા સરસ્વતી પરણીને સ્વગૃહે આવ્યાં. બીજાં નવપરિણીત દંપતીઓનાં જેવાં તેઓ એક બીજાથી અજાણ્યાં નહોતાં, એક બીજાને જોઈ પણ ન શક્યાં હોય તેવાં વરવહુ નહોતાં, એકાંતમાં ઉતાવળે મળીને દર્શનતરસ્યાં લોચનોને તેઓ અમૃત પાવા અધીરાં થયાં નહોતાં, પરન્તુ લગ્નવિધિ એ સંસારીઓનાં મનમાં એક અસાધારણ જીવન-પરિવર્તન છે. લગ્નથી એક બાળા પિતૃગૃહ ત્યજીને જીવન પર્યંત પતિગૃહે વસવા જાય છે, જીવનપર્યંત તેનું જ અંગ બની રહે છે, બેઉ સુખ–દુઃખનાં સમભાગી બને છે. જીવનપર્યંત સુખદુઃખના ભાગીદાર તો બે ભાઈઓ, પિતા–પુત્ર, માતા–પુત્રી, બે બહેનો, અને સંસારનાં બીજાં અનેક સંબંધીઓ હોય છે, પરન્તુ તેઓની વચ્ચે નજીકનો કે દૂરનો પણ રક્ત–સંબંધ હોય છે: માત્ર લગ્ન જ એક એવો સંબંધ છે કે જેમાં રક્ત–સંબંધનો અભાવ જ ઇષ્ટ મનાયો છે. રક્તનો નિકટનો સંબંધ હોય એવાં હિંદુ સ્ત્રી–પુરુષ પરણી શકતાં નથી. રક્તના સંબંધથી કુદરતી રીતે જે

સમાન મનોભાવશીલતા કે સુખ–દુઃખની સંવેદનાનો સમાન સંભવ હોઈ શકે છે તે કશું રક્તનો સંબંધ ન હોય એવાં સ્ત્રી–પુરૂષો વચ્ચે સંભવિત નથી; છતાં લગ્ન એક એવી ક્રિયા છે કે જે વડે જોડાયલાં બે પાત્રોમાં રક્તસંબંધ કરતાં ય વિશેષ સંબંધશીલતા ઉદ્ભવે છે! ખરેખર, જગતનું એ એક આશ્ચર્ય છે. એ સંબંધના મૂળમાં શું હોય છે? કોઈ કહે છે કે જાતીય વિકાર તેના મૂળમાં છે. કોઇ કહે છે કે આર્થિક દૃષ્ટિએ સ્ત્રી એ ઘરમાં કામકાજ માટે સસ્તું ઉપયોગી પ્રાણી છે અને સ્ત્રીને મન પુરૂષ એ રળી ખવરાવનારો વગર પૈસાનો નોકર છે. કોઈ કહે છે કે જગતની ઘટમાળ ચાલ્યા કરે તેટલા માટે સંતાનવૃદ્ધિ એ સ્ત્રી–પુરૂષ બેઉને ઇષ્ટ લાગે છે તેથી તેઓ પરણે છે, અને તેથી તેમની સર્જક વૃત્તિ પોષાય છે. કોઈ કહે છે કે શાસ્ત્રકારોએ લગ્નને ધર્મનું એક પાસું કહ્યું હોવાથી કેવળ ધર્મ બજાવવાની ખાતર સ્ત્રી પુરૂષ પરણે છે. સર્જન અથવા સંતાન એ લગ્નનો હેતુ તો ખરો, પરન્તુ એ એક જ કેવળ હેતુ ન હોઇ શકે. સ્ત્રી અને પુરૂષ પોતાના ઉચ્ચમાં ઉચ્ચ આત્મીય ગુણોના અંશોનો સમન્વય કરે, અર્થાત્ પોતામાં જે કાંઇ સારામાં સારૂં તત્ત્વ હોય તે એક નવીન મનુષ્યપ્રાણીને અર્પણ કરે અને એવા પ્રાણીને જગત્ની સેવા માટે આપી જાય, એ જ લગ્નનો હેતુ હોઇ શકે. પોતાનું સર્વસ્વ આપવા માટે સંતાન જોઇએ એમ માનનારાઓ સર્વસ્વમાં માલ–મીલકત વિના બીજું કશું સમજતા નથી. વસ્તુતઃ જેવી રીતે એક પુષ્પ પોતાનો રંગ, ગંધ, મધુ, કુમાશ ઇત્યાદિ સર્વ બાહ્યાંતર તત્ત્વ એક બીજને સમર્પણ

કરીને પછી પોતાની પાંખડીઓને ખરી જવા દે છે–પોતાની જીવનકલાને સંકેલી લે છે. પણ પોતાનું ઉચ્ચમાં ઉચ્ચ તત્વ પેલા બીજને આપી જાય છે, તેવી રીતે લગ્નથી સ્ત્રી-પુરૂષ પોતાના સર્વ આત્મીય ગુણોથી યુક્ત સંતાન જગતના કલ્યાણ માટે આપી જવાનો સંકેત કરે છે. બેઉનાં એ ઉત્તમ તત્ત્વોનો સમન્વય બેઉ વચ્ચે પૂર્ણ પ્રેમના અસ્તિત્વ વિના શક્ય નથી. ફળની અપેક્ષા વિનાનું દાન એ જ પ્રેમ છે. સમર્પણશીલ ભાવના એ જ પ્રેમનું બીજું નામ છે. એવા પ્રેમનું પ્રકટીકરણ પૂર્વના કોઈ પ્રકારના સ્નેહસંબંધ વિષે એક સ્ત્રી–પુરૂષ વચ્ચે થવા પામે એ જ 'પ્રેમયોગ' છે.

લગ્નવિધિથી પ્રેમયોગી બનેલાં વિદ્યાસાગર અને સરસ્વતી પહેલવહેલાં જ એકાંતમાં મળ્યાં. તે સમયના હૃદયના ભાવો અનેરા હતા, નેત્રોમાંની દીપ્તિઓ અનેરી હતી, મુખ પરની રેષાઓ અનેરી હતી. કેટલીક ક્ષણો સુધી બેઉ મંદહસિત લોચને પરસ્પરને મૂગાં મૂગાં જોઈ રહ્યાં. પણ સરસ્વતીથી એ મૌન વધુ વખત વેઠી શકાયું નહિ. તે બોલી: "નાથ..."

"નાથ?! સરસ્વતી તું મને 'નાથ' ન કહે, હું તારો નાથ ન હોઈ શકું, સર્વ કોઇનો નાથ જ પ્રભુ છે, ત્યાં હું તારો નાથ કેમ હોઇ શકું?"

"ત્યારે સ્વામી કહું?"

"સ્વામી? ના, ના, હું તારો સ્વામી પણ નથી, સ્વામી તો કોઇ મીલકતનો માલેક કે ધણી જ કહેવાય. તું મારી મીલકત અને હું તારો માલેક હોઈએ તો આપણે ગુલામીની પ્રથાને જગતમાં પાછી લાવ્યાં કહેવાઇએ!"

"ત્યારે શું પતિ કહું?"

"પાલન કરે તે પતિ કહેવાય; તારૂં પાલન કરવાને જ શું મેં તારી સાથે લગ્ન કર્યું છે? ના, ના, પાલન તો મારે તારૂં અને તારે મારૂં પણ કરવાનું છે, એટલે આપણે સંસારમાં સમાનવ્યવસાયી થયાં. હું એકલો પતિપદ ધારણ કરવાને યોગ્ય નથી."

"ત્યારે કહોને, હું તમને કયા સંબોધનથી બોલાવું? હું તો તમારા જેટલું ભાષાજ્ઞાન કે તત્ત્વજ્ઞાન ધરાવતી નથી, અને મને બીજો કોઇ શબ્દ સૂઝતો નથી." સરસ્વતીએ સ્મિત કરતા વદને પણ સહેજ કંટાળો દાખવ્યો.

"તું મને સખા કહે, હું તને સખી કહું: સંસારાર્થે જે જીવનસહચાર આપણે અંગીકાર્યો છે, જેમાં આપણાં પદની પૂર્ણ સમાનતા રહેલી છે, જેમાં અપેક્ષારહિત પ્રેમની આપણે પ્રતિજ્ઞા લીધી છે, જેમાં આપણે તપશ્ચર્યા કરીને દોષરહિત થવાનો ઉદ્યમ કરવાનાં છીએ, જેમાં સંયમ દ્વારા યોગસાધના સિદ્ધ કરવાનો આપણો પરમાશય છે, તે જીવનસહચારમાં આપણી વચ્ચે બીજું કશું નહિ પણ 'સખ્ય'જ સંભવિત છે અને 'સખ્ય' જ શકય છે, સરસ્વતી!"

"તો તમે મારા 'જીવનસખા' છો ને?"

"હા, પ્રિય સખી!"

સમાપ્ત

પૂજ્ય શ્રી લાધાજી સ્વામી સ્મારક ગ્રંથમાળા

સદાનંદી જૈન મુનિ શ્રી છોટાલાલજી મહારાજ કૃત પુસ્તકો:

મણકો	મુલ્ય
૧ વિદ્યાસાગર ભાગ ૧	૦–૮–૦ (નથી)
૨ વિદ્યાસાગર ભાગ ૨	૧–૮–૦ (નથી)
૩ સદ્દુપદેશ કુસુમમાળા (૭ મી આવૃત્તિ)	ભેટ
૪ માંદાની માવજત	૦–૨–૦ (નથી)
૫ ભક્તામર–મંત્ર–માહાત્મ્ય (આવૃત્તિ બીજી)	૨–૦–૦
૬ વિશુદ્ધ–પ્રેમ–પ્રવાહિની	૦–૧૨–૦ (નથી)
૭ પૂજ્ય શ્રી લાધાજી સ્વામીનું જીવનચરિત્ર (બીજી આવૃત્તિ)	૦–૮–૦ (નથી)
૮ વિદ્યાસાગર–ભાગ ૩	૧–૪–૦
૧–૨–૮ વિદ્યાસાગર (ત્રણે ભાગમાં સંપૂર્ણ)	૪–૦–૦
૯ ઈશ્વરસ્તુતિ (અમૃતલાલ સું. પઢીયાર કૃત)	૦–૧–૬ (નથી)
૧૦ મહાન્ધની મસ્તી (રસિક સંવાદ)	૦–૧–૬
૧૧ મ્હારી વિતક વાર્તા (વિધવાની કરુણ કથા)	૦–૪–૦ (નથી)
૧૨ પવિત્ર પ્રમદાનું પરાક્રમ	૦–૧૦–૦ (નથી)
૧૩ લઘુ કાવ્ય બત્રીસી (કાવ્યો)	૦–૮–૦ (નથી)
૧૪ અપવિત્ર વસ્ત્ર વિરુદ્ધ પવિત્ર ખાદી (ચિત્રો)	ભેટ (નથી)
૧૫ લાખા પટેલની લાકડી (પશુદયાની કથા)	ભેટ (નથી)
૧૬ લઘુસદ્બોધ પુષ્પમાળા (બીજી આવૃત્તિ)	ભેટ (નથી)
૧૭ ત્રિરત્ન	ભેટ
૧૮ શ્રી સામાયિક સૂત્ર (સામાયિકનું સાચું રહસ્ય સમજાવનાર)	ભેટ
૧૯ બે હાથ જોડી (સર્વમાન્ય પ્રાર્થના)	૦–૪–૦
૨૦ સામાયિક–પ્રતિક્રમણ	ભેટ (નથી)

૨૧ નવરત્ન (સ્તોત્રસંગ્રહ) ભેટ
૨૨ શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રનો ગુજરાતી અનુવાદ (બીજી આવૃત્તિ) ૦–૮–૦
૨૩ માયાવી સંસાર (રહસ્યપૂર્ણ નવલકથા) ૧–૪–૦
૨૪ શ્રી રાયપસેણીય સૂત્રનો ગુજરાતી અનુવાદ (પંડિત બેચરદાસજી) ૦–૧૦–૦
૨૫ પાંચ જ્ઞાનનો નકશો ભેટ
૨૬ ઉપદેશબિન્દુઓ (રાજકવિ મૂળદાસ કૃત) ૦–૪–૦ (નથી)
૨૭ ધ્યાનદીપ ભેટ (નથી)
૨૮ ભૂલી જતાં શીખો (શ્રી મોહનલાલ પા. દવે કૃત) ૦–૦–૬ (નથી)
૨૯ શ્રી શ્રમણાલોયણા (પત્રાકારે) ભેટ
૩૦ અનુપૂર્વી—સાધુવંદના ભેટ
૩૧ શ્રી સુંદર સદ્બોધ–(અતિ ઉપયોગી બીજી આવૃત્તિ) ભેટ
૩૨ શ્રી પ્રભુચરણે (પ્રાર્થના કાવ્યસંગ્રહ) ૦–૧–૦

પુસ્તકો મળવાનું સ્થાનઃ—

રતીલાલ ઓઘડભાઇ શાહ

પૂજ્ય શ્રી લાધાજી સ્વામી પુસ્તકાલય

લીંબડી [કાઠિયાવાડ]